"(પોતાને) અનુકૂળ કુટુંબ કબીલો ધરાવનાર, ધનવાન્, સન્માન યોગ્ય-સર્વ લોક પ્રિય, ઉત્તમ કુળમાં જન્મ પામેલ (ખાનદાન) હલકી-કૃપણ-તુચ્છ મનોવૃત્તિ વગરનો (ઉદાર), ધૈર્ય બળ યુક્ત-ધીરજવંત (ઉતાવળો કે ઉંછાછળો નહીં, શાંત-ગંભીર), બુદ્ધિશાળી, ધર્મનો રાગી, ગુરુ સ્થાને રહેલાઓની પૂજા-સત્કાર કરવામાં તત્પર, સુશ્રુષા વિગેરે (બુદ્ધિના આઠ) ગુણો ધરાવનાર, ચાલુ વિષય (હેય દ્રવ્યાદિકને લગતી બધી બાજુ)ની સમજ ધરાવનાર, અને (શ્રી જ્ઞાનીઓના આગમોની) આજ્ઞાના પાલનમાં ખૂબ દૃઢ, એવા સદ્-ગૃહસ્થ (મુખ્યપણે) (વૃદ્ધિ આદિકમાં) ખાસ અધિકારી છે-યોગ્ય છે. ૫. ૬.

"अहिगारी०" "गुरु-पूअ०" त्ति

≠ અહિં (આ પાંચ દ્રવ્યની વૃદ્ધિ વિગેરેના કાર્યોમાં),—

ઉપર બે ગાથાઓમાં જણાવ્યા પ્રમાણે લાયકાત ધરાવનાર જે ગૃહસ્થ હોય, તે પ્રાયઃ—

ઉત્સર્ગનિયમથી—

દેવ દ્રવ્ય વિગેરેમાં વૃદ્ધિ કરવા માટે યોગ્ય અધિકારી છે. એમ શ્રી જિનેશ્વરદેવોએ કહેલું છે.

તે આ પ્રમાણે.—

"કેવો ગૃહસ્થ યોગ્ય છે.?"

૧. **સુખ-સ્વજન ધરાવનાર**=કુટુંબી વર્ગ જેને (સગાં, સંબંધી-જ્ઞાતિ મિત્ર) અનુકૂળ (દરેક સારા કામમાં સમ્મત તથા સાથ આપનાર-પ્રોત્સાહક) હોય,

૨. **શ્રીમંત**=ન્યાયથી મેળવેલા ધનથી સમૃદ્ધ હોય,

૩. **યુક્ત**=(પ્રતિષ્ઠિત) રાજા તરફના માન-સન્માન વિગેરેને યોગ્ય હોય, જેથી કરીને વિરોધીઓ કોઈ પણ કામમાં જેનો સામનો કરવાની હિમ્મત કરી ન શકે, ત્યાં સુધીની લાયકાત ધરાવનાર,

૪. **કુળવંત**=ઉત્તમ વંશમાં જન્મેલ હોય, જેથી કરીને, પ્રતિજ્ઞા-કબુલાત-વિગેરે જે પ્રમાણે કરે, તેનું તે પ્રમાણે બરાબર પાલન કરનાર,

૫. **અક્ષુદ્ર**=(હલકટપણું કે કૃપણપણું ન ધરાવતા) દાન-કુશળ (ઉદારદિલ),

૬. **ખૂબ ધીરજવંત**=(ગમે તેવા વિકટ સંજોગોમાં પણ) મનનું સમતોલપણું ન ગુમાવતાં, તે ટકાવી રાખવાનું સામર્થ્ય ધરાવનાર, એ ઉપરાંત-

૭. **ચાલુ બાબતના અનુભવી-જ્ઞાતા**=ચૈત્ય દ્રવ્ય વિગેરેમાં વધારો કરવાના વિધિ વિગેરેના સારા જાણકાર,

૮. **આજ્ઞા-પ્રધાન**=શ્રી આગમ શાસ્ત્રોની આજ્ઞાને આધીન,

૯. **ધર્મના રાગી**=સારી રીતે ધર્મિષ્ઠ,

૧૦. **ગુરુ ભક્તિમાં તત્પર**=એટલે કે ગુરુ સ્થાને રહેલા પૂજવા યોગ્ય પુરુષોની સેવા-ભક્તિ કરવામાં તત્પર,

૧૧. **શુશ્રુષા વિગેરે ગુણો યુક્ત**=વિવેક (શાસ્ત્રો સાંભળવાની ઇચ્છા વિગેરે ધર્મ પ્રેમીના આઠ ગુણો શાસ્ત્રોમાં જણાવ્યા છે, તે) ધરાવનાર-વિવેકી,

૧૨. **મતિમાન્**=જાત સમજથી સારા બુદ્ધિશાળી (સુંદર-પરિણામ દર્શી-સમજ ધરાવનાર).

≠ રહસ્ય એ છે, કે—

ઉત્તમ (આત્મ) પરિણામો રૂપ ફળોની પરંપરા વધારે તેવા દેવ–દ્રવ્ય વિગેરેમાં વધારો કરવાની પ્રવૃત્તિઓ (વિગેરે), ઉપર જણાવ્યા પ્રમાણેની શ્રદ્ધા ધરાવનારા–શ્રાવકો સારી રીતે કરી શકે તેમ હોય છે.

અને ઉલટા પરિણામો આપનારા (દેવ–દ્રવ્યાદિકનું) ભક્ષણ થઈ જવું વિગેરે દોષોનું નિવારણ પણ એ કરી શકે છે.

ઉપરના ગુણો ન ધરાવનાર હોય, તેનાથી વધારો અને હાનિનું નિવારણ, એ બન્નેય ન થઈ શકે.

આથી એમ નક્કી થાય છે, કે—

જે વ્યક્તિમાં જે કામને માટેની જે શક્તિ હોય–લાયકાત હોય, તેણે તે કામમાં–તે પ્રમાણે વર્તન કરવું જોઇએ–તે પ્રમાણે વર્તન તે કરી શકે છે. ૫–૬

≠ વૃદ્ધિ કરવામાં (ખાસ) વિશેષ પ્રકારના અધિકારીઓ પણ અહીં જ બતાવી દેવામાં આવે છે.—

मग्गा–ऽणुसारी पायं सम्म–दिट्ठी तहेव अणु–विरई. ।
ए ए अहिगारिणो इह विसेसओ धम्म–सत्थम्मि. ॥ ७ ॥

“ માર્ગાનુસારી, સમ્યગ્દષ્ટિ તથા દેશવિરતિધરોને આ કાર્યોમાં ધર્મશાસ્ત્રોમાં વિશેષ પ્રકારના પ્રાયઃ અધિકારી જણાવ્યા છે. ૭

“ मग्गा ऽणु० ” त्ति ।

≠ ૧. ભવાભિનન્દિપણાના દોષો વગરનો હોય,
આઠમાંની એક કે વધારે દૃષ્ટિ ધરાવનાર હોય,

(માર્ગાનુસારી જીવને ઘટતાં) [૧]શમ, સંવેગ વિગેરે (નિર્વેદ, અનુકંપા, આસ્તિકય) ગુણોથી ઓળખી શકાય તેવો હોય,

મિથ્યાત્વ અને કષાયોનો તેવા પ્રકારનો મંદ ઉદય ધરાવતો હોય,

(પાંચ આચારોમય) જૈન ધર્મની ક્રિયા કરતો હોય, કે ન પણ કરતો હોય,

એવો **તથા–ભવ્ય જીવ માર્ગાનુસારી[૨] કહેવાય છે.**

ધર્મ પરીક્ષા વિગેરે ગ્રંથમાં કહ્યું છે, કે—

“ मग्गा–ऽणुसारि–भावो आणाए लक्खणं मुणेयव्वं. ।
किरिया तस्स ण णियया, पडिबन्धे वाऽवि उवयारो. ॥ १६ ॥

"માર્ગાનુસારીભાવ એ આજ્ઞાનું લક્ષણ છે." એમ સમજવું.

"તે જૈન ક્રિયા કરતો જ હોય," એવો નિયમ નથી.

(કોઈને જૈન ક્રિયા) નિયમે કરીને હોય, તો તે ઉપચારથી હોય છે (૬) "૧૭"

तत्-तत्-तत्त्वा-ऽनुकूल-प्रवृत्ति-हेतु-परिणामो **मार्गा-ऽनुसारि-भावः ।**

सैव- "द्रव्या-ऽऽज्ञाऽपि" उच्यते ।

तत्र, **माष-तुष-तामल्या**-ऽऽदिवत् अन्वय-व्यतिरेकाभ्यां द्रव्य-क्रिया न नियता।

एतेन-"जैन-क्रिया-नियमो निरस्तः" इति ॥ १७ ॥

તે તે (હેયોપાદેય) તત્ત્વને અનુકૂળ પ્રવૃત્તિઓ કરવામાં સહાયક થાય એવો આત્માનો પરિણામ-તે **માર્ગાનુસારિભાવ** કહેવાય છે.

"(જિનેશ્વરદેવની) **દ્રવ્ય આજ્ઞા** પણ" તેજ કહેવાય છે.

તેમાં—

માષ-તુષ મુનિ વિગેરેની પેઠે દ્રવ્ય જૈન ક્રિયા પણ હોય છે, અને **તામલી** તાપસ વિગેરેની પેઠે દ્રવ્ય જૈન ક્રિયા હોતી પણ નથી. તેથી **અન્વય** અને **વ્યતિરેકે** કરીને નક્કી થાય છે, કે "દ્રવ્ય જૈન ક્રિયા હોય જ." એમ નક્કી નથી.

આથી-"માર્ગાનુસારિ જીવને દ્રવ્ય (જૈન) ક્રિયા પણ હોવી જ જોઈએ, એવો નિયમ છે." એ વાત ટકી શકતી નથી. "૧૭"

ઉત્કૃષ્ટ (કાળ)થી આ માર્ગાનુસારિપણું **ચરમાવર્ત**માં એટલે કે-છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં વર્તતું હોય છે.

એ જ ગ્રંથમાં આ કહ્યું છે,—

"मग्गा-ऽणुसारि-भावो पुग्गल-परियट्टे मुणेयव्वो ।
गुण-वुड्ढीए विगमे भवा-ऽभिनंदीण दोसाणं· ॥ १७ ॥

"ભવાભિનંદિપણાના દોષો દૂર થવાથી ગુણોની વૃદ્ધિ થતાં માર્ગાનુસારિ ભાવ છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં હોય છે, એમ જાણવું. ૧૭

"अत्र—

चरम-पुद्-गला-ऽऽवर्त-प्राक्-काल-वर्तिनोऽ न-ऽन्ता-ऽनुबन्धि-कषाया-ऽऽदि-विपाक-रूपाः **क्षुद्रत्वा**-ऽऽदयो दोषाः-**भवा-ऽभिनन्दिन** उच्यते ॥ १७ ॥"

"છેલ્લા **પુદ્-ગલ પરાવર્તનમાં** આત્મા આવ્યા પહેલાના વખતમાં અનન્તાનુબંધીય કષાયો વિગેરેના વિપાકોદય રૂપે **ક્ષુદ્રપણું** વિગેરે જે (આઠ) દોષો (આત્મામાં) હોય છે, તે (દોષો) **ભવાભિનંદીપણું** કહેવાય છે. ૧૭

≠ ૨. ઉપરાંત,—

મિથ્યા દર્શન મોહનીય કર્મનો ઉદય ન હોવા સાથે જ નિઃશંકિતાદિ ગુણો જેમાં હોય જ, તે-ભવ્યજીવ **" અવિરત-સમ્યગ્-દૃષ્ટિ "** કહેવાય છે.

≠ સંસારથી વૈરાગ્ય-વિગેરે ગુણો હોવા સાથે જ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોના ક્ષયોપશય(વિ૦)થી ઉત્પન્ન થયેલો વિરતિ પરિણામ જેને હોય, તે ભવ્ય જીવ **દેશવિરતિ** કહેવાય છે.

≠ **એ**ઓને **અહિં** (દેવ-દ્રવ્યાદિક વધારવાના અધિકારમાં) પ્રાયઃ **વિશિષ્ટ પ્રકારના અધિકારીઓ તરીકે શ્રી પંચાશક** વિગેરે ધર્મશાસ્ત્રોને અનુસારે **" જાણવા. "**

≠ **" પુષ્ટાલંબને "** એટલે કે-ખાસ મહત્ત્વના કારણે મુનિમહારાજાઓ પણ આ વિષયમાંયે (ખાસ) અધિકારી છે." એમ આગળ ઉપર કહેવામાં આવશે. ૭

≠ **વિધિ** પૂર્વક અને **અવિધિ** પૂર્વક વૃદ્ધિ કરનારાઓનું અનુક્રમે સ્વરૂપ બતાવવા દ્વારા, ઉત્તમ ફળ આપનારી **વૃદ્ધિનું** સ્વરૂપ સમજાવવા પૂર્વક સાથે સાથે પ્રસંગથી **વિનાશનું** પણ સ્વરૂપ (આ દ્વારમાં) બતાવવામાં આવે છે;-

जिण-वर-आणा-रहियं वड्ढारंता वि के वि जिण-दव्वं ।
वुड्डन्ति भव-समुद्दे मूढा मोहेण अन्नाणी. ॥८॥

(આ ગાથાનો અર્થ-વિધિની મુખ્યતાએ અને અવિધિની મુખ્યતાએ, એમ બે રીતે ટીકાની સૂચના અનુસાર નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે.)

" જે કોઈ જિનેશ્વર ભગવાનની આજ્ઞાથી રહિતપણે દેવ (વિગેરેના) દ્રવ્ય વધારે છે, તે અજ્ઞાની અને મૂઢ અવિવેકને લીધે સંસારરૂપી સમુદ્રમાં ડૂબે છે. " ૮ **(અવિધ પક્ષનો અર્થ)**

" દેવ (વિગેરેના) દ્રવ્યમાં જિનેશ્વર પ્રભુની આજ્ઞા પૂર્વક જે કોઈ પણ વૃદ્ધિ કરે છે, તેઓ મોહ રહિત, વિવેકી અને આજ્ઞાનિષ્ઠ હોવાથી સંસારરૂપી સમુદ્ર તરી જાય છે. " **(વિધ પક્ષનો અર્થ)**

" जिण० " त्ति

≠ આ ગાથાનું **તંત્ર** ન્યાયે[૨] કરીને બે પ્રકારે વ્યાખ્યાન કરવું.

≠ તેમાં, વિધિ પક્ષમાં, ઘણે ભાગે, દરેક શબ્દોની શરૂઆતમાં અ કાર બહાર કાઢવો, તેથી (નીચે પ્રમાણે અર્થ થશે, જેમ કે-)

જિનવરની આજ્ઞાથી અરહિત એટલે કે સહિત
દેવાદિ-દ્રવ્યને જે
વધારે છે,
કેટલાક=ઉંચા પ્રકારના ઉત્તમ ગુણોવાળા
અમૂઢ=વિવેકી
અમોહે કરીને=ભેદ જ્ઞાને કરીને-વિવેકે કરીને
આજ્ઞાનીએ=અરિહંત પ્રભુ વગેરેની આજ્ઞાને પોતાના આત્મામાં લઈ જાય-ધારણ કરે-અર્થાત્ અરિહંત ભગવાન વગેરેની આજ્ઞાના આરાધકો-"
ભવ સમુદ્રમાં=
અ-ડૂબે છે=(ન ડૂબે છે) એટલે કે (ભવસમુદ્ર) તરે છે. ૮

≠ અવિધિપક્ષમાં તો જે પ્રકારે ગાથા છે, તે પ્રકારે સીધો (**અ** ઉમેર્યા વિના) અર્થ કરવો. (જે ઉપર બતાવેલો છે.)

≠ ખાસ રહસ્ય અહિં એ છે, કે—

"શ્રી આપ્ત[૪] પુરુષોની આજ્ઞાને અનુસરતી ઉચિત અને સફળ પ્રવૃત્તિ, તે **વિધિ**, અને

સ્વચ્છંદ પૂર્વકની અનુચિત પ્રવૃત્તિ (અનુચિત, નિષ્ફળ કે ખરાબ ફળ આપનાર હોય) તે **અવિધિ.**

≠ આ કારણે-કર્માદાન[૫] વિગેરે (હિંસા પ્રચુર) અયોગ્ય ધંધાઓનો ત્યાગ કરીને[૬] ઉત્તમ ધંધા વગેરેથી વિધિ પૂર્વક જ દેવાદિ-દ્રવ્યની **વૃદ્ધિ** કરવી જોઈએ. ૧૧

⁂ **કેટલાક કહે છે, કે :—**

"**श्राद्ध-व्यतिरिक्तेभ्यः**
सम-ऽधिक-ग्रहणकं गृहीत्वा,
कला-ऽन्तरेणाऽपि तद्-वृद्धिरुचितैव ।"

"કાંઈક અધિક કિંમતનું ધરેણું રાખી લઈને, શ્રાવકો સિવાયના બીજાઓને (ધીરીને) વ્યાજ વગેરેથી પણ તે (દેવાદિ-દ્રવ્યો)નો વધારો કરવો ઉચિત છે."

કેમકે-આ પ્રમાણે **સમ્યક્ત્વ વૃત્તિ** વગેરે ગ્રંથોમાં **સંકાશ** શ્રાવકની કથામાં કહ્યું છે.

≠ એ વાત સમજ્યા પછી પ્રશ્નકાર પૂછે છે, કે—

"દેવ-દ્રવ્યના અધિકારમાં વિચારીયે, તો શ્રાવક દેવ-દ્રવ્યની વૃદ્ધિ જ કેવી રીતે કરી શકે ?

કેમ કે—

"भक्खंतो जिण-दव्वं अण-ऽन्त-संसारिओ भणिओ. ।"

"દેવ-દ્રવ્યનું ભક્ષણ કરનારને અનંત સંસારી કહ્યો છે."

એ જાણ્યા પછી, પોતાની સિવાયના બીજાને પણ જો દેવ-દ્રવ્ય (વધારવાના હેતુથી) આપે, તો બન્નેયના સંસારની વૃદ્ધિનું કારણ (આપનાર) પોતે પણ બને છે.

કેમ કે—"ઝેર કોઈને પણ નુકશાન કર્યા વિના રહે છે.-કોઈનેય નુકશાન કરતું નથી." એમ કહી શકાય નહિ.

"મોટે ભાગે દરેકને નુકશાન કરે જ છે."

બીજા ગ્રંથોમાં આલોચનાના અધિકારમાં "ઉંદર વગેરેને પણ (દેવ-દ્રવ્યના ભક્ષણથી) દોષ[૨] લાગે છે." એમ કહ્યું છે. માટે, આ વધારો કરવાની (નિર્દોષ) કઈ રીત છે ? "

≠ આ પ્રશ્નનો ઉત્તર-' મુખ્ય રીતે તો—

"શ્રાવકોને દેવ-દ્રવ્યનો નાશ કરવામાં જ દોષ લાગે છે. તે વખતે ચાલતા રીવાજ[૧૦] પ્રમાણે યોગ્ય વ્યાજ વગેરે આપીને જો તે લે, તો તેને મોટો દોષ લાગતો નથી. અને જો વ્યાજ વગેરે[૧૧] વધારે આપે, તો જરા પણ દોષ લાગતો નથી." એમ સમજી શકાય છે. ૨

≠ પરંતુ, જો તેનો નાશ કરે, તો દુર્લભ બોધિપણું (સમ્યક્ત્વ ગુણ પ્રગટ થવામાં કે ટકવામાં મુશ્કેલી રૂપ) દોષ લાગે છે.

રક્ષણ કરવા વગેરે માટેનો ઉપદેશ ન આપે અને ઉપેક્ષા વિગેરે રાખે તો સાધુને પણ સંસારરૂપ દુઃખ (અને દુર્લભ બોધિપણું) **શાસ્ત્રમાં** કહ્યું છે. ૩

તે કારણે, "દોષોના જાણકાર શ્રાવકોએ મોટે ભાગે એ દ્રવ્યનો ઉપયોગ જ ન કરવો." (તેના પ્રસંગમાં જ ન આવવું, એ વધારે સારું છે.) જેથી કરીને, ભૂલથીયે, થોડો પણ ઉપભોગ કોઈથીયે ન થઈ જાય.

≠ સારી રીતે રક્ષણ થાય તેમ સાચવી રાખી, રોજ સારી રીતે સાર-સંભાળ કરવાથી અને મહાનિધાનની પેઠે તેની બરાબર સાચવણી રાખવાથી તો (શ્રાવકો)ને કોઈ પણ દોષ લાગી શકતો નથી.

પરંતુ, શ્રી-તીર્થંકર નામ કર્મ બાંધવાની કારણ સામગ્રી એકઠી થવી, વિગેરે ઉંચા પ્રકારનો લાભ જ મળે છે.

≠ આમ હોવાથી, "શ્રાવકોએ તેનો ઉપયોગ ન કરવો જોઈએ."

તેનો ઉપયોગ કરવાનું ત્યાગ કરવાનું કારણ-

સૂગ વગરના-સંકોચ વગરના-થઈ જવાનો સંભવ ઓછો થાય, તો તે ન થવા દેવાની સાવચેતી રાખવા માટે છે.

(માટે જેમ બને તેમ તેનાથી દૂરજ રહેવું વધારે સારું છે. એમ સમજવું.)

તેથી કરીને,-

(શ્રાવક શિવાયના) બીજા (જૈનેતરો) કે, જેને સૂગ[૧૨] (દેવાદિ દ્રવ્યનો ઉપભોગ કરવામાં દોષ સમજીને સંકોચ-ઘૃણા)-અનિચ્છા વગેરેનો સંભવ હોતો નથી. કેમ કે-"એ દ્રવ્યનો ઉપભોગ કરવાથી શા શા પરિણામો આવે?" તેનાથી તે અજ્ઞાણ[૧૩] હોય છે. માટે (દેવ-દ્રવ્યાદિકની) વૃદ્ધિ માટે, વધારે કિંમતના ઘરેણાં વગેરે લઈને, તેઓને દેવ-દ્રવ્યાદિકનું ધન (વધારવા) આપવામાં દોષ નથી. કદાચ ભવિષ્યમાં તે નિર્ધન બની જાય વિગેરે આપત્તિઓનો સંભવ[૧૪] હોવા છતાં પણ, તેથી મૂળ મૂડીનો નાશ થાય નહીં. (માટે ઘરેણાં લઈને આપવું.)

પરંતુ જેને (દેવ-દ્રવ્યાદિક વાપરવાની) સૂગ હોય, તે (જૈનેતર)ને પણ વધારો કરવા માટે આપવાનો વ્યવહાર નથી. કેમ કે-તેઓ જો તેનું ભક્ષણ કરે, તો તેમને પણ દોષ લાગે છે. ૪ (૧)

≠ વળી, કોઈ એવા સંજોગોમાં-ઉપર બતાવ્યા પ્રમાણેના સારા શ્રાવકો પણ જ્યારે પોતાના પ્રયત્નોથી તે (દ્રવ્ય) વધારી શકે નહિ, ત્યારે ચોખા, સોપારી, નૈવેદ્ય વગેરે દેવ (વગેરે) સંબંધી દ્રવ્યોના વેચાણમાંથી મળેલા ધનની માફક તે (દેવ-દ્રવ્યાદિકના) ધનનો જ ઉચિત[૧૫] જુદો વ્યાપાર કરીને, જે લાભ મળે, તે સાધર્મિકોને જણાવીને, દેવ-દ્રવ્યાદિકમાં જ નાંખવો, પરંતુ પોતાના ધન વગેરેમાં ન નાખવો (ન ભેળવવો). (૨)

કદાચ, તે (વેપાર)માં નુકશાની આવી હોય, તો તે પણ "તેનો યોગ્ય ઉપાય મળે"-માટે તેઓને જણાવી દેવી જોઈએ. (૨)

≠ વળી, જ્યારે, ઉપર જણાવ્યા પ્રમાણે (ઘરેણાં લઈને) બીજાને ઘેર દ્રવ્ય રોકવાથી પણ વૃદ્ધિ થવાનો સંભવ ન હોય, ત્યારે ઉચિત વ્યાજ લેવા

પૂર્વક-સુ-શ્રાવકોએ મળીને, તે (જૈનેતર શ્રીમંત)ને ઘેર યોગ્ય મુહૂત સુધી તે ધન મૂકવું.

પછી પણ, એમ સાવધાની પૂર્વક તે ધનને એક ઘેરથી બીજે ઘેર બદલાવતા રહેવું, જેથી બરાબર સચવાઈ રહે, તેમ કરવું. ૫

≠ આ પ્રસંગમાં[૧૬] **ઉત્સર્ગ અને અપવાદની** વિચારણા (ઘણી) કરવા જેવી છે, તે ધ્યાનમાં લેવી.

≠ ઉપર બતાવેલા પ્રકારોથી પણ[૧૭] જો વૃદ્ધિ ન થઈ શકે, અને એમ કરવા જતાં સર્વથા (દ્રવ્યનો) વિનાશ થવાનો સંભવ લાગતો હોય, તો મહા નિધાનની જેમ (તેને) રાખી જ મૂકવું, પરંતુ વધારવા વગેરે માટે કોઈ પણ ઠેકાણે મૂકવું નહીં.

એ પ્રમાણે, **શ્રી શ્રાદ્ધવિધિ, સમ્યક્ત્વ વૃત્તિ, પ્રશ્નોત્તર સંગ્રહ અને વૃદ્ધવાદને** અનુસારે વિધિપૂર્વક જ વૃદ્ધિ કરવામાં આવે, તો તે તથા-ભવ્ય-જીવોને સંપૂર્ણ ફળ આપવા સાથે યશોભાગી બનાવી શકે છે."

અને જો અવિધિથી વૃદ્ધિ કરવામાં આવે, તો વખત જતાં મૂળ મૂડી સહિત ચૈત્યાદિ દ્રવ્યનો તે (વૃદ્ધિ) નાશ કરે છે. જેમ કે:—

" अ-न्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति, ।
प्राप्ते च षोडशे वर्षे स-मूलं च विनश्यति. ॥ "

" અન્યાયથી મેળવેલું ધન દશ વર્ષ ટકે છે. સોળમું વર્ષ આવતાં તો મૂળ મૂડી સહિત તે નાશ પામે છે."

લોકોમાં પણ કહેવાય છે, કે—

" कृषि-वाणिज्य-सेवा-भोजन-शयना-ऽऽसन-विद्या-साधन-गमन-वन्दना-ऽऽदि च द्रव्य-क्षेत्र-काला-ऽऽदि-विधिना विहितं पूर्ण-फलवत् नाऽन्यथा, सामग्री-वैकल्यात् । "

" ખેતી, વેપાર, નોકરી, ભોજન, શયન, આસન, વિદ્યાની સાધના, જવું, વંદન કરવું વગેરે દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિક ને અનુસારે વિધિપૂર્વક કરવામાં આવ્યું હોય, તો જ પૂરું ફળ આપી શકે છે. નહિંતર, (અવિધિ પૂર્વક કરવામાં આવે) તો (કારણ) સામગ્રીની ખામી રહી જવાથી, પૂરું ફળ મળી (કાર્ય થઈ) શકતું નથી."

શ્રી ઉપદેશ પદ વગેરેમાં પણ આ પ્રમાણે કહ્યું છે—

" आसण्ण-सिद्धिआणं विहि-परिणामो उ होइ सय-कालं. ।
विहि-च्चाओ, अ-विहि-भत्ती अ-भव्व-जिअ-दूर-भव्वाणं. ॥
धण्णाणं विहि-जोगो. विहि-पक्खा-ऽऽराहगा सया धण्णा. ।
विहि-बहु-माणी धण्णा. विहि-पक्ख-अ-दूसगा धण्णा. ।
विहि-सारं चिअ सेवइ सद्धालू सत्तिमं अणुट्ठाणं ।
दव्वा-ऽऽइ-दोस-णिहओ वि पक्ख-वायं वहइ तम्मि. ॥ "

" (૧) નજીકમાં મોક્ષે જનારા આસન્ન ભવ્ય જીવોને સદાકાળ વિધિનો પરિણામ રહેતો હોય છે.

(૨) અભવ્ય અને દૂર ભવ્ય જીવોને (સદાકાળ) વિધિનો ત્યાગ અને અવિધિની ભક્તિ રહેતી હોય છે. ૧

(૩) ધન્યવાદને પાત્ર જીવોને જ વિધિનો યોગ મળતો હોય છે.

(૪) વિધિના પક્ષની આરાધના કરનારા સદા ધન્યવાદને પાત્ર છે.

(૫) વિધિનું બહુમાન કરનારા પણ ધન્યવાદને પાત્ર છે.

(૬) વિધિના પક્ષની નિંદા નહીં કરનારા પણ ધન્યવાદને પાત્ર છે. ૨

(૭) શક્તિશાળી શ્રદ્ધાળુએ સારી રીતે વિધિપૂર્વક અનુષ્ઠાન કરવું જોઈએ. (કદાચ) દ્રવ્યવિગેરે (ક્ષેત્ર, કાળ, ભાવ)ની પ્રતિકૂળતા હોય, તો પણ વિધિનો પક્ષ ધારણ કરી રાખવો જ જોઈએ. " ૩

શ્લોકમાં પણ સંભળાય છે, કે—

" विधि-पूर्वं कृतं कार्यं संपूर्ण-फल-सिद्धये, ।
विपरीतं च तुच्छं स्याच् छ्रेष्ठि-नन्दनयोरिव. ॥ "

" શેઠના બે દિકરાઓની માફક-વિધિપૂર્વક કરેલું કાર્ય સંપૂર્ણ ફળ આપનારું થાય છે, તથા વિપરિત રીતે કરવામાં આવેલું તુચ્છ ફળ આપનારું થાય છે. "

તે **કથા** આ પ્રમાણે છે—

" **કાંચનપુર** નગર, શેઠના બે દિકરા ધનની ઇચ્છાથી એક સિદ્ધ પુરુષની ભક્તિ પૂર્વક સેવા કરતા હતા. એક વખત સંતુષ્ટ થયેલા તેણે, સારો વિધિ બતાવવા પૂર્વક તુંબડીના ચમત્કારિક બીજ ફળો (તેઓને) આપ્યા.

તે વિધિ આ પ્રકારે—

" સો વખત ખેડેલા ખેતરમાં તડકો ન આવતો હોય તેવા સ્થળમાં (મેં) કહેલા નક્ષત્ર અને વારના યોગે (તુંબડીના બીજ) વાવવા. વેલો તૈયાર થાય, ત્યારે કેટલાંક બીજનો સંગ્રહ કરી લેવો. અને પછી પાંદડા, ફળ, ફૂલ વિગેરે સહિત તે વેલો ખેતરમાં રહેલો એમ જ બાળી દેવો. તેની એક ગદ્યિાણા જેટલી રાખ ચોસઠ ગદ્યિાણા જેટલા ત્રાંબામાં નાંખવી, જેથી ઉત્તમ સોનું થઈ જાય છે. "

એ પ્રકારે સિદ્ધ પુરુષ પાસેથી સમજણ મેળવીને બન્નેય દિકરાઓ ઘેર આવ્યા. એમાંથી એકે કહ્યા પ્રમાણે બરાબર વિધિ કરવાથી તેને ઉંચા પ્રકારનું સોનું થયું.

બીજાએ વિધિમાં કાંઈક[૧૬] ખામી રાખી હતી, તેથી તેને રૂપું જ થયું."

≠ એટલા માટે દરેક બાબતમાં સારી રીતે વિધિ જાળવવો, એ જ યોગ્ય છે. કદાચ, બેદરકારીથી, અથવા કંટાળાથી અવિધિ કરવામાં આવે, તો તે કામ અનર્થને માટે (પણ) થાય છે.

જેમ કે—

" जह भोयणमऽ-विहि-कयं विणासए, विहि-कयं जीवावेइ, ।
तह, अ-विहि-कओ धम्मो देइ भवं, विहि-कओ मुक्खं. ॥
हरिऊण य पर-दव्वं पूअं जो कुणइ जिण-वरिंदाणं, ।
दहिऊण चंदण-तरुं कुणइ इंगाल-वाणिज्जं. ॥ "

[ ]

"જેમ, અવિધિથી કરેલું ભોજન વિનાશ કરે છે, અને જેમ વિધિપૂર્વક કરેલું ભોજન જીવાડે છે. તેમ અવિધિ પૂર્વક કરેલો ધર્મ સંસાર આપે છે, અને વિધિપૂર્વક કરેલો ધર્મ મોક્ષ આપે છે. ૧

બીજાનું ધન હરી લઈને, જે જિનેશ્વર ભગવાનની પૂજા કરે છે, તે સુખડનું વૃક્ષ બાળીને, કોલસાનો વેપાર કરે છે." ૨

≠ "એ રીતે તો—"આ કાળે ધર્મ જ ન કરવો જોઈએ." એમ ઠરી જાય છે?"

≠ પરંતુ એમ ન કહેવું.

જે અવિધિ કોઈપણ રીતે દૂર કરી શકાય તેવો ન (અનિવાર્ય) હોય, તે તો સારી રીતે દૂર કરેલો જ સમજવો. (તે તો ચલાવી લેવા યોગ્ય ગણાય). અનિષ્ટ ફળ આપનાર નથી.

જેમ કે—

" अ-विहि-कया वरमऽ-कयं, " उस्सूअ-वयणं " भणंति सव्वण्णू. ।
पाय-च्छित्तं जम्हा अ-कए गुरुअं, कए लहुअं. ॥ "

"સર્વજ્ઞ ભગવાન્ કહે છે, કે :—"અવિધિથી કરવા કરતાં ન કરવું વધારે સારું." એ વાક્ય "ઉત્સૂત્ર (શાસ્ત્ર વિરુદ્ધ) છે." કેમ કે—ન કરવાથી મોટું પ્રાયશ્ચિત્ત આવે છે, અને કરવાથી નાનું પ્રાયશ્ચિત્ત આવે છે."

" स-कल-पुण्य-क्रिया-प्रान्ते अ-विध्या-ऽऽशातना-निमित्तं मिथ्या-
दुष्कृतं दातव्यमेव " इति ।

" એટલા માટે " (ધર્મની) સર્વ પવિત્ર ક્રિયા પૂરી કર્યા પછી અવિધિ અને આશાતના નિમિત્તે

" मिच्छा मि दुक्कडं "

દેવું જ જોઈએ. "

≠ અને

" सा-ऽतिचारादऽप्यऽनुष्ठानात्
अभ्यासतः कालेन निर-ऽतिचारमऽनुष्ठानं भवति । " इति सूरयः

" અતિચાર લાગે એવી રીતે પણ અનુષ્ઠાન કરવાથી અભ્યાસ પડતાં પડતાં, વખત ગયા પછી, અતિચાર વગરનું અનુષ્ઠાન થવા વખત આવે છે. " એમ **આચાર્ય મહારાજાઓ**[૨૧] કહે છે.

(બીજે) કહ્યું છે, કે—

" अभ्यासो हि प्रायः प्रभूत-जन्मा-ऽनु-गो भवति शुद्धः । " इति
" संस्कार-द्वारा " इत्यर्थः ।
" बाह्योऽप्यऽभ्यासो हि कर्मणां कौशलमाऽऽवहति, न हि सकृन्-निपात-मात्रेण उदक-बिन्दुरऽपि ग्रावणि निम्नतामाऽऽदधाति । " इति तत्त्वम् "

" ઘણા જન્મથી ચાલ્યો આવતો અભ્યાસ ઘણે ભાગે ઘણા વખતના " સંસ્કારો દ્વારા " શુદ્ધ થાય જ છે. "

" બાહ્ય અભ્યાસથી કાર્યમાં કુશળતા આવે છે, એક વાર પડવા માત્રથી પાણીનું બિન્દુ (કૂવા કાંઠા ઉપરના) પથ્થરમાં ખાડા પાડી શકતું નથી. " (વારંવાર ઘસારો થવો જોઈએ.) આ રહસ્ય છે.

[વિધિ જાળવવાનો આગ્રહ રાખી, તેનો અભ્યાસ-ટેવો-ચાનુ રાખી, વિધિ પૂર્વક દરેક પ્રવૃત્તિ થાય તેમ કરવું. વિધિની ઉપેક્ષા ન રાખવી. તેમ કરવા છતાં, પણ કદાચ ભૂલ થાય, કે ખામી રહે, તો તે પસ્તાવાથી-સાવચેતીથી-ક્ષમ્ય બને છે.] ૮

≠ **શ્રાદ્ધ-દિન કૃત્ય** વિગેરે ગ્રંથોને આધારે " વિધિ પૂર્વક સાર-સંભાળ કેમ કરવી ? " એ રીતસર સમજાવવા પૂર્વક હવે તે બે (વિધિ અને અવિધિ) બતાવે છે—

समये सड्ढो चिंतइ चेइयमाऽऽई, व दु-त्थियं अण्णं. ।
उग्गाहिणी उ सययं, दव्वु-व्वुड्ढी ण अण्णहा. ॥ ९ ॥

" **શ્રાવક (૧) અનુકૂળ વખતે [વખતો વખત] (દહેરાસર વગેરેમાં) આવીને, તે (દહેરાસર વિગેરેની) સાર-સંભાળ કરે, અને (૨) બીજું કંઈ દુઃસ્થિત (મુશ્કેલ પરિસ્થિતિમાં) (કે બરાબર ન) હોય, તેની પણ સાર-સંભાળ રાખે, (૩) ઉઘરાણી પણ કાયમ કરાવતા રહે, તેમ કર્યા વિના દ્રવ્યોમાં વૃદ્ધિ ન થાય. " ૯**

" समय० " त्ति

(૧) **સમયે**=એકાંતરા વગેરે દિવસ વગેરેનો પ્રસંગ લઈ " એટલે કે " કોઈ કોઈ વખતે " તેવા પ્રકારના

શ્રાવક સાર-સંભાળ કરે=સારણા (વારણા, ચોયણા, અને પડિ ચોયણા) વગેરે કરીને આગળ પાછળની વિચારણા રાખી, વિધિ પૂર્વક[૨] સંભાળ રાખે.

દહેરાસર (દેવ-ગૃહેશ્વર) વગેરેની-આદિ[૩] શબ્દથી દહેરાસર અને તેની આજુ-બાજુ સાફસુફી વગેરે રાખવાનું સમજી લેવું.

≠ **અથવા,**

(૨) **બીજું**=દહેરાસર વગેરેના નોકર, પૂજારી, પહેરેદાર[૪] વિગેરે સમજવા, તેઓમાંના જેઓ—

દુઃસ્થિત હોય=પોત-પોતાનું કામ કરવા અશક્ત હોય, ઓછી આજીવિકા વગેરેથી દુઃખી રહેતા હોય, તો તેઓની પણ ખર-ખબર રાખવી.

≠ **ઉધરાણી**=દેવાદિ-દ્રવ્યોની ઉધરાણી કરવાની તો

હમેશાં-કાળજી રાખવી. જેથી દેવાદિ-દ્રવ્યોમાં (નુકશાની આવ્યા વિના) સારી રીતે વૃદ્ધિ થાય.

≠ વિરુદ્ધપક્ષે-જો તેમ કરવામાં ન આવે, તો જે નુકશાનો થાય, તે સમજાવવામાં આવે છે,—

અન્યથા=ઉપર જણાવ્યા પ્રમાણેની સાર-સંભાળો રાખવામાં ન આવે તો,

દ્રવ્યની વૃદ્ધિ=આગળ કહ્યા પ્રમાણેની દ્રવ્યમાં વૃદ્ધિ

ન=થાય નહિ.

≠ **અહિં ખાસ સમજાવવાનું એ છે, કે—**

વ્યવહાર નયથી અરિહંત ભગવાનના શાસનના મુખ્ય આધાર રૂપ દેવ અને ગુરુ છે. તેથી, વિવેકી પુરુષે યોગ્ય-યોગ્ય વખતે પરિવાર સહિત એવા દહેરાસરની સાર-સંભાળ પહેલાં કરવી. તેમાં પણ, જીર્ણ થયેલા દહેરાસરોની ઉદ્ધાર રૂપ[૫]-જીર્ણોદ્ધાર રૂપ-સાર-સંભાળ ઉંચા પ્રકારનું ફળ આપનારી છે.

કહ્યું છે, કે—

" अप्पा उद्धरिओ चिअ, उद्धरिओ तह य तेहिं णिय-वंसो. ।
अण्णे य भव्व-सत्ता, अणुमोअंताओ जिण-भवणं. ॥

खवियं णीया-गोयं, उच्चा-गोयं च बंधियं तेहिं. ।
कु-गइ-पहो णिट्ठविओ, सु-गइ-पहो अज्जिओ तह य. ॥
इह लोगम्मि सु-कित्ती, सु-पुरिस-मग्गो अ देसिओ होइ. ।
अण्णेसिं भव्वाणं जिण-भवण-उद्धरंतेण. ॥
सिज्झंति केइ पुरिसा भवेण, सिद्धत्तणं च पावंति ।
इंद-समा केइ पुणो सुर-सुक्खं अणुहविऊण. ॥"

[श्राद्ध-दिन-कृत्य-गा० १०१-२-३-४]

"તેઓએ પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો છે, તથા પોતાના વંશનો ઉદ્ધાર કર્યો છે, કે-(જેમણે બંધાવેલા) જિનેશ્વર ભગવાનના મંદિરની બીજા ભવ્યજીવો અનુમોદના કરતા હોય છે. ૧૦૧

(૧) તેઓએ નીચગોત્ર કર્મ ખપાવ્યું હોય છે, ઉચ્ચગોત્ર કર્મ બાંધ્યું હોય છે, દુર્ગતિનો માર્ગ પૂરો કર્યો હોય છે, અને સદ્ગતિનો માર્ગ પકડી લીધો હોય છે. ૧૦૨

જિનેશ્વર ભગવાનના (જીર્ણ) મંદિરનો ઉદ્ધાર કરનારને આ લોકમાં સારી કીર્તિ મળે છે, અને (બીજા ભવ્ય જીવોને) સત્ પુરુષોનો માર્ગ બતાવવામાં જીર્ણોદ્ધાર કરનાર પ્રેરક થાય છે. ૧૦૩

કેટલાક પુરુષો એકાદ ભવ કરીને મોક્ષમાં જાય છે, અને કેટલાક (ઇન્દ્ર કે) ઇન્દ્ર જેવા થઈ દેવતાનું સુખ અનુભવી મોક્ષમાં જાય છે." ૧૦૪

[સાર-સંભાળ રાખવાની કેટલીક સમજુતી-]

≠ એટલા જ માટે કળી ચુના વગેરેથી દહેરાસરનો સંસ્કાર કરવો-તેને ધોળાવતા રહેવું.

એટલે કે—

દહેરાસર અને તેની આજુબાજુના પ્રદેશમાં સાફ-સુફી રાખવી.

પૂજાના ઉપકરણો-બનાવરાવવા-રચવા-ગોઠવવા-મેળવવા.

શ્રી પ્રતિમાજી મહારાજના પરિકર વગેરેમાં નિર્મળતા રખાવવી.

ખાસ મોટી પૂજામાં (સાંજે) દીવા વગેરેથી શોભા વધારવી.

ચોખા, નૈવેદ્ય વગેરે વસ્તુઓના જત્થા સારી રીતે સચવાય તેમ કરવું.

કેસર, સુખડ, દૂધ, ઘી વગેરેનો સંગ્રહ કરતા રહેવું.

દેવાદિક-દ્રવ્યની ઉઘરાણી કરવી.

તેથી મળેલું ધન સારે (સુરક્ષિત) ઠેકાણે મૂકાવવું.

તેની આવક અને ખર્ચ વગેરે સ્પષ્ટ વિગત પૂર્વક બરાબર લખવા.

ભંડારની આવક, ખર્ચ અને સાચવવાના યોગ્ય સ્થાન વિગેરેનું રક્ષણ કરવું.

નોકરો ગોઠવવા.

સાધર્મિકો, ગુરુ, જ્ઞાન, ધર્મશાળા વિગેરેની પણ ઉચિત રીતે સાર-સંભાળ કરવામાં શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો.

≠ એ પ્રકારે ઋદ્ધિશાળી શ્રાવકોએ **શ્રી વિમળાચળ** વિગેરે મહાતીર્થોનું રક્ષણ કરવું, ઉદ્ધાર કરવો. કરો દૂર કરાવવા, વિગેરે વિધિથી સાર-સંભાળ કરવી.

≠ આ બધું કહીને ખાસ એ બતાવવાનું છે, કે—

"દહેરાસર વગેરેના વૈયાવચ્ચ તપની ક્રિયાનો પણ વિધિ પ્રસંગ પામીને અહીં નક્કી કરી બતાવ્યો છે.

[ધાર્મિક બાબતોની સાર-સંભાળ, તે સર્વનો વહીવટ ચલાવવો, વગેરેનો અભ્યંતર તપમાં જણાવેલા વૈયાવૃત્ય નામના તપની ધાર્મિક ક્રિયામાં સમાવેશ થાય છે. એમ નક્કી કરી બતાવ્યું છે.]

≠ દેવ, ગુરુ વિગેરેની સંભાળ લેનાર ખાસ કરીને શ્રાવક વિના પ્રાયઃ બીજા કોઈ નથી હોતા.

એમ છે, તેથી, કદાચ, ચોર, અગ્નિ વગેરે ઉપદ્રવોને લીધે દેવાદિક દ્રવ્યોનો નાશ થઈ જાય, તોપણ સાર-સંભાળ કરનાર દોષિત ઠરતો નથી જ.

" अवश्यंभावि-भावस्याऽ-प्रतिकार्यत्वाद् " इति ।

કેમ કે—

" જે કોઈ બનાવો ભાવિ ભાવને લીધે અવશ્ય બની જતા હોય છે, તેને રોકવાનો કોઈ ઉપાય હોતો નથી. "

≠ તેમાં પણ થોડા વખતમાં સંભાળી શકાય તેવી રીતની દહેરાસરની સાર-સંભાળ જે કરવાની હોય છે, તે બીજી નિસિહિની પહેલાં કરી લેવી. તે સિવાયની, જ્યારે વખત મળે, ત્યારે નિરાંતે-પછીથી પણ (યોગ્ય યોગ્ય અવસરે) કરી શકાય છે.

≠ આ બધી પ્રવૃત્તિઓ કરવી, તે ગૃહસ્થ પણાનો સાર છે.

કહે છે, કે—

" तं णाणं, तं च विण्णाणं, तं कलासु अ कोसलं, ।
सा बुद्धी, पोरिसं तं च, देव-कज्जेण जं वए त्ति. " ॥

" તે જ્ઞાન છે, તે વિજ્ઞાન છે, કળાઓમાં કુશળતા પણ તે જ છે. બુદ્ધિ પણ તે જ છે, અને પુરુષાર્થ પણ તે જ છે, કે જેનો વપરાશ-ઉપયોગ-દેવના કાર્યમાં થાય (દેવાદિકના ધાર્મિક કાર્યોમાં થાય).

≠ "એ બધા કરતાં પણ, દેવાદિકના દ્રવ્યની વૃદ્ધિ થવામાં ખાસ વિશેષ પ્રકારે કારણભૂત ઉઘરાણી કરવાની તો કાળજી ખૂબ રાખવી જોઈએ."

એટલા માટે, સાર-સંભાળ રાખનારાઓએ દેવ-દ્રવ્યાદિકની ઉઘરાણી પોતાના ધનની ઉઘરાણી માફક જરાપણ બેદરકારી રાખ્યા વિના-અભગ્ન ચિત્તથી કરવી જોઈએ. જો તેમ કરવામાં ન આવે, અને વધારે વખત થઈ જાય, તેવામાં દુકાળ પડે (લડાઈ વગેરેથી) દેશની છિન્ન-ભિન્નતા થાય, દુઃખી અવસ્થા આવી પડવી, વગેરેનો સંભવ થવાથી, ગમે એટલી મહેનત કરવા છતાં પણ તે નાણાં પાછા ન આવે. તેમ થવાથી (દેવદ્રવ્યાદિના) વિનાશ કરવાનો મોટો દોષ લાગી જાય છે.

જેમ **મહેન્દ્રપુરના** શ્રાવકોમાં બન્યું હતું—

કથા—

"**મહેન્દ્રપુર** નગરમાં અરિહંત ભગવાનના દહેરાસરમાં ચંદન, નૈવેદ્ય, ફુલ, ચોખા વગેરે માટે દેવ-દ્રવ્યની ઉઘરાણી કરવા શ્રી સંઘે સાર-સંભાળ કરનારા ચાર શ્રાવકોને નિયુક્ત કર્યા હતા. તેઓ સારી રીતે સાર-સંભાળ કરતા હતા. કેટલાક દિવસો બાદ ઉઘરાણી કરતી વખતે જેવા તેવા વચનો સાંભળવા વગેરેથી મનમાં દુઃખી થઈ (કંટાળી જઈ) મુખ્ય સાર-સંભાળ કરનાર પોતે જ કાળજી રાખવામાં ઢીલા થઈ ગયા હતા. તેથી બીજા પણ ઢીલા થઈ ગયા. કારણ કે—

"**मुख्या-ऽनुयायिनो व्यवहाराः।**"

"પાછળના લોકો હંમેશા મુખ્ય કામ કરનારને અનુસરનારા હોય છે."

જેવામાં અકસ્માત્ દેશની છિન્ન-ભિન્નતા વિગેરે થવાથી દેવ-દ્રવ્ય ઘણું નાશ પામ્યું.

તે કારણે, બળ અને શક્તિ છતાં પ્રમાદથી તે છુપાવી રાખવાથી, પાપની પરંપરા ચાલવાથી તે (આગેવાન શ્રાવક) અસંખ્યતા ભવો સુધી સંસારમાં ભમ્યા હતા."

≠ આ રીતે—

દેવાદિક માટે શ્રાવકાદિકથી મળવાનું દ્રવ્ય તરત જ ઉઘરાણી વિગેરે કરીને ઉત્સાહ પૂર્વક સુ-શ્રાવકોએ મેળવી લેવું જોઈએ. અને પોતાને પણ દેવાદિક દ્રવ્યનું કંઈ પણ દેવું હોય, તે જાતે પણ તરત જ આપી દેવામાં ક્ષણવાર પણ ઢીલ કરવી ન જોઈએ.

વિવેકી પુરુષોએ બીજાને દેવાનું હોય, તે દેવામાં પણ સર્વ પ્રકારે વિલંબ કરવાનો નથી, તો દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય વિગેરે દેવાની બાબતમાં તો પુછવું જ શું? (ઢીલ થાય જ કેમ?)

≠ એ પ્રમાણે છે, તેથી, જેણે જ્યારે જેટલા ધનથી માળ પહેરવી વગેરેમાં જે કાંઈ (કબુલ) કર્યું હોય, તેને લગતું દેવાદિનું દ્રવ્ય જે કાંઈ આપવાનું

હોય, તે ત્યારે જ, તેટલું પૂરું અને બીજું જે કંઈ પણ દેવાનું કબુલ્યું હોય, તેનો[૯] ઉપભોગ કેમ કરી શકાય ?

અથવા તો, તેનાથી મળતા લાભ વિગેરે પણ કેમ મેળવી શકાય ? કેમ કે,—જો તેમ કરવામાં આવે, તો પ્રથમ જણાવ્યા પ્રમાણે દેવ–દ્રવ્યાદિકનો ઉપભોગ કર્યાનો પ્રસંગ આવી જાય છે. માટે તેણે તે તરત જ આપી દેવું જોઈએ.

≠ અને જેની શક્તિ તરત જ આપી દેવાની ન હોય, તેણે પહેલેથી જ પખવાડીયા, કે અડધા પખવાડીયા વિગેરેમાં આપી દેવાની મુદત ચોકખી જણાવી દેવી જોઈએ. અને માગ્યા વિના પણ મુદતની અંદર જાતે જ આપી દેવું જોઈએ. મુદત ઓળંગી જવાથી દૈવયોગે કદાચ વચ્ચે જ પાપનો ઉદય આવી જાય, તો, **ઋષભદત્ત** શ્રાવકની જેમ દેવાદિદ્રવ્યના ઉપભોગનો દોષ ખુલ્લી રીતે લાગી જાય છે.

કથા—

"**મહાપુર** નગરમાં **ઋષભદત્ત** નામના પરમ શ્રાવક મોટા શેઠ પર્વને દિવસે શ્રી દહેરાસરે ગયા. પાસે દ્રવ્ય ન હતું. તેથી ઉધારથી ભગવાનને આંગી ચડાવવાનો ખર્ચ આપવાનું કબુલ કર્યું. પરંતુ બીજા કામમાં રોકાઈ જવાથી તરત જ (આંગી નો) ખર્ચ આપી શકાયો નહીં. કોઈ એક દિવસે દુર્ભાગ્યથી તેના ઘરમાં ધાડ પડી. અને બધું લુંટાઈ ગયું. ને શેઠને લુંટારાઓએ મારી નાંખ્યા.

મરીને તે જ નગરમાં નિર્દય, દરીદ્ર અને કૃપણ પાડો હાંકનારના ઘરમાં પાડા તરીકે જન્મ લીધો. ત્યાંપણ, હંમેશાં ઘેર ઘેર પાણી વગેરેનો ભાર ઉપાડીને ઉંચામાં ઉંચા ઢોળાવ પર ચડવાનું અને એ રીતે રાત–દિવસ ભાર વહન કરવો પડતો હતો. ઉપરાંત, ઘણી ભૂખ, તરસ અને હંમેશાં નિર્દય રીતે દોરડીના સરપટાના માર, વિગેરેથી ઘણા વખત સુધી મહાપીડા સુધી સહન કરતો રહ્યો.

એક દિવસે તે નવા બંધાતા દહેરાસરના કિલ્લા માટે પાણી વહેતાં વહેતાં જિનેશ્વર દેવની પૂજા વગેરે જોઈને, જાતિ સ્મરણ જ્ઞાન થવાથી દહેરાસરની પાસેથી કોઈપણ રીતે (પાડો) ખસતો જ નથી. તેથી જ્ઞાની પુરુષના વચનથી તેના પૂર્વભવના પુત્રોએ ધન આપીને પાડાવાળા પાસેથી તેને છોડાવ્યો.

પછી પહેલા તો પૂર્વ ભવનું દેવ–દ્રવ્યનું દેણું હજારગણું આપીને, તેના દિકરાઓએ દેવામુક્ત કર્યા પછી, અણશણ કરીને સ્વર્ગમાં ગયા.

અનુક્રમે મોક્ષમાં ગયા."

≠ **તેથી (ઉઘરાણી કરવામાં અને દેવું આપી દેવામાં) એમ બન્નેય[૧૦] રીતે વિલંબ કરવો જોઈએ નહીં.**

કેમ કે–તેમ કરવાથી દેવાદિકની વૃદ્ધિ પણ સારી રીતે થઈ શકે છે.

≠ તે જાતનો અભ્યાસ (ટેવ) પડવાથી સાવધાનપણું વધી જવાને લીધે, તેના વિરોધી કર્મોનો બંધ થવાનું અને (આળસ, બેકાળજી વિગેરે) પોતાના દોષો દૂર થવા પૂર્વક પોતાના નિયમની જાળવણી, ગુણોની અપૂર્વ શુદ્ધિ, વિશેષ પ્રકારે ધર્મની પ્રાપ્તિ, વિગેરે ગુણોનો પોતાને વિષે સ્થિર સંવાસ થાય છે.

[ઉધરાણી વિષે સમાપ્ત]

≠ પૂજારી વગેરેને પોત-પોતાના કામોમાં ઉત્સાહ વધે, માટે તેવા પ્રકારના શ્રાવકોએ પોતાના ધન આદિકે કરીને આજીવિકામાં એવી રીતે સહાય પહોંચાડવી જોઈએ, કે–તેઓ તે તે પ્રકારે પ્રમાદ રહિત થઈને, આનંદપૂર્વક દહેરાસર વગેરેના પોતપોતાના કામમાં બરાબર પ્રવર્તમાન રહે.

≠ ઉપર જણાવ્યા પ્રમાણે દરેક બાબતોમાં જો સારી રીતે કાળજી રાખવામાં ન આવે, તો દહેરાસર વિગેરેના વિનાશ વિગેરેનો દોષ આવી પડે. માટે ભૂલે-ચૂકચેય પણ, પહેલા જણાવેલી સાર-સંભાળની કાળજી છોડવી નહીં. કેમ કે–તેમ કરવાથી ભક્તિમાં ઉત્તમ ઉલ્લાસ વગેરેની પરંપરા ચાલુ રહે છે. ૯

≠ હવે **શ્રાદ્ધદિન કૃત્ય ગ્રંથની** બે ગાથાઓ દ્વારા દેવદ્રવ્યાદિકની વૃદ્ધિ કરનાર અધિકારીનો વિષય પૂરો કરવામાં આવે છે.–

णो माया, णो पिया, भज्जा, सरीरं, णेव बांधवा, ।
पिच्छए तत्थ ठाणम्मि, जत्थ अत्थं तु पिच्छए. ॥ १० ॥

अ-गिद्धो जो उ दव्वम्मि जिण-ऽत्थं णेइ वित्थरं, ।
एएणं सो महा-सत्तो वुच्चए जिण-सासणे. ॥ ११ ॥

[શ્રા૦ દિ૦ ૧૪૦-૧૪૧]

" જે સ્થાનમાં માણસ ધન જુએ છે, તે સ્થાનમાં તે માતાને જોતો નથી, પિતાને જોતો નથી, પત્ની, શરીર અને કુટુમ્બીઓને પણ જોવા રહેતો નથી. ૧૦

(આવી માનવી મનની પરિસ્થિતિ હોવાથી) જે પુરુષ ધનમાં આસક્તિ વિના દેવદ્રવ્યાદિકમાં વધારો કરે છે, તે ખરેખર જૈન શાસનમાં એ કારણે મહા સાત્ત્વિક પુરુષ કહેવાય છે. ૧૧

" णो माया० " " अ-गिद्धो० "

≠ ન જીતી શકાય તેવા લોભરૂપ ગ્રહને અનાદિ કાળથી વશ પડેલા દરેક જીવ ઘણે ભાગે, હંમેશાં—

જે–સ્થાનમાં
(જુનું) સાચવવા અને (નવું) વધારવા વિગેરે દ્વારા,
ધનને જ
જે રીતે પરમ ધ્યેય તરીકે
જુવે છે,
તે સ્થાનમાં
તે રીતે—
માતા વિગેરેને
જોતો નથી.
તેથી,

તે (ધનને) માટે, જીવનની પણ અપેક્ષા રાખ્યા વિના ઘણા પાપો અને પ્રયાસો કરતો હોય છે. ૧૦

≠ (જ્યારે લોકમાં) આ સ્થિતિ છે, છતાં–સંતોષરૂપી અમૃતનાથે માખણના પીંડાથી લેપાયેલ **અંતઃકરણ ધરાવતા હોવાથી—**

જે=પુરુષ પોતાના ધન ઉપર પણ સર્વથા.
આસક્તિ વગરના છે, ઉપરાંત,
સારી રીતે સાર–સંભાળ કરવા વિગેરેથી
શ્રી દેવદ્રવ્ય વિગેરેને
વધારા તરફ
લઈ જાય છે, (તેમાં વધારો કરે છે),
તે=પુરુષ
એ કારણે
(જૈન શાસનમાં)
"મહા સાત્ત્વિક"=તરીકે
કહેવાય છે=(વખણાય છે)
ઉપલક્ષણથી—

બીજા પાસે પણ દેવદ્રવ્યાદિકમાં વધારો કરાવરાવે છે, એટલે કે–"અનુમોદના પણ કરાવે છે."

≠ તેથી–પરમાર્થ સમજવાનો એ છે, કે—
"એમ કરવાથી—

ચરમાવર્તમાં પ્રવેશ થવા વિગેરે (આત્માના ગુણોના વિકાસની) સામગ્રીના બળથી—

મધ્યસ્થપણું વિગેરે મૂળ ગુણો ઉત્પન્ન થાય છે.

તેમ થવાથી—

સાર–સંભાળ રાખવાની–ઉત્તમ પ્રકારની કાળજી કરવાની–(એવી) **વૃત્તિ** આત્મામાં ઉત્પન્ન થાય છે ?

અને તેમ થતું હોવાથી—

દેવ–દ્રવ્યાદિકની ઉપર જણાવ્યા પ્રમાણે વૃદ્ધિ ઉત્પન્ન થાય છે. ૧૧

(સાત ક્ષેત્રાદિકમાં વધારો કરવાની, તેનું રક્ષણ કરવાની, તેની સાર–સંભાળ, યોગ્ય, વ્યવસ્થા, વહીવટ વિગેરે કરવાની વૃત્તિ તેને જાગે છે, કે–જેનો આત્મા, ઘણો ઉંચો આવ્યો હોય. અને તે દ્વારા તે અનેક જીવોને દેવ ગુરુ–ધર્મની નજીક લાવવામાં નિમિત્તભૂત બને છે. એમ ઉત્તરોત્તર પોતાના આત્માને ઉંચે–વિકાસ માર્ગે–લઈ જવામાં સફળતા અનુભવી શકે છે.)

≠ "દેવ–દ્રવ્યાદિકની એ પ્રકારે વૃદ્ધિ કરનાર શ્રાવકને વૃદ્ધિ કરવાના ફળરૂપ–તે દેવ–દ્રવ્યાદિકનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ, અનુચિત ઉપયોગ કરવો ન જોઈએ, અનુચિત ઉપયોગ (વપરાશ)નો ત્યાગ કરવો જોઈએ." એ નીચેની ગાથામાં સમજાવવામાં આવે છે—

दुविहं च देव–दव्वं, भोगुवभोगेहिं, तत्थ दु विहंपि. ।
उचिएण वट्टिअव्वं, अन्नहा–भत्ति–भंगो य. ॥ १२ ॥

"ભોગ અને ઉપભોગની અપેક્ષાએ દેવદ્રવ્ય બે પ્રકારે વપરાય છે. તે બન્નેય પ્રકારના વપરાશમાં ઉચિત પ્રકારે વર્તવું જોઈએ. ઉચિત પ્રકારે વર્તવામાં ન આવે, તો ભક્તિનો ભંગ–નાશ–થાય છે." ૧૨

" दुविहं च० "

બે પ્રકારનું દેવદ્રવ્ય="હોય છે." એમ અધ્યાહાર સમજવો.

ચ=શબ્દથી (જ્ઞાન) ગુરુ દ્રવ્યાદિક પણ સમજી લેવા.

≠ શાથી બે પ્રકારે છે ?

ભોગ અને ઉપભોગની અપેક્ષાએ=એક વખત ભોગવી શકાય એવી વસ્તુ હોય, તે ભોગ કહેવાય છે. જેમકે–નૈવેદ્ય, ફુલની માળા વિગેરે, અને

જે વારંવાર ભોગવી શકવાને યોગ્ય હોય, તે ઉપભોગ કહેવાય છે. દાગીના, ઘર વિગેરે.

≠ તે બન્નેય પ્રકારના દ્રવ્યોમાં

ઉચિત રીતે વર્તન કરવું જોઈએ=શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વર્તન કરવું જોઈએ.

અરિહંત ભગવાનની આજ્ઞા પ્રમાણે દહેરાસર વગેરેમાં જ્યાં જે યોગ્ય હોય, તે તે ઉચિત સ્થાને ભોગ અને ઉપભોગ દ્રવ્યનો વપરાશ કરવો જોઈએ. તેથી જ (ભક્તિ વિગેરેના આનંદ) પ્રમોદમાં વૃદ્ધિ થવા વગેરેનો સંભવ રહે છે.

અથવા તેથી પ્રમોદ વગેરેની વૃદ્ધિનો સંભવ રહે છે.

જો તેમ કરવામાં ન આવે=એટલે કે=અયોગ્ય સ્થાનમાં (અન્યથા સ્થાનમાં) વાપરવામાં આવે, તો

ભક્તિનો ભંગ=એટલે કે-ભક્તિનો ભંગ-નાશ-આવી પડે છે. એ ભાવાર્થ છે.

≠ અહીં રહસ્ય એ છે, કે—

દેવાદિકના ભોગ દ્રવ્યનો ઉપયોગ પોતાના કામમાં કરવામાં આવે, તો તેમાં દ્રવ્ય ને ખંડિત કરવારૂપ ઘટાડો થવાથી આશાતના થવાનું ચોકખે ચોકખું સમજી શકાય તેમ છે. અને તેમ થવાથી તેના ઉચિત ઉપભોગ (ઉપયોગ)માં વ્યાઘાત-હાનિ પહોંચતા, તેથી ઉત્પન્ન થતી શોભા, ભક્તિ, ઉલ્લાસ વગેરેનો ભંગ સંભવે છે.

અને, ઉપભોગ દ્રવ્ય (જે વધારે વખત ટકી શકતા હોય છે,) તેના વપરાશમાં તો ઉપર કહેલા દોષો લાગતા નથી, તો પણ આજ્ઞાનું ઉલ્લંઘન, નિઃશૂકપણું (સંકોચ ન હોવો) અને અવિનય વગેરે દોષોનો સંભવ થવાથી, એમ બન્નેય પ્રકારના ભક્તિનો ભંગ ખુલ્લી રીતે જ જણાઈ આવે છે.

≠ આ કારણે, શ્રાવકે સંભવ પ્રમાણે બન્નેય પ્રકારનું દ્રવ્ય પોતાના કામ વગેરેમાં તો વાપરવું જ નહીં. પરંતુ ઉચિત સ્થાને જ વાપરવું.

≠ [૧ દેવ-દ્રવ્યના વપરાશની રીતો.]

તે આ રીતે—

પોતાના ઘર-દેહરાસરમાં ધરાવેલા ચોખા, સોપારી, નૈવેદ્ય, વિગેરેના વેચાણમાંથી ઉત્પન્ન થયેલા પુષ્પ, ભોગ દ્રવ્ય, વિગેરે પોતાના ઘર-દેહરાસરમાં વાપરવાં નહીં.

તેમ જ (મોટા) દેહરાસરમાં પણ પોતાની મેળે ચડાવવું નહીં. પરંતુ સારી રીતે બરાબર સ્વરૂપ સમજાવીને, પૂજારી વિગેરે બીજાની પાસે ચડાવડાવવું.

પૂજારી વગેરેનો યોગ ન થાય, તો સૌની આગળ ખુલ્લે ખુલ્લું સ્વરૂપ કહીને પોતાની મેળે પણ ચડાવવું.

જો તેમ કરવામાં ન આવે, તો-ખોટી રીતે લોકોમાં સ્વ-પ્રસંશા મેળવવાનો દોષ લાગે છે.

≠ માળીને ફુલની મહીને આપવાની જે રકમ પહેલેથી ઠરાવેલી હોય, તે પેટે ઘર-દહેરાસરના નૈવેદ્ય વિગેરે ન આપવા. પરંતુ, જો પોતાનું ધન આપવાની શક્તિ ન હોય, તો પહેલેથી જ મહીનાની કિંમત પેટે નૈવેદ્ય આપવાનું નક્કી કર્યું હોય, તો દોષ લાગતો નથી.

≠ પરંતુ મુખ્ય રીતે તો, મહીને આપવાની રકમ તો જુદી જ ઠરાવવી જોઇએ. ઘર-દહેરાસરના નૈવેદ્ય દહેરાસરમાં જ મૂકવા જોઈએ.

જો તેમ કરવામાં ન આવે, તો પોતાના દ્રવ્યથી નહીં પણ ઘર-દહેરાસરના દ્રવ્યથી ઘર-દહેરાસરમાં પૂજા કરવાનું થાય છે. અને તેમ થવાથી અનાદર, અવજ્ઞા (અપમાન) વગેરે દોષો લાગે છે.

અને તે યોગ્ય પણ નથી, કેમ કે-પોતાના શરીર, ઘર, કુટુમ્બ વગેરે માટે ગૃહસ્થ ઘણો મોટો ખર્ચ કરતો હોય છે.

તેથી દેવમંદિરમાં દેવ પૂજા પણ યથા શક્તિ પોતાના દ્રવ્યથી જ કરવી જોઇએ.

પરંતુ પોતાના ઘર-દહેરાસરમાં ચડાવેલા નૈવેદ્ય વગેરેના વેચાણમાંથી ઉત્પન્ન થયેલા દ્રવ્યથી અથવા દેવ સંબંધી (દેવ દ્રવ્યના) ફૂલ વગેરેથી પૂજા કરવી જોઈએ નહીં. તેમ કરવાથી ઉપર જણાવેલા દોષો લાગે છે.

(મુખ્ય-ખરી રીત-સ્પષ્ટ કરી છે. પરંતુ પોતાના તરફથી ખર્ચ કરી ન શકે, તેવા ગૃહસ્થ-માળી વિગેરેને નૈવેદ્ય વિગેરે લઈ જવા દે, અને માળી બદલામાં ફૂલ આપી જાય, તે ફૂલ પ્રભુને ચડાવે, તો દોષ નથી નહીંતર દોષ છે.)

≠ દેવ-મંદિરમાં આવેલા નૈવેદ્ય, ચોખા વિગેરે વસ્તુઓનું પણ પોતાની વસ્તુઓની જેમ ઉંદર વગેરેથી થતા બગાડથી સારી રીતે રક્ષણ કરવું જોઈએ, અને સારી રીતે કિંમત આવે તેવી યોજના પૂર્વક વેચવી જોઈએ, કે જેથી સારી કિંમત આવે. પરંતુ જેમ તેમ મૂકી રાખવું નહિં. તેમ કરવાથી "દેવ દ્રવ્યનો વિનાશ કરવો." વગેરે દોષો લાગી જાય છે.

(તે ગચ્છના કે સકલ સંઘના દહેરાસર)માં પણ તે દહેરાસરમાંથી દેવ-

દ્રવ્યની આવકનો સંભવ ન હોય, તો પોતાના ઘર–દહેરાસરમાં ચડાવેલા દ્રવ્ય અને દેવ–દ્રવ્યાદિકના ફૂલ વગેરે (તેવા પ્રકારની આર્થિક શક્તિ વગરના ગૃહસ્થે) પૂજામાં વાપરવાઃ

તેવા સંજોગો સિવાય ન વાપરવાં.

અને જો, (વગર કારણે) તેમ વાપરવા (ઘર–દહેરાસરના દ્રવ્યોથી દહેરાસરમાં પૂજા વિગેરે કરવામાં) આવે, તો અનાદર, અવજ્ઞા વગેરે દોષો લાગે છે.

[નિર્માલ્ય દ્રવ્ય વિષે વિચાર]

" भोग–विणट्ठं दव्वं निम्मल्लं बिंति गीय–ऽत्था । "

" ગીતાર્થ પુરુષો કહે છે, કે એક વખત ઉચિત રીતે ભોગ (ઉપયોગ) થયા પછી જે નાશ પામે, નકામું થાય, તે નિર્માલ્ય કહેવાય છે. "

એમ **શ્રી બૃહત્કલ્પ ભાષ્યમાં** કહ્યું છે.

" यत् येत्
जिन–बिम्बा–ऽऽरोपितं सत्
विच्छायी–भूतम्,
विगन्धं जातम्,
दृश्यमानं च निः–श्रीकम्,
न भव्य जन–प्रमोद–हेतुः,
तत्
निर्माल्यं ब्रुवन्ति बहु–श्रुताः । "

" જે જિનેશ્વર ભગવંતના પ્રતિમાજી ઉપર ચડી ચૂકેલું હોય, ઝાંખું પડી ગયેલું હોય, મૂળ ગંધથી રહિત થઈ (જુદી ગંધનું થઈ) ગયેલું હોય, જોતાં ન આકર્ષે તેવું શોભા વિનાનું હોય, અને ભવ્ય જીવોને આનંદ ન આપે, તેવા દ્રવ્યને મોટા જ્ઞાની પુરુષોએ **નિર્માલ્ય** ગણ્યું છે. "

એમ **શ્રી સંઘાચાર વૃત્તિમાં** કહ્યું છે. તેથી—

" भोग–विनष्टमेव निर्माल्यम् " ।

" ભોગમાં ઉપયોગ થઈ જવાથી જે પોતાના સ્વરૂપમાં ન રહ્યું હોય, તે **નિર્માલ્ય** કહેવાય. "

(એમ ઉપર જણાવેલા બે ગ્રન્થના વચનો ઉપરથી સમજાય છે.)

પરંતુ **શ્રી વિચારસાર પ્રકરણમાં** કહ્યાં પ્રમાણે—

" ढौकिता–ऽक्षता–ऽऽदेर्निर्माल्यत्वम् "

" ચડાવેલા ચોખા વગેરે નિર્માલ્ય છે. "

એમ માનવું એ યોગ્ય નથી. કેમકે–બીજા શાસ્ત્રોમાં અને લોકમાં એ પ્રમાણે જોવામાં આવતું નથી, તેમજ વિચાર કરતાં બરાબર ઘટી શકતું પણ નથી.

કેટલાક આચાર્યો તો અહીં એમ કહે છે, કે—

" अन्येषां भोगा-ऽन-ऽर्ह-त्वादेव,
सर्वं देवा- ऽऽदि-निश्रितं द्रव्यम् निर्माल्यम् " ॥

" બીજાના ઉપયોગમાં ન આવી શકે તેવું હોવાથી દેવાદિની નિશ્રાનું સર્વ દ્રવ્ય નિર્માલ્ય છે. "

" આનું તત્ત્વ તો **શ્રી કેવળી ભગવંતને** ગમ્ય છે. "

≠ તે (નિર્માલ્યમાં) ખાસ કરીને ચોમાસા વગેરેમાં કંથવા વગેરે જીવો ચડતા હોવાથી માણસોના પગ વગેરેથી ચંપાઈ ન જાય, તેવા પવિત્ર સ્થાને છુટું-છુટું મૂકવું જોઈએ. જેથી કરીને (ભગવાનની પૂજા વિગેરેમાં ચડેલા) પદાર્થોની આશાતના (અપમાન) પણ ન થાય.

≠ (નિર્માલ્ય રૂપ છતાં) ભગવંતના સ્નાત્રજળ પણ તે રીતે (આશાતના ન થાય તેમ, લોકોના પગની નીચે ન આવે, તે રીતે, છુટું-છુટું) પધરાવવું.

અને એ જ કારણે–તે શાંતિ પાણી રૂપ સ્નાત્ર જળ, શેષ (લૌકિક દેવોને ચડાવેલા નૈવેદ્ય વિગેરેમાંથી બાકી રહેલા ભાગ)ની જેમ મસ્તકે ચડાવવું.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ વિરચિત **શ્રી મહાવીર પ્રભુના ચરિત્રમાં** કહ્યું છે, જે—

" अभिषेक-जलं तत्तु सुरा-ऽ-सुर-नरोर-गाः ।
ववन्दिरे मुहुः, सर्वा-ऽङ्गीणं चोपरि चिक्षिपुः ॥ ३-६८ ॥ "

" વૈમાનિક દેવો, અસુકુમાર (વિ.) ભુવનપતિદેવો, મનુષ્યો, અને નાગકુમાર દેવો (વિગેરે)એ તે અભિષેક જળને વારંવાર (મસ્તકે ચડાવી) વંદન કર્યું, અને સર્વ અંગો ઉપર છાટ્યું. ૩-૬૮

શ્રી પદ્મ ચરિત્રમાં પણ (ઓગણચાલીસમા) ઉદ્દેશામાં **અસાડી ચોમાસીની અટ્ઠાઇમાં બૃહત્સ્નાત્રના અધિકારમાં** જણાવ્યું છે, કે–

" तं ण्हवण-संति-सलिलं नर-वइणा पेसियं स-भज्जाणं,
तरुण-विलयाहि नेउं छूढं चिय उत्तम-ऽंगेसु ॥ ६ ॥ "

" (દશરથ) રાજાએ યુવાન (દાસી) સ્ત્રીઓ મારફત તે ણ્હવણનું શાંતિ જળ પોતાની રાણીઓને મોકલ્યું. તે લઈને (તે રાણીઓએ) પોતપોતાના મસ્તકે છાંટ્યું. (ચડાવ્યું.) ૬ "

શ્રી બૃહત્શાન્તિ સ્તોત્રમાં પણ કહ્યું છે, કે–

" शान्ति–पानीयं मस्तके दातव्यमिति "

" શાંતિજળ મસ્તક ઉપર દેવું (ચઢાવવું.)."

" ખાસ (પુષ્ટાલંબન) મહત્ત્વનું કારણ હોય ત્યારે જેમ **શ્રી કૃષ્ણે, ધરણેન્દ્ર દેવે** આપેલા (**શ્રી શંખેશ્વર**) **પાર્શ્વનાથ** પ્રભુના પ્રતિમાજીનું સ્નાત્રજળ છાંટીને જરાસંધે છોડેલી જરાના ઉપદ્રવથી ઘેરાયેલા પોતાના સૈન્યને સ્વસ્થ (તાજું માજું) કર્યું હતું.–સ્વસ્થ કરી તાજું માજું કર્યું હતું. એ પ્રકારે **શ્રીપાળ મહારાજા, મહીપાળ રાજા** વિગેરેને વિષે પણ સમજવું. "

≠ તથા દેવાદિ સંબંધિ જેનું જે રીતે ઘટતું હોય, તે રીતે—

ઘર	[૨૦] ભોગ (સોના–રૂપાના	કનાત
હાટ	વરખ) ફૂલ વિગેરે	કામળી
ખેતર	રૂની પુણીઓ[૨૧]	કપાટ
વાડી	ચંગેરી ( )	પાટ
પત્થર	ધૂપ–ધાણું	પાટલા–પાટલી
ઈંટ	કળશ	ઘડા
લાકડાં	અત્તરની શીશી	ઓરસીયા
વાંસ	પાખર[૨૨]	કાજળ
નળીયાં[૧૮]	ચામર	પાણી
માટી	ચંદ્રવા	દીવા વિગેરે, અને
ચુનો વિગેરે	ઝાલર	દેરાસરની અગાસીની
સુખડ[૧૯]	ઢોલ વિગેરે વાજીંત્ર	નાળ વિગેરે દ્વારા
કેસર	સાબાણ	આવેલું પાણી વિગેરે
	શકોરા	પણ

(એમ) કોઈ પણ વસ્તુ પોતાના કે બીજાના કામમાં જરા પણ વાપરવી નહિ, કેમ કે–દેવને ચડેલા ભોગ દ્રવ્યની માફક તે દ્રવ્યોનો પણ ઉપભોગ કરવો, તે દોષ લગાડનાર બને છે.

ચામર, સાબાણ વિગેરેનો મેલાં થવાનો, તુટી જવાનો અને ફાટી જવા વિગેરેનો સંભવ હોવાથી, વધારે પણ દોષ લાગે છે.

≠ એટલા માટે દેવ દ્રવ્યનાં વાજીંત્ર પણ શ્રી ગુરુ મહારાજ અને શ્રી સંઘની આજ્ઞા વગર વગાડાય નહિ.

કેટલાક આચાર્યો કહે છે, કે—

" पुष्टा-ऽऽलम्बने-

" बहु-निष्क्रया-ऽर्पण-पूर्वं व्यापार्यतेऽपि "

यतः—

" मुल्लं विणा जिणाणं उवगरणं चमर-छत्त-कलसाई ।
जो वावरइ मूढो, निय-कज्जे सो हवइ दुहिओ. ॥ "

[ ]

" (पुष्टालंबने) બહુ મહત્વના કારણ સંજોગો હોય, ત્યારે ઘણો નકરો આપીને વાપરી પણ શકાય.

કેમ કે–

જે મૂઢ માણસ ચામર, છત્ર, કળશ વિગેરે દેવદ્રવ્યનાં ઉપકરણો મૂલ્ય આપ્યા વિના પોતાના (પોતાની તરફના પૂજા વિગેરે) કામમાં વાપરે છે, તે દુઃખી થાય છે. "

≠ પોતાના ઉપયોગમાં વાપરતાં વાપરતાં કદાચ તે ઉપકરણો ભાંગી જાય (ટૂટી જાય, ફાટી જાય, ખોવાઈ જાય) તો પોતાના ખર્ચે નવાં બનાવરાવી દેવા જોઈએ. નહિતર, જેમ **દેવસેનની** માતાને તિર્યંચ વિગેરે દુર્ગતિના દુઃખ ભોગવ્યા, તેમ ભોગવવા પડે છે.

અહીં–સંપ્રદાય મુજબ **દૃષ્ટાંત** નીચે પ્રમાણે છે—

" विधाय दीपं देवानां पुरस्तेन पुनर्न हि ।
गृह-कार्याणि कार्याणि, तिर्यङ्क्ष्वेव भवेद्यतः ॥

[ ]

" દેવની આગળ દીવો કરીને એ જ દીવાથી ઘરના કામ કરવા નહિં. કેમ કે–તિર્યંચ (પશુ, પક્ષી, માછલા) વિગેરે થવું પડે છે.

કથા—

" ઇન્દ્રપુરમાં **દેવસેન** નામનો વેપારી પોતાની મા સાથે રહેતો હતો. અને **ધરસેન** નામનો ઉંટવાળો તેનો પાડોશી હતો.

ઉંટવાળાને ઘેરથી નિકળીને હંમેશા એક ઉંટડી **દેવસેનને** ત્યાં આવે છે. **ધરસેન** મારી-કુટીને પોતાને ઘેર લઈ જાય છે, છતાં, ઉંટડી **દેવસેનને** ઘેર જઈને જ ઉભી રહે છે.

તેથી, તે શેઠે બન્નેયનો પરસ્પરનો સ્નેહ હોવાથી, પૈસાથી ખરીદીને તેને પોતાને ઘેર રાખી.

એક વખત, તે શેઠે બન્નેયના સ્નેહનું કારણ જ્ઞાની ભગવંતને પૂછ્યું. જ્ઞાની ભગવંત કહે છે કે–" પૂર્વ ભવમાં આ તારી મા હતી, તેણે એક દિવસે પૂજા માટે જિનેશ્વર પ્રભુની આગળ દીવો કરી, તે દીવાથી ઘરના કામ કર્યા હતા, અને ધૂપના અંગારાથી ચૂલો સંધૂક્યો.

હતો. તે કર્મના ઉદયથી ઉંટડી થઈ છે. માટે પૂર્વ ભવથી ઉત્પન્ન થયેલો તારો તેના ઉપરનો આ સ્નેહ યોગ્ય છે."

પછી યોગ્ય પ્રાયશ્ચિત્ત કરીને, તે ઉંટડી સદ્ગતિ પામી."

(૨. જ્ઞાન દ્રવ્ય)

≠ ૨. એ જ પ્રકારે જ્ઞાન દ્રવ્ય પણ દેવ દ્રવ્યની માફક વાપરવું કલ્પતું નથી– એટલા માટે જ્ઞાન દ્રવ્યના કાગળ, પાના વિગેરે મુનિ મહારાજ વિગેરેને આપેલા હોય, તે શ્રાવકે પોતાના કામમાં વાપરવા નહિ, પોતાના (ધાર્મિક) પુસ્તકની પોથીમાં પણ, સારી રીતે વધારે[૨૪] ન–કરો (ધન) આપ્યા વિના, રાખવા નહિં.

(૩. સાધારણ દ્રવ્ય)

≠ ૩. શ્રાવકોને સાધારણ દ્રવ્ય પણ શ્રી સંઘે આપ્યું હોય, તો જ વાપરવું કલ્પે છે. નહિતર, વાપરી શકાય નહિ.

શ્રી સંઘે પણ સાતે ક્ષેત્રના કામોમાં જ તે વાપરવાનું હોય છે. પરંતુ તે માંગણ વિગેરેને પણ તે આપી શકાય નહિ.

(માંગણને અનુકંપા દ્રવ્યમાંથી કે પોતાની પાસેથી આપી શકે. પરંતુ સુપાત્ર ક્ષેત્રોના સાત દ્રવ્યમાંથી ન આપી શકાય. એ રહસ્ય છે).

હાલના વ્યવહારે તો ગુરુ મહારાજના ન્યૂંછણા[૨૫] વિગેરેનું જે કાંઈ સાધારણ દ્રવ્ય હોય, તે શ્રાવક શ્રાવિકાને આપવામાં કોઈ યુક્તિ દેખાતી નથી.

પરંતુ પૌષધશાળા[૨૬] (ઉપાશ્રય) વિગેરે કામમાં તો તે (સાધારણ દ્રવ્ય) શ્રાવકો વાપરી શકે છે.

(૪. ગુરુ દ્રવ્ય)

≠ મુનિ મહારાજ વિગેરેના મુહપત્તિ, વસ્ત્ર વિગેરે પણ ગુરુ[૨૭] દ્રવ્ય હોવાથી વાપરવું યોગ્ય નથી (વપરાય નહિ).

પરંતુ સ્થાપનાચાર્ય ભગવાન્, નમુક્કારાવલી–નોકારવાળી (જપમાળા)– વિગેરે ધ્યાનાદિકધર્મની વૃદ્ધિ માટે ઘણે ભાગે શ્રાવક વિગેરેને આપવાનો વ્યવહાર ગુરુ મહારાજાઓ કરે છે. કેમ કે–તે અનિશ્રિત (નિશ્રા કર્યા વગરના) જ્ઞાનોપકરણોરૂપ હોય છે. તેથી કરીને ગુરુ મહારાજ આપે, તો તેનો ઉપયોગ કરવાનો વ્યવહાર દેખાય છે.

≠ પરંતુ, જો સોનું વિગેરે ગુરુ દ્રવ્ય હોય, તો તેનો વપરાશ જિન મંદિર વિગેરેના જીર્ણોદ્ધાર અને નવા દહેરાસર કરાવવા વિગેરેમાં કરવો જોઈએ.

≠ તેની સ્પષ્ટ સમજ આ પ્રમાણે છે—

"[૧] ગુરુ પૂજા સંબંધિ સોનું વિગેરે દ્રવ્ય ગુરુ દ્રવ્ય કહેવાય ? કે નહિ ?"

"[૨] પૂર્વકાળમાં આ પ્રકારે (ગુરુની) પૂજા કરવાનું વિધાન છે ? કે નથી ?"

"[૩] અને એ દ્રવ્યનો ઉપયોગ કયાં થાય ?"

જવાબ—

"(ઔપગ્રહિક) રજોહરણાદિક ઉપકરણ જેમ ગુરુ દ્રવ્ય છે, તેમ ગુરુ પૂજાનું સોનું વિગેરે દ્રવ્ય ગુરુ દ્રવ્ય થતું નથી. કેમ કે-(ગુરુએ) તેને પોતાની નિશ્રાનું કરેલું હોતું નથી."

≠ **શ્રી કુમારપાળ મહારાજાએ શ્રી હેમચંદ્રાચાર્ય** મહારાજની ૧૦૮ સોનાના કમળથી પૂજા કરી હતી.

તેમ જ—

"**धर्म-लाभ [:"] इति प्रोक्ते दूरादुच्छ्रित-पाणये ।**
सूरये सिद्ध-सेनाय ददौ कोटिं नरा-ऽधि-पः ॥ १ ॥" इति ॥

"દૂરથી હાથ ઉંચો કરીને "ધર્મ-લાભ" એમ આશીર્વાદ આપનાર શ્રી સિદ્ધ-સેન દિવાકરજી મહારાજને (વિક્રમ) રાજાએ એક કરોડ આપ્યા હતા."

≠ "અગ્ર પૂજા રૂપ આ દ્રવ્ય તેઓની આજ્ઞાથી તે વખતના શ્રી સંઘે જીર્ણોદ્ધારમાં વાપર્યું હતું."

≠ અહીં વિચારવા જેવું એ છે, કે—

तर्क कौंडिन्य न्यायथी—ભોગ્ય-ભોજકપણાના સંબંધે કરીને-ભોગવવા યોગ્ય-વાપરવા યોગ્ય અને વાપરનારના સંબંધે કરીને-**ઔધિક**[૨૮] **ઉપાધની** પેઠે (સુવર્ણાદિક પૂજા દ્રવ્ય) ગુરુ દ્રવ્ય બની શકતું નથી.

(મુનિ મહાત્માઓની ઉપધિ બે પ્રકારની હોય છે. મુહપત્તિ-રજોહરણ વિગેરે **ઔધિક ઉપધિ** કહેવાય છે. અને બીજા કેટલાક સાધનો કારણે રાખવા પડે, તે **ઔપગ્રહિક સહાયક-ઉપધિ** કહેવાય છે. તેમાં ઔધિક મુખ્ય છે. **ઔધિક ઉપધિ** ભોગ્ય ભોજક સંબંધે મુદ્રવ્ય છે. તેવા સંબંધથી સુવર્ણાદિક પૂજા દ્રવ્ય ગુરુદ્રવ્ય બની શકતું નથી).

પરંતુ-પૂજ્યની પૂજાના સંબંધે તે (સુવર્ણાદિક) ગુરુ દ્રવ્ય થાય જ છે.

જો તેમ સમજવામાં ન આવે તો **શ્રાદ્ધજિત કલ્પની** વૃત્તિ સાથે વિરોધ આવે છે.

≠ **શ્રી જીવદેવસૂરીજીની** પૂજા માટે મલ્લ શેઠે અડધો લાખ દ્રવ્ય આપ્યું હતું, તેથી શ્રી આચાર્ય મહારાજાએ જીન મંદિર વિગેરે કરાવરાવ્યા હતા.

≠ ધારા નગરીમાં **લઘુભોજ** રાજાએ વાદી વેતાળ[૨૯] **શ્રી શાંતિસૂરિ મહારાજને** બાર લાખ, સાઠ હજાર દ્રવ્ય આપ્યું હતું. તેમાંથી ગુરુ મહારાજાએ બાર લાખના ખર્ચે **માળવા** દેશમાં દહેરાસરો કરાવરાવ્યા હતા, અને સાઠ હજારના દ્રવ્યના ખર્ચે **થરાદમાં** દહેરાસર અને દેરીઓ વિગેરે કરાવરાવ્યા હતા. અહિંયા આ વિષે વિસ્તારથી સમજવા માટે **તે તે પ્રબંધોમાંથી** જાણી લેવું.

≠ તથા, **વૃદ્ધ પુરુષોની** વાત સંભળાય છે, કે—

" सुमति–साधु–सूरि–वारके
मण्डपा–ऽ–चल–दुर्गे–
मल्लिक–श्री–माफरा–ऽभिधानेन–
श्राद्धा–ऽऽदि–संसर्गाज्जैन–धर्मा–ऽभिमुखेन–
सु–वर्ण–टङ्कैः–
गीता–ऽर्थानां पूजा कृता ।"

" **શ્રી સુમતિસાધુ** મહારાજશ્રીના સમયે **માંડવગઢમાં** શ્રાવકોના પરિચયથી જૈન ધર્મ તરફ આદર રાખનારા **શ્રીમાફર** નામના **મલ્લિક**[૩૦] **બાદશાહે** સોનાના ટંકો (સિક્કા)થી ગીતાર્થ ગુરુઓની પૂજા કરી હતી. "

(ગૃહસ્થ ગુરુ પાસે પહેલા બાળકનું નામ પાડવામાં આવે, અને પછી તેમાં ગુરુ મહારાજની આજ્ઞારૂપ સંમતિ લેવામાં આવે.)

≠ બાળકનાં નામ પાડવાને વખતે બાળક સહિત શ્રાવક ઘેરથી આવીને ઉપાશ્રયમાં રહેલા ગુરુ મહારાજને વંદના કરીને, સોના કે રૂપાના નવ સિક્કાથી ગુરુ મહારાજની નવ અંગે પૂજા કરીને, ઘરના (ગૃહસ્થ) ગુરુ અને દેવની સાક્ષિએ જે નામ પાડયું હોય, તે (ગુરુ મહારાજને) નિવેદન કરે છે, પછી ગુરુ મહારાજ ઉચિત મંત્રે વાસક્ષેપ મંત્રીને ૐકાર વિગેરેના ન્યાસ (સ્થાપના) પૂર્વક પોતાની સાક્ષી પૂર્વકની બાળકના નામની સ્થાપના પોતાની આજ્ઞા પૂર્વકનું બનાવે છે.

≠ " તથા " બે વાર, અથવા ત્રણ વાર, તથા આઠ પ્રકાર વિગેરે પ્રકારે પૂજા કરવી,
દહેરાસરમાં સંપૂર્ણ દેવ વંદન કરવું,
સર્વ દહેરાસરોમાં પૂજા કરવી અને વંદન કરવું,
સ્નાત્ર મહોત્સવ કરવો, મહા પૂજા રચાવવી,
પ્રભાવના કરવી વિગેરે, ગુરુ મહારજને મોટુ વંદન, ગુરુ મહારાજની અંગ પૂજા, પ્રભાવના, તેમની આગળ સ્વસ્તિકની રચના, તેમનું વ્યાખ્યાન સાંભળવું."

ખાસ કરીને ઇત્યાદિ નિયમો વર્ષા ચાતુર્માસમાં ગ્રહણ કરવા જોઈએ."

એમ પ્રશ્નોત્તર સમૂચ્ચય, આચાર પ્રદીપ, આચાર દિનકર, અને શ્રાદ્ધ વિધિ, વિગેરે ગ્રંથોને અનુસારે શ્રી જિનેશ્વર ભગવાનની અંગ અને અગ્ર પૂજાની પેઠે, શ્રી ગુરુ મહારાજની પણ અંગ પૂજા અને અગ્ર પૂજા સિદ્ધ થાય છે.

≠ અને તે (ગુરુ મહારાજની અંગ અને અગ્ર પૂજા)ના દ્રવ્યનો ઉપયોગ [૩૧] પૂજા સંબંધે કરીને ગૌરવ યોગ્ય ઉંચા સ્થાનમાં કરવો.

પરંતુ જિનેશ્વર ભગવંતની અંગપૂજામાં ન કરવો.

(૫. દેવું તરત દેવા વિષે)

≠ તથા ધર્મસ્થાન (ના કોઈ પણ કાર્ય)માં વાપરવાને કબુલેલું દ્રવ્ય જુદું જ ખર્ચવું-વાપરવું. ભોજન વિગેરેનો જે પોતાને માટે અંગત ખર્ચ આવે, તેમાં ન ભેળવવું, અને જો એમ કરવામાં આવે, તો ધર્મ ધનનો ઉપભોગ કરવાનો દોષ ઉઘાડો જ દેખાઈ આવે છે.

જ્યારે આ પ્રમાણે વર્તન કરવાનું છે, છતાં તીર્થ યાત્રા વિગેરે કરવા જવામાં ભોજન, ગાડા, વળાવિયા વિગેરેનો બધો ખર્ચ જેવો (ધર્મ કાર્યમાં વાપરવા) માનેલો હોય, તેના ખર્ચમાં ગણી લે છે. તે મૂઢ લોકોની શી ગતિ થશે? એ જાણી શકાતું નથી.

≠ પોતાને નામે મોટા આડંબરથી (પારકું) ઉજમણું[૩૨] વિગેરે માંડેલા હોય અને તેથી કરીને લોકોમાં પ્રશંસા વિગેરે થાય. પરંતુ જો નકરો[૩૩] થોડો મૂક્યો હોય, તો દોષ લાગે જ છે. તે સ્પષ્ટ છે.

≠ તથા ધર્મસ્થાનમાં સામાન્ય રીતે કે વિશેષ રીતે વાપરવા માટે બીજાએ ધન આપ્યું હોય, તે ધન વાપરતી વખતે તેનું નામ ખુલ્લી રીતે ચોકખે ચોકખી રીતે કહેવું. એ પ્રકારે સમુદાયે મળીને વાપરવા માટે ધન આપ્યું હોય, તો તે સમુદાયનું નામ પણ ચોકખે ચોકખું જણાવવું, અને જો તેમ કરવામાં ન આવે, તો પુણ્ય કરવાના સ્થાનમાં ચોરી કરવાનો દોષ લાગી જાય છે.

≠ એ પ્રકારે, અંતકાળની અવસ્થામાં પિતા વિગેરેને આપવાનું જે કબૂલ કરાય છે, તે જ્યારે સાવધાન હોય ત્યારે ગુરુ વિગેરે શ્રી સંઘ સમક્ષ આ પ્રમાણે કહેવું, કે—

"આટલા દિવસમાં તમારા નિમિત્તે આટલો ખર્ચ કરીશ, આપ તેની અનુમોદના કરજો."

અને તે પણ સર્વ જાણે તેમ તરત જ વાપરી નાખવું. પરંતુ **આભડશેઠના** પુત્રોએ જેમ પોતાના નામે ન વાપર્યું તેમ ન વાપરવું.

(આભડશેઠના પુત્રોએ પિતાની પાછળ વાપરવાનું દ્રવ્ય પોતાને નામે નહિ પણ પિતાને નામે વાપર્યું હતું.)

આભડશેઠની કથા—

"**શ્રી અણહિલ્લપુર** પાટણમાં શ્રીમાલી જ્ઞાતિના **નાગરાજ** નામે **કોટીધ્વજ** શેઠ થયા હતા અને તેને **મહિલાદેવી** નામે પત્ની હતા.

મહિલાદેવી સગર્ભા હતા તે જ સ્થિતિમાં શેઠ વિશુચિકા (કોલેરા) રોગથી મરણ પામ્યા.

શેઠ પુત્ર વિના મરણ પામ્યા હોવાથી રાજાએ તેનું બધું ધન લઈ લીધું. **અને** શેઠાણી **ધોળકે** પિયર ગયા. અનુક્રમે અમારી પડહ (કોઈ પણ જીવને જેમ **બને** તેમ ન મારો, ન મારો એ જાતની ઘોષણાનો ઢોલ) વગડાવીને પિતાએ દોહદ (ગર્ભના પ્રભાવથી ગર્ભવતી માતાના મનની તીવ્ર અભિલાષ) પૂરો કર્યો. અને તેણીએ **આભડ** નામના પુત્રને જન્મ આપ્યો, **અને** તેનું નામ **આભડ** રખાવ્યું.

પાંચ વર્ષનો પાઠશાળામાં તે ભણતો હતો ત્યારે બધા તેને "નબાપો" "નબાપો" એમ કહેવાથી માતા પાસેથી પોતાનું સ્વરૂપ જાણ્યું, ને જુવાન થતાં થતાંમાં **પાટણ ગયો.**

પોતાના ઘરમાં રહીને વેપાર કરતાં **ભાવલ** દેવીને પરણ્યો. પછી પુણ્યોદયને યોગે જુના ભંડાર મળવા વિગેરેથી કોટી ધ્વજ થયો. અને ત્રણ દિકરા થયા. અનુક્રમે પાપના ઉદયના યોગે નિર્ધન થઈ જવાથી દિકરાઓ સાથે પત્નીને પિયર મોકલી અને પોતે ઝવેરીની દુકાને મણિ વિગેરે ઘસીને એક જવ જેટલું સોનું પેદા કરે (મેળવે) છે.

અને જાતે દળી, રાંધીને ભોજન કરે છે ને વખત પસાર કરે છે.

એક વખત બહુ જ ટુંકામાં **શ્રી હેમચંદ્રાચાર્ય** ગુરુ મહારાજ પાસે ઇચ્છા પરિમાણ ૩૪ રૂપ વ્રત લેવાનું રાખતાં ગુરુમહારાજે રોકવાથી નવ લાખ દ્રમ્મના પરિમાણનો નિયમ સ્વીકાર્યો. અને તે જ નિયમ અનુસાર બીજા પણ નિયમ કર્યા. તેથી "જે વધે તે ધર્મ કાર્યમાં ખર્ચવું." એવો નિયમ કર્યો. એમ કરતાં અનુક્રમે પાંચ દ્રમ્મ ગાંઠે થયા.

એક દિવસે ઇન્દ્રનિલ મણીનો હાર પાંચ દ્રમ્મથી ખરીદી તેને ઘસીને લાખની કિંમતના તે ઇન્દ્રનિલ મણી બનાવ્યા. અનુક્રમે પહેલાની માફક ધનવાન થયા. કુટુંબ મળ્યું.

પછી સાધુ મહારાજાઓને રોજ ઘીના ગાડવા વહોરાવે, સાધર્મિક-વાત્સલ્ય કરે, મહાપૂજા રચાવે, દર વર્ષે પુસ્તક લખાવે, દહેરાસરોના જીર્ણોદ્ધાર કરાવે, પ્રતિમાજી (જીન પ્રતિમાદિક)ની સાર-સંભાળ લેવરાવે વિગેરે ધર્મ કાર્યો કરતાં કરતાં ચોરાસી વર્ષનું આયુષ્ય પૂરું થવા આવ્યું ત્યારે ધર્મ કામોમાં ખર્ચેલા ધનના હિસાબનો ચોપડો વંચાવતી વખતે "અઠ્ઠાણું લાખ દ્રમ્મનો ખર્ચ થયો છે," એમ સાંભળીને શેઠને ખેદ થયો, **અને** બોલી ઉઠ્યા, કે-"અરે...રે...રે મેં લોભીયાએ એક કરોડ પણ પૂરા નથી ખર્ચ્યા?"

"તે જ વખતે તેના પુત્રોએ દશ લાખ ખર્ચીને એક કરોડ ને આઠ લાખ પૂરા કર્યા અને બીજા આઠ લાખ શેઠની પાછળ ખર્ચવાનું સંભળાવ્યું.

શેઠ અણસણ કરીને સ્વર્ગમાં ગયા અને જિનદાસ વિગેરે પુત્રોએ શાસ્ત્રમાં કહેલા વિધિપૂર્વક ધર્મ કામોમાં ધન ખરચ્યું. અને અનુક્રમે તેઓ પણ સદ્ગતિ પામ્યા."

≠ એ પ્રકારે અમારીમાં ખર્ચવાનું ધન વિગેરે પણ અનિશ્ચિત હોવાથી દેવાદિકના ભોગમાં વાપરી શકાય નહિ.

≠ અને જ્ઞાન દ્રવ્ય[૩૫] પોતાના સ્થાનમાં અને દેવદ્રવ્યના સ્થાનમાં વાપરી[૩૬] શકાય છે, બીજા કોઈ પણ કામમાં વાપરી શકાય નહિ.

≠ વેશધારી સાધુનું દ્રવ્ય[૩૭] અભયદાન વિગેરેમાં જ વાપરી શકાય. દહેરાસર વિગેરેમાં વાપરવું જ નહિ. કેમ કે તે અત્યંત અશુદ્ધ દ્રવ્ય છે.

≠ આ પ્રમાણે બધું સમજીને પ્રસંગે પ્રસંગે સર્વ ઠેકાણે ધર્મના ઉપકરણોનો ઉપયોગ કર્યા પછી અવિધિ. અને આશાતનાનો દોષ દૂર રાખવાનો વિવેકી પુરુષોએ વિવેક રાખવો જોઈએ. એમ કરવામાં ન આવે તો પ્રાયશ્ચિત્ત પણ લાગી જાય છે.

શ્રી મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે, કે—

" अ-विहीए-

णियंसणुत्तरीयं रय-हरणं दंडगं च परिभुंजे, चउत्थम् । "

"પોતાના ખભા ઉપરનું ઉત્તરીય[૩૮] વસ્ત્ર, રજોહરણ, દાંડો વિગેરેનો અવિધિથી ઉપયોગ કર્યો હોય, તો ચોથ ભક્તનું પ્રાયશ્ચિત આવે છે."

એમ સમજીને શ્રાવકોએ ચરવળો મુહપત્તિ[૩૯] વિગેરેને વિધિ પૂર્વક વાપર્યા પછી પોત પોતાને ઠેકાણે બરાબર રીતે મૂકવા વિગેરે કામ કરવું જોઈએ. નહિતર, ધર્મનું અપમાન કરવા વિગેરે દોષો લાગે છે.

૨. વિસ્તાર પૂર્વક વૃદ્ધિદ્વાર સમાપ્ત.

૩ જું વિનાશ દ્વાર.

[૧ ભક્ષણ, ૨ ઉપેક્ષા, ૩ પ્રજ્ઞાહીનપણું.]

≠ એ (બીજા દ્વારમાં જણાવ્યા) પ્રમાણે—

દેવ–દ્રવ્ય વિગેરે દ્રવ્યોમાં વધારો કરનારા કોઈ કોઈ લોકો દ્વારા, અજાણપણા કે બે કાળજી–વિગેરે પણાને લીધે વિનાશ પણ (સંભવિત) થઈ જતો હોય છે.

તેથી–કોણ કોણ કેવી રીતે વિનાશ કરી શકે ?–એ સમજાવવા દ્વારા વિનાશના પ્રકાર કેટલી રીતે સંભવી શકે ? તેના (મુખ્ય ૭) ભેદો ત્રણ ગાથાથી સમજાવવામાં આવે છે,—

भक्खेइ जो, उविक्खेइ जिण–दव्वं तु सावओ, ।
पण्णा–हीणो भवे जो य, लिप्पइ पाव–कम्मुणा. ॥ १३ ॥

“ જે શ્રાવક દેવ દ્રવ્યનું ભક્ષણ કરે, ઉપેક્ષા કરે, અને જે વગર સમજ્યે વહીવટ કરે, તે પાપ કર્મોથી ખરડાય છે. ૧૩ ”

“ भक्खेइ० ” व्याख्या.

≠ ગાથાનો અર્થ સહેલો છે. છતાં થોડી સમજ નીચે પ્રમાણે છે,—

≠ **૧. ભક્ષણ કરવું=**

દેવ–દ્રવ્યનું=અથવા તેની સાથે સંબંધ ધરાવતી કોઈ પણ વસ્તુનું.

તુ=શબ્દથી, જ્ઞાન–દ્રવ્ય વિગેરે (ના ભક્ષણાદિ) વિષે પણ સમજી લેવું.

ભક્ષણ એટલે (તે દ્રવ્યોથી સીધી રીતે જ) પોતાની આજીવિકા ચલાવવી.

≠ **ઉપેક્ષણ**=એ રીતે, બીજો કોઈ (દેવ દ્રવ્ય વિગેરેથી) પોતાની આજીવિકા ચલાવતો હોય, અને શક્તિ છતાં તેને રોકવામાં ન આવે, રોકવામાં બે–કાળજી રાખવી.

≠ **૩. પ્રજ્ઞા–હીનપણું**=(બે ખબરી પણાથી)

અંગ ઉધાર વિગેરેથી દેવ–દ્રવ્યાદિક ધીરવા અથવા મંદ બુદ્ધિ હોવાને લીધે—

“ થોડો ખર્ચ કરવાથી કામ બરાબર થશે ? કે વધારે ખર્ચ કરવાથી થશે ? ” તેની સમજણ ન હોવી,

જેમ તેમ (વગર સમજ્યે બિનજરૂરી પણ) ખર્ચ કરી નાંખવામાં આવે, અને નામું ખોટી રીતે લખવામાં આવે. ૧૩

चेइय-दव्वं साहारणं च जो दूहइ मोहिय-मइओ, । '
धम्मं च सो न याणइ, अहवा, बद्धा-ऽऽउओ नरए. ॥ १४ ॥

" જે મૂઢ બુદ્ધિવાળો દેવ દ્રવ્ય અને સાધારણ દ્રવ્યને દોહે છે, તે ધર્મ જાણતો નથી, અથવા, તેણે નરકનું આયુષ્ય બાંધેલું હોવું જોઈએ. " ૧૪

" चेइय० " વ્યાખ્યા-

≠ **૪. દેવ દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય**

च શબ્દથી=જ્ઞાન દ્રવ્ય વિગેરે પણ.

જે

દુહે છે-(દોવે છે)=એટલે-તે દ્રવ્યોના વ્યાજ વિગેરે ઉત્પન્ન કરી, પોતે પોતાના ઉપયોગમાં લે છે, અને એમ કરીને તેનો ઉપભોગ કરે છે,

એટલે કે-એક રીતે તે એક પ્રકારની ચોરી જ કરે છે.

≠ અહીં, (દોહવાના અર્થ વિષે કેટલુંક સમજવા જેવું છે, તે સમજાવવામાં આવે છે.)

(દેવાદિક દ્રવ્ય ઉચિત ધંધા વિગેરે માટે ઉપયોગમાં લેવું પડે, તો)

૪ ટકા વિગેરે (જે રીવાજ ચાલતો હોય, તે પ્રમાણે વ્યાજ કે નફા રૂપે તેને આપવાનો લાભ ઠરાવીને, તેથી જે લાભ મળે, તે લેવો, વધારે ન લેવો.

કેમ કે-તે પારકું ધન છે.

કારણ એ છે, કે—

उचिअं मुत्तुण कलं दव्वा-ऽऽइ-कम्मा-ऽऽगयं उक्करिसं, ।
णिवडियमऽवि जाणंतो परस्स संतं, ण गिण्हिज्जा. ॥ ॥ "

व्याख्या-

उचित-कला=शतं प्रति चतुष्क-पञ्चक-वृद्धया-ऽऽदि-रूपा,
" व्याजे स्याद् द्वि-गुणं वित्तं, व्यवसाये चतुर्गुणम् । "
[ ]
इत्याऽऽदि-रूपा वा,

ताम्,
तथा
द्रव्यम् = गणिम-धरिमा-ऽऽदि,
आदि - शब्दात्=तद्-गता-ऽनेक-भेद-ग्रहः,

तेषाम् – द्रव्या–ऽऽदीनाम्
क्रमेण = द्रव्य–क्षय–लक्षणेन,
आगतः = संपन्नः
यद् [यः]
उत्कर्षः = अर्थ–वृद्धि–रूपः–लाभः,
तम्,
मुक्त्वा,
शेषम्–
न गृह्णीयात् ।

पूर्वा–ऽर्धाऽन्वयः—उचितां कलाम्, द्रव्या–ऽऽदि–क्रमा–ऽऽगतं उत्कर्षं (उत्कर्ष–लाभं) च मुक्त्वा, न गृह्णीयात् –**संपादकः**)

कोऽर्थः ?

सत् कथञ्चित् पूगी–कला–ऽऽदि–द्रव्याणां क्षयाद् द्वि–गुणा–ऽऽदि–लाभः स्यात्; तदा, तमऽ–दुष्टा–ऽऽशयेन त्वेवं चिन्तयेत्—

" सुन्दरं जातम्, यत्–पूगी–कला–ऽऽदिनां क्षयोऽभूत्, इति । "

तथा

निपतितमऽपि पर–सत्कं जानन् न गृह्णीयात् ।

' कला–ऽन्तरा–ऽऽदौ क्रय–विक्रया–ऽऽदौ च देश–काला–ऽऽद्य–ऽपेक्षया–

यः

उचितः=शिष्ट–जना–ऽ–निन्दितो लाभः,

स एव ग्राह्यः–" इति–भावः " ।

" યોગ્ય વ્યાજ, અને પદાર્થો વિગેરેના ક્રમે સહજ વધતા ભાવ થાય, તે સિવાય વધારે ન લેવું.

પડી ગયેલી વસ્તુ પારકી જાણીને ન લેવી. "

(આ ગાથાની) **व्याख्या**–

ઉચિત કળા = સેંકડે ચાર કે પાંચ ટકાના વ્યાજ રૂપ, અથવા–

" વ્યાજથી બમણું થાય, અને વ્યાપારથી ચાર ગણું થાય. " એ રૂપ કળા–વધારો.

(१) તેને,

તથા

દ્રવ્ય = ગણત્રીથી કે તોળીને લેવાતા–દેવાતા પદાર્થ.

આદિ–શબ્દથી બે જાતના અનેક પદાર્થ સમજી લેવા.

તે = દ્રવ્યાદિકના

ક્રમે કરીને = દ્રવ્યો ઘટી જવા રૂપ (મોંઘા થવાથી)

આવેલો = ઉત્પન્ન થયેલો

જે–

ઉત્કર્ષ = વધારો = ધનમાં વધારો થવા રૂપ-લાભ-ફાયદો-નફો મળતો હોય,
તેને
છોડીને,
બાકીનો
ન લેવો જોઈએ.
શો ભાવાર્થ થયો ?

કોઈ કારણોસર સોપારી વિગેરે પદાર્થો ઘટી જવાથી કદાચ બમણો વિગેરે નફો-ફાયદો-લાભ મળી જાય,

ત્યારે, તે દુષ્ટ આશય વિના-સહજ-ભાવે લઈ શકાય. પરંતુ, એમ વિચારવું નહીં, કે "સારું થયું કે-સોપારી વિગેરેનો નાશ થયો. (જેથી વેપારમાં આટલો બધો લાભ થયો. એમ મનથી પણ વિચારવુ ન જોઈએ.)"

તથા,

પડી ગયેલી વસ્તુ પારકી[૧] (બીજાનું ધન) જાણીને, ન લેવી. (ગાથાના ઉત્તરાર્ધનો આ અર્થ છે.)

(ગાથાના પૂર્વાર્ધનો) **ભાવાર્થ એ છે,** કે-"વ્યાજ વિગેરેમાં, અને લે વેચ વિગેરેમાં, દેશ કાળ વિગેરેની અપેક્ષાએ

ઉચિત એટલે કે-શિષ્ટ લોકો નાપસંદ ન ગણે, તેવો જે લાભ (નફો-ફાયદો-વ્યાજનો વધારો) મળતો હોય, તે જ લેવો."

(આ સ્પષ્ટતા) **શ્રી પ્રતિક્રમણ સૂત્રની વૃત્તિમાં ત્રીજા વ્રતના પાંચમા અતિચારના અધિકારમાં કરેલી છે.**

≠ "એમ હોવાથી-(દેવ દ્રવ્યાદિકમાંથી વધારે લાભ (હાથમાં[૨] આવ્યો હોય તો પણ તે) લેવાથી, શુદ્ધ વ્યવહારનો ભંગ કરવાનો દોષ લાગે છે." એ રહસ્ય છે. ૧૪

(શ્રી પ્રતિક્રમણ-વિધના સૂત્રોમાં-ત્રીજા-સ્થૂલથી અદત્તાદાન વિરમણ વ્રતના પાંચમા અતિચારમાં-એ સ્પષ્ટતા કરવામાં આવી છે, કે-શિષ્ટજનો યોગ્ય રીતે ઠરાવેલ વ્યાજ તથા-નફો લેવામાં **અદત્તાદાનનો અતિચાર** લાગતો નથી. દેશકાળ અનુસાર-વ્યાજના દર કે-ભાવ વધ્યા હોય, અને તેથી વધારે લાભ મળી જાય, તો તે લેવામાં પણ અતિચાર લાગતો નથી. પરંતુ તે વખતે પણ જે ધોરણ ચાલતું હોય, તેથી વધારે લેવાથી વ્યવહારનો ભંગ થાય છે, એટલે કે-અતિચાર લાગે છે. જ્યારે-સામાન્ય દુનિયાની વેપાર વિગેરે વ્યવહારમાં પણ આ રીતે અતિચાર ન લાગે, તે સંભાળવાનું હોય છે,

દેવ દ્રવ્યાદિકના દ્રવ્યનો ઉપયોગ ન કરતાં, તેમાંથી વ્યાજ-નફો વિગેરે લેવાથી-દેહવાની બાબત વિષે તો પૂછવું જ શું ? એમ કરવાથી તે દ્રવ્યનો વિનાશ કરવાનો-તે દ્રવ્યને દેહવા રૂપ ચોથો દોષ ગણાય છે. વિચાર કરતાં આ ભાવાર્થ સમજી શકાય તેમ છે. ગાથાનો આ સંબંધ સૂક્ષ્મ વિચારણા કરવાથી સમજવામાં આવે તેમ છે.

દેવ દ્રવ્યાદિકના દ્રવ્યનો ઉપયોગ ન કરતાં, તેમાંથી વ્યાજ–નફો વિગેરે લેવાથી–દેહવાની બાબત વિષે તો પૂછ્વું જ શું ? તેમ કરવાથી તે દ્રવ્યોનો વિનાશ કરવાનો–એ દ્રવ્યને–દેહવારૂપ–ચોથો દોષ ગણાય છે.

આ ભાવાર્થ વિચાર કરતાં સમજી શકાય તેમ છે. ગાથાનો આ સંબંધ સૂક્ષ્મ વિચારણા કરવાથી સમજવામાં આવે તેમ છે. –સંપાદક)

आयाणं जो भंजइ, पडिवण्ण–धणं ण देइ देवस्स ।
गरहंतं चोविक्खइ, सो वि हु परिभमइ संसारे. ॥ १५ ॥

" જે દેવદ્રવ્યની આવક ભાંગે, કબૂલ કરેલું ધન ન આપે, અને પોતાની નિંદા સાંભળીને (દેવદ્રવ્યની ઉઘરાણી વિગેરેની) ઉપેક્ષા કરે, તે પણ સંસારમાં રખડે છે. ૧૫

" आयणं० " વ્યાખ્યા–

≠ ૫. **આવક**=બહુ લોભીયાપણાથી, દેવ વિગેરેનું ભાડુ–આવક.

જે

ભાંગે,

≠ ૬. શ્રી પર્યુષણા મહાપર્વ વિગેરે દિવસોમાં દહેરાસર વિગેરે (ધર્મ) સ્થાનોમાં દેવા માટે **જે ધન આપવાનું કબૂલ્યું હોય,** તે

ન આપે,

≠ ૭. તથા,

નિંદા કરનારની=ઇર્ષ્યા વિગેરે કારણોથી ખરાબ ભાષા વાપરીને (ઉઘરાણી કરનારની) નિન્દા કરનાર અવિનીત–તોફાની હોય, તેનાથી

ઉપેક્ષા કરે છે. એટલે કે (તેના દુવર્તનથી કંટાળીને તેની કે બીજા પાસેથી દેવાદ્રવ્યનું લેણું લેવામાં) જે બેદરકાર રહે છે, (તે સંસારમાં ભમે છે.)

ભાવાર્થ એ છે, કે

" એવી પરિસ્થિતિ હોય કે જેથી તે અવિનયીના વાક્યો સાંભળીને **મહેન્દ્રપુરના** શ્રાવકોની (પૃ. ૨૮) પેઠે કંટાળીને (અથવા સ્વમાની થઈને)–ઢીલા થઈ જઈ, શક્તિશાળી હોવા છતાં, દેવાદિક દ્રવ્યનું રક્ષણ કરવામાં ઉદાસીનતા રાખે. (આ ઉપેક્ષા નામનો વિનાશ કરવાનો ૭મા પ્રકારનો દોષ છે.)

કેમકે–

" એ પણ મોટામાં મોટું પાપ છે, કે–" ધર્મ સ્થાનોમાં પણ ઉદાસીન બનવું. " ૧૫

(**શ્રી જિનભદ્રગણિ ક્ષમા શ્રમણજી** વિરચિત **ધ્યાન શતકની વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિ** મહારાજાએ સ્પષ્ટ કર્યું છે, કે "દેવદ્રવ્યાદિકના રક્ષણમાં કરવા પડતા પ્રયત્નોમાં આર્ત ધ્યાન નથી (પરંતુ તે ધર્મ ધ્યાન છે.) –સંપાદક)

(ધર્મ અને તેના અંગ પ્રત્યંગો વિગેરેની રક્ષા સર્વશક્તિથી કરવાની હોય છે, તેને બદલે ધર્મના હિતોનું રક્ષણ કરવાની બાબતમાં–ઉદાસીન રહેવું, તેની ઉપેક્ષા કરવી, વિગેરે ખરી રીતે મોટામાં પણ મોટા પાપ રૂપ બની રહે છે, ધર્માચારોનું પાલન કરવા માટે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે, અને ધર્મના શાસન–સંઘ–શાસ્ત્રાજ્ઞા–સાત ક્ષેત્રાદિક, સાધર્મિકો વિગેરેની ઉપેક્ષા રાખવામાં આવે,

"તે સર્વ છે? કે નહીં? તે સર્વ વિષેની મારી મોટામાં મોટી ફરજ બજાવવાની જવાબદારી છે? કે નહી?" તેનો ખ્યાલ પણ ભૂલી જવામાં આવે, તો પછી તેનું પાપ કેટલું બધું લાગે! અને તેના પરિણામો આ ભવમાં તથા પરભવમાં કે, ભવિષ્યના વારસદારોને કેટલા બધા ભોગવવા પડે? ધર્મ માર્ગ તોડી પાડવામાં સહકાર આપવાનું મોટામાં મોટું પાપ લાગે, એ સ્વાભાવિક જ છે. –સંપાદક)

≠ સાધુ મહાત્માઓની અપેક્ષાએ હવે વિનાશના ભેદો બતાવાય છે,

चेइय–दव्व–विणासे, तद्–दव्व–विणासणे, दुविह भेए, ।
साहू उविक्खमाणो अण–ऽन्त–संसारिओ होइ. ॥ १६ ॥

મુનિપણુ જે બે પ્રકારે વિનાશમાં એટલે કે–દેવદ્રવ્યના વિનાશમાં અને દેવદ્રવ્યથી ઉત્પન્ન થતા દ્રવ્યના વિનાશમાં ઉપેક્ષા રાખે, તે અનંત સંસારી થાય છે. ૧૬

"चेइय०" વ્યાખ્યા–

≠ **ચૈત્ય દ્રવ્ય**=સોનું વિગેરે, તેનો

વિનાશ કરવો=ભક્ષણ વિગેરે (સાત પ્રકારો)થી, હાનિ પહોંચાડીને, અને નાશ કરીને, ઘટાડો કરી નાંખવાથી (વિનાશ સર્જવો).

≠ તથા,

તેથી (મળેલું)=ચૈત્યના દ્રવ્યે કરીને મેળવેલું જે

૨
દ્રવ્ય,=લાકડાં, પત્થર, ઈંટ વિગેરે,

તેનો વિનાશ કરવામાં આવે.

≠ તે વિનાશ કેવી રીતે કરવામાં આવતો હોય છે?

બે પ્રકારના ભેદે=(વિનાશ કરવામાં આવે.)

યોગ્યતા અને અતીત ભાવ, એવા બન્નેય પ્રકારના દ્રવ્યનો વિનાશ થાય છે.

તેમાં–

૧. **ચૈત્ય એટલે** કે નવી વસ્તુઓ આવી હોય, એટલે કે–ભવિષ્યમાં જે વસ્તુ દહેરાસર (વિગેરેને કામે) વાપરવાની હોય; તે.

૨. **અતીત-ભાવ**=એટલે કે=[૩]લાગેલું હોય, તે ઉખેડી નાંખ્યું હોય, કે જે દહેરાસર (વિગેરેમાં) પહેલાં ઉપયોગમાં લેવાયેલું હોય, તે.

અથવા,

મૂળ ભેદ અને **ઉત્તર ભેદની** અપેક્ષાએ બે ભેદ સમજવા,–

૧ **મૂળ ભેદમાં**=થાંભલા, કુંભી વિગેરેનો સમાવેશ થાય છે.

૨ **ઉત્તર ભેદમાં**=છાદન=છાંદવું-ગાર-ગોરમટી (પ્લાસ્ટર વિગેરે)નો સમાવેશ થાય છે.

અથવા,

૧ **સ્વપક્ષથી** કરાયેલો વિનાશ,

૨ અને **પર પક્ષથી** કરાયેલો વિનાશ.

એમ પણ વિનાશના બે પ્રકાર થાય છે.

એમ અને રીતે–બે પ્રકારો–(સમજવા).

≠ અહીં, **અપિ**=પણ=શબ્દનો અધ્યાહાર સમજવો. એટલે કે શ્રાવક તો શું ? પરંતુ **સાધુ** પણ=તે (વિનાશ થતો રોકવા)માં

ઉપેક્ષા રાખે-ઉદાસીનતા રાખે,=ઉપદેશ વિગેરે આપીને જો (વિનાશની) રોકાવટ ન કરાવે, તો તેને પણ–

અનંત-સંસાર-ભમનાર-તરીકે=(શાસ્ત્રોમાં) **કહેલ છે.**

તેથી સાર એ છે, કે–

"ચૈત્યાદિના દ્રવ્યનો વિનાશ થતો હોય, તો સાધુ પણ તેની જરાયે ઉપેક્ષા નજ કરી શકે."

(સ્પષ્ટ) ભાવાર્થ આ છે,—

કારણના ભેદથી ચૈત્ય દ્રવ્ય બે પ્રકારનું હોય છે.

૧ [૪]**ઉપકારક**, અને ૨ **ઉપાદાનરૂપ**, તેમાં

૧ **પહેલું**=[૫]ધન વિગેરે.

૨ **બીજું**=ચોગ્ય દ્રવ્ય (જેમાંથી દહેરાસર વિ. બને.) તે બન્નેયનું **ભક્ષણ** કરવું વિગેરે ભેદોથી દરેકના સાત ભેદે વિનાશ થઈ શકે છે. (૧૪)

અને તે દરેક–

સ્વપક્ષથી કરાતા વિનાશ ૨૫, અને **૫૨ પક્ષથી** કરાતા વિનાશ ૨૫,

એમ બન્ને ય પ્રકારે વિનાશ થાય છે. (૨૮)

એ રીતે–

ચૈત્ય દ્રવ્યનો વિનાશ અઠ્ઠાવીશ પ્રકારે સમજવો.

એ જ રીતે

જ્ઞાન દ્રવ્ય, ગુરુ દ્રવ્યમાં પણ ઘટાવી લેવું. પરંતુ સાધારણ (અને ધર્મ દ્રવ્ય–) (દેવદ્રવ્ય વિગેરે)માં ઉચિત રીતે ઉપકારક–સહાયક–દ્રવ્ય–હોવાથી, તેનો ઉપકારક ભેદ જ રહે છે. (કેમ કે–પ્રથમના ત્રણ દ્રવ્યના–ઉપકારક તરીકે જ તેની વ્યવસ્થા છે. ઉપાદાન તરીકે નથી.) તેથી તે દરેકના ૧૪–૧૪ ભેદો થાય છે.

બાળ (સામાન્ય સમજના) લોકોને સમજાવવા તેનો કોઠો બનાવીને પણ સમજુતી આપવી. ૧૬.

ચૈત્યાદિ દ્રવ્યોના વિનાશો બતાવનારો કોઠો નીચે પ્રમાણે સમજવો,—

ચૈત્યાદિ દ્રવ્યોના વિનાશના પ્રકારો બતાવતો કોઠો

દ્રવ્યોના નામો	ભેદોના આંકડા
૧ ચૈત્ય દ્રવ્ય	૨૮
૨ જ્ઞાન દ્રવ્ય	૨૮
૩ ગુરુ દ્રવ્ય	૨૮
૪ સાધારણ દ્રવ્ય	૧૪
૫ ધર્મ દ્રવ્ય	૧૪
કુલ–સરવાળો	૧૧૨

≠ વિનાશના બતાવેલા ભેદોના અનુસંધાનમાં હવે **સ્વપક્ષ** અને **૫૨પક્ષ** તરફથી વિનાશ કેવી રીતે કરવામાં આવે છે? તે સમજાવવામાં આવે છે.

रागा–ऽऽइ–दोस–दुट्ठो जिणेहिं भणिओ विणासगो दुविहो।
देवा–ऽऽइ–दव्व–पणगे स–पक्ख–पर–पक्ख–भेएणं. ॥१७॥

રાગાદિક દોષોથી દુષિત થવાથી દેવાદિક (પાંચેય) દ્રવ્યોમાં સ્વપક્ષ અને ૫૨ પક્ષે કરીને બે પ્રકારના વિનાશકો શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલા છે. ૧૭

"रागा०" इति

વ્યાખ્યા સહેલી છે, તો પણ કાંઈક સમજાવવામાં આવે છે.

≠ રાગાદિ દોષોથી દુષ્ટ=

રાગ=દૃષ્ટિ રાગ વિગેરે
આદિ શબ્દથી
દ્વેષ,
લોભ
આકુટ્ટિ (આવેશ)
અનાભોગ (અણસમજ–અણસાવચેતી)

સંશય (શંકા)
ગ્રહસાત્કાર (ઉતાવળ)
વિભ્રમ (ભાનભૂલા થવું)
અને
ઉપેક્ષા બુદ્ધિ વિગેરે સમજી લેવા.

તેથી કરીને, તેના[૧] વિનાશકની યોગ્યતા (કારણરૂપ દોષો) બતાવવા માટે આ હેતુ ગર્ભિત (વિનાશકનું) (રાગાદિદુષ્ટ) વિશેષણ મૂકવામાં આવ્યું છે.

≠ ૧. સ્વપક્ષ=સાધર્મિક વર્ગ "શ્રાવક વિગેરે[૨]. ૧૦"

પરપક્ષ=બીજા ધર્મના લોકો "પાખંડી વિગેરે[૩] ૧૭"

≠ સામો પક્ષકાર[૧] શંકા કરે છે—

चोइए "चेइयाणं खित्त–हिरण्णे अ गाम–गोवा–ऽऽइ ।
लग्गंतस्स य जइणो ति–करण–सोही कहं णु भवे ? ॥ १८ ॥

"પક્ષ કરવામાં આવે છે, કે–" ચૈત્યને માટે ખેતર, સોનું, ગામ, ગાયના વાડા વિગેરે લેવાની હિલચાલમાં લાગેલા મુનિની ત્રિકરણે શુદ્ધિ કેવી રીતે હોઈ શકે ?" ૧૮

"चोएइ०" વ્યાખ્યા

≠ "જે

ચૈત્ય વિગેરેને માટે–ધન વિગેરે વધારવા

ખેતર, સોનું, ગામ ઘર, હાટ

ગાયના વાડા વિગેરે લેવા વિગેરે વિધિની ચિંતા કરે છે, તે ત્રણ કરણની શુદ્ધિ વાળા

મુનિની

ત્રિકરણ શુદ્ધિ કેવી રીતે હોઈ શકે ?

એટલે કે ન જ હોઈ શકે. કેમ કે, પોતે જે રીતે વ્રત ગ્રહણ કર્યું હોય છે, તેનો એ રીતે ભંગ થવાનો સંભવ છે." એ ભાવાર્થ છે. ૧૮

≠ એ પ્રશ્નનો ઉત્તર બે ગાથાથી આપવામાં આવે છે.—

भण्णइ इत्थ विभासा. जो एआइं सयं वि मग्गिज्जा, ।
तस्स ण होइ विसोही, अह कोइ हरिज्ज एआइं. ॥ १९ ॥
तत्थ करेइ उवेहं जा, भणिया उ ति-गरण-विसोही, ।
सा य ण होइ, अ-भत्ती तस्स, तम्हा-णिवारिज्जा. ॥ २० ॥

[ ]

"અહિં બે વિકલ્પો કહેવામાં આવે છે,—

જે મુનિ એ પદાર્થો જાતે થઇને માંગે, તેને તે વિશુદ્ધિ હોઈ શક્તિ નથી.

પરંતુ, હવે કદાચ કોઈ તે પદાર્થો લઈ જાય (કે તેને નુકશાન કરે) અને તેની જે ઉપેક્ષા કરે, તેને જે ત્રણ પ્રકારની વિશુદ્ધિ કહી છે, તે ન હોઈ શકે, તેથી તેની અભક્તિ થાય છે.

માટે (વિનાશનું) નિવારણ કરવું જોઈએ." ૧૯, ૨૦

"भण्णइ०" त्ति । "तत्थ०" त्ति । વ્યાખ્યા

≠ **अहिं**=આ અધિકારમાં

विभाषा એટલે વિકલ્પ

કહેવામાં આવે છે.

એટલે કે-"શુદ્ધિ હોય, અને ન પણ હોય."

≠ તેમાં, પહેલાં-વિશુદ્ધિનો અસંભવ બતાવે છે.

ઉત્સર્ગ નિયમથી—

યોગ્ય ઘટતી રીતે ઢેવાદિકના દ્રવ્યની વૃદ્ધિનો સંભવ હોય, તે

જે-મુનિ

રાજા-મંત્રિ વિગેરેની પાસેથી માંગણી પૂર્વક (જાતે)

એ=(ઉપર જણાવેલા ખેતર) વિગેરે સ્થાનો

માંગે,=એટલે કે-લેવા વિગેરે-વિધિપૂર્વકની હિલચાલ-પ્રવૃત્તિ-કરે, એટલે કે "તેઓ પાસેથી નવું (ઢેવાદિદ્રવ્ય) મેળવે,"

ત્યારે,

તે=મુનિને

વિશુદ્ધિ નથી હોતી.

"વખત બે વખત રાજાદિકનાં સંપર્કમાં આવવાનું થાય, જેથી તેઓને અગવડ વિગેરે ઉભી થાય (કંટાળો આવે), તો ઘારેલો વધારો કરી આપવા વિગેરેમાં (તેનો) ઉત્સાહ ભાંગી પડવાનો સંભવ હોવાથી, અને

(શ્રી જિનેશ્વર દેવની) આજ્ઞાનું ઉલ્લંઘન થવાથી, તમે કહેલા દોષો લાગવાનો અવકાશ ખુલ્લી રીતે જ જણાઇ આવે છે." એ ભાવાર્થ છે.

હવે (ત્રિકરણ) વિશુદ્ધિનો સંભવ બતાવે છે,—

હવે કદાચ-

કોઇપણ

એ-(દેવાદિદ્રવ્ય)

લઇ જાય=નાશ કરે,

તે પ્રસંગે

જે

ઉપેક્ષા

કરે,

તેને

જે

ત્રણ કરણની વિશુદ્ધિ

કહી છે,

તે (ત્રિકરણની વિશુદ્ધિ)

તેને=તે મુનિને

ન હોય

ય થી=ભક્તિ પણ ન થાય

(અ ભક્તિ હોય.) એટલે કે-

"એમ થવાથી-

આજ્ઞાનો ભંગ થાય, આનંદનો ભંગ થાય, અને ઉત્સાહનો ભંગ થાય, તેથી,

પાપની પરંપરા વિકસતી જાય છે." એ ભાવાર્થ છે.

તેથી-અ-વિનીતને સુ સાધુએ

રોકવો જોઇએ=સર્વ શક્તિથી.

એટલા માટે-

કોઇ ધાર્મિક સ્વભાવના ગૃહસ્થે પહેલાં આપેલું હોય, તે અથવા, બીજું કોઇ પણ દેવ વિગેરેનું મૂળ દ્રવ્ય નાશ પામવાની સ્થિતિમાં હોય, નાશ પામતું હોય, તો ગમે તેમ કરીને રક્ષણ કરનાર મુનિના વ્રતને જરાપણ હાનિ પહોંચતી નથી, પરંતુ

ઉલટાની ધર્મની પુષ્ટિ જ થાય છે.

કેમકે-શ્રી જિનેશ્વર ભગવંતોની આજ્ઞાની આરાધના કરવાનો લાભ મળે છે.

આ વાત **શ્રી નિશિથ સૂત્રના ભાષ્યમાં** ૧૧ મા ઉદ્દેશામાં કહી છે,-

"ઇયાણિં-
"રાયણિય-કજ્જં" તિ
"ઉલ્લોયણ०" ગાહા ।
ચેઇયાણં વા
તદ્-દવ્વ-વિણાસે વા
સંજઈ-કારણે વા
અણ્ણમ્મિય કમ્મિ વા કજ્જે
રાયા-ઽહીણે,
સો રાયા-
તં કજ્જં ણ કરેઇ સયં,
વુગ્ગાહિઓ વા,
તસ્સ-
આઉંટણ-ણિમિત્તં-
દગ-તીરે
આયાવિજ્જા ।
તં ચ દગ-તીરં-
તસ્સ રણ્ણો
ઉલ્લોયણે ઠિઅં,
ણિ-ગમ-પહે વા ।
તત્થ ય
આયાવંતો-
સ-સહાઓ આયાવેઇ,
ઉભય-દઢો ધિઇ-
સંઘયણેહિં ।
તિરિયાણં
જો-
અવતરણ-પહો,
મણુયાણ ય
ણ્હાણા-ઽઽઇયં ચ
ભોગ-ઠાણં,
તં ચેવ વજ્જેઉં,
આયાવેઇ કજ્જે ।
તં

महा-तव-जुत्तं दट्ठुं,	ते-ऽट्ठो ।"
अल्लएज्ज राया ।	ताहे-
आउट्टो य	भणइ साहू,:-
पुच्छेज्जा-	"कज्जं ण मे वरेहिं ॥"
"किं कज्जं आयावेसि ?	तओ-
अहं ते कज्जं करेमि ।	तेण पडिवण्णं-
भोगे पयच्छामि ?	"तहा" ।
वरेहि वा वरं,	कयं । ति"
जेण-	[ ]

હવે, "રાજ્ય ને લગતું કામ (બતાવવામાં આવે છે)" "उल्लोयण०" ગાથા

"ચૈત્યના કામે

ચૈત્ય દ્રવ્યના વિનાશના કામે

સાધ્વીજીના કારણના કામે

અથવા

બીજા કોઈ પણ કામે કે

જે રાજાને આધીન હોય (રાજા દ્વારા થઈ શકે તેમ હોય),

પરંતુ તે રાજા તે કામ જાતે ન કરે,

અથવા

કોઈથી ભરમાવેલ હોય, (અને તેથી ન કરે) તો-તેનું આકર્ષણ કરવા, (તેનું લક્ષ્ય ખેંચવા) માટે

જળાશયને કાંઠે (મુનિએ) આતાપના લેવાનું શરૂ કરવું જોઈએ.

તે જળાશયનો કિનારો રાજાની નજરે ચડે તે રીતે રહેલો હોવો જોઈએ, અથવા મોટા દેશાવરી, કે ઘોરી રસ્તા ઉપર હોવો જોઈએ.

ત્યાં આતાપના કરતી વખતે સહાયક મુનિ સાથે રાખીને (એકલા નહીં), ધીરજ અને સંયમ એમ બન્નેય પ્રકારની દૃઢતા ધરાવનારે કરવી જોઈએ.

પશુઓ વિગેરેને પાણી પીવા વિગેરે માટે જળાશયમાં પ્રવેશવાનો જે-ઘાટ હોય, તથા ન્હાવા વિગેરે માટે જળાશયનો ઉપયોગ કરવાનું ભોગ સ્થાન હોય,

તે છોડીને,

ખાસ કામને ઉદ્દેશીને આતાપના કરવી.

મહા તપયુક્ત તે મુનિને જોઈ, રાજાનું મન પીગળે (લક્ષ્ય ખેંચાય), ત્યારે આકર્ષિત થઈને તે પૂછે કે-

"શા માટે આતાપના કરો છો? હું તમારું કામ કરી આપીશ. શું કોઈ ભોગની સામગ્રીની જરૂર છે? તમને જે જરૂરી હોય, તે વર માંગો."

ત્યારે મુનિ કહે-

"મારે કોઈ વર માંગવો નથી. પરંતુ શ્રી સંઘનું (અમુક) આ (જે હોય તે) કામ કરો."

ત્યાર પછી, રાજા તે કામ કરી આપવાનું કબૂલ કરે, અને તે પ્રમાણે કરી આપે."

ખાસ મહત્ત્વના કારણે તો-

જેમ ભાર ઉપાડનાર મજુર થાક ખાઈ ભાર ઉપાડવા માટે તાજો માજો થાય તેમ થોડી વાર ચારિત્રના પાલનમાં નિષ્ઠ મુનિ મહારાજ પણ જૈન શાસનનું કામ આવી પડે, ને

જો-જરૂર જણાય તો, ચારિત્રને (તે પ્રસંગ પૂરતું જ) ગૌણ કરીને પણ-

શ્રુત વ્યવહારમાં જેનો નિષેધ કરેલો હોય, તેવું પણ કામ અરિહંત પ્રભુની આજ્ઞાને અનુસરીને કરે, તો તે, તેને માટે કર્મની મહાનિર્જરાના કારણરૂપ અવશ્ય થાય છે.

તેના દૃષ્ટાંતો-

શ્રી કાલિકાચાર્ય મહારાજ, શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી વજ્રસ્વામી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી મલ્લવાદીસૂરિ, શ્રી વિષ્ણુકુમાર, શ્રી ધર્મઘોષસૂરિ અને અનુજ્ઞા (?) વિગેરે છે. (તેઓને જૈન શાસનના કામો જેમ કર્મોની મહાનિર્જરા કરનારા થયા છે, તેમ બીજાને પણ મહાનિર્જરા કરનારા થાય.)

૧. શ્રી સંદેહ દોહાવલી ગ્રંથની ટીકામાં પણ કહ્યું છે, કે-

"एवम्

अष्टा-दशसु पाप-स्थानेषु

अति-प्रवृत्तस्य-

आज्ञा-निर-ऽपेक्षयैव

अ-धर्मः,

नाऽन्यथा,

"अर्हच्-छासन-प्रत्यनीक-गर्द-भिल्ल-नृप-वंशा-ऽऽद्युच्छेदिनां

श्री-कालिका-ऽऽचार्या-ऽऽदीनाम्-

निष्कलङ्क-चारित्रत्वात्" इति-भावः ।

" એ પ્રકારે–

આજ્ઞાથી–ધર્મથી–નિરપેક્ષ થઈને જ અઢાર પાપ સ્થાનકોમાં ખૂબ પ્રવૃત્તિ કરનારને અધર્મ થાય છે.

નહીંતર (આજ્ઞા–ધર્મ સાપેક્ષપણે હોય) તો, નહીં–(અધર્મ ન થાય).

શ્રી અરિહંત ભગવંતના શાસનના મહાશત્રુ રૂપ **ગર્દભિલ્લ** રાજાના વંશનો ઉચ્છેદ કરનાર **શ્રી કાલિકાચાર્ય મહારાજ** વિગેરેના નિષ્કલંક ચારિત્ર રહ્યા છે." એ **ભાવાર્થ છે.**

૨. **શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ભાષાપદમાં** પણ કહ્યું છે, કે–

" **उवउत्तो–**

चत्तारि भास–ज्जायं भासमाणो आराहगो भवइ । "

" ઉપયોગ પૂર્વક ચારેય પ્રકારની ભાષા બોલનાર પણ આરાધક હોય છે."

તેની **વૃત્તિ** આ પ્રમાણે છે–

" जिन–शासनोड्डाहा–ऽऽदि–निरा–ऽऽसन्ना–ऽर्थम्–अ–सत्यामऽपि भाषां भाषमाण आराधको भवति । "

" શ્રી જૈન શાસનનો ઉડ્ડાહ વિગેરે દૂર કરવા માટે અસત્ય ભાષા બોલનાર પણ આરાધક થાય છે."

૩. તથા, **શ્રી ઉપાસક દશાંગ(સૂત્ર)**માં પણ–

" **गुरु–निग्गहेणं** "

ગુરુ=મોટી આપત્તિ વખતે, અથવા ગુરુની આજ્ઞાથી (જુદી જાતનું વર્તન કરવું પડે, તો પણ તેથી પચ્ચક્ખાણનો ભંગ થતો નથી–આ સંબંધ-આ રીતનો અર્થ છે)

" चैत्या–ऽऽदि=रक्षा–ऽर्थम्
प्रत्यनीक–निग्रहेण
प्रतिपन्न–नियम–भङ्गो न भवति " ।

" ચૈત્ય વિગેરેની રક્ષા માટે વિરોધિનો નિગ્રહ કરવા (વ્રત કરતાં જુદું આચરણ કરવું પડે, તો પણ) સ્વીકારેલા નિયમનો ભંગ થતો નથી."

૪. **શ્રી આવશ્યકસૂત્રમાં પ્રત્યાખ્યાન અધ્યયનમાં** પણ છે, કે–

" **महत्तरा–ऽऽगारेणं** "

" (લીધેલા પ્રત્યાખ્યાનનો ભંગ થાય તેવું આચરણ કરતાં પણ પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી, તેથી) મહત્ત્વનાં કારણોના આગાર શિવાય પ્રત્યાખ્યાનમાં છું. "

૫. એ વિગેરે પ્રકારે–

" सु-नक्षत्र-सर्वा-ऽनुभूति-

મુનિ વિગેરેની પેઠે-શાસનની આશાતના રોકવા માટે પોતાના પ્રાણનો ત્યાગ કરીને પણ શાસનના હિત માટે પ્રયત્ન કરવો જ જોઇએ."

વધારે શું કહેવું ?

આ ઉપર જણાવેલી હકીકતો ઉપરથી એ નક્કી થાય છે, કે-

" उत्सर्गस्य मार्गत्वम्,
अपवादस्य तु स्वच्छन्दत्वम् " इति वदन्तोऽपि निरस्ताः "

" ઉત્સર્ગ માર્ગ છે-અને અપવાદનો આશ્રય કરવો, એ સ્વચ્છંદ પ્રવૃત્તિરૂપ છે."
એમ કહેનારાઓની પણ વાત ખોટી ઠરે છે."

એ ગાથાનો અર્થ થયો. ૧૯-૨૦

૩. વિનાશદ્વાર સમાપ્ત.

૪. ગુણદ્વાર

≠ (બીજા દ્વારમાં જણાવ્યા પ્રમાણે) (દેવ-દ્રવ્યાદિકની) વૃદ્ધિ કરનારને જે ઉત્તમ લૌકિક સુ-ફળ[૧] મળે છે, તે હવે બતાવે છે.

एवं णाऊण, जे दव्व-वुड्ढिं णिंति सु-सावया, ।
ताणं रिद्धी पवड्ढेइ, कित्ती, सुक्खं, बलं, तहा- ॥ २१ ॥
पुत्ता य हुंति भत्ता, सोंडीरा, बुद्धि-संजुआ, ।
सव्व-लक्खण-संपुण्णा, सु-सीला, जण-संमया. ॥ २२ ॥

[૨]"એ પ્રમાણે જાણીને, જે સુ-શ્રાવકો દેવ-દ્રવ્ય (વિગેરેની) વૃદ્ધિ કરે છે, તેઓની ઋદ્ધિ, કીર્તિ, સુખ અને બળ વધે છે. તથા (તેના) પુત્રો, ભક્ત, શૂરવીર, બુદ્ધિશાળી, સર્વ લક્ષણથી સંપૂર્ણ, સુશીલ અને લોકપ્રિય થાય છે." ૨૧, ૨૨.

"एवं०" "पुत्ता०" વ્યાખ્યા-

≠ "જે
સુ-શ્રાવકો
એ પ્રકારે=પૂર્વે કહ્યા પ્રમાણે વૃદ્ધિની વિધિને
જાણીને,
પાંચેય દ્રવ્યની
વૃદ્ધિ કરે છે,
અને તેઓ,
અંતરાય વગેરે કર્મોના ક્ષયોપશમ વિગેરેથી
ઋદ્ધિ=પુણ્યાનુબંધિ વૈભવ[૩]
સુખ=માનસિક અને શારીરિક
બળ=પરોપકાર વગેરે કરવામાં સમર્થ શારીરિક બળ,
અને તેવા પ્રકારની
પુત્રાદિક=કુટુમ્બ સંપત્તિ,
ઉપલક્ષણથી-

તેવા પ્રકારની સંપત્તિની વૃદ્ધિ, ઇચ્છિત સુખની પ્રાપ્તિ, ઉચ્ચ કુળમાં જન્મ, સર્વ ઠેકાણે-સત્કાર, સન્માન વિગેરેથી ઉંચા પ્રકારની પૂજાની પ્રાપ્તિ, ઉદારતા,

ગંભીરતા, વિવેકીપણું, દુર્ગતિનો નાશ, આરોગ્ય, ઉત્તમ પ્રકારનું લાંબું આયુષ્ય, સુંદર રૂપ, સૌભાગ્ય, ધર્મ કરવાના સાધનોની સારી પ્રાપ્તિ વિગેરે બાહ્ય ફળોની પરંપરા અનુભવે છે.”

≠ આ પ્રમાણે બે ગાથાઓનો **ભાવાર્થ** છે. ૨૧, ૨૨

≠ હવે શ્લોકોત્તર[૧] ઉત્તમ ફળ બતાવે છે,-

જિણ-પવયણ[૨]-વુડ્ઢિ-કરં, પભાવગં ણાણ-દંસણ-ગુણાણં, ।
વુડ્ઢન્તો જિણ-દવ્વં તિત્થ-યરત્તં લહઇ જીવો. ॥ ૨૩ ॥

જિણ-પવયણ-વુડ્ઢિ-કરં પ્રભાવગં ણાણ-દંસણ-ગુણાણં, ।
રક્ખન્તો જિણ-દવ્વં પરિત્ત-સંસારિઓ હોઇ. ॥ ૨૪ ॥

(આ બે ગાથાઓ, પૂર્વાચાર્યોએ રચેલા **શ્રી સંબોધ** પ્રકરણ વિગેરે ઘણાં ગ્રંથોમાં જોવામાં આવે છે.)

“જૈન શાસનની ઉન્નતિ કરનાર અને જ્ઞાન, અને દર્શન ગુણનો પ્રભાવ વધારનાર એવા દેવ-દ્રવ્યની વૃદ્ધિ કરનારો જીવ તીર્થંકરપણું પામે છે.

જૈન શાસનની ઉન્નતિ કરનાર, અને જ્ઞાન અને દર્શન ગુણનો પ્રભાવ વધારનાર એવા દેવ-દ્રવ્યનું રક્ષણ કરનાર આત્માનો સંસાર ટૂંકો હોય છે.” ૨૩, ૨૪

“જિણ૦” “જિણ-પવયણ૦”

વ્યાખ્યા સરળ છે. **ભાવાર્થ** આ પ્રમાણે છે,-

≠ દેવ વિગેરે દ્રવ્ય હોય, તો દરરોજ-

શ્રી જિન પ્રતિમાજી મહારાજને આંગી વિગેરેની રચના, મહાપૂજા, સત્કાર, સન્માન વિગેરે અવલંબન ભૂત પ્રવૃત્તિઓનો સંભવ હોવાથી ત્યાં મોટે ભાગે મુનિ મહારાજનું આગમન થતું રહે છે, તેઓના ઉપદેશ વિગેરે સાંભળવાથી જૈન શાસનની વૃદ્ધિ થાય છે, અને જ્ઞાનાદિકની પ્રભાવના થાય છે, તે જાણીતું જ છે.

એટલા જ માટે-દેવ દ્રવ્યાદિકની વૃદ્ધિ કરનારને, અરિહંત ભગવાનના શાસનની ખૂબ ભક્તિ હોવાથી, પરંપરાએ તે જગતના જનોના ઉપકાર માટે થાય છે, તેથી અને અપ્રમત્તપણે ધર્મ અને શાસનના સારી રીતે આરાધક થવાથી **સાગર શેઠ**ની પેઠે સંસારનો ઉચ્છેદ કરવામાં સમર્થ તે ઉંચા પ્રકારના પુણ્ય[૩] રૂપ **તીર્થંકર** પદની પ્રાપ્તિ પણ આ કામથી બહુ જ સરળતાથી કરે છે.

કથા—

" **સાકેત** નગર (**અયોધ્યા**)માં પરમ શ્રાવક **સાગર** શેઠ રહેતા હતા. ત્યાંના શ્રાવકોએ મળીને તે સારા શ્રાવક હોવાથી, તેને ચૈત્ય દ્રવ્યનો અધિકાર (વહીવટ) સોંપ્યો, અને કહ્યું, કે–

" દેહરાસરનું કામ કરનારા સુથાર વગેરેને ભોજન, મહીનાનું મહેનતાણું, વિગેરે કાર્યો પણ તમારે જ સંભાળવાના છે."

પરંતુ, પાપના ઉદયથી લોભી થઇને સુથાર વિગેરેને તે રોકડા પૈસા આપે નહીં. પરંતુ અનાજ, ગોળ, તેલ, ઘી, વસ્ત્ર (કપડાં) વિગેરે દેવ–દ્રવ્યથી સસ્તા[૪] ખરીદીને તેઓને મોંઘા[૫] (વધારે કિંમતથી) આપે. અને બાકીનો નફો પોતે લઈ લે,

એમ કરતાં એક રૂપિયાના ઓંશીમાં ભાગ જેટલા પ્રમાણની એક હજાર કાંકણી લોભથી એકઠી કરી, અને તેથી ઉપાર્જન કરેલાં (પાપ) કર્મની આલોચના કર્યા વિના, તે મરી ગયો.

સિંધુ નદીને કિનારે **સંપ્રદ્વાગ–થલ** પર્વત ઉપર જળ મનુષ્ય[૬] થયો.

સમુદ્રમાં ઉતરવાથી જળચર જીવોના થતા ઉપદ્રવો રોકવામાં ઉપયોગી થાય એવા (તેના) અન્ડગોલક લેવા માટે, ઉત્તમ રત્નો લેવા ઇચ્છનારાઓએ માંડેલા વજ્રમય ધંટીમાં પીલાવાની મહાપીડાથી મરીને, ત્રીજી નરકે નારક તરીકે ઉત્પન્ન થયો.

(દરિયામાંથી રત્નો લેવા માટે એ પ્રદેશના લોકો સમુદ્રમાં ઉતરે છે, પરંતુ તેઓને દરિયામાં મગર-મચ્છ વિગેરે જળચરોના હુમલાથી બચવા માટે ઉપર જણાવેલા જલ-મનુષ્યના અંડગોલકોની જરૂર પડે છે. જો તે મોઢામાં રાખે, તો તે ઉપદ્રવ નડતા નથી. એટલા માટે તે અન્ડગોલકો લેવા માટે એ લોકો વજ્રમય મોટી–મોટી ધંટીઓમાં જલ–મનુષ્યને પીલે છે, અને તેના અન્ડગોલકો મેળવે છે.)

નરકમાંથી નીકળીને પાંચસો ધનુષ પ્રમાણનો મોટો મત્સ્ય થયો અને મ્લેચ્છ લોકોએ તેના દરેક અંગો કાપવાથી ખૂબ પીડાને લીધે મરીને ચોથી નરકે ગયો, એમ કરતાં કરતાં એક કે બે ભવના આંતરાથી નરક ગતિ પામીને સાતમી નરકે ઉત્પન્ન થયો.

પછી અનુક્રમે એક ખાબોચિયામાં[૭] ભુંડ થઈ, પછી પાડો, શિયાળ, બિલાડો, ઉંદર, નોળીયો, કાર્કીડો, ગિરોળી, સાપ, બળદ, ઊંટ[૮], હાથી વિગેરેમાં હજારવાર ઉત્પન્ન થયો.

તથા કરમિયું, શંખ, છીપ, કીડા, વીંછી, પતંગીયા વિગેરેમાં અને પૃથ્વીકાય, અપ્કાય તેઉકાય, વાયુકાય, વનસ્પતિ કાયમાં ચડ–ઉતર ક્રમે લાખ ભવો સુધી ભમ્યો.

ત્યાર પછી, ઘણા કર્મોનો ક્ષય થઈ ગયેલો હોવાથી **વસંતપુરમાં વસુદત્ત** અને **વસુમતીનો** પુત્ર થયો, પરંતુ ગર્ભમાં હતો ત્યારથી જ ઘરનું બધુંયે ધન નાશ પામ્યું, જન્મને દિવસે બાપ મરી ગયા, પાંચમે વરસે મા મરી ગઈ. લોકોએ " **નિષ્પુણ્યો** " એવું નામ આપ્યું, અને રાંકની માફક મોટો થયો.

એક દિવસે હેતાળ મામો એને પોતાને ઘેર લઈ ગયો, ત્યારે રાતમાં તેના ઘરમાં ચોરોએ

ચોરી કરી. એ રીતે, એ જેના ઘરમાં રહે, તેના ઘરમાં ચોર, અગ્નિ વિગેરેના ઉપદ્રવો થયા કરે છે.

ત્યાંથી **તામ્રલિપ્તિ** (તામીલ) નગરીમાં જઈને **વિનયંધર** નામના શેઠના ઘરમાં રહ્યો.

ત્યાંથી પણ કાઢી મૂકવાથી સમુદ્ર રસ્તે **ધનાવહ** નામના વહાણવટી સાથે બહારના કોઈ દ્વીપમાં ગયો. અનુક્રમે-ત્યાંથી પાછા વળતાં વહાણ ભાંગ્યું. છતાં પણ પાટીયું હાથમાં આવી જવાથી, **નિષ્પુણ્યો** જેમ તેમ કરીને દરિયાકાંઠે પહોંચ્યો. અને ત્યાંના ગામડાના નાયકને આશરે રહ્યો.

ત્યાં કોઇ એક દિવસે ધાડ પડી, ને ઠાકોરને જ મારી નાંખ્યો. "ઠાકોરનો દિકરો" સમજીને નિષ્પુણ્યાને પોતાની પલ્લીમાં લઈ ગયા. તે જ દિવસે બીજા પલ્લી પતિએ તે જ પલ્લીનો વિનાશ કર્યો. ત્યાર પછી તેઓએ પણ "**દુર્ભાગી છે**" એમ સમજી કાઢી મૂક્યો.

એ રીતે, ચોરનો ઉપદ્રવ, પાણીનો ઉપદ્રવ, અગ્નિનો ઉપદ્રવ, પોતાના અને સામાના પક્ષનો ઉપદ્રવ વિગેરે અનેક ઉપદ્રવો થવાથી કાઢી મૂકવા વિગેરેથી નવસેં નવાણું જુદે-જુદે ઠેકાણે મહાદુઃખ પામ્યો.

એક વખત મોટા જંગલમાં પરચો ધરાવતા **શૈલક યક્ષના** મંદિરમાં પહોંચ્યો, અને પોતાના દુઃખો ગાતાં-ગાતાં તેની એકાગ્રપણે આરાધના કરી, જેથી એકવીશ ઉપવાસ થયા બાદ યક્ષ પ્રસન્ન થયો, અને બોલ્યો,—

"અરે ભદ્ર! સાંજે મારી આગળ સોનાના[૧૨] ચાંદલાના પીંછાંથી શોભતો એક મોટો મોર નાચ કરે છે. અને રોજ તેનાં પીંછાં પડી જાય, તે તારે એકઠાં કરી લેવાં."

તેણે ખુશી થઈને કેટલાક પીંછાં એકઠા કર્યાં, એમ રોજ પીંછાં લેવાથી, નવસો પીંછા મળ્યા. સો પીંછાં બાકી રહ્યા, ત્યારે, પાપના ઉદયથી તેણે વિચાર કર્યો, કે "આ પીંછાં લેવા માટે કેટલા દિવસ સુધી આ જંગલમાં રોકાઈ રહેવું? માટે સારું તો એ છે કે, એક જ મૂઠીના આંચકાથી બધાં લઈ લઉં." એમ વિચાર કરી, તે દિવસે નાચતા મોરના પીંછાં મૂઠીના એક જ આંચકાથી ખેંચી લેવા જાય છે, તેવામાં, મોર કાગડો થઈને ઉડી ગયો.

ને પહેલાંના એકઠાં કરેલાં પીછાં પણ રહ્યાં નહીં. "ધિક્કાર છે મને કે-મેં ખોટી ઉતાવળ કરી." એમ પસ્તાવો કર્યો, અને આમ તેમ ફરતાં ફરતાં જ્ઞાની મુનિ મહારાજશ્રીને જોયા. નમસ્કાર કરી, પોતાના કર્મોનું સ્વરૂપ પૂછ્યું.

જ્ઞાની મહાત્માએ પણ પૂર્વ ભવમાં તેણે જે અનુભવ્યું હતું, તે બધું સ્વરૂપ કહ્યું. પછી તેણે દેવદ્રવ્યથી આજીવિકા ચલાવ્યાના દોષનું પ્રાયશ્ચિત્ત માંગ્યું,—

મુનિ મહાત્માએ કહ્યું કે-"વાપર્યા કરતાં વધારે દેવને આપવું."

પછી તેણે "દેવ દ્રવ્યમાં હજારગણું અપાય ત્યાં સુધીમાં પોતાના નિર્વાહમાં માત્ર જરૂરી વસ્ત્ર, આહાર વિગેરે કરતાં થોડું પણ વધારે ન લેવું." એ પ્રમાણે નિયમ લીધો.

તે વાર પછી જે જે વેપાર કરે છે, તેમાં તેને ઘણું ધન પેદા થાય છે. એ રીતે થોડાક દિવસોમાં પૂર્વ ભવમાં વાપરેલા હજાર કાંકણીને બદલે દશ લાખ કાંકણી દેવ-દ્રવ્યમાં

આપી. એ રીતે દેવ-દ્રવ્યના દેવાથી મુક્ત થઈ, અનુક્રમે ઘણું ઘણું ધન પેદા કરીને પોતાના દેશમાં ગયા અને મોટા શેઠ થઈને રહ્યા.

ત્યાં ગયા પછી, પોતે બંધાવેલા અને બીજાએ બંધાવેલા એમ સર્વ શ્રી જિનમંદિરોમાં અને જ્ઞાનાદિક ક્ષેત્રોમાં સર્વ શક્તિથી હમેશાં પૂજા, પ્રભાવના વિગેરે, કરવા-કરાવવાથી, દેવ-દ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ કરાવવા દ્વારા **તીર્થંકર નામકર્મ** બાંધ્યું, યોગ્ય અવસરે દીક્ષા લઈ, ગીતાર્થ થયા.

ત્યાંથી **સર્વાર્થસિદ્ધિ** વિમાનમાં દેવપણું અનુભવીને, **મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર** પદ ભોગવીને મોક્ષમાં ગયા."

≠ એ પ્રકારે, દેવ-દ્રવ્યાદિકની રક્ષા કરનારને મળતું ફળ પણ કહેવું.

≠ આ રીતે, "[૧૨] આનુષઙ્ગિક ફળ બતાવ્યું." આ પરમાર્થ છે. ૨૩, ૨૪

≠ હવે ઉપસંહાર કરતાં કરતાં ગ્રંથકાર શ્રી [૧] તાત્ત્વિક ઉત્તમ ફળ બતાવે છે,-

[૨] એવં णाऊण, जे दव्वं वुड्ढिं णिंति सु-सावया, ।
जरा-मरण-रोगाणं अंतं काहिंति ते पुणो. ॥ २५ ॥

[ ]

"એમ સમજીને જે સુ-શ્રાવકો દ્રવ્યની વૃદ્ધિ કરે છે, તે ખરેખર વૃદ્ધાવસ્થા, મરણ અને રોગોનો અંત કરશે." ૨૫

"एवं०"-इति । व्याख्या-

≠ એ પ્રકારે જૈનશાસનનું પ્રભાવકપણું વિગેરે જાણીને—

જરા, મરણ અને રોગનો અંત એટલે કે, "દુઃખના સંપૂર્ણ નાશ રૂપ મોક્ષ" એ અર્થ છે.

"એ પ્રકારે, જૈન શાસનનું પ્રભાવકપણું વિગેરે ઉત્તમ ફળો જાણીને, જે સુ-શ્રાવકો દેવ-દ્રવ્યાદિકની વૃદ્ધિ કરે છે, તે જરા-મરણ અને રોગોનો અંત એટલે કે સર્વ દુઃખોના સંપૂર્ણ વિનાશ રૂપ મોક્ષ પ્રાપ્ત કરશે." **ગાથાનો એ ભાવાર્થ છે. ૨૫**

૪. ગુણદ્વાર સમાપ્ત.

૫. દોષદ્વાર

≠ હવે,

આગળ[૧] જણાવ્યા પ્રમાણે (દેવ-દ્રવ્યાદિકનો) વિનાશ કરનારને પરભવમાં પ્રાપ્ત થનારા દોષો બતાવે છે,—

देवा-ऽऽइ-दव्व-णासे दंसण-मोह च बंधए मूढो, ।
उम्मग्ग-देसगो वा जिण-मुनि-संघा-ऽऽइ-सत्तु व्व. ॥ २६ ॥

"ઉન્માર્ગની દેશના આપનાર અને શ્રી જિનેશ્વર દેવના શત્રુ, મુનિના શત્રુ અને શ્રી સંઘ વિગેરેના શત્રુની પેઠે દેવાદિ દ્રવ્યનો નાશ કરનાર મૂઢ આત્મા દર્શન (મિથ્યાત્વ) મોહનીય કર્મ બાંધે છે. ૨૬.

"देवा०" इति । व्याख्या-

≠ **દેવાદિ દ્રવ્યનો વિનાશ કરવામાં**
મિથ્યાત્વ કર્મ પ્રકૃતિ
"च"થી=અને બીજી પણ પાપ પ્રકૃતિઓ
मूढ=તેના ફળોથી અજાણ જીવ
બાંધે છે.

ઉન્માર્ગનો ઉપદેશ આપનારની પેઠે=" ઋદ્ધિ[૨] ગારવ વિગેરેને આધીન થઈને, અથવા

દુરાગ્રહ[૩]ને વશ થઇને ઉત્સૂત્ર પ્રરુપણા કરનારની પેઠે—
અથવા

જિનેશ્વર દેવ, મુનિ મહારાજ અને શ્રી સંઘ વિગેરેના શત્રુ[૪]ની પેઠે=એ અર્થ સમજવા.

≠ " માયા-પ્રપંચથી[૫] મિશ્ર અધ્યવસાયોના બળથી દર્શનમોહનીય કર્મને નિકાચિત[૬] કરતો આત્મા, તેના બળથી બીજી પણ પાપ પ્રકૃતિઓ પ્રાયઃ વિશેષ પ્રકારે બાંધે છે."

કર્મગ્રંથમાં કહ્યું છે, કે—

उम्मग्ग-देसणा[૭]-मग्ग- णासणा देव-दव्व-हरणेहिं, ।
दंसण-मोहं जिण-मुणि-चेइय-संघा-ऽऽइ-पडिणीओ- ॥ ५६ ॥

[श्री देवेन्द्र-सूरि-विरचित-कर्म-विपाक-ग्रन्थ]

"શ્રી જિનેશ્વર પ્રભુ, મુનિ, ચૈત્ય અને સંઘ વિગેરેનો શત્રુ, ઉન્માર્ગના ઉપદેશથી માર્ગના નાશથી, અને દેવ-દ્રવ્યને હાનિ પહોંચાડવાથી (ઉપાડી જવાથી), દર્શન મોહનીય કર્મ બાંધે છે." ૫૬

શ્રી નિશીથચૂર્ણિના ૧૧ મા ઉદ્દેશામાં પણ કહ્યું છે, કે—

"तत्थ-
दंसण-मोहं
अरिहंत-पडिणीययाए ।
एवम्-
सिद्ध-
चेइय-
तवस्सि-
सुअ-
धम्म-
संघस्स य
पडिणीयत्तं करंतो
दंसण-मोहं बंधइ ।" त्ति ।

"તેમાં,

અરિહંત ભગવાનના વિરોધી પણાએ કરીને દર્શનમોહ કર્મ બાંધે છે.

એ પ્રકારે-સિદ્ધ ભગવંતો, ચૈત્ય, તપસ્વિ શ્રુતજ્ઞાન, ધર્મ અને શ્રી સંઘથી વિરોધીપણું રાખનાર દર્શનમોહનીય કર્મ બાંધે છે." ૨૬

≠ "એમ (દર્શનમોહનીય કર્મનો બંધ) થાય, તો પણ તેને તેથી નુકશાન શું ?" એવી શંકા ઉઠાવીને, કહેલા અને નહીં કહેલા મોટા પાપો બતાવે છે,—

चेइय-दव्व-विणासे, इसि-घाए, पवयणस्स उड्डाहे, ।
संजई-चउत्थ-भंगे, मूल-ऽग्गी बोहि-लाभस्स. ॥ २७ ॥

"ચૈત્યના દ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, જૈનશાસનની જાહેરમાં નિંદા થાય તેવું કરવાથી, અને શ્રી સાધ્વીજીના ચોથા વ્રતનો ભંગ કરવાથી સમકિત ગુણની પ્રાપ્તિના મૂળમાં જ આગ લાગે છે." ૨૭

"चेइय०" त्ति । व्याख्या-

≠ દેવ દ્રવ્ય=હિરણ્ય (ધન) સોનું, નાણું વગેરે.

તથા, લાકડાં, ઈંટો, પત્થર, લેપ્ય પદાર્થ, દેવ દ્રવ્યના પાટ, પાટીયાં, ચંદરવા, વાસણ, દાભડા (પેટી), દીવો વિગેરે તમામ ઉપકરણો દેવ–દ્રવ્ય કહેવાય છે.

તેનો વિનાશ કરવાથી સમ્યક્ત્વ ગુણરૂપ વૃક્ષના મૂળમાં આગ લગાડાય છે. એટલે કે–" તેમ થવાથી બળી ગયેલું વૃક્ષ ફરીથી નવપલ્લવિત ન થાય, તેમ સમ્યક્ત્વ ગુણ પણ (નજીકના વખતમાં) ફરીથી ન જાગે. " **એ ભાવાર્થ છે.**

≠ **અહીં રહસ્ય એ છે, કે—**

દેવાદિ દ્રવ્યનો વિનાશ થવાથી ધાર્યા પ્રમાણેની પૂજા વગેરે અનુષ્ઠાનોનો લોપ થાય છે.

અને તેમ થવાથી, તેને લીધે જાગ્રત્ થતો આનંદ, પ્રભાવના અને શાસનની ઉન્નતિનો અભાવ થાય છે.

અને તેથી, ગુણોમાં થતો વધારો રોકાઈ જાય છે.

અને તેથી, મોક્ષના માર્ગમાં વ્યાઘાત–અગવડ ઉભી થાય છે.

અને તેથી, કરીને, મોક્ષ મળવામાં વિઘ્ન પડે છે, કેમકે–કારણ વિના કાર્ય ઉત્પન્ન થઈ શકતું નથી.

શ્રી વસુદેવ હિંડીના* પહેલાં ખંડમાં કહ્યું છે, કે—

" જેણ–
  चेइय–दव्वं विणासिअं,
તેણ–
  जिण–बिम्ब–पूआ–दंसणा–ऽऽणंदित–हिययाणं–
भव–सिद्धियाणं–
सम्म–दंसण–
  सुअ–
    ओहि–
      मण–पज्जव–
        केवल–णाण–
          णिव्वाण–लंभा पडिसिद्धा ।

---

* **શ્રી વસુદેવહીંડી** ના છાપેલા પુસ્તકમાં **સુરેન્દ્રદત્તને** ઉદ્દેશીને આ પાઠ છે. જે મૂળ ગ્રંથમાં નીચે આપેલ છે. પૃ. ૧૦૭

जा य–
तप्पभवा
सुर–माणुस–इड्ढी,
जा य–
महिमा–ऽऽगयस्स
साहु–जणाओ
धम्मोवएसो वि,
तित्थ–ऽणुसज्जणा य,
सा वि–
पडिसिद्धा ।
तओ
दीह–काल–ठिईयं
दंसण–मोहणिज्जं कम्मं णिबंधइ,
अ–साय–वेयणिज्जं च ।" इति ।

" જેણે ચૈત્ય દ્રવ્યનો વિનાશ કર્યો હોય, તેણે જિનેશ્વર ભગવાનના પ્રતિમાજીની પૂજન અને દર્શનથી આનંદ પામતા હૃદયવાળા ભવસિદ્ધિક એટલે કે–નજીકમાં મોક્ષમાં જનારા આત્માઓને પ્રાપ્ત થતાં,

શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્ન નાંખેલું છે, એમ સમજવું.

અને જે તેનાથી દેવ અને મનુષ્યની ઋદ્ધિ મળે છે,

અને તેના મહીમાથી પધારતાં સાધુ મહાત્માઓના ધર્મોપદેશનો લાભ અને શાસનની[૨] ઉન્નતિ થતી હોય છે, તે પણ રોકી દેવાએલી હોય છે.

તેથી તે જીવ મોટી સ્થિતિનું દર્શન મોહનીય કર્મ અને અશાતા વેદનીય કર્મ બાંધે છે.[૩]"

≠ એ પ્રકારે શ્રી મુનિ મહારાજશ્રીનો ઘાત કરનાર વિગેરે વિષે પણ ઘટાવી લેવું. ૨૭

≠ " અરે ! જો એમ થાય, તો અભવ્ય જીવની જેમ ભવ્ય જીવને પણ ફરીથી સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત ન થાય ને ? "

એ શંકા કરીને પ્રસંગથી કહ્યા દોષ કરનારની અપેક્ષાએ સમકિત ગુણની પ્રાપ્તિમાં કેટલો વખત લાગી જાય ? તે અવધિ બતાવે છે,—

तित्थ-यर-पवयण-सुअं आयरिय-गण-हरं महड्ढिअं ।
आसायंतो बहुसो अण-डंत-संसारिओ होइ. ॥ २८ ॥

" श्री तीर्थंकर प्रभु, (जैन) शासन, (जैन) श्रुतज्ञान, आचार्य भगवंत, गणधर भगवंत अने महा लब्धि रूपी ऋद्धिना धारण करनारा महापुरुषनी वारंवार आशातना करनारो जीव अनंत संसारी होय छे. "

" तित्थ-यर० " त्ति ।

व्याख्या सहेली छे.

तो पण—

≠ **तीर्थंकर**=अरिहंत भगवान, विगेरे. એ प्रमाणे **आचार्य** विगेरे विषे पण समजवुं.

≠ देवाद्धि-द्रव्यना विनाश विगेरे द्वारा अने ઉपर जणावेलाओनी

वारंवार=वगर संकोचे—

आशातना करनार

उत्कृष्टथी—

अनंत संसारी

होय छे. " आ **अर्थ** छे.

≠ **सांकळना अंकोडाना न्यायथी अथवा भींतना थरोना न्यायथी** अध्यवसायोना ओछा-वधता पणाने लीधे ઉपर जणावेली आशातनाओने लीधे उत्कृष्टपणे अनंत भवो सुधी चाले-तेवी पाप कर्मोनी परंपरा[१] समजी लेवी.

≠ तेथी करीने,

" सम्यक्त्व अने ઉंचा[२] प्रकारनुं पुण्य विगेरे प्राप्त थवामां अनंत काळ सुधी એ विघात पहोंचे छे.

पुण्यनो ઉदय आववामां असंख्यकाळ सुधी विघात थाय छे.

अने जघन्यथी બन्नेय[३] ठेकाणे प्रायः संख्याता भव सुधी विघात पहोंचे छे. " એ प्रकारे वस्तु स्थिति होय छे.

≠ એ रीते-ઉपर जणावेलाओनी आशातना करनारा अने श्रुतज्ञान द्वारा ઉत्सूत्र બोलनारानुं[४] पण प्रायः अनंत संसारिपणुं समजवुं.

શ્રી મહાનિસીથ સૂત્રમાં કહ્યું છે, કે—

" જે णं
તિત્થ-गरा-ऽऽईणं
महई आसायणं कुज्जा,
से णं
अज्झवसायं पडुच्च,
जाव-
अण-ऽंत-संसारियत्तणं, त्ति । "

" તીર્થંકર ભગવંતો વિગેરેની જે મોટી આશાતના કરે છે, તે અધ્યવસાયોને આશ્રયિને યાવત્, અનંત સંસારિપણું પામે છે."

(એટલે કે-સંખ્યાત ભવ, અસંખ્યાત ભવ અને અનંતા ભવ સુધી સમ્યક્ત્વ ગુણ વિગેરેની પ્રાપ્તિમાં વિઘાત પહોંચે છે. પરંતુ " એકાંતથી અનંત ભવો સુધી જ વિઘાત પહોંચે છે." એમ ન સમજવું) ૨૮

ઉપર જણાવેલો દોષ બરાબર સમજાવવા માટે કેટલાક દુષ્ટ વિપાકો બતાવે છે,—

दारिद्द-कुलोप्पत्तिं, दरिद्द-भावं च, कुट्ठ-रोगा-ऽऽइं, ।
बहु-जण-धिक्कारं, तह अ-वण्ण-वायं च, दो-हग्गं. ॥ २९ ॥
तण्हा-छुहा-ऽभिभूई, घायण-वाहण-विचुण्णणत्ती य, ।
एआइं अ-सुह-फलाइं विसीअइ भुंजमाणो सो. ॥ ३० ॥

[બે ગાથાના અર્થનો સંબંધ છે]
[શ્રાદ્ધ-દિન-કૃત્ય-૧૧૮-૧૧૯]

" દરિદ્રના કુળમાં જન્મ, દરિદ્રપણું, કોઢ રોગ વિગેરે રોગો, ઘણા માણસોનો તિરસ્કાર, નિંદા, દુર્ભાગ્ય, તરસ, ભૂખ, અસફળતા, શસ્ત્રના ઘા, ભાર વહન કરવો, ચૂર્ણની માફક છીન્નભીન્ન થવું, એ અશુભ ફળો ભોગવવાના દુઃખો અનુભવે છે. "

" दारिद्द० " त्ति० " तण्ह " त्ति. व्याख्या-

≠ ભીખ માંગનાર બ્રાહ્મણ વિગેરેના કુળમાં જન્મ.

ત્યાં પણ પોતાને—

વૈભવ ન મળવો.

"ચ" શબ્દથી ઇચ્છિત ન મળવું, અને સર્વ તરફથી અપમાન થવું, વિગેરે દોષો સમજી લેવા.

ઘાતન=તલવાર, ભાલા ઇત્યાદિથી છેદાવું,

વાહન=મીઠું, પત્થર વિગેરેનો ભાર ખેંચવો,

ચૂર્ણન[1]=મોઘરી વિગેરેથી કુટાવું,

"ચ" શબ્દથી દુર્ગતિ, પરવશ પણું, બીજાને આશ્રયે આજીવિકા મેળવવી, માતા-પિતા[2] વિગેરે કુટુમ્બની સંતતિ-પરંપરાનો ઉચ્છેદ, વિગેરે દોષો લઈ લેવા-સમજી લેવા.

≠ દરેક ભવમાં ભમીને

એ

પાપના ફળો વારંવાર **ભોગવતો**

તે દેવદ્રવ્યાદિકની આશાતના કરનારો આત્મા

વિષાદ પામે છે,=વિષાદ વિગેરેથી ગભરાતો-મુંજાયેલો-રહે છે, દુઃખી થાય છે.

એટલે કે,-ઉપર જણાવેલા[3] દોષો-ઉદ્ભવલિત થવાથી ઉભરાઈ[4] આવવાથી-પાપ કર્મના ફળો ભોગવવા પડે ત્યારે, તેનાથી ચાલુ રહેતા[5] દુર્ધ્યાનથી હંમેશાં ઘેરાયેલો રહેતો હોય છે, દુઃખી દુઃખી રહેતો હોય છે.

≠ એથી રહસ્ય એ સમજાય છે, કે "પાપ કર્મોના-અનુભાગની-રસની-વિચિત્રતાને લીધે દુર્વિપાકની-દુષ્ટ ફળોની-પરંપરા ચાલવાનું સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે."

≠ તેમાં પણ, સંખ્યાત ભવોની પરંપરા ચાલવાનું દૃષ્ટાંત-જેનું આગળ ઉપર વર્ણન આવવાનું છે, તે **સંકાશ** શ્રાવક વિગેરેની પેઠે સમજવું.

અને અસંખ્યાત ભવ સુધી ચાલનારી દુર્વિપાકોની પરંપરા **રૂદ્રદત્તની** પેઠે સમજવી.

તે કથા આ પ્રમાણે—

ભરત ક્ષેત્રમાં સૂર્યપૂર (સૌરીપૂરી) નગરમાં અન્ધક વૃષ્ણિ રાજા રાજ્ય કરે છે.

એક દિવસે **સુ-પ્રતિષ્ઠ** નામના કેવળી ભગવાન્ ઉદ્યાનમાં સમોસર્યા.

ઉદ્યાન પાલકે એ હકીકત વિજ્ઞપ્તિ પૂર્વક રાજાને જણાવી. તેથી મહોત્સવ પૂર્વક રાજા ત્યાં ગયા, વિધિપૂર્વક વંદના કરી, યોગ્ય સ્થાને બેઠા. શ્રી કેવળી ભગવંતે ધર્મદેશના આપી.

ધર્મદેશના પૂરી થયાં પછી, રાજાએ પોતાના પૂર્વભવનું **ચરિત્ર** પૂછ્યું.

પછી, **સુ-પ્રતિષ્ઠ** કેવળી ભગવંતે **અન્ધક વૃષ્ણિ** રાજાને કહ્યું, કે—

"**ભરત ક્ષેત્રમાં અયોધ્યા** નગરીમાં **અનંત વીર્ય** નામે રાજા હતો.

તે નગરમાં **સુરેન્દ્રદત્ત નામે** વણિક-શ્રાવક રહેતા હતા. જે સમ્યક્ત્વ ગુણ યુક્ત હતા. રોજ દશ દીનારોથી, **આઠમને** દિવસે બમણી દીનારોથી, **ચૌદશને** દિવસે ચો-ગણી દીનારોથી અને અઠ્ઠાઈ વિગેરેમાં તેથી પણ વધારે દીનારોથી જિનેશ્વર ભગવંતોની પૂજા કરે છે. અને દાન-શીલ વિગેરેની ઉત્તમ ટેવો ધરાવે છે. જેથી, સર્વત્ર આબરુદાર તરીકે પ્રતિષ્ઠિત થયેલ છે.

એક દિવસે શેઠે પૂજા માટે બાર વરસ સુધી વાપરી શકાય તેટલું ધન પોતાના પ્રિય મિત્ર **રૂદ્રદત્ત** નામના બ્રાહ્મણને આપીને, જળ માર્ગે દેશાન્તર ગયા. તે બ્રાહ્મણે જુગાર વિગેરે વ્યસનોથી અંગત ઉપયોગમાં તે ધન વાપરી નાંખી (ચોરોની) પલ્લીમાં દાખલ થયો.

કોઈ એક દિવસે તેમાંથી નીકળીને ગાયોનું ધણ લઈ જતાં કોટવાલે તેને બાણોથી ઘાયલ કર્યો, **ને** તે મરી ગયો. **અને** તે કર્મના પ્રભાવથી સંવેધે કરીને એટલે કે સાતમી વિગેરે નરકમાં **અને** આંતરે આંતરે મત્સ્ય વિગેરે તિર્યંચના ભવોમાં ભમ્યો.

તેના ભવોના સંવેધનો કોઠો નીચે પ્રમાણે છે,—

ભવ	નારકગતિ	તિર્યંચગતિ
૨ જો	૭ મી નારક	
૩ જો		મત્સ્ય
૪ થો	૬ ઠ્ઠી નારક	
૫ મો		સિંહ
૬ ઠ્ઠો	૫ મી નારક	
૭ મો		સાપ
૮ મો	૪ થી નારક	
૯ મો		વાઘ
૧૦ મો	૩ જી નારક	
૧૧ મો		૬ ગરુડાદિ
૧૨ મો	૨ જી નારક	
૧૩ મો		ભુજપરિસર્પ
૧૪ મો	૧ લી નારક	
૧૫ મો		મનુષ્યભવ

ત્યાર પછી ઘણો કાળ સુધી ત્રસ **૭** **અને** સ્થાવર યોનિઓમાં ભમ્યો.

ત્યાર પછી કુરૂક્ષેત્રનાં[૯] ગજપુર નગરમાં કપિલ બ્રાહ્મણને ઘેર તેની અનુદ્ધરા નામની પત્નીના ગર્ભમાં અવતર્યો.

તે વખતે બાકી રહી ગયેલા પાપના પ્રભાવથી પિતા મરી ગયા, અને જન્મ સમયે માતા પણ મરી ગઈ, અને લોકોએ "ગૌતમ[૧૦]" એવું તેનું નામ રાખ્યું.

તે વાર પછી, માશીએ બહુજ મુશ્કેલીથી મોટો કર્યો.

જુવાનીમાં આવતાં આવતાં તો આહાર માટે ઘેર ઘેર રખડતાં ભોજન પણ ન મળવાથી શરીરે ઘણો જ દુબળો થઈ ગયો. ૧૭

એક વખત સમુદ્રસેન નામના મુનિ મહાત્માને આહાર વિગેરેથી સત્કાર અને સન્માન પામતા જોઈ, તેમની પાસે તેમની કૃપા મેળવીને, તેણે દીક્ષા લીધી. અનુક્રમે શાસ્ત્રના પારગામી થઈ, મનનાં ભાવથી પણ સાધુ થયાં[૧૧]. તેના ગુરુ મધ્ય ગ્રૈવેયક દેવલોકમાં અહમિન્દ્રદેવ થયા. અને તે પણ આચાર્યપદ પામીને મુનિઓ અને શ્રાવકોથી પૂજાતા મધ્ય ગ્રૈવેયક દેવલોકમાં તપના બળથી દેવ થયાં. ૧૮

ત્યાંથી ચ્યવીને અહિં યદુવંશમાં અન્ધક વૃષ્ણિ નામે તમે રાજા થયાં છો. ૧૯

હવે આજ ભવમાં સંયમ ગ્રહણ કરીને તમે મોક્ષ પામશો."

એ પ્રમાણે દિગમ્બર-આચાર્ય કૃત હરિવંશ પુરાણમાં અને વસુદેવ હીંડીના પ્રથમ ખંડ [મુ. પુ. પૃ. ૧૧૨]માં છે.

≠ જૈનેતરો પણ એ પ્રમાણે દોષનો સંભવ કહે છે.

પુરાણ વિગેરેમાં—

"देव-द्रव्येण या वृद्धि र्गुरु-द्रव्येण यद् धनम् , ।
तद् धनं कुल-नाशाय, मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥

[श्राद्ध-दिन-कृत्ये १३३]

"દેવ દ્રવ્યથી ધનમાં જે વધારો થાય છે, અને ગુરુ દ્રવ્યથી જે વધારો મળે છે, તે ધન કુળના નાશ માટે થાય છે." ૧

વૃદ્ધિ=સમૃદ્ધિ

કુળના નાશ માટે=કુળના ઉચ્છેદ માટે થાય છે.

૧ આ લોકનું તુચ્છ ફળ બતાવ્યું.

અને તે દેવ દ્રવ્યાદિકનો ખાનારો મહાપાપને લીધે મેલા મનવાળો હોવાથી,

મરીને નરક=દુર્ગતિની પરંપરા

પામે છે.

૨ આ રીતે પરલોકમાં મળતું ફળ બતાવ્યું.

≠ એજ પુરાણમાં પણ મોટા દોષો બતાવ્યા છે.

" प्रभा-स्वे मा मतिं कुर्यात्, प्राणैः कण्ठ-गतैरपि. ।
अग्नि-दग्धाः प्ररोहन्तिः प्रभा-दग्धो न रोहयेत्. ॥ २ ॥
[श्राद्ध-दिन-कृत्ये-१३४]

" પ્રાણો કંઠમાં આવે તો પણ-એટલે કે મરણ આવી પડે તો પણ, દેવ-દ્રવ્ય લેવામાં બુદ્ધિ ન રાખવી. કેમકે-અગ્નિથી બળી ગયેલા વૃક્ષો નવપલ્લવિત થાય છે, પરંતુ દેવ-દ્રવ્યના ભક્ષણથી બળી ગયેલો નવપલ્લવિત થતો નથી."

પ્રભાસ્વ=દેવ દ્રવ્ય અથવા " લોકમાં પ્રસિદ્ધ જનસમુદાયે એકઠું કરેલું સાધારણ દ્રવ્ય, કે જેને **જાતીય દ્રવ્ય** પણ કહેવામાં આવે છે."

અગ્નિ-દગ્ધ=અગ્નિથી બળી ગયેલા વૃક્ષો પાણી સિંચવા વિગેરેથી ઉગે છે=નવપલ્લવિત થાય છે.

પરંતુ પ્રભાસ્વ એટલે દેવ-દ્રવ્ય વિગેરેનો વિનાશ કરવાના ઉગ્ર પાપ રૂપી અગ્નિથી **બળેલો** મનુષ્ય મૂળથી બળી ગયેલા ઝાડની પેઠે
નવપલ્લવિત થતો નથી.[૧૨]

ભાવાર્થ એ છે, કે-" પ્રાયઃ હમેશાં દુઃખી રહેવાથી ફરીથી નવપલ્લવિત[૧૩] થતો નથી. ૨

≠ હવે, ઉપર કહેલા અને નહિં કહેલા ખાસ મોટાં પાપો બતાવે છે,—

" प्रभा-स्वं, ब्रह्म-हत्या च, दरिद्रस्य च यद् धनम्, ।
गुरु-पत्नी, देव-द्रव्यं, स्वर्ग-स्थमऽपि पातयेत्. ॥ ३ ॥ "
[श्राद्ध-दिन-कृत्ये-१३५]

" પ્રભા-દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રીનું ધન, ગુરુ-પત્ની, અને દેવ-દ્રવ્ય, સ્વર્ગમાં હોય તેને પણ નીચે પાડે છે, એટલે કે દુર્ગતિમાં લઈ જાય છે. ૩ "

≠ દિગમ્બર સંપ્રદાયના ગ્રંથમાં પણ એ પ્રમાણે કહ્યું છે, કે—

" वरं हाला-हला-ऽऽदीनां भक्षणं क्षण-दुःख-दम् , ।
निर्माल्य-भक्षणं चैव दुःख-दं जन्म-जन्मनि. ॥ १ ॥

" वरं दावा-ऽनले पातः, क्षुधया वा मृतिर्वरम् , ।
मूर्ध्नि वा पतितं वज्रं, न तु देव-स्व-भक्षणम्. ॥ २ ॥

" ज्ञात्वेति जिन-निर्ग्रन्थ-शास्त्रा-ऽऽदीनां धनं न हि ।
गृहीतव्यं महा-पाप-कारणं दुर्गति-प्रदम्, ॥ ३ ॥

" ક્ષણવાર દુઃખ આપનાર ભયંકર ઝેર વિગેરે ખાવું સારું, પરંતુ ભવોભવ દુઃખ આપનાર નિર્માલ્યનું ભક્ષણ કરવું સારું નથી. ૧

દાવાનળમાં પડીને સળગી મરવું સારું, ભુખે મરી જવું સારું, મસ્તક ઉપર વજ્ર પડે તે ય સારું, પરંતુ દેવ-દ્રવ્યનું ભક્ષણ કરવું જરા પણ સારું નથી. ૨

માટે, મહાપાપનું કારણ ભૂત અને દુર્ગતિ આપનાર જિન-દેવ દ્રવ્ય, નિર્ગ્રંથ ગુરુનું દ્રવ્ય અને શાસ્ત્ર વિગેરેનું એટલે કે જ્ઞાન દ્રવ્ય જાણ્યા પછી લેવું નહીં." ૩

≠ એ પ્રકારે આ ભવમાં અને પરભવમાં થતાં દોષો બતાવ્યાં.

આ પ્રમાણે આ બે ગાથાઓનો ભાવાર્થ છે. ૨૯-૩૦

દેવ-દ્રવ્યની ચોરીના ધનમાંથી ગ્રહસ્થે પોતાને માટે પણ આહાર બનાવેલો હોય, તે પણ સાધુને ન કલ્પે.

તેના કારણો સ્પષ્ટ સમજાવવા માટે પ્રાયઃ આ ભવને લગતો દોષ **વ્યવહાર ભાષ્યની** ત્રણ ગાથાથી સમજાવે છે,—

चेइय-दव्वं विभज्ज, करिज्ज कोई अ नरो सय-ट्ठाए, ।
समणं वा सोवहिअं विक्किज्ज संजय-ऽट्ठाए. ॥ ३१ ॥

[श्राद्ध-दिन-कृत्ये-१२९]

" ચોરેલા દેવ-દ્રવ્યમાંથી જે ભાગ પોતાને મળ્યો હોય, તેમાંથી કોઈ મનુષ્ય પોતાને માટે આહાર બનાવે, અને તે આહાર, અથવા ઉપાધ સહીત સાધુને વેચે, અને તેના વસ્ત્રાદિક, સાધુને માટે આપે,—૩૧

" चेइय० " त्ति ।

≠ **ચૈત્ય દ્રવ્ય**

ચોર સમુદાયે ચોરીને તેમાંથી પોતાના ભાગમાં આવેલા ધન વડે કરીને

કોઈ પણ માણસ

પોતાને માટે=લાડુ વિગેરે

કરે,

તેમાંથી તે આહાર વિગેરે સાધુને આપે;

અથવા-

જે પોતાને માટે ઉપધિ સહિત સાધુને વેચે અને તેમાંથી પ્રાસુક વસ્ત્ર વિગેરે સાધુ વિગેરેને આપે, (આગળ સંબંધ છે). ૩૧

एआ-रिसम्मि दव्वे समणाणं किं ण कप्पए वेत्तुं ? ।
चेइय-दव्वेण कयं मुल्लेण जं सु-विहिआणं. ॥ ३२ ॥

[श्राद्ध-दिन-कृत्य-१२९]

" આવા-દ્રવ્યે કરીને પોતાને માટે જે બનાવેલું હોય, તે સાધુને ગ્રહણ કરવું કેમ ન કલ્પે ?

દેવ-દ્રવ્યથી કરેલું હોય અને સુ-વિહિત સાધુના વેચાણથી આવેલા ધનમાંથી કરેલું હોય, તે (સાધુને લેવું કલ્પે નહીં). ૩૨"

"एआ-रि० "

≠ એવા દ્રવ્યે કરીને-પોતાને માટે જે કરેલું હોય, તે સાધુઓને લેવાને કેમ ન કલ્પે ?

≠ આચાર્યશ્રી કહે છે, કે—

જે દેવ-દ્રવ્યે કરીને અને જે સુ-સાધુના વેચાણના ધને કરીને પોતાને માટે કરેલું હોય, તે આપવામાં આવે, તો તે કલ્પે નહીં. ૩૨

"તેમાં શું કારણ છે ?" એમ પુછવામાં આવે, તો જવાબ એ છે, કે—

तेण-पडिच्छा लोए वि गरहिआ, उत्तरे किमउंग ! पुणो ?।
चेइय-जइ-पडिणीए जो गिह्णइ, सो वि हु तहेव. ॥३३॥

[श्राद्ध-दिन-कृत्ये-१३१]

"चोरे चोरी करीने लावेलुं छे," એમ જાણવામાં આવે, તો તે લેવું દુનિયામાં પણ નિંદનીય ગણાય છે, તો પછી, લોકોત્તર માર્ગ (જૈનશાસન)માં નિંદનીય ગણાય, તેમાં તો પૂછવું જ શું ?" જે દેવ અને મુનિના શત્રુનું લે, તો, તે પણ તેવો જ સમજવો." ૩૩

"तेण० " त्ति ।

ચોરે આણેલું એટલે કે, "ચોર ચોરી કરીને લાવેલો છે."

એવું માલૂમ પડે, તો

દુનિયામાં પણ નિંદા પાત્ર ગણાય છે.

તો લોકોત્તર માર્ગમાં તો પૂછવું જ શું ?

"તે વિશેષ પ્રકારે નિંદનીય જ હોય છે."

≠ તેથી દેવ અને મુનિના શત્રુના હાથમાંથી જે લે છે, તે પણ તેવો એટલે કે, દેવ અને મુનિનો શત્રુ જ હોય છે.

શ્રી સંઘ કુલકમાં કહ્યું છે, કે—

"[1]जो साहज्जे वट्टइ आणा-भंगे पवट्टमाणाणं, ।
मण वय-काएहिं, समाण-दोसं तयं बिंति. ॥
अ-निरा-ऽऽकरणेन,
आज्ञा-भङ्ग-हेतुत्त्वात् ।"

" આજ્ઞા ભાંગવામાં જે લોકો પ્રવર્ત્તમાન હોય છે, તેને મનથી, વચનથી ને કાયાથી જે કોઈ સહાય કરે છે, તેને પણ સરખા દોષિત ગણાવેલા છે.

કેમ કે-તે આજ્ઞાનો ભંગ કરવામાં રુકાવટ ન કરનાર હોવાથી, તે પણ આજ્ઞાનો ભંગ કરનાર ગણાય છે." ૩૩

શ્રી શ્રાદ્ધ દિન કૃત્યની ગાથાએ કરીને એ જ વાતને વધારે સ્પષ્ટ કરે છે,-

चेइय-दव्वं गिह्वित्तुं, भुंजए, जो उ देइ साहूणं, ।
सो आणा-अण-ऽवत्थं पावइ, लिंतो वि दिंतो वि. ॥ ३४ ॥

[श्राद्ध-दिन-कृत्ये-१३२]

" દેવ-દ્રવ્ય લઈને જે પોતે ખાય, અને સાધુને જે આપે, તે આપનાર અને લેનાર પણ આજ્ઞાભંગ અને અનવસ્થા દોષ પામે છે." ૩૪

" चेइय० " त्ति ।

≠ ચૈત્યાદિ દ્રવ્ય લઇને જે પોતે

ઉપયોગ કરે છે અને બીજા **સાધુને તે આપે છે, તે લેનાર** સાધુ બીજા સાધર્મિક સાધુને આપે તો તે લેનાર પણ,

૧ **નિષેધ**[૧] **કરેલી આચરણા રૂપ ભગવાનની** આજ્ઞાનો ભંગ **કરે છે.**

૨ **અનવસ્થા** દોષ એટલે કે-બીજાઓની શ્રદ્ધા ઢીલી કરવા રૂપ દોષ **લગાડે છે.** ૩૪

શ્રાદ્ધ-દિન-કૃત્યની **ટીકામાં** આપેલી ગાથાઓ વડે અહિં પ્રસંગથી બીજા પણ દોષો બતાવે છે,—

एक्केण[૧] कयम-ऽ-कज्जं, पुणो वि तप्-पच्चया कुणइ बीओ, ।
साया-बहुल, परंपर-वुच्छेओ संयम-तवाणं. ॥ ३५ ॥

[श्राद्ध-दिन-कृत्ये १३२ वृ. पृ. २७३]

" એક માણસ અપકૃત્ય કરે, તો તેના ઉપરના વિશ્વાસથી (દેખા-દેખીથી) બીજો માણસ પણ-અપકૃત્ય કરે છે. (કેમ કે-માનવ) શાતાબહુલ છે (એટલે કે-ગમે તેમ કરીને સુખ અથવા આરામ ઇચ્છતા હોય છે,) (તેથી,) સંયમ અને તપની પરંપરાનો ઉચ્છેદ થાય છે. " ૩૫

≠ ૩ " અનાચાર જોવાથી બાળકો વિગેરેને પણ ખરાબ પ્રવૃત્તિની પરંપરા રૂપથી પ્રસંગ દોષ લાગે છે. " **એ ભાવાર્થ** છે. ૩૫

जो जह-वायं ण कुणइ, मिच्छ-दिट्ठी तओ [हु] वि को अण्णो ? ।
वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो. ॥ ३६ ॥

"જે માણસ (વસ્તુ સ્થિતિ) જેમ હોય તેમ-બરાબર કહેતો નથી, બરોબર તેના જેવો બીજો કોણ મિથ્યા દૃષ્ટિ હોઈ શકે?"

(કેમ કે-) બીજાના પણ મનમાં શંકા ઉત્પન્ન કરીને ય તે મિથ્યાત્વને વધારે છે." ૩૬

"[1]જો જહ૦" त्ति ।

≠ ૪ "અનાચારમાં આચાર બુદ્ધિ થવાથી મિથ્યાત્વની વૃદ્ધિ થાય જ." એ અર્થ છે. ૩૬

संजम-अप्प-पवयण-विराहणा-संभवो वीहं णेओ[1], ।
पवयण-हेला वि. तओ अवणेओ तस्स संसग्गो. ॥ ३७ ॥

"સંજમની વિરાધનાનો સંભવ, આત્માની-પોતાની-વિરાધનાનો સંભવ અને શાસનની આશાતનાનો સંભવ પણ અહીં જાણવો. અને શાસનની નિંદા પણ થાય છે. તેથી (દુરાચારીનો) સંસર્ગ પણ છોડી દેવો જોઈએ-ન રાખવો જોઈએ." ૩૭

"संजम०" त्ति ।

≠ ચૈત્ય વિગેરેના દ્રવ્યના ભક્ષણથી ત્રણ પ્રકારની વિરાધનાનો સંભવ થાય છે.—

≠ **૫ સંયમ વિરાધના—**

અન્યાયથી મેળવેલા ધનથી બનાવેલી વસ્તુ લેનારને તેણે કરેલા અસંયમની અનુમોદના રૂપ (સંયમની) વિરાધના તો ચોકખે ચોકખી સમજાય તેમ છે. કેમ કે-તેમ થવાથી સ્વીકારેલા વ્રતનો લોપ[2] થવાનો દોષ લાગે છે.

શ્રી સંઘ કુલકમાં કહ્યું છે, કે—

"[3]आणा-भंगं दट्ठुं मज्झ-त्था ठिंति जे तुसिणिआए ।
अ-विहि-अणुमोअणाए तेसिं पि अ होइ वय-लोवो. ॥ ३८ ॥

તીર્થંકર ભગવંતની આજ્ઞાનો ભંગ થતો જાણીને જે લોકો ચૂપ રહે છે, તે લોકો અવિધિની અનુમોદના કરનારા બની રહેવાથી, તેઓના વ્રતનો પણ લોપ થાય છે."

૬ આત્મવિરાધના—

શત્રુ રૂપ દેવતાઓ વગેરેથી છલના થવા રૂપ (ગાંડપણ વિગેરેથી) આત્મ-વિરાધના (એટલે કે-પોતાને હરકત પહોંચે છે, તેમ) થવાનું જાણીતું છે.

કેમ કે-અરિહંત ભગવાનની આજ્ઞા તરફ દુર્લક્ષ્ય રાખીને પ્રમાદ,[4] અપવિત્રતા અને વસ્તુના સ્વભાવને લીધે અપવિત્ર દુષ્ટજનો ઉપર શાકિનીની નજર પડે છે, તેવી રીતે તે શત્રુ દેવતાઓની શક્તિ રોકાતી નથી, પરંતુ અસરકારક બને છે.

શ્રી વ્યવહાર ભાષ્યના ૧૦ મા ઉદ્દેશામાં કહ્યું છે, કે—

" राया इव* तित्थ-यरो- "

" રાજાની જેમ તીર્થંકર ભગવંત છે."

ઈત્યાદિ ગાથાની વૃત્તિમાં—

" ये साधवः प्रजा-स्थानीयाः
राज-स्थानीयस्य तीर्थ-कृतः
आज्ञाम्-
नाऽनुपालयन्ति,
ते
प्राऽन्त-देवतयाऽपि छल्यन्ते, अपराधिन इव दण्ड्यन्ते. " इति ६

" પ્રજાસ્થાનીય જે સાધુઓ રાજાસ્થાનીય તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન કરતા નથી, તે પ્રાન્ત દેવતાઓએ કરીને છળાય છે-એટલે કે અપરાધિની માફક દંડિત કરાય છે. " ૬

≠ ૭ અને પ્રવચન વિરાધના—

જૈન શાસનના મૂળ આધારભૂત મુનિ અને ચૈત્ય ઉપર ઉપદ્રવ કરીને

---

* " राया इव तित्थ० । " इति-गाथा-चूर्णौ, :—

हु घोसणं सुत्तं,
मिच्छा यऽ-सज्झाओ,
रयण-धणा इव नाणा-ऽऽइ. ॥ ॥

अत्र—

राजा इव **तीर्थ-कृत्**,
जन-पदा इव-**साधवः**,
घोषणमिव **जिना-ऽऽज्ञा**;
रत्न-धनानीव **ज्ञाना-ऽऽदीनि** ।
किं च,
ये साधवः-**डे०**

ભાવાર્થ:—તીર્થંકર ભગવાન તે રાજા સમાન છે. એ ગાથાની **ચૂર્ણિમાં છે.**

સૂત્ર એ રાજાની ઘોષણા સમાન છે. અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય વિગેરે **મિથ્યાપ્રયાસ** રૂપ ઘોષણાનો ભંગ છે. **અને જ્ઞાનાદિક** રત્ન ધન સમાન છે. "

અહિં, " રાજા સમાન **તીર્થંકર ભગવાન** છે. **અને સાધુઓ** તેના તાબાના દેશો સમાન છે. **શ્રી જિનાજ્ઞા** રાજાની ઘોષણા સમાન છે. **અને જ્ઞાનાદિક** રત્ન ધન સમાન છે. "

વળી, જે સાધુઓ-૩૦

ચોરીના ધનને ટેકો આપવાથી, જૈન શાસનની વિરાધના થતી હોવાનું સ્પષ્ટ રીતે જ સમજી શકાય તેમ છે. ૭

≠ ૮. **ન શાસનની નિંદા થાય છે—**

એ પ્રમાણે "લોક વિરુદ્ધ કાર્ય કરનારા હોવા છતાં સર્વજ્ઞના પુત્રો તરીકે પોતાને ગણાવીને લોકોને ઠગનારા જૈનોનું દર્શન નકામું છે, માટે તેની સામે ન જોવામાં જ કલ્યાણ છે. કારણ કે–તેઓ સ્વપ્નામાં પણ સદાચારની ગંધ ય જાણતા નથી."

એ વિગેરે આ લોકના પણ મોટા–મોટા દોષોનો **સંભવ હોવાથી,** ઉપર જણાવેલા દુરાચારવાળા હોય, **તેનો સંસર્ગ–પરિચય–છોડી દેવો જ જોઈએ.**

ભાવાર્થ એ છે કે,—

"વિવેકી પુરુષોએ સત્સંગ જ કરવો જોઈએ."

≠ એ ઉપરથી સમજવાનું એ છે, કે–સાધુ[૬] અને ચૈત્યાદિના વેચાણ અને ચોરીમાંથી મળેલાં દ્રવ્ય વિગેરેના ભોગે કરીને ગ્રહસ્થો માટે તો ખુલ્લે ખુલ્લો અનાચાર છે જ.

તત્ત્વ એ છે, કે–ચોરી કરીને લાવેલા તેના ધનનો ભોગ કરવાથી તો પ્રસ્તાર[૭] કરીને પ્રાયશ્ચિત્ત વિધિ સંભવે છે. એટલે કે–પ્રાયશ્ચિત્ત કરવું પડે તેમ હોય છે." ૩૭

≠ હવે, જુદી જુદી જાતના ફળો બતાવવા દ્વારા તે સત્સંગને જ વિશેષ રીતે સમજાવે છે,—

ववहार–सुद्धी धम्म–मूलं साहूण संगया. ।

[श्राद्ध-दिन-कृत्ये गा. १५८]

"સાધુઓથી સંગત વ્યવહાર શુદ્ધિ ધર્મનું મૂળ છે."

"ववहार०" त्ति ।

મોહની મંદતાને લીધે યોગ્ય કામોની ટેવ પડવાથી,

સાધુઓથી સંગત=એટલે કે–આર્યસંગથી માન્ય કરાવેલી (અર્થાત્–શિષ્ટ પુરુષોએ માન્ય કરેલી).

વ્યવહારની શુદ્ધિ

ધર્મનું મૂળ[૧] છે.

હવે, તેની પ્રક્રિયા–વ્યવસ્થા–અઢી ગાથાઓ દ્વારા સમજાવવામાં આવે છે—

ववहारेण सुद्धेणं अत्थ–सुद्धी जओ भवे. ॥ ३८ ॥
अत्थेणं चेव सुद्धेणं आहारो होइ सुद्धओ, ।
आहारेणं तु सुद्धेणं देह–सुद्धी जओ भवे. ॥ ३९ ॥
सुद्धेणं चिव देहेणं धम्म–जोगो य जायइ, ।
जं जं कुणइ किच्चं तु, तं तं से स–फलं भवे. ॥ ४० ॥

[श्राद्ध-दिन-कृत्ये १५९, १६०, १६१]

" કેમ કે–શુદ્ધ વ્યવહારે કરીને અર્થ શુદ્ધિ થાય છે. શુદ્ધ ધને કરીને શુદ્ધ આહાર થાય છે, અને શુદ્ધ આહારે કરીને શરીર શુદ્ધિ થાય છે.

કેમ કે–શુદ્ધ શરીરે કરીને ધર્મનો જોગ મળે છે. તેથી, તે, જે જે કામો કરે છે, તે તે તેના કામો સફળ થાય છે." ૩૮, ૩૯, ૪૦

" अत्थेण० " त्ति, " सुद्धेणं " त्ति, व्याख्या–

સહેલી છે. પરંતુ,—

≠ **ધર્મયોગ** એટલે વિધિનો યોગ.

≠ લૌકિક અને લોકોત્તર માર્ગમાં વિધિના યોગે કરીને—

જે જે કામ કરે છે, તે તે તેના કામ સારા ફળોની પરંપરા આપનારા **થાય છે. ૩૮, ૩૯, ૪૦**

≠ તેની વિરોધિ–ખરાબ સોબત–વિષે હવે સ્પષ્ટીકરણ કરીને સમજાવે છે,—

अण्णहा[1], अ-फलं होइ, जं जं किच्चं तु सो करे. ।
ववहार–सुद्धि–रहिओ धम्मं खिंसावए सयं. ॥ ४१ ॥

[श्राद्ध-दिन-कृत्ये गा. १६२]

" તેનાથી વિરુદ્ધ વર્તન કરવાથી એટલે કે દોષવાળાનો સંસર્ગ રાખવાથી, તે જે જે કામ કરે, તે નિષ્ફળ જાય છે. માટે વ્યવહાર શુદ્ધિથી રહિત હોય, તે ધર્મની અને પોતાની નિંદા કરાવરાવે છે. ૪૧

" अण्णहा० " त्ति । व्याख्या–

≠ **અન્યથા** એટલે દોષવાળાના પરિચયથી,

≠ વ્યવહાર શુદ્ધિ રહિત શ્રાવક વિગેરે

જે જે કામ (કરે છે) તે તે–ધારેલું ફળ આપતું નથી, અથવા ઉલ્ટું ખરાબ–ફળ આપનારું

થાય છે.

તેનો ભાવાર્થ એ છે, કે—

તેમાં અવિધિનો યોગ હોય છે, તેથી એમ બને છે. (આ માટે આઠમી ગા૦માં આપેલી **ઉપદેશપદની** ત્રણ ગાથાનો ભાવાર્થ વાંચવો.)

≠ તેમ કરવાથી—આવો માણસ

ધર્મની ઉત્તમ ક્રિયાને અને

પોતાને—બાળકો દ્વારા પણ

નિંદાવે છે. ૪૧

≠ "એમ થાય—

(પોતાની અને ધર્મની નિંદા કરાવાય) તો શું નુકશાન થાય ?"

તેનો જવાબ આપે છે,—

"धम्म-खिंसं कुणंताणं अप्पणो वा परस्स वा ।
अ-बोही परमा होइ." इइ सुत्ते वि भासिअं. ॥ ४२ ॥

[श्राद्ध-दिन-कृत्ये गा. १६३]

"ધર્મની નિંદા કરાવનારાઓને પોતાને અને બીજાને પણ મહા અબોધિ પ્રાપ્ત થાય છે." એમ સૂત્રોને વિષે પણ કહ્યું છે. ૪૨

"धम्म०" त्ति । व्याख्या—

≠ એમ અજાણપણા વિગેરેમાં રહીને પણ

ધર્મની નિંદા કરતા અને કરાવનારાઓને ભવાંતરમાં ઘટતી રીતે—સંભવ પ્રમાણે—

મહા અબોધિ પ્રાપ્ત થાય છે.

≠ "ઉપલક્ષણથી, ધર્મની નિંદાના કારણે કરીને ઘણે ભાગે દુર્ભાગ્ય, દુઃખી સ્થિતિ, વ્યાધિ અને દુર્ગતિ વિગેરે દોષોની પરંપરાનો સંભવ થાય છે."

એમ સૂત્રમાં એટલે કે—છેદ સૂત્રમાં—તેના ભાષ્ય વિગેરે શાસ્ત્રોમાં પણ **કહ્યું છે. ૪૨**

≠ ઉપર નહીં જણાવેલા બીજા પણ દુષ્ટ સંસર્ગો છોડવાનું પ્રસંગથી હવે જણાવે છે,—

जुआरि-वेस-तक्कर-भट्ठा-ऽऽयारा [-ऽऽइ] कु-कम्म-कारोणं ।
पासंडि-मिहुणाणं संसग्गं धम्मिओ चयइ. ॥ ४३ ॥

" જુગારી, વેશ્યા, ચોર, ભ્રષ્ટાચારી વિગેરે કુ કર્મો કરનારાઓનો તથા પાખંડી અને નિહ્નવોનો સંસર્ગ ધાર્મિક પુરુષ કરતો નથી- તજી દે છે. ૪૩

" जुआरि० " त्ति । व्याख्या–

≠ **જુગારી, વેશ્યા, ચોર અને ભ્રષ્ટાચારી વિગેરે** લૌકિક અને લોકોત્તર સદાચારથી ભ્રષ્ટ થયેલા–જ્ઞાતિ બહાર અને પાસ તથા વિગેરે, દેવ–દ્રવ્યનું ભક્ષણ કરનારા, આદિ શબ્દથી નટો, નાચનારા, લુંટારા, શિકારી, કસાઈ[1], મચ્છીમાર વિગેરે સમજી લેવા.

" પ્રાકૃત ભાષાને લીધે **આકાર** થયો છે. (**भ्रष्टा-ऽऽचारा-ऽऽदि-"भट्ठा-ऽऽयारा"**)

≠ **દુષ્કર્મ કરનારા**=સંસાર વધારે તેવા અનેક દુષ્ટ કામો કરનારા પામર (હલકી કક્ષાના ચોર, લુંટારા વિગેરે) લોકોનો—

≠ **પાખંડી=બૌદ્ધ** વિગેરે,

≠ **નિહ્નવ=શાસ્ત્રો અને જીત વ્યવહારમાં** કહેલા અનુષ્ઠાનો કરવા છતાં, સ્વચ્છંદતા પૂર્વક ઉત્સૂત્ર બોલનારા એટલે કે–સૂત્ર વિરુદ્ધ બોલનારા–એટલે કે ઘણે[2] ભાગે બહારથી સારા દેખાતા દ્રવ્ય[3] સાધુઓ, એટલે કે–ખરા સાધુ-પણા વિનાના,

આથી કરીને, " લુંપાક અને સ્તનિક[4] વિગેરે નિહ્નવો નથી. " એમ નક્કી થાય છે (?)

≠ એ સર્વનો—

સંસર્ગ=સંવાસ, સહભોગ, આલાપ–સંલાપ અને પ્રશંસા વિગેરે રૂપ **સંસ્તવ** એટલે કે–પરિચય.

શ્રી ચંદ્રકુમારની જેમ

ધાર્મિકો=શ્રાવકો વિગેરે

છોડી દે, છોડી દે છે (રાખતા નથી).

≠ **કથા આ પ્રમાણે છે—**

" **કુશસ્થલ** નગરમાં **પ્રતાપસિંહ રાજા** છે. **સૂર્યવતી રાણી** છે.

મિથ્યાદૃષ્ટિ, ભ્રષ્ટાચારી અને નિંદિત કુળવાળા વિગેરે લોકોની સોબત નહીં રાખનાર, પરોપકારમાં તત્પર, ભાગ્યશાળી, શ્રી અરિહંત ભગવંતનો ભક્ત, સારો–સમજદાર, વિવેકી, ન્યાયપ્રિય, દાનાદિક ધર્મ આચરવામાં સદા કુશળ એવો **શ્રી ચંદ્રકુમાર** નામે તેઓને પુત્ર હતો.

દોગુંદક દેવોની માફક **ચંદ્રકળા** વિગેરે પોતાની સ્ત્રીઓ સાથે વિષય સુખ ભોગવતો ભોગવતો વખત પસાર કરતો હતો.

એક વખત, તે પોતાના ભાગ્યની પરીક્ષા કરવા પિતાની આજ્ઞા વિના જ જુદા-જુદા દેશોમાં ફરતા-ફરતા વનમાં **મદનસુંદરી** સાથે વિવાહ કર્યા પછી અનુક્રમે **સિદ્ધપુર નગરે** પહોંચ્યો.

તે નગરમાં, **શ્રીઋષભદેવ પ્રભુના** દેહરાસરમાં વંદન કરવા માટે ગયો. ત્યાં, તેણે, નિઃસ્તેજ મોઢાવાળા, ક્ષીણ સંતાનોવાળા, સુગ વગરના (તોછડા), નિર્ધન એવા ત્યાંના નાગરીકોને જોઇને, પોતાની બુદ્ધિથી દેવ-દ્રવ્યના વિનાશની શંકા તેના મનમાં થઈ, **અને** *(તે ઉપરથી) પૂજારી વિગેરેને શહેરનું સ્વરૂપ પૂછ્યું.*

ત્યારે તેઓ એ કહ્યું, કે,—

"હે! ભાગ્યવંત પુરુષ! પહેલાં તો આ શહેરમાં અદ્‌ભુત મહિમા ધરાવતા **શ્રી ઋષભદેવ** પ્રભુના ચતુર્મુખ દેહરાસરમાં યાત્રા કરવા માટે સર્વદિશાઓમાંથી આવેલા લોકોએ દેવ-ભંડાર ખૂબ વધાર્યો હતો. સંઘ ગયા પછી અહિંના દરેક લોકોએ એકઠા મળીને, તે ધન વહેંચી લઈ, ઘર વિગેરેમાં-અવિધિથી-વાપર્યું. જેથી કરીને, ચેપી રોગની માફક આખું શહેર બગાડી નાંખ્યું—અપવિત્ર કર્યું.

તેથી કરીને, આ આખું શહેર શોભા રહીત, નિર્ધન, અભાગિયાપણું, ધંધા રહીતપણું અને તોછડાપણું વિગેરે દોષોથી દોષિત થઈ ગયેલું છે.

માટે, તમારા મનમાં જે અનુભવ થયો છે, તે સંશય વિગેરે દોષો વિનાનો અને તદ્દન સાચો હોવાથી, પ્રશંસા પાત્ર છે."

એમ સાંભળીને, હૃદયમાં અનુકંપા ધારણ કરી, **શ્રી ચંદ્રકુમાર** શહેરના ચૌટામાં આવ્યો, અને શહેરના વૃદ્ધ પુરુષોની આગળ બધા દોષોનું કારણ સમજાવ્યું.

"કહ્યું છે, કે—

"प्रासादो दृश्यते जीर्णः, प्रत्य-ऽवाय-पदं धनम्, ।
ऋणं सर्वम ऽ-भव्यं प्राग्, देव-ऽर्णं त्वऽ-शुभा-ऽ-शुभम् ॥"
[ ]

"મહેલ, (મકાન) જુનો દેખાય છે, ધન આપત્તિઓનું સ્થાન છે. જુનુ દેવું બધું ખરાબ છે. પરંતુ દેવનું દેવું તો અશુભમાં-અશુભ છે."

શ્રી આગમમાં પણ કહ્યું છે, કે—

"भक्खणे देव-दव्वस्स, पर-त्थी-गमणेण य ।
सत्तमं णरयं जंति सत्त-वाराओ गोय मा? ॥"
[ ]

" દેવ-દ્રવ્યનું ભક્ષણ કરવાથી અને પરસ્ત્રી ભોગવવાથી હે ગૌતમ ! સાતવાર સાતમી નરકમાં જવાય છે."

≠ આમ હોવાથી, નિર્ધનપણું વિગેરે દોષો વધારનારા દેવ-દ્રવ્યના દેવામાંથી છુટી જવા માટે ઉત્સાહ પૂર્વક પ્રયાસો કરવામાં (તમારે સૌએ) લાગી જવું જોઇએ."

એ સાંભળીને, તે પાપથી ભય પામી, દેવ-દ્રવ્યના ધનથી પહેલાં મેળવેલું બધું યે ધન વધારા સાથે ચૈત્યને આપી દીધું. બાકીનું ધન આપવાની ઇચ્છાથી જાતુ દેવું આપવા પૂર્વક સારા ધંધા કરવા લાગ્યા, અને અનુક્રમે આ લોકમાં અને પરલોકમાં સુખી થયાં.

અને કેટલાકે ગફલતમાં રહી એમ ન કર્યું, તેથી તેઓ બહુ દુઃખી થયા.

ત્યાર પછી, **શ્રી ચંદ્રકુમાર** પણ દુષિત આહાર વિગેરેથી દુષ્ટ તે શહેરને છોડી દઇ, પત્નીઓ સાથે બીજે ગામ જઈ ને ભોજન કર્યું.

ત્યાર પછી, અનુક્રમે અનેક રાજ્યોના સુખ ભોગવી મોક્ષ માર્ગની આરાધના કરી મોક્ષમાં ગયાં."

શ્રી ચંદ્ર-કેવલિ ચરિત્રને અનુસારે.

≠ દેવ વિગેરે દ્રવ્યના વિનાશની શંકા હોય તો પણ તેના ઘરનો દેવતા (ઇંધણ-લાકડા) પણ શ્રાવક વિગેરેએ ન લેવાં જોઇએ.

વધારે તો શું કહેવું ?

≠ આમ હોવા છતાં કદાચ કુટુમ્બાદિકના દબાણથી શ્રાવકને તેને ઘેર જમવું પડયું હોય, ત્યારે દેવ-દ્રવ્યના ભક્ષણની ટેવ ન પડી જાય, માટે જેટલું ભોજન કર્યું હોય, તે અનુસારે દેવ-દ્રવ્ય વિગેરેમાં તેથી વધારે ભેળવીને નકરો મુકવો જ (અને બોજા રહીત થવું). એમ કરવાથી " અતિચાર દોષ પણ લાગે નહીં. "

શ્રી પ્રશ્નોત્તર સમુચ્ચયના ચોથા પ્રકાશમાં પૂજ્ય પાદ શ્રી હિરવિજયસૂરિજી મહારાજાએ કહ્યું છે, કે—

" તથા,

" દેવ-દ્રવ્ય-ભક્ષક-ગૃહે-

જેમનાય

ગન્તું કલ્પતે ? નવા ? " ઇતિ ।

" ગમને વા-

તજ્-જેમન-નિષ્ક્રય-દ્રવ્યસ્ય

દેવ-ગૃહે

મોક્તુમુચિતમ્ ? ન વા ? " । ઇતિ ।

" अत्र,
मुख्य-वृत्त्या-
तद्-गृहे
भोक्तुं नैव कल्पते,
यदि,
कदा-चित्-
पर-वशतया-
जेमनाय याति,
तथाऽपि-मनसि स-शूकत्वं रक्षति,
न तु-
निःशूको भवति ।
जेमन-निष्क्रय-द्रव्यस्य
देव-गृहे मोचने तु विरोधो भवति,
ततः—
तदा-ऽऽश्रित्य
दक्षत्वं विलोक्यते,-
यथा,-
अग्रे-अन-ऽर्थ-वृद्धि र्न भवति,
तथा-
प्रवर्तते । " इति ।

" तथा,

" દેવ-દ્રવ્યનું ભક્ષણ કરનારને ઘેર જમવા જવાનું કલ્પે ? કે નહી ? "

" કદાચ જમવા જવાય, તો તે જમણના ખર્ચનું દ્રવ્ય દહેરાસરમાં મુકી દેવું યોગ્ય છે ? કે નહીં " ?

આ પ્રસંગમાં મુખ્ય રીતે તો-તેને ઘેર જમવું કલ્પતું જ નથી. અને કદાચ બીજાના દબાણથી તેના ઘેર જમવા જવું પડયું હોય, તો પણ મનમાં કંટાળો રાખે, આનંદ ધારણ ન કરે. (" જમવું પડયું છે, તે ઘણું જ ખોટું કર્યું છે," એમ મનમાં માને.)

જમવાના નકરાનું ધન દહેરાસરમાં મૂકવામાં આવે, તો વિરોધ થાય, તેથી આ પ્રસંગને આશ્રયીને ડહાપણથી કામ લેવું-જેથી કરીને આગળ ઉપર અનર્થની વૃદ્ધિ ન થાય, તે રીતે (સમજીને પરિસ્થિતિનો વિચાર કરીને) વર્તવું.

≠ એ પ્રમાણે જ્ઞાન દ્રવ્યની બાબતમાં પણ સમજી લેવું.

≠ એ પ્રમાણે મુ-સાધુઓએ પણ તેવી નિશ્રાના આહાર વિગેરે પણ ન લેવા.

છુટકે પાનામાં કહ્યું છે, કે,

" जिण-दव्व-रिणं जो धरइ तस्स गेहम्मि जो जिमइ सड्ढो, ।
पावेणं परिलिंपइ, गेह्नंतो वि हु जई भिक्खं. ॥

" દેવ દ્રવ્યનો જે દેણદાર હોય, તેને ઘેર જે શ્રાવક જમે, તો તે પાપથી લેપાય છે, અને ભિક્ષા ગ્રહણ કરનાર સાધુ પણ (પાપથી લેપાય છે.)"

≠ **અહિં રહસ્ય એ છે, કે,—**

ધર્મ શાસ્ત્રને અનુસારે અને લોક વ્યવહારને અનુસારે પણ " પરિવાર સહિત શ્રાવકને માથે જ્યાં સુધી દેવાદિકના દ્રવ્યનું દેણું ઉભું હોય છે, ત્યાં સુધી, શ્રાવક વગેરે સંબંધિ ધનાદિ સર્વ પરિગ્રહ દેવાદિ સંબંધિ છે." એમ સુવિહિત પુરુષો વ્યવહાર કરે છે. કેમ કે-તે (દેવાદિદ્રવ્ય)ની સાથે મિશ્રણ થયેલું હોવાથી (દેવાદિકનું દ્રવ્ય છે.) એમ ગણાય છે.

આ વાત પૂજ્યપાદશ્રી **ધનેશ્વરસૂરિજી** મહારાજશ્રીએ **શ્રી શત્રુંજય મહાત્મ્યના પાંચમા સર્ગમાં** કહ્યું છે, કે—

" यथाऽन्ने विष-संसर्गो, दुग्धे काञ्जिक-संगमः, ।
तथाऽऽत्मनो धनेनोच्चैः संसर्गो गुरु-संपदः ॥ [६२५]

" જેમ અન્નમાં ઝેર ભળે, દુધમાં જેમ છાશ (ખટાશ-મેળવણ) ભળે, એ પ્રકારે પોતાના ધનની સાથે (ઉચ્ચ) ગુરુઓની સંપત્તિનો સંસર્ગ સમજવો."

" વિષના સંસર્ગથી જેમ અનાજ વિગેરે તેવું થઈ જાય છે, તે પ્રકારે અનાભોગ (અજાણપણું) વિગેરે કારણોથી દેવાદિદ્રવ્ય સાથેના સંસર્ગથી પોતાનું ધન પણ તેના જેવું થઇ જાય છે." **એ ભાવાર્થ છે.**

≠ આ કારણે, **શ્રી આગમોમાં** નિષેધ કરેલો હોવાથી સૂગવાળા (પાપથી ભય પામી દૂર રહેવા ઇચ્છનારા) એ પ્રાણાંતે પણ તેનો ઉપભોગ નહીં કરવો જોઇએ. પરંતુ શુદ્ધ એવા તેનો વિવેકાદિકે કરીને ભવિષ્યમાં કહેવાનો છે-તે વિધિએ કરીને-વપરાશ કરવો જોઇએ.

≠ આથી કરીને, આ વ્યવહાર **માર્ગનુસારી** તરીકે નક્કી થયેલો હોવાથી, સર્વ ઠેકાણે-સઘળીયે બાબતોમાં રાખવો જોઇએ.

≠ એમ (માર્ગાનુસારિપણાએ કરીને પણ સિદ્ધ) હોવાથી

"संवत् १७४३ वर्षे–
वेशाख–सुदी ३ दिने कोईए इम कहियुं, जे–
"पहिलां
देव–द्रव्य वापरियुं छे,
पछी तेहने घरिं संघ
आहारा–ऽऽदि ग्रहे,
तेहने दोष नहीं,
जे माटि–
देव–द्रव्य वावरवानुं आंतरुं पडियुं छे ।
बीजुं–
वर्तमान–काले–
देवके द्रव्ये आहारा–ऽऽदिक निपज्या होय, ते–संघने न कल्पे,
तेथी,
देव–द्रव्यना वावरनारने
जिहां सुधी–
संघे मिली संघ बहार नथी काढ्यो,
तिहां सुधी–
चतुर्विध–संघने आहारा–ऽऽदिक परिचय करतां
दोष नथी ।"

"સંવત્ ૧૭૪૩ ના વર્ષે વૈશાખ શુદ ૩ ના દિવસે કોઇએ એમ કહ્યું, કે—

"પહેલા દેવ દ્રવ્ય વાપર્યું છે, પછી તેને ઘેરથી સંઘ વિગેરે આહાર ગ્રહણ કરે, તો તેનો દોષ લાગે નહીં. કેમ કે—

દેવ દ્રવ્ય વાપરવામાં ઘણા વખતનું આંતરું પડી ગયેલું હોય છે.

બીજું—

વર્તમાન કાળમાં–દેવ–દ્રવ્યથી ઉત્પન્ન થયેલો આહાર હોય, તે સંઘને ન કલ્પે, તેથી દેવ–દ્રવ્યના વાપરનારને સંઘે મળી સંઘ બહાર ન કર્યો હોય, ત્યાં સુધી ચતુર્વિધ સંઘને આહારાદિકનો પરિચય (ઉપયોગ) કરવામાં દોષ નથી."

પોતાને પંડિત માનનાર પંચાંગી અને પરંપરાથી વિરુદ્ધ આ પ્રમાણે બોલનારની વાત ટકી શકતી નથી. (ખોટી ઠરે છે.)

≠ આ પ્રકારે હોવાથી,

પોતાની પૂજા વિગેરે મેળવવા માટે, અને પાસત્થા વિગેરેને રાજી રાખવા માટે, જે ઉસૂત્ર બોલે છે, તેવા દુર્લભ બોધિનું દર્શન પણ સામે જઇને કરવું સજ્જન પુરુષોને યોગ્ય નથી. કેમકે–તે પણ સંસારનું કારણભૂત બની જાય છે.

શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ મૂળ શુદ્ધિ પ્રકરણમાં કહે છે, કે—

" [૧૦] પરિવાર–પૂઅ–હેઊ, પાસત્થાણં ચ અણુવત્તીએ, ।
જો ણ કહેઇ વિસુદ્ધં, તં દુલ્લહ–બોહિઅં જાણ. ॥ "

[મહેસાણા-ઉપાશ્રયની હસ્તલિખિત પ્રતમાં]

" પોતાના પરિવારના સત્કાર વિગેરે માટે, અને પાસત્થાઓને રાજી રાખવા માટે, જે શુદ્ધ ધર્મ કહેતો નથી, તેને દુર્લભ બોધિ જાણી લેવો."

આવશ્યક ભાષ્યમાં પણ કહ્યું છે, કે—

" [૧૧] જો જિણ-વયણુત્તિણ્ણં વયણં ભાસંતિ, જે ઉ મણ્ણંતિ, ।
સમ્મ–દિટ્ઠીણં તદ્–દંસણંડપિ સંસાર–વુડ્ઢિ–કરં. ॥ "

" જેઓ જિનેશ્વર ભગવાનના વચનથી અસંગત વચન બોલે છે, અને જેઓ તે માને છે, તેનું દર્શન કરવું, તે પણ, સમ્યગ્ દૃષ્ટિ જીવોને સંસારની વૃદ્ધિનું કારણ થાય છે."

≠ હવે, (દોષ દ્વારનો) ઉપસંહાર કરે છે,— ૪૩

તમ્હા–
સવ્વ–પયત્તેણં–
તં તં કુજ્જા વિઅક્ખણો, ।
જેણ–
ધમ્મસ્સ ખિંસં તુ
ણ કરેઇ અ–બુહો જણો. ॥૪૪॥

[શ્રાદ્ધ-દિન-ગા. ૧૬૪]

" માટે, વિચક્ષણ પુરુષે સર્વ પ્રયત્ન પૂર્વક તે તે કરવું જોઇએ, કે,–જેથી અબુધ લોક જૈન શાસનની નિંદા તો ન જ કરે." ૪૪

" તુમ્હા૦" ત્તિ । વ્યાખ્યા–

≠ માટે, વિવેકી પુરુષોએ સર્વ શક્તિથી તે તે રીતે વર્તવું જોઇએ, કે–જેથી, અરિહંત ભગવાનના શાસનની બાળ(જીવો) પણ (નિંદા ન કરે, પરંતુ) તે તે રીતે પ્રશંસા કરે,–ફેલાવે.

એમ ગાથાનો અર્થ છે.

≠ કેમ કે—

શ્રી જૈન શાસનની પ્રભાવના કરવાથી તીર્થંકરપણું વિગેરે ફળો પ્રાપ્ત થાય છે.

કહ્યું છે, કે—

" [1] अ–पुव्व–णाण–गहणे, सुअ–भत्ती, पवयणे पभावणया, ।
एएहिं कारणेहिं तित्थ–यरत्तं लहइ जीवो. ॥ ॥ "

[ ]

" નવું નવું (સમ્યગ્) જ્ઞાન ગ્રહણ કરવું. શ્રુત જ્ઞાનની ભક્તિ કરવી, અને જૈન શાસનની પ્રભાવના કરવી. એ કારણોથી જીવ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે."

तथा,

" [2] भावना मोक्ष–दा तस्य,
स्वा–ऽन्ययोश्च प्रभावना । " इति

" [3] प्रभावना च–
स्व–तीर्थोन्नति–हेतु–चेष्टासु
प्रवर्तना–ऽऽत्मिका । " इति–यावत् "

" ભાવના તો તેને મોક્ષ આપનારી છે. અને પ્રભાવના તેને અને બીજાને પણ મોક્ષ અપાવનારી છે." (એમ સમજવું)

પ્રભાવના એટલે પોતાની અને જૈન શાસનની ઉન્નતિ કરવા રૂપ પ્રવૃત્તિઓમાં સારી રીતે પ્રવૃત્તિ કરવા રૂપ હોય છે." ત્યાં સુધીનો અર્થ (ભાવાર્થ) સમજવો છે. ૪૪

૫. દોષદ્વાર સમાપ્ત.

૬. પ્રાયશ્ચિત્ત દ્વાર.

≠ આલોચનાએ કરીને દોષની શુદ્ધિ કરવાનું હવે જણાવે છે,–

पक्खिय-चाउम्मासिय आलोयण णियमओ य दायव्वा. ।

गहणं अभिग्गहाण य पुव्व-गाहिए णिवेएउं. ॥४५॥

[પંચાશક ૧૫-૨૦]

" પાક્ષિકમાં અને ચોમાસીમાં અવશ્ય આલોચના દેવી જોઇએ. પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોનું નિવેદન કરીને અભિગ્રહો પણ ગ્રહણ કરવા જોઇએ." ૪૫

" पक्खिय० " । વ્યાખ્યા–

≠ **च** શબ્દથી વાર્ષિકી વગેરે આલોચના કરવી.

≠ **શ્રી આવશ્યક નિર્યુક્તિને** અનુસારે–

પક્ષ વિગેરેને અંતે=પાપભિરુ આત્માએ

સામાન્યથી પણ ગુરુ પાસે

આલોચના

અવશ્ય

દેવી જ જોઇએ.

≠ પ્રતિક્રમણ પ્રાયઃ ત્યાર પછી કરવું જોઇએ.

તેમ કરવાથી પ્રાયશ્ચિત્ત વિધિથી શુદ્ધ થતો ભવ્ય આત્મા આરીસાની પેઠે ઉજળો ઉજળો થાય છે.

જો તેમ કરવામાં ન આવે, તો વચ્ચે ઘણો વખત વીતિ જવાથી રોગાદિ[૨] ચારની[૩] પેઠે ગુણોનો નાશ કરનારા સૂક્ષ્મ એટલે કે–નાના નાના દોષો પણ વધી ગયા પછી દૂર કરવા અશકય બની જાય છે.

શ્રી ભગવતી સૂત્ર (વૃત્તિ) વિગેરેમાંથી સાંભળવામાં આવે છે, કે—

" अना-ऽऽलोचित-

अ-प्रतिक्रान्त-कर्माणः

तुच्छमेव फलं लभन्ते । "

" જેઓ કર્મોના આલોચના અને પ્રતિક્રમણ કરતા નથી, તેઓ ક્રિયાનું ફળ તુચ્છ મેળવે છે. (ક્રિયાનો બરાબર લાભ મેળવી શકતા નથી.) "

≠ આ કારણે–" વિશેષ દોષોનો સંભવ જણાય ત્યારે આલોચના પૂર્વક શ્રી ગુરુમહારાજ પાસેથી પ્રાયશ્ચિત્ત લેવું જોઇએ." એ રહસ્ય છે. ૪૫

શ્રી શ્રાદ્ધજીતકલ્પ અને **શ્રી પંચાશક** વિગેરેમાંથી તે (પ્રાયશ્ચિત્ત) નો વિધિ બતાવવામાં આવે છે.—

एत्थं पुण एस विही, :–अरिहो, सु–गुरुम्मि, दलइ अ, कमेण– ।
आ–सेवणा–ऽऽइणा खलु, सम्मं दव्वा–ऽऽइ–सुद्धस्स. ॥४६॥

[पञ्चाशक १५-८]

" અહિં, એ (નીચે પ્રમાણે) વિધિ બતાવવામાં આવે છે,– પ્રાયશ્ચિત્તને યોગ્ય, સદ્ગુરુમાં, આપે છે, આસેવના વિગેરેનો અનુક્રમ, સારી રીતે, દ્રવ્યાદિની શુદ્ધિ પૂર્વક." ૪૬

" एत्थं पुण एस० " । વ્યાખ્યા–

≠ **નીચે પ્રમાણે** આલોચનાનો **વિધિ અહિં** સમજવો.

≠ તે આ પ્રમાણે છે—

(૧) **યોગ્ય**=આલોચના કરનાર.

(૨) **ગુરુ વિષે**=છેદ શાસ્ત્રોમાં કહેલા ગુણો યુક્ત આલોચના કરાવનાર ગુરુ આગળ આલોચના

(૩) **આપે છે.**

(૪) **ક્રમે કરીને**=અનુક્રમો પૂર્વક
" કેવા અનુક્રમોએ કરીને ? "
દોષ સેવવા વિગેરેના અનુક્રમોએ કરીને,
આદિ શબ્દથી આલોચનાનો પણ અનુક્રમ સમજી લેવો. એટલે કે—
" આસેવના ક્રમે કરીને અને આલોચના ક્રમે કરીને. "

(૫) તથા, **સારી રીતે**=આકુટ્ટિકા વિગેરે મનના ભાવ બરાબર સારી રીતે સ્પષ્ટ કરવા પૂર્વક,

(૬) **દ્રવ્ય વિગેરેની બરાબર શુદ્ધિ રાખીને**, એટલે કે–" દ્રવ્યાદિક પણ ઉત્તમ હોવા જોઇએ." ૪૬

≠ હવે, (પહેલું) **અર્હ** એટલે **યોગ્ય** દ્વારનું વિવરણ કરવામાં આવે છે,—

संविग्गो उ, अ–माई, मइमं, कप्प–ट्ठिओ, अणा–ऽऽसंसी, ।
पण्णवणिज्जो, सड्ढो, आणा–ऽऽयत्तो, दुक्कड–तावी. ॥४७॥

तव्विहि-समुस्सुगो खलु, अभिग्गहा-ऽऽसेवणा-ऽऽइ-लिंग-जुओ,।
आलोयणा-पयाणे जुग्गो, भणिओ-जिणिंदेहिं. ॥४८॥ [जुम्मं]

[પञ્ચાશક-૧૫ ગા. ૧૨-૧૩]

" સંવિગ્ન-વૈરાગી,
માયા કપટ વગરનો,
વિવેકી,
આચાર પાળવામાં દૃઢ-સ્થિર,
લાલચ વગરનો,
સમજાવી શકાય એવો,
શ્રદ્ધાળુ,
આત્મામાં વશવર્તી,
પાપથી દુઃખી રહેનારો,
આલોચના વિધિ માટે તત્પર,
અભિગ્રહનું પાલન કરવા વિગેરેના ચિન્હો ધરાવનાર,
હોય,—
તેને શ્રી જિનેશ્વર ભગવંતોએ આલોચના દેવાને યોગ્ય કહ્યો છે." ૪૭, ૪૮.

" संविग्गो० " " तव्विहि० " त्ति । व्याख्या-

≠ ૧. **સંવિગ્ન**=એટલે કે " સંસારથી વિરક્ત હોવાને લીધે આલોચના દેવામાં યોગ્ય હોય છે. "

એવો જ આત્મા દુષ્કર કામો પાર પાડવાની મનોવૃત્તિ ધરાવતો હોવાથી તેને આલોચના લેવાનું સહેલું[1] થાય છે.

કહ્યું છે, કે-

" अवि राया चए रज्जं, ण य दुच्चरियं कहइ । "

[પञ્ચાશકનો ટીકા]

" રાજા રાજ્ય[2] છોડી શકે છે, પણ પોતાનું દુશ્ચરિત્ર કહી શકાતું નથી. "

≠ ૨. તથા, **માયા રહિત** એટલે કે કપટ વગરનો. કપટી માણસ પોતાનું દુષ્કૃત્ય, જે રીતે-ખરેખરી રીતે એ હોય, તે રીતે કહી શકતો નથી.

≠ ૩. **બુદ્ધિશાળી** એટલે **વિવેકી.**

વિવેક વગરનો હોય, તે આલોચનાદિકનું સ્વરૂપ પણ જાણતો નથી હોતો.

≠ ૪. **કલ્પમાં રહેલો** એટલે કે **સ્થવિર** વિગેરે કલ્પમાં રહેલો. અથવા **શ્રાદ્ધ** એટલે **શ્રાવકની સામાચારીમાં** વ્યવસ્થિત રીતે રહેતો હોય.

જે એવો ન હોય, તેને અતિચારોથી મનમાં દુઃખની લાગણી ન હોય.

(એટલે કે-અતિચારોનો ગભરાટ ન હોય.)

≠ ૫. **અનાશંસી**=એટલે કે લાલચ વગરનો.

આચાર્ય વિગેરેની આરાધનાથી કોઇ પણ જાતની (દુન્યવી) લાલચ ધરાવનાર ન હોય.

લાલચ રાખનાર માટે સર્વ અતિચારોની આલોચના અસંભવિત હોય છે. લાલચ પણ અતિચાર રૂપ જ છે.

≠ ૬. **સમજાવવા યોગ્ય**=એટલે કે-હઠાગ્રહ વગરનો હોય, ગુરુને આધિન રહેતો હોવાથી તે સહેલાઇથી સમજાવી શકાય તેવો હોય છે.

તે સિવાયનો એટલે કે-હઠાગ્રહી પોતાના આગ્રહમાં દૃઢ રહી, અકાર્ય કરવાથી અટકતો નથી.

≠ ૭. **શ્રાદ્ધ**=એટલે કે શ્રદ્ધાળુ.

એવો જ આત્મા ગુરુએ કહેલી શુદ્ધિ ઉપર શ્રદ્ધા-વિશ્વાસ રાખે છે.

≠ ૮. **આજ્ઞાને આધીન**=એટલે કે હિતસ્વી પુરુષોના ઉપદેશ પ્રમાણે ચાલનાર.

એવો જ આત્મા ઘણે ભાગે પાપ કરતો નથી.

≠ ૯. **દુષ્કૃત-તાપી**=એટલે કે-"અતિચાર સેવવા રૂપ **દુષ્કૃત્યથી, તપે** એટલે કે પશ્ચાત્તાપ કરે."

તે દુષ્કૃત-તાપી.

એવો જ આત્મા બરાબર રીતે અતિચારોની આલોચના કરી શકે છે.

≠ ૧૦. **તેની વિધિમાં સમુત્સુક**=એટલે કે-

વિધિપૂર્વક આલોચના કરવામાં બરાબર સાવધાન હોય.

એવો જ આત્મા આલોચનાની અવિધિનો સાવધાની પૂર્વક ત્યાગ રાખી શકે છે.

≠ ૧૧. **અભિગ્રહનું પાલન કરવા વિગેરે નિશાનીઓથી યુક્ત.**

દ્રવ્યાદિનો નિયમ કરવો, કરાવવો અને અનુમોદના કરવી, વિગેરે આલોચનાને યોગ્ય લિંગોથી–એટલે કે નિશાનીઓથી–યુક્ત હોય.

≠ આવો ભવ્ય આત્મા

આલોચના દેવામાં

યોગ્ય એટલે અર્હ

શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યો છે. ૪૭, ૪૮.

≠ હવે, આલોચનાના ગુરુદ્વારનું વિવરણ કરે છે,—

आयारवमो[म्, ओ]हारव, ववहारु[र-उ]व्वीलए, पकुव्वी य ।
अ-परिस्सावी, णिज्जव, अ-वाय-दंसी गुरु भणिओ. ॥४९॥

[पञ्चाशक १५-२४]

“આચારવાળા, અવધારણશીલ એટલે કે-સારી યાદ શક્તિવાળા, વ્યવહારના જ્ઞાતા, લજ્જાનો ત્યાગ કરાવનાર, સારી રીતે શુદ્ધિ કરાવનાર=પ્રકુર્વી, અપરિશ્રાવી, નિર્યાપક, અપાયદર્શી એટલે ભવિષ્યની મુશ્કેલીઓ જાણનાર, હોય, તેને (આલોચના દેવા લાયક) ગુરુ તરીકે કહ્યા છે.” ૪૯

“आयार०” त्ति । व्याख्या–

≠ ૧. આચારણવાળા= જ્ઞાનવંત અને આસેવના એટલે કે આચારના પાલન વડે કરીને, જ્ઞાનાદિ (પાંચ) આચારોથી યુક્ત હોય,

આવા જ ગુરુ ગુણી હોવાથી, તેમનું વાકય શ્રદ્ધા પાત્ર બની રહે છે.

≠ ૨. અવધારણવાળા= આલોચકે (પોતાના) કહેલા અપરાધોને બરાબર યાદ રાખનાર.

આવા જ ગુરુ દરેકે દરેક અપરાધો બરાબર યાદ[1] રાખવામાં સમર્થ થાય છે.

≠ ૩. વ્યવહારવાળા= એટલે કે—

૧ આગમ વ્યવહાર,

૨ શ્રુત વ્યવહાર,

૩ આજ્ઞા વ્યવહાર,

૪ ધારણા વ્યવહાર,

૫ જીત વ્યવહાર,

એ પાંચમાંથી કોઇપણ વ્યવહારમાં રહેલા હોય.

આવા ગુરુ બરાબરની શુદ્ધિ કરાવવામાં સમર્થ થાય છે.

વર્તમાન કાળે પાંચમો (જીત) વ્યવહાર મુખ્ય છે.

≠ ૪. **લજ્જા દૂર કરાવનાર**–અપવ્રીડક એટલે કે, શરમથી પોતાના દોષો છુપાવતો હોય, તેને સુંદર ઉપદેશ આપીને, પોતાના દોષો કહેવાની શરમ છોડાવી દેનાર હોય છે.

આવા જ ગુરુ આલોચના કરનારને ઘણા જ ઉપકારી થાય છે.

≠ ૫. **પ્રકુર્વી**= અતિચાર દોષોની આલોચના કર્યા પછી, પ્રાયશ્ચિત્ત દેવા પૂર્વક ઉત્તમ પ્રકારની શુદ્ધિ કરાવે, તે ગુરુ પ્રકુર્વી કહેવાય.

આચારશીલપણું વિગેરે (ઉપર જણાવેલા) ગુણો ધરાવવા છતાં, કોઇ (ગુરુ મહારાજ) શુદ્ધિ એટલે પ્રાયશ્ચિત્ત દેવાનું સ્વીકારતા નથી હોતા.

તેનાથી જુદાપણું બતાવવા માટે **પ્રકુર્વી** ગુણ બતાવવામાં આવ્યો છે.

≠ ૬. **અપરિશ્રાવી**=" આલોચના કરનારે કહેલા (પોતાના) અપકૃત્યો બીજા[૨] કોઇને ન જ જણાવે. "

એવા (દૃઢ ગુરુ) **અપરિશ્રાવી** કહેવાય છે.

આ સિવાયના હોય, તે (તેના અપકૃત્યો) બીજાને જણાવી દેવાથી, તેને (લોકમાં) હલકો પાડી નાંખે છે. (દોષ બહાર પડવા ન દે, ગુપ્ત રાખે.)

≠ ૭. **નિર્યાપક**=બરાબર નિર્વાહ કરે, એટલે કે–" જેની જે પ્રમાણે શક્તિ હોય, તેને તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે છે. " એ અર્થ છે.

≠ ૮. **અપાયદર્શી**=એટલે કે, અપાયોને જોનાર.

અપાયો એટલે કે, દુકાળ, દુર્લાભપણું વિગેરે, આ લોકના અનર્થોને જાણે, અથવા

અતિચાર દોષવાળા જીવોને ભવિષ્યમાં દુર્લભ–બોધિપણું વિગેરે થતા નુકશાનો સમજાવે, તે **અપાયદર્શી.**

એટલા જ માટે આ (વા ગુરુ) આલોચના કરનારના ઉપકારી બને છે.

≠ **ઉપલક્ષણથી—**

ગીતાર્થ પણું,

પરોપકાર કરવામાં તત્પરપણું,

માપી[૩] લેવાની–અનુમાન કરવાની–કુશળતા,

સરળતા એટલે કે નિષ્કપટીપણું.

વિગેરે (ગુરુના) બીજા ગુણો પણ સમજી લેવા.

તેમાં—

ગીતાર્થ પણું એટલે અભ્યાસ પૂર્વક **નિસીથ સૂત્ર** વિગેરે શ્રુતના-શાસ્ત્રના ધારણ કરનાર.

અનુમાપક પણું—એટલે અનુમાન કરવાની કુશળતા, એટલે કે ઇંગિત આકાર વિગેરેથી બીજાના મનની સ્થિતિનો નિર્ણય કરવાની કુશળતા ધરાવનાર.

≠ એ વિગેરે ગુણોને ધારણ કરનાર ગુરુને પ્રાયશ્ચિત્ત દેવાને યોગ્ય ગુરુ તરીકે-જિનેશ્વર ભગવંતોએ કહ્યા છે.

≠ ઉપર બતાવેલા ગુણોમાં **આચારવાળાપણું** વિગેરે ગુણો આલોચના કરવા યોગ્ય ગુરુના ઉપલક્ષણ રૂપે છે, તેથી કરીને—

"શુદ્ધિ કરાવવાની શક્તિ ધારણ કરવા સાથે **ગીતાર્થ પણું** જેનામાં હોય, એ (આ પ્રસંગમાં) ગુરુ છે

એમ તેનું લક્ષણ સિદ્ધ થાય છે."

"આથી કરીને, **પાસત્થા** વિગેરે પણ (આ વિષયમાં) તેના ગુરુ લક્ષ્ય તરીકે ઘટે છે.

એટલે કે-ઉત્તર ગુણોથી શૂન્ય હોય તેવા ગુરુ ઘણે ભાગે શુદ્ધિ કરાવવામાં સમર્થ થઇ શકતા નથી." એ અર્થ નીકળે છે.

≠ એમ હોવાથી—

"**જઘન્યથી** એ વિગેરે ગુણો યુક્ત (ગુરુ હોવા જોઇએ)

ઉત્કૃષ્ટથી છત્રીસ વિગેરે ગુણો ધરાવતા હોય, તેને ગુરુ સમજવા."
એ તત્ત્વ છે. ૪૯

≠ આલોચના આપવા યોગ્ય આચાર્યની સમજ હવે—

ઉત્સર્ગ અને **અપવાદે** કરીને આપે છે,-

आयरिया-ऽऽई स-गच्छे, संभोइअ, इअर, गीय-पासत्थे, ।
सा-रूवी, पच्छा-कड, देवय, पडिमा, अरिह, सिद्धो. ॥५०॥

[ ]

"પોતાના ગચ્છના આચાર્ય વિગેરે, સાંભોગિક ગચ્છના આચાર્ય વિગેરે, બીજા ગચ્છના આચાર્ય વિગેરે, ગીતાર્થ પાસત્થા, સારૂપિક,

પશ્ચાત્ કૃત, દેવતા, પ્રતિમા, અરિહંત-ભગવંત અને સિદ્ધ ભગવંતો (પાસે આલોચના કરવી). ૫૦

"આયરિયા૦" ત્તિ । વ્યાખ્યા–

≠ ૧. સાધુએ કે શ્રાવકે નિયમથી પહેલાં તો **પોતાના ગચ્છના** આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ; તેનો યોગ ન હોય તો, પોતાના ગચ્છના ઉપાધ્યાયની પાસે. અને એ પ્રમાણે પ્રવર્તક, સ્થવિર અથવા ગણાવચ્છેદકની આગળ આલોચના કરવી જોઈએ.

≠ ૨. તેનો યોગ ન હોય તો, **સાંભોગિક** એટલે એક સામાચારી ધરાવતા બીજા ગચ્છના આચાર્યાદિકને ક્રમે, ઉપર જણાવ્યા પ્રમાણેની પાસે એ પ્રમાણે આલોચના કરવી.

≠ ૩. તેનો જોગ ન હોય તો, **અસાંભોગિક** સંવિગ્ન–બીજા ગચ્છમાં એ જ ક્રમે આલોચના કરવી.

≠ ૪. તેઓનો જોગ ન હોય તો, **ગીતાર્થ પાસત્થાની** આગળ.

≠ ૫. તેનો જોગ ન હોય તો, **ગીતાર્થ સારૂપિકની** આગળ.

≠ ૬. તેનો જોગ ન હોય તો, **ગીતાર્થ પશ્ચાત્ કૃતની** આગળ આલોચના કરવી.

≠ અહિં—

સારૂપિક એ કહેવાય કે, ધોળા વસ્ત્ર પહેરે, મુંડન કરાવે, કાછડી રાખ્યા વીના નીચેનું વસ્ત્ર છુટું પહેરે, રજોહરણ ન રાખે, બ્રહ્મચારી ન હોય, પત્ની રહીત હોય અને ભિક્ષા લઈ આજીવીકા ચલાવતો હોય. અને **સિદ્ધ–પુત્ર** તે કહેવાય કે, જે શીખા ધારણ કરે અને પત્ની સહીત હોય

પશ્ચાત્ કૃત તે કહેવાય, કે–જેણે ચારિત્રનો–મુનિનો–વેશ છોડીને ગૃહસ્થ થઈ ગયેલ હોય.

≠ તેથી પાસત્થા વગેરેને પણ ગુરુની પેઠે વંદન વિગેરે વિધિ કરવો. કેમકે, ધર્મનું મૂળ વિનય છે, માટે.

≠ પરંતુ જો પાસત્થાદિક પોતાને થોડા પુણ્યવાળા સમજીને વંદન ન કરાવે, તો તેને ઉચિત આસન ઉપર સ્થાપિત કરીને, પ્રણામ[1] માત્ર કરીને, તેની પાસે આલોચના કરવી.

≠ પ્રશ્ચાત્ કૃતમાં થોડા વખતના સામાયિકનો આરોપ કરીને, અને લિંગ એટલે કે–સાધુ વેશ આપીને, વિધિ પૂર્વક આલોચના કરવી.

≠ ૭. પાસત્થા વિગેરેનો પણ જોગ ન હોય, તો—

રાજગૃહી વિગેરે નગરની બાજુના **ગુણશીલ ચૈત્ય** વગેરે સ્થાનોમાં અરિહંત ભગવંત અને ગણધર ભગવંતો વિગેરેએ ઘણી વખત પ્રાયશ્ચિત્તો આપેલા હોય, તે જે દેવતાએ જોયેલા હોય તે સ્થાને જઇને તે સમ્યગ્ દૃષ્ટિ દેવતાને અઠમ વિગેરે તપથી આરાધીને, પ્રત્યક્ષ થાય ત્યારે, તેની પાસે આલોચના કરવી.

કદાચ તે દેવતા ચ્યવી ગયેલ હોય, અને તેને ઠેકાણે બીજા દેવ ઉત્પન્ન થયેલ હોય, તો તે, મહાવિદેહ ક્ષેત્ર વિગેરેમાં બિરાજમાન શ્રી અરિહંત ભગવાનને પૂછીને પ્રાયશ્ચિત્ત આપે.

≠ ૮. તેનો જોગ ન થાય, તો અરિહંત ભગવાનની પ્રતિમા આગળ આલોચના કરીને, પોતાની મેળે પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરે.

≠ ૯. તેનો પણ યોગ ન હોય તો, પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખીને અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનની સમક્ષ પણ આલોચના કરવી.

≠ આ હકિકતને મળતો પાઠ **શ્રી વ્યવહાર સૂત્રમાં** સ્પષ્ટ જ મળે છે. તે આ પ્રકારે છે—

" जत्थेव
सम्म-भाविआइं
चेइयाइं
पासेज्जा,
कप्पइ
से-
तस्सडंतिए
आलोइत्तए जाव-वडिवज्जित्तए वा । "

" જ્યાં સમ્યગ્ ભાવિત ચૈત્યો જોવામાં આવે, તેની આગળ આલોચના કરવાનું તેને કલ્પે છે, અને પ્રાયશ્ચિત્તનો પણ સ્વીકાર કરવા સુધીનું સર્વ કલ્પે છે."

" જ્યાં સમ્યગ્ ભાવિત એટલે સમ્યગ્ દૃષ્ટિ આત્માઓએ ભાવિત એટલે આગમની બરાબર આજ્ઞા પ્રમાણે કરાવેલા અને પ્રતિષ્ઠા કરાવેલા વિધિપૂર્વકના ચૈત્યો (પ્રતિમાજી) જોવામાં આવે, તેઓની આગળ આલોચના કરવી. પરંતુ સર્વ-પાસત્થા વગેરેના અધિકારમાં હોય, એવા અવિધિ ચૈત્યોની (પ્રતિમાજી) આગળ જઈ, આલોચના ન કરવી. કેમ કે-તેમ કરવાથી આજ્ઞાનું ઉલ્લંઘન વિગેરે દોષો લાગે છે. કારણ કે,-તેવા ચૈત્યો (પ્રતિમાજી) અનાયતન રૂપ હોય છે.

શ્રી હરિભદ્રસૂરિકૃત સમ્યકત્વ કુલક ગ્રંથમાં કહ્યું છે, કે—

" **અહિગારિણો અ–સઢો વાવણ્ણ–કુ–મગ્ગ–કુ–મઇ–રહિઓ અ ।**
તેણ કારઇયવ્વં જિણ–ભવણં, વંદણિજ્જમિણં. ॥૧૪॥
ણિપ્ફાવિઊણં એવં જિણ–ભુવણં, સુંદરં તહિં બિંબં ।
વિહિ–કારિઅં ચ વિહિઆ સુ–પઇટ્ઠા સાહુણો મણ્ણા. ॥૧૫॥

[ ]

" અશઠ (નિખાલસ), અવ્યવસ્થિત, ધર્મ માર્ગ–કુમાર્ગ અને કુ–બુદ્ધિથી રહિત, એવા જે અધિકારી હોય તેણે જિનમંદિર કરાવવું જોઇએ. અને તે મંદિર વંદન કરવા યોગ્ય હોય છે. ૧૪

અને એ પ્રકારે જિન મંદિર તૈયાર કરાવીને અને તેમાં વિધિપૂર્વક કરાવેલા સુંદર જિન પ્રતિમાજીની સાધુ પુરુષોને માન્ય સારી રીતે પ્રતિષ્ઠા કરાવવી જોઇએ." ૧૫

શ્રી વ્યવહાર ભાષ્યમાં પણ કહ્યું છે કે—

" **આગમ–વિહિણા કારિય સુ–ગુરુવએસે સુ–સાવગેહિં ચ ।**
ણાય–ઽજ્જિય–વિત્તેણં, તં આયયણં જિણા બિંતિ. ॥૧૯॥
સણ્ણાણ–ચરણ–દંસણ–પમુક્ક–સાહૂહિં જા પરિગ્ગહિયા, ।
તાઓ જિણ–પડિમાઓ અણા–ઽઽયયણં હુંતિ જુત્તીએ. ॥૨૦॥
જિણ–બિંબમઽણા–ઽઽયણં કુ–સાહુ–પર–તંતતયા સમુદ્દિટ્ઠં, ।
દિટ્ઠ–ઽંતો જિણ–પડિમા બોડિય–લિંગા–ઽઽઇયાણ ઇહ. ॥૨૧॥
અણા–ઽઽયયણં પુણ ણાણ–દંસણ–ચરણ–ગુણ–ઘાયણં ઠાણં ।
મુક્ખ–ઽત્થિ–સુ–ધમ્મિ–જણ–વજ્જણિજ્જં વિ સુદ્ધ–ભાવેણ. ॥૨૨॥"

" ન્યાયથી મેળવેલા ધનથી સુ–શ્રાવકોએ સદ્‌ગુરુના ઉપદેશ પૂર્વક શ્રી આગમમાં કહેલા વિધિથી કરાવેલ (જિન મંદિર) હોય, તેને જિનેશ્વર ભગવંતો **આયતન** કહે છે.

" જે પ્રતિમાઓ ઉત્તમ જ્ઞાન, ચારિત્ર અને દર્શનથી રહીત સાધુઓના આશ્રયમાં હોય, તે જિન પ્રતિમાજીઓ યુક્તિથી સમજાય છે કે, **અનાયતન** હોય છે." ૨૦

" જિનેશ્વર ભગવાનના જે પ્રતિમાજી કુ–સાધુઓની પરતંત્રતામાં હોય, તેને **અનાયતન** કહેલું છે

અહિં દૃષ્ટાંત રીતે–દિગમ્બર વિગેરેના પ્રતિમાજીને કહી શકાય." ૨૧

" **અને** અનાયતન, જ્ઞાનદર્શન ચારિત્ર ગુણોનો ઘાત કરનારું સ્થાન હોય છે. **અને** તે મોક્ષાર્થી અને ઉત્તમ ધાર્મિક પુરૂષોએ વિશુદ્ધ ભાવે કરીને વર્જન કરવા યોગ્ય છે." ૨૨

≠ મહત્ત્વના કારણે તો, તે પણ વંદન કરવાને લાયક હોય છે.

શ્રી બૃહત્ ભાષ્યમાં કહ્યું છે, કે—

अ-सइ विहि-चेइयम्मि, सद्धा-भंगा-ऽऽइ-कारणं णाऊं, ।
वच्चंति तत्थ मुणिणो, णो मुणिणो जे अ-गीय-ऽत्था. ॥

"વિધિ પૂર્વકનું[૯] ચૈત્ય ન હોય, તો "શ્રદ્ધાનો ભંગ થાય." વિગેરે કારણો ધ્યાનમાં લઈને ત્યાં પણ મુનિ મહારાજાઓ જાય છે. પરંતુ જે અગીતાર્થ મુનિઓ હોય, તે ન જાય."

એટલા જ માટે—

"**भो !**
भो !
पियं-वए,
जइऽवि-
जिणा ऽऽलए,
तहऽवि-
सा-ऽ वज्जमिणं"

[आ० स० शिला २. २८७ पत्रे पङ्क्ति-३]

"હે પ્રિય વાદી ! જો કે એ જિનાલયો તો છે, તો પણ એ સાવદ્ય[૯] છે."

ઇત્યાદિ **શ્રી મહાનિસીથ સૂત્રના પાંચમા અધ્યયનના** વચનથી પણ (સિદ્ધ થાય છે.)

અવિધિ[૧૧] રૂપ મિથ્યાત્વની વૃદ્ધિ થવાનું કારણ જાણીને, સુવિહિત મુનિઓના અગ્રેસર **શ્રી કુવલયપ્રભ[૧૦] આચાર્ય** મહારાજશ્રીએ ચૈત્યનો ઉદ્ધાર કરવાનો ઉપદેશ આપ્યો નહીં.

≠ હાલમાં તો, **જીતવ્યવહારને**[૧૨] આધારે બીજા દર્શનના જ્યોતિષ્ શાસ્ત્ર જેમ ભણાય છે, તેમ **સમ્યક્ત્વ પ્રકરણ, દર્શન શુદ્ધિ પ્રકરણ** વિગેરે ગ્રંથોને આધારે, કાંઇક અંશમાં અવિધિ ચૈત્ય હોય, તે પણ (દર્શન કરવાના) **ઉત્સર્ગ નિયમવાળા દ્વારા** "વંદન કરવા યોગ્ય છે." વિગેરે રીતે **અશઠ ગીતાર્થ પુરુષોએ** સ્વીકારેલ છે.

જીતકલ્પ પણ, પર્યુષણાની ચોથ વિગેરેની પેઠે, જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો વિચ્છેદ ન થાય માટે, શ્રુત વ્યવહારની અપેક્ષાએ ઓછાવત્તો હોવા છતાં પણ, ગીતાર્થ પુરુષોએ કરેલી મર્યાદા[૧૩] રૂપ તો છે જ.

(જીત વ્યવહાર પણ શાસ્ત્રનો આધાર લઈને આધું-પાછું કરીને એટલે કે ઓછા-વત્તા ફેરફાર સાથે ગીતાર્થ પુરુષોએ કરેલી મર્યાદા રૂપ હોય છે. જેમ પર્યુષણા મહા પર્વની ચોથ વિગેરે. એમ કરવાનો હેતુ જિનેશ્વર ભગવાનની આજ્ઞા તુટવાનો ભય રોકવા માટે હોય છે. એટલે જીત વ્યવહાર પણ આજ્ઞાના પાલનનું સાધન છે, અને તેમાં શાસ્ત્રનો અને તેના આશયનો આધાર લેવાતો હોય છે, અને તેની મર્યાદા ગીતાર્થ પુરુષો નક્કી કરી શકે છે.)

આ વિષયમાં **૧૪ષટ્ત્રિંશજ્જલ્પ**માંથી વિશેષ સમજી લેવું.

અહીં તો આ દિશા માત્ર જણાવેલ છે.

≠ અહિં વિશેષ એ સમજવાનું છે, કે-પાસત્થા વિગેરે પણ ગીતાર્થની પાસે જ આલોચના કરવી. પરંતુ ગીતાર્થ ન હોય તેવા વૈરાગી-સંવિગ્ન-મુનિ આગળ પણ આલોચના ન કરવી. કહેવામાં આવ્યું છે કે—

अ-गीओ ण वि जाणइ सोहिं चरणस्स, देइ ऊण-ऽहियं, ।
तो अप्पाणं आलोअगं च पाडेइ संसारे. ॥ ॥

[ ]

"અ-ગીતાર્થ ૧૫ચારિત્રની શુદ્ધિને સમજતા નથી. તેથી ઓછું-વત્તું (પ્રાયશ્ચિત્ત) આપી દે, તેથી તે પોતાને અને આલોચકને સંસારમાં પાડે છે."

એટલા જ માટે "ગીતાર્થ મળવામાં મુશ્કેલી હોય, અને ન મળી શકે, તો-
કાળથી બાર વર્ષ, અને
ક્ષેત્રથી સાતસો યોજન સુધી, તેની એટલે કે ગીતાર્થની શોધ કરવી."
એમ **આગમમાં** સાંભળવામાં આવે છે.

≠ આમ હોવાથી આલોચના કરવાના ભાવ રાખનાર આરાધક બની રહે છે. કેમ કે-(ભાવ રાખનાર હોવાથી તે) શલ્ય રહીત હોય છે.

કહ્યું છે, કે-

आलोयणा-परिणओ सम्मं संपट्ठओ गुरु-सगासे, ।
जइ अन्तराऽवि कालं करिज्ज, आराहओ तहऽवि. ॥ ॥

[ ]

"આલોચના કરવાના પરિણામવાળો આત્મા ગુરુ પાસે આલોચના કરવા માટે જતો હોય, તેવામાં કદાચ વચ્ચે કાળ ધર્મ પણ પામી જાય, તો પણ તે આરાધક છે."

એટલા જ માટે,
શ્રી પ્રતિક્રમણ સૂત્રમાં કહ્યું છે,
"**पूर्वम्-**
वि-शुद्धि-मूलम्-

भावा-ऽऽलोचनैव प्रवर्तते ।"

"વિશુદ્ધિના મૂળરૂપ ભાવ પૂર્વકની આલોચના પહેલાં શરૂ થાય છે."

એમ પણ સાબિત થાય છે. ૫૦

≠ હવે આલોચનાના ક્રમના દ્વારનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે,-

दुविहेण-ऽणुलोमेणं आ-सेवण-वियडणा-ऽभिहाणेणं, ।
आ-सेवणा-ऽणुलोमं जं जह आ-सेविअं, विअडे. ॥५१॥

आलोयणा-ऽणुलोमं गुरुग-ऽवराहे उ पच्छाओ विअडे, ।
पणगा-ऽऽइणा कमेणं जह जह पच्छित्त-वुड्ढी उ. ॥५२॥

[પંચાશક ૧૫. ૧૬-૧૭]

"બે પ્રકારના અનુલોમનો ક્રમ છે. આ-સેવના-વિકટનાનું કથન કરીને-એટલે કે-જે જે રીતે આ-સેવન કર્યું હોય, તે તે રીતે પ્રગટ કરવું, તે આ-સેવનાનુલોમ." ૫૧

અને આલોચનાનુલોમપણું-મોટા અપરાધમાં પાછળથી પ્રગટ કરાય. જેથી કરીને-પાંચ વિગેરેના ક્રમે જેમ જેમ પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ હોય, તેમ પ્રગટ કરાય. ૫૨

"दुविहेण०" "आलोयणा०" त्ति । व्याख्या-

≠ "બે પ્રકારના આનુલોમ્યના ક્રમે કરીને આલોચના આપે છે." એ અર્થ થાય છે.

તેમાં ૧. **આ-સેવનાનુલોમ્ય** એ થાય છે, કે-

જે (દોષ) જેવા (ક્રમે)
સેવવામાં આવેલો હોય, તેને તે ક્રમે
આલોચના કરનાર
પ્રગટ કરે છે, તે—
આ-સેવના પ્રકટ કરવાનો આનુલોમ્ય ક્રમ છે.

૨. **અને આલોચનાનુલોમ્ય તે છે, કે-**

નાના અપરાધોને
પછી, અને
મોટા અપરાધોને (પહેલાં)
પ્રગટ કરે=આલોચે.

≠ "શી રીતે ?" તે જણાવે છે,–

"**पणगा**" इति

पंचक-दशक વિગેરેના **ક્રમે** જે રીતે

પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થાય,

તે રીતે ચાલુ વસ્તુને પ્રગટ કરે.

≠ અહિં "નાનો અતિચાર લાગ્યો હોય, તો પંચક નામનું પ્રાયશ્ચિત્ત લાગે છે. અને મોટો અપરાધ કર્યો હોય, તો દશક નામનું પ્રાયશ્ચિત્ત લાગે છે.

અને તેથી મોટા અપરાધ હોય, તો પંચદશક (પંદર) નામનું પ્રાયશ્ચિત્ત લાગે છે." એ વિગેરે સમજી લેવા.

≠ અહિં સમજવાનું એ છે, કે–

"ગીતાર્થ હોય તે આલોચનાના આનુલોમ્યે કરીને આલોચના કરે છે.

"તેનું કારણ ?"

"તે તો ગીતાર્થો જાણતા હોય છે."

અને આલોચના કરનારા બીજા આત્માઓ તો આ–સેવનાના આનુલોમ્યના ક્રમે કરીને આલોચના કરે છે. કેમ કે–તે આલોચનાના અનુલોમના ક્રમને જાણતા નથી હોતા.

અને તેવા આત્માઓને, એ જ રીતે, અતિચારો બરાબર યાદ આવતા હોય છે. ૫૧, ૫૨.

હવે, **સમ્યગ્** દ્વારનું વિવરણ કરવામાં આવે છે,—

तह, आउट्टिअ, दप्प, प्पमाय, कप्पा, तहाय जयणाए, ।
कज्जे, संभम–हेउं, जह–ट्ठिअं सव्वमा ऽऽलोए. ॥५३॥

[પંચાશક ૧૬–૧૮]

"ત્યાર પછી આકુટ્ટિકા, દર્પ, પ્રમાદ, કલ્પ, યતના, કાર્ય, ગભરાટનો પ્રસંગ, અને એ સર્વ જેમ હોય, તેમ આલોચના કરે."

"**तह, आउट्टिअ०**" त्ति व्याख्या–

≠ **तथा** શબ્દ દ્વારના ચાલુ ક્રમની સૂચના કરે છે,—

≠ **આકુટ્ટિકા**=સામે ચાલીને (જાણી જોઇને દોષ) કરવો,

≠ **દર્પ**=વળગણ (?) વિગેરે (અભિમાનથી)

≠ **પ્રમાદ**=મદ્ય વિગેરે (દારૂ)થી અથવા ભૂલાઈ જવું, વિગેરે,–

એ (ત્રણેય)થી (દોષ–અતિચાર–સેવાયો હોય).

≠ **તથા,** અથવા—

કલ્પથી=મહા ઉપદ્રવ વિગેરે ખાસ કારણને લીધે (દોષ સેવાયો હોય), **કલ્પ**=આચાર યતના વિગેરેને લગતો હોય છે. માટે, કહે છે, કે—

યતનાએ કરીને=સંયમની યથાશક્તિ રક્ષા કરવા રૂપ યતનાની બુદ્ધિએ કરીને,

≠ **કાર્ય પ્રસંગે**=શ્રી સંઘના ખાસ કામનો કોઇ પ્રસંગ ઉભો થયો હોય, ત્યારે

≠ **સંભ્રમનું કારણ હોય**=આગ વિગેરે લાગી હોય અને તે વખતે યતના વિના અને સંયમના[૨] રક્ષણની અપેક્ષા રાખ્યા વિના, જે દોષ સેવાઈ ગયેલા હોય, તે દોષ અહિં સમજવા.

≠ વિશુદ્ધિની ઇચ્છાવાળો

જે પ્રકારે બન્યું હોય, તે પ્રકારે

બધી આલોચના કરે=ગુરુ મહારાજને નિવેદન કરે. પરંતુ-

લજ્જાદિકથી કંઇ પણ છુપાવે નહિં.

કેમ કે-શલ્ય રહિતપણે થઈને, આરાધના કરવાની ઇચ્છાવાળો આરાધક હોય છે.

કહ્યું છે, કે—

" લજ્જા[૩]-ऽऽइ-ગારવેણ બહુ-સ્સુઅ-મએણ વા વિ દુચ્ચરિયં, ।
જો ણ કહેઇ ગુરુણં ણ હુ સો આરાહગો ભણિઓ. ॥૧॥ "

[ ]

" લજ્જાદિક (અને ?) ગારવે કરીને અને બહુ શાસ્ત્રોના જ્ઞાનના મદે કરીને, જે (પોતાનું) દુશ્ચારિત્ર ગુરુ મહારાજને કહેતો નથી, તેને આરાધક કહ્યો નથી."

" ગારવ=રસાદિ ગારવને આધીન થઈને તપ કરવાની ઇચ્છા ન રાખનાર હોવાથી." એ અર્થ છે. ૫૩

≠ હવે દ્રવ્યાદિની શુદ્ધિનું ફળ જણાવે છે,-

દવ્વા-ऽऽઈસુ[૧] સુહેસુ દેયા આલોયણા, જઓ તેસુ ।
હુંતિ સુહ-ભાવ-વુડ્ઢી. પાએણ સુ-સહાઓ સુહ-હેઉ. ॥૫૪॥

[પંચાશક ૧૫-૧૯]

" શુભ દ્રવ્યાદિ હોય ત્યારે આલોચના દેવી.

કેમ કે-તે શુભ હોય ત્યારે શુભ ભાવની વૃદ્ધિ થાય છે. ઘણું કરીને શુભની સહાય શુભનું કારણ બને છે." ૫૪

≠ હવે દ્રવ્યાદિ શુદ્ધિનું વિવરણ કરવામાં આવે છે,—

दव्वे-खीर-दुमा-ऽऽई, जिण-भवणा-ऽऽई अ हुंति-खित्तम्मि, ।
पुण्ण-तिही-पभिई-काले, सुभोपयोगा-ऽऽइ-भावेसु. ॥५५॥

[પંચાશક ૧૫-૨૦]

" દ્રવ્યમાં-દુધવાળા ઝાડ વિગેરે. ક્ષેત્રમાં-જિનભવન વિગેરે. કાળમાં-શુભ તિથિ વિગેરે. અને ભાવમાં-શુભ ઉપયોગ વિગેરે જાણવા. ૫૫

" दव्वे० " त्ति । व्याख्या-

સુગમ છે. પરંતુ,

≠ **દુધવાળા ઝાડ**=વડ વગેરે.

આદિ શબ્દથી અશોક, ચંપો, આંબો વિગેરે સમજી લેવા.

≠ **જિન ભવન વિગેરે-**

આદિ શબ્દથી બીજા પણ શુભ ક્ષેત્ર સમજી લેવા.

કહેવામાં આવ્યું છે, કે-

" उच्छु-वणे सालि-वणे चेइय-हरे चेव होइ खित्तम्मि, ।
गंभीर-सा-ऽणु-णाए, पयाहिणा-ऽऽवत्तए उदगे. ॥१॥

[પંચાશક ૧૫ ટીકા ૨૦]

" શેરડીનું વન, ચોખાનું વન, ચૈત્યઘર=જૈન દહેરાસર, જેની આજુબાજુ ગંભીર શબ્દો થતાં હોય, અને પાણીમાં જમણી બાજુ આવર્ત થતાં હોય, તેવા શુભ ક્ષેત્રમાં (આલોચના દેવી.) "

≠ **પૂર્ણા વિગેરે** તિથિના કાળમાં[૧]—

" ક્ષય તિથિએ અને છટ્ઠ તિથિએ આલોચના[૨] ન જ દેવી."

≠ **શુભ ઉપયોગ વિગેરે-**ભાવોમાં

અહિં, **આદિ** શબ્દથી નિમિત્ત શાસ્ત્રમાં કહેલા શુભ ભાવો જાણી લેવા.

≠ પરમાર્થ એ છે, કે-

એ પ્રમાણે—" તેના વિધિ પૂર્વકની ગુરુની સાક્ષીએ જ શુદ્ધિ કરવી." ૫૫

≠ જો તેમ કરવામાં ન આવે, તો દોષ બતાવે છે,—

आलोयणं च दाउं सई वि अण्णे तहऽप्पणो दाउं ।
जे वि हु करंति सोहिं, ते वि स-सल्ला विणिद्दिट्ठा. ॥५६॥

" (ગુરુ વિગેરે) બીજા આલોચના આપનાર હોવા છતાં, જે પોતાને આલોચના આપીને શુદ્ધિ કરે છે, તેઓને શલ્ય સહિત હોવાના જણાવ્યા છે." ૫૬

" आलोयणं० " त्ति । व्याख्या–

આલોચનાના આચાર્ય હોવા છતાં, પોતાની બુદ્ધિથી પોતાની શુદ્ધિ કરી લેવામાં પણ " પોતાને વિષે પોતાને કંઈક ખટકે છે. એટલે કે, પોતાના મનમાં કંઇક શલ્ય છે," એમ સમજાય છે.

તેથી નક્કી એમ થાય છે, કે " બીજાની વિદ્યમાનતા હોય, ત્યારે બીજાની જ પાસે આલોચના આપે, તો જ તે શુદ્ધ થાય છે. "

કહ્યું છે, કે—

" छत्तीस–गुण–संपन्ना–ऽऽगएण तेणं अवस्स कायव्वा ।
पर–सक्खिया विसोही सुट्ठु–ववहार–कुसलेण· ॥१॥

[ ]

" છત્રીસ ગુણથી યુક્ત ગુરૂ મહારાજ આવેલા હોય, તેની આગળ–શુદ્ધ વ્યવહારમાં કુશળ આત્માએ વિશુદ્ધિ બીજાની સાક્ષીએ અવશ્ય કરવી જોઈએ. "

≠ બીજા ન જ હોય, તો–પોતે પોતાને આલોચના આપે, તો પણ શુદ્ધ થવાય છે. પરંતુ " તે વખતે શ્રી સિદ્ધ ભગવંતોને સાક્ષી કરીને (પોતે પોતાને આલોચના આપે). "

≠ અહિં કોઈ એમ કહે, કે—

" પોતાના ભાવથી આલોચના કરવાથી જ વિશુદ્ધિનો સંભવ હોય છે. તેથી ગુરુ વિગેરેની સાક્ષીમાં તે આલોચના દેવી નકામી છે." એમ ન કહેવું. તેઓની સાક્ષી પૂર્વક ધર્મની પ્રતિપત્તિ એટલે સેવા કરવામાં–આચરણ કરવામાં બહુ જ મોટા ગુણોનો લાભ થાય છે.

શ્રી શ્રાવકપ્રજ્ઞપ્તિમાં પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે, કે—

" संतम्मि वि परिणामि गुरु-मूल पवज्जणम्मि एस गुणो, ।
दढया, आणा-करणं, कम्म-खओवसम-वुड्ढी अ. ॥
[ ]

" (शुभ) परिणाम होवा छतां, पण गुरु पासे जईने आलोचना आपवामां नीचे प्रमाणेना आ गुणो थाय छे.—

दृढता, आज्ञानुं पालन, अने कर्मना क्षयोपक्षमभां वधारो थाय छे. "

गुरुनी साक्षीमां ज आलोचनाना परिणामभां दृढता थाय छे. केम के— शंका दूर थवाथी विशिष्ट निर्णय करवानो उल्लास जागे छे.

केम के—शास्त्रमां कहुं छे, के—

" गुरु- सक्खिओ धम्मो । "

" धर्म गुरु महाराजनी साक्षीमां करवानो होय छे."

जिनेश्वर भगवंतनी आज्ञानुं आराधन थाय छे.

उत्साह वधारे एवा गुरु महाराजना उपदेशथी शुभाशय थवाथी क्षयोपक्षमभां वधारो थाय छे.

अने तेथी आज्ञानुं पण अधिक पालन थाय छे."

એ વિગેરે ફાયદાઓ મળે છે.

≠ એ પ્રકારે–બીજા નિયમો પણ ઘણે ભાગે (જેમ બને તેમ) ગુરુ મહારાજની સાક્ષીએ જ સ્વીકારવા જોઇએ.

શ્રી શત્રુંજય માહાત્મ્યના ૨ જા સર્ગમાં કહ્યું છે, કે—

क्रियाः सर्वाः प्रवर्तन्ते गुरौ सा-ऽक्षिणि, ना ऽन्यथा, ।
चक्षुष्मानऽपि नो पश्येद् वस्तु, चेद् भास्करो न हि. ॥
[॥६१४॥]

ગુરુની સાક્ષીમાં બધી ક્રિયાઓ કરાય છે. તે સિવાય ન કરી શકાય. કેમ કે,– જો સૂર્ય ન હોય તો, દેખતો માણસ પણ આંખો છતાં (અંધારામાં) પદાર્થ જોઈ શકતો નથી. "

≠ એટલા જ માટે–અતિક્રમણ વિગેરે ક્રિયાઓ પૂરી થયા પછી, કરેલી ક્રિયાનું નિવેદન કરવા રૂપ આલોચના થાય છે, તે ઉચિત જ છે. એમ સમજવું. ૫૬

≠ હવે, આલોચનાના ફાયદા–લાભ–ગુણ બતાવે છે,—

लहुआ, ऽऽल्हाऽऽदि-जणणं, अप्प-पर-णिवित्ति, तह अज्जवं, सोही, ।
दुक्कर-करणं, आणा, निस्सल्लत्तं च, सोहि-गुणा. ॥५७॥

"હલકાપણું, હર્ષ જાગવો, પોતે અને બીજાએ દોષોથી મુક્ત થવું, સરળપણું, શુદ્ધિ, દુષ્કર કાર્યો કરવામાં સામર્થ્ય મળવું, આજ્ઞાનું પાલન અને શલ્ય રહિત પણું, એ આલોચનાના ગુણો છે." ૫૭

"लहुआ०" त्ति । व्याख्या–

≠ ૧. જેમ ભાર ઉતારી નાંખવાથી, ભાર ઉપાડનારો (મજુર) **હલકો** થાય છે, તેમ શલ્ય કાઢી નાંખવાથી આલોચક પણ હલકો થાય છે.

≠ ૨. **આલ્હાદની ઉત્પત્તિ**=હર્ષ ઉત્પન્ન થાય છે.

≠ ૩. **પોતાના અને બીજાના દોષ દૂર થાય છે—**

આલોચના કરવાથી પોતાના દોષ દૂર થાય છે, એ વાત તો જાણીતી જ છે. પરંતુ "તેને જોઇને બીજા પણ આલોચના આપવા તૈયાર થાય છે. તેથી બીજાના પણ દોષો દૂર થાય છે."

≠ ૪. **સરળતા**=કેમ કે–સારી રીતે આલોચના કરવાથી મનમાં માયા કપટ રહેતું નથી.

≠ ૫. **શોધિ**=શુદ્ધતા થાય છે, કેમ કે–અતિચાર રૂપ મેલ દૂર થઈ ગયો હોય છે.

≠ ૬. **દુષ્કર કામ કરવા પણું**=તેથી જે દોષ સેવાય છે, તે દુષ્કર નથી, કેમ કે–અનાદિ ભાવનો અભ્યાસ હોવાથી, તેમ થાય છે.

પરંતુ, જે આલોચના કરવામાં આવે છે, તે ખૂબ દુષ્કર છે. કેમ કે–મોક્ષ તરફ દોરવી જનારા ખાસ પ્રકારના પ્રબળ વીર્યોલ્લાસ હોય તો જ આ રીતે આલોચના કરી શકાય છે.

માટે માસખમણાનો તપ (બાહ્ય તપ) કરવા કરતાં પણ સારી રીતે આલોચના કરવી, તે અભ્યંતર તપ રૂપ હોવાથી, ખૂબ દુષ્કર કાર્ય છે.

≠ ૭. **આજ્ઞાનું આરાધન**=શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞાનું આરાધન થાય છે.

≠ **શલ્ય રહીત પણું**=તે તો સ્પષ્ટ સમજાય તેમ છે.

શ્રી ૨૯મા ઉત્તરાધ્યાનમાં કહ્યું છે, કે—

आलोयणाए णं
माया-णियाण-मिच्छा-दंसण-सल्लाणं-
मुक्ख-मग्ग-विग्घाणं-

અણ–ડંત–સંસાર–વડ્ઢણાણં
ઉદીરણં કરેઇ,
ઉજ્જુ–ભાવં ચ ણં જણઇ,
ઉજ્જુ–ભાવ પડિવણ્ણે ય ણં
જીવે અ–માઈ,
ઇત્થી–વેઅં
ણ–પુંસગ–વેઅં ચ
ણ બન્ધઇ,
પુવ્વ–બદ્ધં ચ ણં ણિજ્જરઇ "ત્તિ ।૮"

"માયા શલ્ય, નિદાન શલ્ય, અને મિથ્યા દર્શન શલ્ય એ ત્રણ શલ્ય, કે જે–મોક્ષ માર્ગમાં વિઘ્ન રૂપ છે, અને અનંત સંસાર વધારનારા છે, તેની ઉદીરણા આલોચનાથી કરાય છે. સરળ ભાવ ઉત્પન્ન થાય છે, સરળતા પ્રાપ્ત થવાથી આત્મા નિષ્કપટ બની જાય છે, અને સ્ત્રીવેદ તથા નપુંસક વેદ બંધાતા નથી. અને પૂર્વે બાંધેલા હોય તો, તેની નિર્જરા કરી નંખાય છે." ૮. ૫૭

≠ એ પ્રકારે શુદ્ધિ કરવાથી, શલ્ય કાઢી લીધા પછી ઘા રુઝાવવા (જેમ પાટાપીંડી રૂપ) ખાસ ચિકિત્સા–ઉપચાર–કરવામાં આવે છે. તેમ વિશેષ પ્રકારની શુદ્ધિના મૂળ રૂપ પ્રાયશ્ચિત્તનો વિધિ બતાવે છે,—

≠ સૌથી પહેલાં, ગુરુ દ્રવ્યનો પરિભોગ કરવામાં આવ્યો હોય, તો તેનું પ્રાયશ્ચિત્ત બતાવે છે,—

મુહ–પત્તિ આ સણા–ઽઽઈસુ ભિણ્ણં,
જલ–ઽણ્ણા–ઽઽઈસુ ગુરુ–લહુગા–ઽઽઇ. ।
જઇ–દવ્વ–ભોગિ ઇય પુણ,
વત્થા–ઽઽઇસુ દેવ–દવ્વં વ. ॥૫૮॥

"મુહપત્તિ અને આસન વગેરેનો ઉપયોગ થયો હોય, તો ભિન્ન પ્રાયશ્ચિત્ત.

જળ અને અન્ન વિગેરેનો ઉપયોગ થયો હોય, તો ગુરુ અને લઘુ વગેરે પ્રાયશ્ચિત્ત.

અને જો યતિના દ્રવ્યનો ભોગ થયો હોય, તો તેથી વધારે.

અને વસ્ત્રાદિકનો ઉપયોગ થયો હોય, તો દેવ-દ્રવ્ય પ્રમાણે સમજવું." ૫૮

"**મુહ-પત્તિ०**" । વ્યાખ્યા-

≠ ગુરુ સંબંધિ—

મુહ-પત્તિ અને આસન વિગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તો— **ભિન્ન** પ્રાયશ્ચિત્ત=૧ નિવી.

≠ ગુરુ સંબંધિ—

પાણીનો ઉપભોગ કર્યો હોય, તો [૧] ૧ (એકાશન).

અન્નનો ઉપભોગ કર્યો હોય, તો [૨] ૪ (આયંબિલ).

વસ્ત્ર વિગેરેનો ઉપભોગ કર્યો હોય, તો અધિક [૩] (ઉપવાસ).

≠ **વિક્રમ રાજા** વિગેરએ પૂજા-ભક્તિની બુદ્ધિથી ગુરુની નિશ્રાએ કરેલા સોનું વિગેરે ગુરુ દ્રવ્યનો ઉપભોગ કર્યો હોય, તો [૪] ૬ (છઠ્ઠ).

≠ **વસ્ત્રાદિકમાં (દેવ-દ્રવ્યની માફક)** નીચે પ્રમાણે વિશેષ સમજવું,—

"જે ઠેકાણે ગુરુદ્રવ્ય ભોગવ્યું હોય ત્યાં,
અથવા તો બીજે કોઇ પણ ઠેકાણે—
મુનિ મહારાજના કાર્યમાં વૈદ્યને માટે,
અથવા કારાવાસ (જેલ) વિગેરેના દુઃખોમાંથી છોડાવવા માટે,
તેટલા પ્રમાણમાં વસ્ત્રાદિક દેવા પૂર્વક પ્રાયશ્ચિત્ત દેવું." એ **ભાવાર્થ** છે. ૫૮

હવે, સાધારણ (દ્રવ્ય) વિગેરે સંબંધિ પ્રાયશ્ચિત્ત કહે છે,—

साहारण-जिण-दव्वं जं भुत्तं असण-वत्थ-कणगा-ऽऽई, ।
तत्थाऽण्णत्थ व दिण्णे चउ-लहु चउ-गुरुअ छ-ल्लहुगा. ॥५९॥

"**સાધારણ અને દેવ-દ્રવ્ય સંબંધિ ખોરાક (નૈવેદ્ય), વસ્ત્ર, સોનું (ધન) વિગેરેમાંથી જેનો ઉપયોગ કર્યો હોય, તે ત્યાં અથવા બીજે આપવું, અને ચાર લઘુ, ચાર ગુરુ અને છ લઘુ પ્રાયશ્ચિત્ત દેવું.**" ૫૯

"**साहारण०**" त्ति । વ્યાખ્યા-

≠ "**સાધારણ દ્રવ્ય અને દેવ દ્રવ્ય** પોતાના કામમાં જેટલા પ્રમાણમાં વાપર્યું હોય, એટલે કે—

"તે શું વાપર્યું હોય?" તે (પહેલાં) કહે છે,—

અશન=નૈવેદ્ય,

વસ્ત્ર=પહેરવાનાં કપડાં–(આંગી) વિગેરે,

કનક વિગેરે=સોનું, રૂપું, મોતી વિગેરે,

તેટલું દેવ દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય

તે ઠેકાણે અથવા બીજે ઠેકાણે જિનમંદિર વિગેરેમાં **આપવામાં આવે,**

અને જઘન્યાદિકના ક્રમે કરીને,—

ચાર લઘુ[૧],

ચાર ગુરુ[૨]

છ લઘુ[૩]

પ્રાયશ્ચિત્ત આવતું હોય છે."

એમ શ્રાદ્ધજીત કલ્પને અનુસારે—

પ્રમાદથી=થયેલા દોષનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું[૪].

≠ અને જો **આકુટ્ટિથી** દોષ સેવાયો હોય તો—

ઉપર જણાવ્યા કરતાં બમણું,

≠ અને જો **દર્પથી**[૫] દોષ સેવાયો હોય તો,

ત્રણ ગણું સમજવું.

≠ અને દ્રવ્ય પણ, જઘન્યથી—એટલું જ (જેટલું વપરાયું હોય તેટલું)
[૬]યોગ્ય સ્થાને ખર્ચવું.

અને **ઉત્કૃષ્ટથી** તેના વર્ગ વિગેરે જેટલું આપવું.

≠ (અહીં) વિશેષ એ સમજવાનું છે, કે—

વ્યાપાર વિગેરે કારણે દેવાદિકનું દ્રવ્ય કદાચ પોતાના ધન સાથે ભળી ગયું હોય, ત્યારે તે **વિવેક પ્રાયશ્ચિત્તથી** શુદ્ધ થઇને, **સિદ્ધપુરના** શ્રાવકોની [૭]માફક ચૈત્ય વિગેરેમાં સારી રીતે વધારે મૂકવું.

≠ અને જો તેનો ઉપભોગ થઇ ગયો હોય તો, પોતાના ધનથી ધન ઉપાર્જન કરી પહેલાં જણાવ્યા પ્રમાણે તેમાં ખર્ચવું, અને તપ પણ કરવો.

(પ્રમાદ, આકુટ્ટિકા, દર્પ વિગેરે વિષે ઉપર જણાવ્યા પ્રમાણે સમજવું.)

≠ હવે, જેણે તે ભોગવ્યું હોય, તે નિર્ધન હોવાથી આપવાને અશક્તિમાન હોય તો, તેણે પણ પોતાના ધનને અનુસારે અમુક કાળની મુદત સુધીમાં દહેરાસર વિગેરેનું (કાંઇ પણ મહેનતાણું લીધા વિના) કામકાજ કરવું અને ગીતાર્થીએ આપેલું તપ બરાબર કરવું. કહ્યું છે, કે—

" गुरु–देवा–ऽर्थ–चौरोऽत्र व्यर्थयत्यऽर्चयज्जिनम् ।
वृजिनं स्वस्य सद्–ध्यान–पात्र–दान–परायणः ॥
[शत्रुञ्जय–माहा–ऽत्म्ये पञ्चमे सर्गे (पत्र ५१)]

" ગુરુ અને દેવના ધનનો ચોર આ ભવમાં ઉત્તમ ધ્યાન, અને પાત્રમાં દાનમાં તત્પર રહીને જિનેશ્વર ભગવાનની પૂજા કરતો રહે, તો તે પોતાના પાપને નકામા કરી નાંખી શકે છે."

ઉત્તમ ધ્યાનના બળથી નિકાચિત કરેલું મહા–પાપ પણ ઢીલું થઇ જાય છે. એવી પણ સ્થિતિ છે.

≠ તથા, આજ્ઞાભંગ, અતિક્રમ, વ્યતિક્રમ વિગેરેમાં પ્રાયશ્ચિત્તના વિધિનો વિશેષ વિસ્તાર **શ્રી વ્યવહાર ભાષ્ય** વિગેરેમાંથી જાણી લેવો.

≠ સાધુએ પણ, તે ખાનારા ગ્રહસ્થે આપેલા દેવ–દ્રવ્યના ઉપભોગ દ્વારા ઉત્પન્ન થયેલા દોષનો સંભવ હોવાથી, તે જ પ્રમાણે **જીત વ્યવહારને** અનુસારે પ્રાયશ્ચિત્ત વિધિમાં પ્રયત્ન કરવો જોઇએ.

જો તેમ કરવામાં ન આવે તો, ઉપર જણાવ્યા પ્રમાણે કુળની પરંપરામાં દોષની મલીનતા ફેલાય છે.

શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહ્યું છે, કે—

" देव–द्रव्यं गुरु–द्रव्यं दहेदाऽऽ–सप्तमं कुलम् . ।
अङ्गालमिव तत् स्प्रष्टुं युज्यते न हि धीमताम् . ॥९८॥

" દેવ–દ્રવ્ય, ગુરુ–દ્રવ્ય સાત પેઢી સુધી બાળે છે. માટે, બુદ્ધિમાન્ પુરુષોએ સળગતા કોલસાની માફક તેને સ્પર્શ પણ કરવો યોગ્ય નથી." ૯૮.

(દેવાદિ દ્રવ્ય અવિધિથી વાપર્યું હોય તો, સાત પેઢી સુધી બાળે છે.) એટલે કે–નિર્ધનપણા વિગેરેએ કરીને (વાપરનારને) નિઃસાર કરી મૂકે છે. (નકામો કિંમત વગરનો કરી મૂકે છે.)

" सत्त–ऽट्ठ–गुरु–परंपरा कु–सीला० " [इति ।]
" सत्त–ऽट्ठ–पयाहं अणुगच्छइ । " [ ]

" સાત–આઠ ગુરુ પરંપરા સુધી કુ–સીલ રહે છે. (?) "
" સાત–આઠ પગલાં પાછળ જાય છે. "
એ વિગેરેની પેઠે સમજવું.

(જેમ મહેમાનને વળાવવા માટે ગૃહસ્થ સાત–આઠ પગલાં પાછળ ચાલે છે, તેમ સાધુમાં કાંઈ દોષ થાય તો, સાત–આઠ પરંપરા સુધી કુ–સીલપણું થાય છે. તેમ દેવાદિ દ્રવ્યનો ઉપભોગ કરવાથી સાત પેઢી સુધી પાપ ભોગવવું પડે છે. એ ભાવાર્થ જણાય છે.)

આ ઉપરથી, ઉપલક્ષણથી વિશેષ સમજવાનું એ છે, કે–"જ્યાં સુધી તેનો ઉપાય કરવામાં ઉપેક્ષા રાખવામાં આવે, ત્યાં સુધી દોષની શુદ્ધિ થતી નથી. કેમ કે–દોષ મનમાં ખટકતો નથી, એટલે કે–તેને વિષે મનમાં બેદરકારી હોય છે. એટલે–સાવચેત થવાતું નથી. માટે કુટુમ્બાદિકની બુદ્ધિથી પણ તે બે દ્રવ્યોનો [પણ] સંસર્ગ સળગતા અંગારાના સંસર્ગની પેઠે વિવેકી પુરુષોએ છોડી દેવો જોઇએ." એ **ભાવાર્થ** છે.

≠ કેટલાંક કહે છે, કે "દેવ–દ્રવ્યાદિકનો જેણે નાશ કર્યો હોય, તેને જ દોષનો સંભવ છે. બીજાને દોષ લાગતો નથી." "એમ કહેનારા ઉપર જણાવેલા પ્રમાણથી ખોટા ઠરે છે." ૫૯

૬. પ્રાયશ્ચિત્ત દ્વાર પૂરું

૭. દૃષ્ટાન્ત દ્વાર.

≠ (દોષ દ્વારમાં) કહેલા[1] વિધિથી બાંધેલા પાપ કર્મ પ્રાયશ્ચિત્ત વિધિથી બીજા ભવમાં પણ ખપે છે," એમ સમજાવીને, તે (પ્રાયશ્ચિત્ત)નું સામર્થ્ય બતાવવા પૂર્વક ભવ્ય જીવોનો ઉત્સાહ વધારવા માટે, **સંકાશ** વિગેરેના દૃષ્ટાંતો હવે કહેવામાં આવે છે,—

≠ તેમાં, દેવ–દ્રવ્યના વિનાશથી ઉત્પન્ન થયેલા પાપના આ જીવનમાં જ ક્ષય માટે આગળ કહેલું **સિદ્ધપુરના**[2] શ્રાવકોનું દૃષ્ટાંત સમજી લેવું.

અને, બીજા ભવોમાં તે કર્મના ક્ષયને માટે **સંકાશ** શ્રાવકનું દૃષ્ટાંત આ પ્રમાણે છે,—

પમાય[3]–મિત્ત–દોસેણ જિણ–રિત્થા જહા દુહં ।
પત્તં સંગાસ–સડ્ઢેણ, તહા અણ્ણો વિ પાવિહી. ॥૬૦॥

[શ્રાદ્ધ-દિન-કૃત્યે ગા. ૧૧૫]

સંકાસ[4], ગંધિલાવઈ, સક્કા–ઽવયારમ્મિ ચેઇયે, કહવિ ।
ચેઇય–દવ્વુવ્વયોગી, પમાયઓ મરણં, સંસારે. ॥૬૧॥

"માત્ર પ્રમાદના દોષે દેવ–દ્રવ્યથી જેમ સંકાશ શ્રાવક દુઃખ પામ્યા હતા, તેમ બીજા પણ પામે." ૬૦

"સંકાશ, ગંધિલાવતી, શકાવતારતીર્થના ચૈત્યના[5] કોઇક પ્રકારે દેવ–દ્રવ્યનો ઉપયોગ થયો, પ્રમાદથી મરણ થયું, અને સંસારમાં ભમ્યા." ૬૧

પમાય०" "संकास०" त्ति । વ્યાખ્યા–

≠ **સંકાશ**=નામના શ્રાવક હતા.

સ્વભાવથી જ સંસાર ઉપર વૈરાગ્ય ધરાવતા હતા. શાસ્ત્રમાં કહેલી શ્રદ્ધા, આચાર અને નિરવદ્ય એટલે શુદ્ધ વ્યવહાર ધરાવતા હતા.

ગંધિલાવતી નગરીમાં રહેતા હતા.

શકાવતાર ચૈત્ય નામના શ્રી જિન મંદિરમાં ઉત્તમ ભાવથી–શુદ્ધ મનથી–સાર-સંભાળ કરતા હતા.

≠ કોઇક વખત=કોઇક કારણે ઘરના કામકાજની વ્યગ્રતા વિગેરેથી, ચૈત્ય દ્રવ્યનો ઉપભોગ કરતા થઈ ગયા.

≠ ત્યાર પછી એ

પ્રમાદથી જાવ જીવ સુધી તે કર્મની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના, મરણ પામ્યા, અને

સંસારમાં પૂર્વે કહેલા દુઃખોની પરંપરા ભોગવતા સંખ્યાતા દુર્ભવોમાં ભમ્યા. ૬૦, ૬૧

તગરાએ[૧] ઇભ્ભ-સુઓ જાઓ તક્કમ્મ-સેસયાઓ ય. ।
દારિદ્દમઽ-સંપત્તી પુણો પુણો ચિત્ત-ણિવ્વેઓ. ॥૬૨॥

કેવલિ[૨]-જોગે પુચ્છા, કહણે બોહી, તહેવ સંવેઓ. ।
"કિં ઇત્થમુચિઅમિહિં" "ચેઇય-દવ્વસ્સ વુડ્ઢી" ત્તિ. ॥૬૩॥

[શ્રાદ્ધ-દિન-કૃત્યે-૧૧૯-૧૨૦]

"તગરા નગરીમાં શેઠના દીકરા તરીકે જન્મ્યા. પરંતુ પૂર્વનું કર્મ બાકી રહી જવાથી દરિદ્રપણું આવ્યું, સંપત્તિ ચાલી ગઈ અને મનમાં ખેદ થવા લાગ્યો." ૬૨

"શ્રી કેવળી ભગવંતનો યોગ થયો ત્યારે બધું પૂછ્યું, કેવળી ભગવાને કહ્યું, ત્યારે બોધિ પ્રાપ્ત થયું, અને વૈરાગ્ય પ્રાપ્ત થયો.

"આ સ્થિતિમાં હવે મારે શું કરવું ઉચિત છે?" એમ પૂછ્યું.

"ચૈત્ય દ્રવ્યની વૃદ્ધિ કરવી." એમ કહેવામાં આવ્યું." ૬૩

"તગરાએ०" "કેવલિ०" ત્તિ । વ્યાખ્યા-

≠ પહેલાં, તેના એટલે ચૈત્યના દ્રવ્યનો વિનાશ કરવાથી, તે જ વખતે બાંધેલા લાભાન્તરાય વિગેરે કર્મના ઉદયથી અહિં પણ તેને ધન વિગેરે મેળવવામાં રુકાવટ થઇ છે.

હવે, તે (ચૈત્ય દ્રવ્ય)માં વૃદ્ધિ કરવાથી તને પણ તે પ્રકારે (ઋદ્ધિ) પ્રાપ્ત થશે.

"યા-દૃશં ચોપ્યતે બીજં, તા-દૃશં લભ્યતે ફલમ્ ॥"

"જેવું બિજ વાવવામાં આવે છે, તેવું જ ફળ મળે છે." એ અર્થ છે. ૬૨, ૬૩

≠ હવે, તે (ચૈત્ય-દ્રવ્યની વૃદ્ધિ[૧])નો વિધિ કહે છે.

" ગાસ[૨]-ચ્છાયણ-મિત્તં મુત્તું, જં કિંચિ મજ્ઝં, તં સવ્વં ।
ચેઇય-દવ્વં ણેયં " અભિગ્ગહો જાવ-જીવાએ. ॥૬૪॥

" માત્ર ભોજન અને વસ્ત્ર છોડીને, જે કાંઈ હું મેળવું, તે સર્વ ચૈત્યનું દ્રવ્ય સમજવું. " એ પ્રકારે જાવજીવનો અભિગ્રહ ધારણ કર્યો. ૬૪

" ગાસ-ચ્છાયણ૦ " ત્તિ । વ્યાખ્યા-

≠ " પોતાના ઘરના નિર્વાહ ઉપરાંત[૩] યોગ્ય વ્યાપારથી
જે કાંઇ મેળવાય,
તે બાકીનું
સર્વ ધન
દેવનું જ જાણવું. "
એ પ્રકારે—
જાવજીવના અભિગ્રહ રૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું. ૬૪

≠ હવે, તેનું[૧] ફળ બતાવવામાં આવે છે,—

સુહ-ભાવ-પવિત્તીએ સંપત્તી, ऽભિગ્ગહમ્મિ ણિચ્ચલયા, ।
ચેઇય-હર-કારાવણ, તત્થ,સયા-ऽऽભોગ-પરિસુદ્ધી. ॥૬૫॥
[શ્રાદ્ધ-દિન-કૃત્યે ગા. ૧૨૨]

" શુભ ભાવની પ્રવૃત્તિથી સંપત્તી થઈ, અભિગ્રહમાં નિશ્ચળતા થઈ અને દહેરાસર કરાવરાવ્યા. તે(કામ)માં હંમેશા (સૂક્ષ્મ પણે) વિચાર (કરી કામ) કરવાથી (પાપની) શુદ્ધિ થઈ પાપ નાશ પામ્યું. ૬૫

" સુહ-ભાવ૦ " ત્તિ । વ્યાખ્યા-

≠ મહા અભિગ્રહ ગ્રહણ કરનાર
તે મહાત્માને

શુભ ભાવની પ્રવૃત્તિથી=ચૈત્ય દ્રવ્યની ખૂબ વૃદ્ધિ કરવાની ઇચ્છાથી અને ઉત્તમ પ્રકારના ઉલ્લસાયમાન આશયો જાગવાથી લાભાન્તરાય કર્મનો ક્ષયોપક્ષમ થયો. તેથી—

સંપત્તિની-ખૂબ ખૂબ વિભૂતિની-પ્રાપ્તિ થઈ.
અને તે પ્રાપ્ત થવાથી—
અભિગ્રહમાં નિશ્ચળતા=પોતાના નિયમમાં દૃઢતા થઈ.

દૃઢતા થઈ

તેથી, ભાવ એ સમજાય છે, કે—

" સપનામાં પણ તેણે (પોતાના પણ તે દ્રવ્યમાંથી) (કરેલા નિયમથી) વધારે વાપરવાની–વધારે લેવાની–ઇચ્છા કરી નથી. "

તેથી, અનુક્રમે તે જ નગરીમાં તેણે દહેરાસર બંધાવ્યું.

તેમાં હંમેશાં આભોગ પરિશુદ્ધિ=એટલે કે દહેરાસર

બનાવવામાં સદા આભોગ=શાસ્ત્રની આજ્ઞા પૂર્વકનો વિચાર,

એટલે કે–પહેલાં ભૂમિ વિગેરેનું ચારેય તરફથી સંશોધન કરવું.

અથવા

તેમાં એટલે દહેરાસર બનાવવામાં, (દેખરેખ માટે) બેસવા વિગેરેથી

હંમેશા

ભોગ પરિશુદ્ધિ=" આશાતનાનો ત્યાગ " એવો પણ અર્થ (સમજવો).

અહિં, દહેરાસર બાંધવાનો વિધિ અને આશાતના **પંચાશક** અને **ષોડશક** વિગેરે ગ્રંથોમાંથી જાણી લેવા. ૬૫

≠ હવે (આ દૃષ્ટાંતનો) ઉપસંહાર કરે છે,—

इय सो महा-ऽणुभावो सव्वत्थ ऽवि अ-विहि-भाव-चाएण, ।
चरिऊं विशुद्ध-धम्मं अ-क्खलिआ-ऽऽराहगो जाओ. ॥६६॥

" એ પ્રકારે, સર્વ ઠેકાણે, અવિધિપણાનો ત્યાગ કરીને, વિશુદ્ધ ધર્મની આચરણા કરીને તે મહાનુભાવ (સંકાશ શ્રાવક) અસ્ખલિતપણે આરાધક થયાં. " ૬૬

" इय सो महा० " त्ति । व्याख्या–

≠ **એ પ્રકારે**=કહ્યા પ્રમાણેની નીતિથી–રીતભાતથી

તે=સંકાશનો આત્મા

મહાનુભાવ=વધતા જતા ખાસ પ્રકારના ઉત્તમ અધ્યવસાયોને લીધે જેનો પુણ્ય પ્રભાવ ખૂબ ખીલી રહ્યો છે, તે.

એટલે કે **ઉદ્વર્તનાદિ** કરણોને લીધે પુણ્ય પ્રકૃત્તિમાં વધારો, અને **અપવર્તનાદિ** કરણોને લીધે પાપ–પ્રકૃત્તિમાં ઘટાડો, થવાથી—

સર્વ=ધર્મ કાર્યોમાં

અવિધિ ભાવનો ત્યાગ કરવાથી=એટલે કે, અનુચિત પ્રવૃત્તિ રોકી દઇ,

વિ-શુદ્ધ ધર્મની આરાધના કરી. એટલે કે—

શ્રુતરૂપ અને ચારિત્રરૂપ ધર્મની આરાધના કરી,

અસ્ખલિત આરાધક થયા=નિર્વાણ પ્રાપ્ત કરાવનાર આરાધના કરનાર થયા, એટલે કે—

"તેને એટલે મોક્ષને હિતકારી અનુષ્ઠાન આચરનાર થયા." એ ભાવાર્થ છે. ૬૬

संकासो वि विभित्तूणं कम्म-गंठिं सु-णिव्वुडो, ।
जाहिही सो उ णिव्वाणं महा-सत्तो, ण संसओ. ॥६७॥

[श्राद्ध-दिन-कृत्ये गा. १३९]

"સંકાશ શ્રાવક પણ કર્મની ગાંઠ ભેદીને સારી રીતે નિવૃત્ત થયા, એટલે કે-સંયમમાં સ્થિર થયા અને તે મહા સાત્ત્વિક આત્મા મોક્ષમાં જશે, તેમાં શંકા નથી." ૬૭

"संकासो०" त्ति । व्याख्या-

≠ **સંકાશ** પણ કાળ ક્રમે—

મૂળ સહિત મોહનો નાશ કરીને,

મહાસાત્ત્વિક=સંતોષ રૂપી અમૃતથી સિંચાયેલી મનોવૃત્તિવાળા

સારી રીતે નિવૃત્ત થયેલા=મુક્તિના સુખનો સ્વાદ પ્રાપ્ત કરેલ હોવાથી, સંયમમાં પ્રીતિ રાખીને,

એટલે કે-"જીવન્-મુક્ત થઇને,

"निर्जित-मद-मदनानां वाक्-काय-मनो-विकार-रहितानाम् ।
विनिवृत्त-परा-ऽऽशानामिहैव मोक्षः सु-विहितानाम् ॥

[श्राद्ध-दिन-कृत्ये १३९ प्रशम-रतौ २७६]

"મદ અને મદનને જીતી લેનારા, વાણી, કાયા અને મનના વિકાર વિનાના, અને પારકી આશા વગરના સુ-વિહિત મહાત્મા પુરુષોને અહિં જ મોક્ષ છે."

નિર્વાણ પામશે."

કર્મસાર ને પુણ્યસારની કથા

≠ એ પ્રકારે, **જ્ઞાન દ્રવ્ય** અને **સાધારણ દ્રવ્યનો** વિનાશ કરવાથી થયેલા પાપ કર્મનો ઉપર જણાવેલા વિધિથી નાશ કરવાનું બતાવવા માટે **કર્મસાર** અને **પુણ્યસારના** દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે,—

કથા—

ભોગપુરમાં ચોવીસ કરોડ સોનામહોરના માલિક **ધનાવહ શેઠ** હતા. **ધનવતી** તેમનાં પત્ની હતા. તે બંનેયના જોડકે જન્મેલા **કર્મસાર** અને **પુણ્યસાર** નામે પુત્રો હતા.

આઠમે વરસે વિદ્વાન્ ઉપાધ્યાય પાસે ભણવા રહ્યા. **પુણ્યસાર** સર્વ વિદ્યા સુખ પૂર્વક ભણ્યો. ઘણી મહેનત કરવા છતાં પણ **કર્મસારને** એક અક્ષરેય આવડ્યો નહીં. તો પછી વાંચવા-લખવા વિગેરેમાં તો પૂછવું જ શું ? તેથી, અધ્યાપકે પણ પશુ જેવા તેને ભણાવવાનું છોડી દીધું. બન્નેય યૌવન પામ્યા, ત્યારે પિતા શ્રીમંત હોવાથી મોટા શેઠીયાઓની કન્યાઓ બન્નેયને સરળતાથી મળી ગઈ, અને ઉત્સવ પૂર્વક પરણ્યા.

"બન્નેય પરસ્પર લડી ન પડે." એમ વિચારીને બન્નેયને બાર-બાર કરોડ સોનૈયા આપી જુદા કર્યા.

હવે, **કર્મસાર** પોતાના કુટુમ્બીઓએ રોકવા છતાં કુ-બુદ્ધિથી એવી રીતે વેપાર કરે છે, કે-જેથી વેપારમાં ધનની હાનિ જ થાય. એમ કરતાં કરતાં થોડા દિવસોમાં જ પિતાએ આપેલી બાર કરોડ સોના મહોરો ગુમાવી દીધી.

પુણ્યસારના બાર કરોડ સોનૈયા ચોરો ખાતર પાડીને લઇ ગયા. તેથી તે બન્નેય દરિદ્રી થઇ ગયા. કુટુમ્બ વિગેરેએ તેઓને છોડી દીધા. અને બન્નેયની પત્નીઓ પીયર જઇને રહી.

ત્યાર પછી, "બુદ્ધિ વગરના અને ભાગ્ય હિન છે" એમ કહી લોકો અપમાન કરતા હતા. તેથી શરમાઈ ને બીજા દેશમાં જઈ, જુદા જુદા શ્રીમંતોને ઘેર રહ્યા.

ત્યાં પણ, બીજો કોઈ ઉપાય ન હોવાથી નોકર તરીકે જેના ઘરમાં રહ્યો, તે શેઠ પણ કૃપણ હોવાથી, ઠરાવેલું મહેનતાણું પણ તેને આપતો નથી. અને વારંવાર છેતરે છે.

આથી, ઘણા દિવસે પણ પહેલો ભાઈ કાંઈ મેળવી શકયો નહીં.

બીજા ભાઇએ કાંઇક મેળવ્યું, અને પ્રયત્નથી સાચવ્યું, પણ ધુતારો ધૂતી ગયો.

એ પ્રમાણે, જુદા-જુદા સ્થાનોમાં નોકરીથી, ધાતુવાદ, ખાણ ખોદવી, રસાયણ સાધવું, રોહણાચળ પર્વત ઉપર જવું, મંત્ર સાધના કરવી, અને ઇન્દ્રતીવેલી લેવી, વિગેરે વિગેરેથી અગ્યાર વખત મહા પ્રયત્ન કરવા છતાં પણ કુ-બુદ્ધિને લીધે-ન્યાયથી વિરુદ્ધ રીતે બધું કરવાથી-પહેલો ભાઈ કચાંયથી ધન મેળવી શકયો નહીં. પરંતુ તેને દરેક ઠેકાણેથી દુઃખો જ સહન કરવા પડયા.

બીજા ભાઇએ કાંઇક મેળવ્યું ખરું. પરંતુ ગફલત વિગેરેથી અગ્યાર વખત ગુમાવી દીધું.

તે બન્નેય ભાઈઓ કંટાળી વહાણ મારફત **રત્નદ્વીપે** ગયા. પરચો આપનારી **રત્નદ્વીપની** દેવીની આગળ મરણ સુધી બેસવાનો નિર્ણય કરીને બેઠા.

ત્યાર પછી, આઠમે ઉપવાસે "તમારું બન્નેયનું ભાગ્ય નથી." એમ કહીને દેવી અદૃશ્ય થઈ ગયા.

તેથી, **કર્મસાર** ઉઠી ગયો. પરંતુ **પુણ્યસારે** એકવીશ ઉપવાસ કરીને, તે દેવી પાસેથી ચિન્તામણિ **રત્ન** મેળવ્યું.

કર્મસાર પસ્તાવો કરવા લાગ્યો. ત્યારે **પુણ્યસારે** કહ્યું, કે, "હે! ભાઇ! ખેદ કર મા. આ **ચિન્તામણિ રત્નથી** તારું પણ ધાર્યું સફળ થશે." તેથી બન્નેય ખૂશી થયા.

અનુક્રમે વહાણમાં બેસીને જતા હતા, તેવામાં, રાતે પૂર્ણિમાનો ચંદ્ર ઉગ્યો હતો. ત્યારે મોટાભાઇએ કહ્યું—

"ભાઇ! ચિન્તામણિ રત્ન બહાર કાઢ. જેથી આપણે જોઈએ, કે-"તેનું કે ચંદ્રનું? કોનું તેજ અધિક છે?"

ત્યારે, દુર્ભાગ્યથી દોરવાયેલા નાનાભાઇએ પણ રત્ન હાથમાં રાખીને ક્ષણવાર રત્ન તરફ, અને ક્ષણ વાર ચંદ્ર તરફ, નજર રાખવા જતાં, મનોરથોની સાથે જ તે રત્ન સમુદ્રમાં પડી ગયું.

ત્યારથી, સરખા દુઃખી બન્નેય પોતાના શહેરમાં આવીને, જ્ઞાની ગુરુ મહારાજને પોતાના પૂર્વ ભવો વિષે પૂછયું.

જ્ઞાની મહાત્મા કહે છે, કે—"**ચંદ્રપુરમાં જિનદત્ત** અને **જિનદાસ** નામના પરમ શ્રાવક બે શેઠીયાઓ રહેતા હતા.

એક દિવસે ત્યાંના શ્રાવકોએ મળીને જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય સાચવવા માટે સારા ઉત્તમ ગૃહસ્થો જાણીને તે બન્નેયને સોંપ્યું.

એક દિવસે પહેલાએ (એટલે કે જિનદત્તે) પોતાના ચોપડામાં બરાબર

તપાસીને, નામું લખનારના (તે) મહીનાના મહેનતાણાંના આપવાના દ્રમ્મ નક્કી કર્યા, પરંતુ પાસે બીજું ધન ન હોવાથી " આ પણ જ્ઞાનનું કામ છે." એમ વિચારીને બાર દ્રમ્મ (દામ) નામું લખનારને આપ્યા.

અને બીજાએ " **સાધારણ દ્રવ્ય** સાત ક્ષેત્રને યોગ્ય હોવાથી, શ્રાવકોને પણ આપવું યોગ્ય છે." એમ વિચારીને પોતાની પાસે બીજું ધન ન હોવાથી, ઘરના ખાસ જરૂરી કામ પ્રસંગે **સાધારણ દ્રવ્યમાંથી** બાર દ્રમ્મ વાપર્યા.

ત્યાંથી મરીને, પાપ કર્મને યોગે, બન્નેય પહેલી નરકમાં ગયા હતા.

ત્યાંથી, નરકગતિ, એક ઇન્દ્રીય, બે ઇન્દ્રીય, તે ઇન્દ્રીય, ચૌ ઇન્દ્રીય, અને પંચઇન્દ્રીય તિર્યંચપણે, દેવ દ્રવ્યનું ભક્ષણ કરનારા **સાગર** શેઠની પેઠે, સર્વત્ર બાર હજાર વખત ખૂબ-ખૂબ દુઃખ અનુભવીને, ઘણા પાપ ખપી ગયા પછી, તમે બન્નેય અહીં થયા છો, એટલે કે, અહીં જનમ્યા છો. પૂર્વ કર્મના યોગે આ ભવમાં પણ બાર બાર કરોડ ગુમાવી બેઠા છો."

એ પ્રકારે જ્ઞાની મહાત્માનું તે વચન સાંભળીને બન્નેયે શ્રાવક ધર્મનો સ્વીકાર કરી, નીચે પ્રમાણે પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું, કે—

" વેપાર વિગેરેમાં જે દ્રવ્ય મળશે, તેમાંથી હજાર હજાર ગણું દ્રવ્ય જ્ઞાન-ક્ષેત્રમાં અને સાધારણ ક્ષેત્રમાં અર્પણ કરી જ દેવાના. ત્યાર પછી જે ધન મળે, તે પોતાનું ગણવું." એવો નિયમ ગ્રહણ કર્યો.

તેથી, પૂર્વ કર્મનો ક્ષય થવાથી, બન્નેય ખૂબ ધન મેળવીને તેમાંથી બન્નેય ક્ષેત્રોમાં હજાર હજારગણું દેવું આપીને, અનુક્રમે બાર કરોડ ધનના સ્વામી થયા.

તે પછી, તે બન્નેય શેઠીયા સારા શ્રાવક તરીકે જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્યની સારી રીતે રક્ષા તથા તેના ચડાવા વિગેરે કરવા સાથે શ્રાવક ધર્મની આરાધના કરી, દીક્ષા લઇ, મોક્ષમાં ગયા."

મહાકાળ વગેરેની કથા

≠ હવે, દેવ-દ્રવ્ય અને ગુરુ-દ્રવ્યના વિનાશ વિષે **મહાકાળનું દૃષ્ટાંત**,—

ગઇ **ઉત્સર્પિણીના** ચોથા આરામાં **શ્રી સંપ્રતિ**[૩] **તીર્થંકર ભગવાનને** સમયે **શ્રીપુર નગરમાં શાંતન** નામે **રાજા** રાજ્ય કરતા હતો. તેને **સુશીલા** નામે રાણી હતી.

તેણે અનુક્રમે યોગ્ય વખતે **નીલ, મહાનીલ, કાળ** અને **મહાકાળ** નામના ચાર પુત્રોને જન્મ આપ્યો.

અનુક્રમે **નીલના** જન્મ વખતે હાથીનું સૈન્ય રોગને લીધે મરણ પામ્યું, **મહાનીલના** જન્મ વખતે ઘોડાનું સૈન્ય મરણ પામ્યું, **કાળના** જન્મ વખતે અગ્નિના ઉપદ્રવે કરીને તમામ ઋદ્ધિ નાશ પામી.

મહાકાળના જન્મ વખતે કેટલોક કાળ ગયા પછી શત્રુઓએ મળીને રાજ્ય લઇ લીધું.

રાજ્યથી ભ્રષ્ટ થયેલા **શાંતન** રાજાએ સ્ત્રી અને પુત્રોની સાથે ભટકતાં ભટકતાં, **સૌરાષ્ટ્રમાં** શત્રુંજયી નદીની પાસેના પર્વત ઉપર રહેવાનું રાખીને ઘણો કાળ પસાર કર્યો.

એ વખતે, છોકરાઓ પણ શિકાર વિગેરે વ્યસનોમાં લાગેલા રહેતા હતા. ને દુષ્ટ કોઢ વિગેરે રોગોથી પીડાવા લાગ્યા, ત્યારે દુઃખથી ગભરાઇ ગયેલા રાજા ઝંપાપાત કરીને મરવા માટે પર્વત ઉપર ચડ્યા.

ત્યાં, **સંપ્રતિ** અરિહંત ભગવાનનું દહેરાસર જોઇને, આવતા ભવનું ભાતું મેળવવા માટે **આગમમાં** કહેલી વિધિએ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરતા હતો.

એ અવસરે, ત્યાં આવેલા, તેની પૂજા વિધિની કુશળતા જોઇને વિસ્મય પામેલા **ધરણેન્દ્ર દેવે બહાર આવેલા** રાજાને બધું પૂછ્યું. રાજાએ પોતાનો (ઝંપાપાતથી મરવાનો) વિચાર જણાવ્યો. તેથી **ધરણેન્દ્રે** તેનું બાળ (અસમાધિથી થવાનું) મૃત્યુ રોકીને, તેના પુત્રોના પૂર્વ ભવની વાત રાજાને કહી.

"પૂર્વ ભવોમાં—

૧ તારા પહેલા પુત્રના જીવે ચોર જાતિના ભવમાં તીર્થ યાત્રાના સંઘને લુંટ્યો હતો, અને સાધુ મહારાજને મારી નાંખ્યા હતા.

૨ બીજા પુત્રના જીવે ક્ષત્રિય જાતિના ભવમાં પોતાની સ્ત્રીને મારી નાંખી હતી.

૩ ત્રીજા પુત્રના જીવે વણિક જાતિના ભવમાં તત્ત્વની નિંદા કરી હતી.

૪ ચોથા પુત્રના જીવે બ્રાહ્મણ જાતિના ભવમાં દેવ દ્રવ્ય અને ગુરુ દ્રવ્યની ચોરી કરી હતી.

ત્યાર પછી, દુર્ગતિમાં ઘણા ભવો સુધી ભમીને અકામ નિર્જરાના બળથી કેટલાક કર્મો તો ખપાવ્યા હતા. અનુક્રમે તે ચારેય જીવો તમારા પુત્રો થયા છે. બાકી રહેલા કર્મના ઉદયથી આ પ્રમાણે પાપનું ફળ પામ્યા છે. અને તેના સંબંધથી તમને પણ એનું ફળ મળ્યું છે. આથી, પુત્રોની સાથે તમે પણ આ તીર્થની સેવા કરો. તેના જળથી સ્નાન કરીને, રોજ જિન પ્રતિમાજી મહારાજાઓની પૂજા કરો. ને પિન્ડસ્થ વિગેરે ધ્યાનમાં તત્પર રહો.

ઉત્તમ સાધુઓની યથાશક્તિ ભક્તિથી પ્રતિલાભ મેળવો.

આ વિગેરે પ્રકારોથી ત્રણ તત્ત્વ (દેવ, ગુરુ અને ધર્મ) ની આરાધનાએ કરીને, દુષ્ટ કર્મોનો ક્ષય કરીને, ફરીથી રાજ્ય મેળવશો, અને તે વખતે સાધર્મિકપણાથી હું સહાય કરીશ.” એમ કહીને, ધરણેન્દ્ર પોતાને સ્થાને ગયા. રાજાએ પણ તે જ પ્રકારે રાજ્ય મેળવીને, અનુક્રમે **સંકાશ શ્રાવક**ની પેઠે મોક્ષપદ મેળવ્યું.”

≠ આ વિષયમાં વિશેષ વિસ્તાર **શ્રી શત્રુંજય મહાત્મ્યમાંથી** સમજી લેવો.

≠ બીજા પણ દૃષ્ટાંતો શ્રી **આગમ** અનુસારે જાણવા.

≠ આ પ્રમાણે કરવું **કલ્યાણકારક** છે. ૬૭

૭. દૃષ્ટાન્ત દ્વાર પૂરું.

ઉપસંહાર

≠ ગ્રંથ પૂરો કર્યા પછી પણ હવે ભવ્ય જીવોને ઉત્સાહિત કરવામાં આવે છે,—

जइ इच्छह णिव्वाणं, अह वा लोए सु-वित्थडं कित्तिं, ।
ता जिण-वर-णिद्दिट्ठे विहि-मग्गे आयरं कुणह. ॥६८॥

"જો તમે મોક્ષ ઇચ્છતા હો, અથવા આ લોકમાં બહુ જ ફેલાયેલી કીર્તિ ઇચ્છતા હો, તો શ્રી જિનેશ્વર પ્રભુએ ઉપદેશેલા વિધિમાર્ગમાં આદર કરો." ૬૮

"जइ" त्ति ।

ભાવાર્થ સમજી શકાય તેવો છે. ૬૮

≠ હવે ગ્રંથકાર કવિશ્રી પોતાનું નિરભિમાનપણું બતાવે છે,—

तह-विह-भवि-बोहण-ऽत्थं भणियं जं च विवरियं इह गंथे, ।
तं सोहंतु गीय-त्था अण-ऽभिनिवेसी अ-मच्छरिणो. ॥६९॥

"તેવા પ્રકારના (યોગ્ય) ભવ્ય જીવોને સમજાવવા માટે રચેલા આ ગ્રંથમાં જે કાંઇ વિરુદ્ધ કહેવાયું હોય, તે, આગ્રહ વગરના અને ઇર્ષ્યા વગરના ગીતાર્થ પુરુષો શુદ્ધ કરજો." ૬૯

"तह-विह-भवि-बोहण०" त्ति ।

વ્યાખ્યા સરળ છે. ૬૯

≠ હવે ગ્રંથની સમાપ્તિનો ઉપસંહાર કરવાને પ્રસંગે છેલ્લું **મંગલાચરણ** કરે છે,—

"तव-गण-गयण-दिवा-यर-विजया-ऽऽइ-माण-सूरि-रज्जम्मि ।
भाणु-विजय-बुह-सेवग-वायग-लावण्ण-विजयेण, ॥७०॥

गंथ-ऽंतर गाहाहिं सम-ऽत्थिया दव्व-सित्तरी एसा ।
भविअ-जण-बोहण-ऽत्थं, मंगल-मालं कुणउ णिच्चं. ॥७१॥

"તપાગચ્છ રૂપી આકાશમાં સૂર્ય સમાન **શ્રીમાન વિજય સૂરિ** મહારાજના (ધર્મ) રાજ્યમાં **ભાનુવિજય** બુધ (ગુરુ) ના સેવક **લાવણ્ય વિજય** વાચકે આ **દ્રવ્ય સપ્તતિકા** નામનો ગ્રંથ બીજા ગ્રંથોની ગાથાઓથી ભવ્યજીવોના બોધ માટે વ્યવસ્થિત રીતે રચ્યો છે.

અને તે (ગ્રંથ) હંમેશાં મંગળની માળા રચો. ૭૦-૭૧

દ્રવ્યસિત્તરી ગ્રંથ પૂરો થયો.

"तत्र-गण०" त्ति ।

"गंथ-ऽंतरं०" त्ति ।

વ્યાખ્યા સરળ છે,

એ પ્રમાણે, દ્રવ્યસપ્તિકાની વૃત્તિ (ટીકા) પૂરી થઈ.

≠ હવે, (સ્વોપ-જ્ઞ) વૃત્તિકાર પોતાની **પ્રશસ્તિ** કહે છે,—

"वेद-वेद-ऽर्षि-चन्द्रे (१४७१) ऽब्दे ईषस्य (२) सित-पक्षतौ ।
विवव्रे तत्र वृत्तिश्च लावण्या-ऽऽह्वय-वाचकैः. ॥१॥

यावन् मही-मृगा-ऽक्षीयं धत्ते वारि-धि-मेखलाम्, ।
वाच्यमाना बुधैर्जीयात् स-वृत्ति द्रव्य-सप्ततिः. ॥२॥

तर्का-ऽऽदि-शास्त्र-निपुणै वैराग्या-ऽमृत-सागरैः ।
शोधितेयं श्रिये श्रीमद्(३)-विद्या-विजय-कोविदैः. ॥३॥"

इति-श्री द्रव्य-सप्ततिका-वृत्तिः समाप्ता, ग्रन्था-ऽग्रम् ९०० ॥

"વેદ, વેદ, ઋષિ અને ચંદ્ર (સંવત્ ૧૭૪૪) વર્ષે, **આસો** સુદિ પૂનમને દિવસે શ્રી **લાવણ્ય વિજય** નામના **ઉપાધ્યાયે** દ્રવ્યસપ્તતિકા ગ્રંથની વૃત્તિ-વિવરણ રૂપે રચી છે. ૧

આ પૃથ્વી રૂપી સ્ત્રી જ્યાં સુધી સમુદ્રરૂપી કંદોરો પહેરી રહી છે, ત્યાં સુધી, વિદ્વાનોથી વંચાતો વૃત્તિ સહિત આ **દ્રવ્ય સપ્તતિકા** ગ્રંથ વિજય પામો.

તર્ક વિગેરે શાસ્ત્રોમાં નિપુણ અને વૈરાગ્ય રૂપી અમૃતના સમુદ્ર એવા **શ્રીમદ્ વિદ્યાવિજય** નામના વિદ્વાન્ મહાત્માએ શોધેલો આ **દ્રવ્ય સપ્તતિકા** ગ્રંથ કલ્યાણને માટે હો." ૩

ટિકા સહિત દ્રવ્યસપ્તતિકા ગ્રંથ સંપૂર્ણ

≠ ગ્રંથ પ્રમાણ-૯૦૦ શ્લોક.

દૃષ્ટાંત દ્વારમાંના–
શ્રી સંકાશ શ્રાવક વિષે વિશેષ વિચાર

[ગૃહસ્થની અપેક્ષાએ,

કોઈ ખાસ સાવદ્ય પ્રવૃત્તિ પણ કુવાના દૃષ્ટાંતે કરીને કરવાની બતાવી છે—

" તે પ્રવૃત્તિ માત્ર પૂજાના અંગભૂત ફૂલ ચુંટવા વિગેરેના આરંભ પૂરતી જ ઇષ્ટ ગણેલી છે." એમ નથી. પરંતુ " વેપાર વિગેરેની કોઈક સાવદ્ય પ્રવૃત્તિ પણ કોઈ જીવની અપેક્ષાએ અને ઘટના વિશેષના પક્ષપાત રૂપે પાપના ક્ષય માટે, અને ગુણ રૂપ બીજનો લાભ મેળવવા માટે પણ ઇષ્ટ છે=જરૂરી છે. " એ પ્રમાણે ફરમાવેલ છે.

તે માટે આ પ્રમાણે કહ્યું છે—

સંકાશાદિની પેઠે—

सङ्काशा–ऽऽदिवदिष्यते गुणनिधि र्धर्मा–ऽर्थमृद्धय–ऽर्जनम् ।
शुद्धा–ऽऽलम्बन–पक्ष–पात–निरतः कुर्वन्नुपेत्याऽपि हि. ॥५७॥

श्री-प्रतिमा-शतके

" સંકાશ વિગેરે શ્રાવકની પેઠે કોઈ ગુણવાન પુરુષ શુદ્ધ આલંબ્બનનો પક્ષપાત રાખીને, સામે ચાલીને પણ ધર્મને માટે ઋદ્ધિ મેળવે, તો તેને [અપેક્ષાએ] ચોગ્ય પણ ગણેલ છે. ૫૭

(શ્લોકનો આ પાછળનો અર્ધભાગ શ્રી **પ્રતિમા શતક** ગ્રંથમાંનો છે.)

સંકાશ શ્રાવક વિગેરેની પેઠે
ધર્મને માટે,
ઋદ્ધિ મેળવવી=ધન મેળવવાનું
સામે જઇને=તે કામ કરવાનો સ્વીકાર કરીને (પણ)
કરે,
હિ=જ.
શુદ્ધ આલમ્બનમાં જે પક્ષપાત, તેમાં
મગ્ન=શુદ્ધ આલમ્બનના કારણથી–
ગુણનિધિ=ગુણના ભંડાર તરીકે
ઇચ્છાય છે. ૫૭
સંકાશ શ્રાવકે પ્રમાદથી ચૈત્ય દ્રવ્યનું ભક્ષણ કર્યું હતું.

અને તેથી લાભાન્તરાય વિગેરે ક્લિષ્ટ કર્મો બાંધી ઘણો કાળ ભયંકર સંસાર રૂપી જંગલમાં રખડતાં–રખડતાં અનંત કાળે મનુષ્ય પણું પામ્યા હતો.

છતાં પણ, દુઃખી લોકોના અગ્રેસર જેવો એ હતો, એટલે કે મહા દુઃખી હતો.

તીર્થંકર પ્રભુ પાસે જઇને તેમની પાસેથી પોતાના પૂર્વ ભવનો બધો વૃતાંત સાંભળ્યા પછી, શ્રી તીર્થંકર ભગવાનના ઉપદેશથી દુર્ગતિના કારણભૂત કર્મો ખપાવવા માટે—

"હું જે દ્રવ્ય ઉપાર્જન કરીશ, તેમાંથી આહાર અને વસ્ત્ર સિવાય બધુંયે જિનમંદિર વિગેરેમાં વાપરીશ."

એ પ્રમાણે–અભિગ્રહ ધારણ કર્યો અને તે પ્રમાણે વર્તન કર્યું. અને કાળે કરીને મોક્ષ પામ્યા.

≠ "આ રીતે આમ કરવું, એ **સંકાશ શ્રાવકને** જ માટે ભલે યોગ્ય હોય, કેમ કે–તેનું કર્મ તે જ રીતે ક્ષય પામવાનું હતું. પરંતુ બીજા કોઇને માટે એમ કરવું યોગ્ય નથી. માટે **સંકાશાદિમાં** જે **આદિ** શબ્દ વાપર્યો છે, તે નકામો છે.

જો તમે તે શબ્દને નકામો નહી ગણો, તો—

"શુદ્ધા–ऽऽગમૈર્યથા–લાભમ્૦ "–

"લાભ મળે તે રીતે શુદ્ધ આગમ પૂર્વક—"

એ વિગેરે શાસ્ત્રોના કથન ઘટશે નહિં."

આવી કોઈ શંકા કરે, તો ?—

"તે શંકા યોગ્ય નથી.

સમજદાર અને અણસમજદારના જુદી–જુદી જાતના આશય ભેદે કરીને **આદિ** શબ્દથી બીજા આત્માને પણ લેવા ઉચિત છે. જો તેમ કરવામાં ન આવે, તો—

"સુચ્ચઇ દુગ્ગય–નારી૦"

"દુર્ગતા નારી સાંભળે છે." (અથવા સોચે છે.)

ઇત્યાદિ વાકયોને સાચા ઠરાવવામાં અડચણ ઉભી થશે.

તે દુર્ગતા નારીએ બરાબર લાભ સમજીને, અથવા ન્યાયથી મેળવેલા ધનથી તે પુષ્પો લીધા ન હતા. (છતાં, તેને ઉચ્ચગતિનો લાભ મળ્યો છે.)

તથા, દહેરાસર સંબંધિ ગામડાં વિગેરે આપવાનું શી રીતે ઘટી શકે ? અને **શ્રી કલ્પ ભાષ્ય** વિગેરેમાં તે આપવાની વાતો જોવામાં આવે છે.—

चोएइ चेइयाणं रूप्प–सु–वण्णा–ऽइ–गाम-गो–वाणं ।
लग्गंतस्स हु मुणिणो ति–गरण–सुद्धी कह णु भवे ? ॥

भण्णए एत्थ विभासा. जो एआइं सयं विमग्गिज्जे, ।
ण हु तस्स हुज्ज सुद्धी. अह कोइ हरेज्ज एआइं, ॥

सव्व–त्थामेण तहिं संघेण होइ लगियव्वं तु ।
स–चरित्ता–ऽ–चरित्तीणं एयं सव्वेसिं कज्जं तु. ॥

" **પ્રશ્નકાર** પ્રશ્ન કરે છે, કે—

" ચૈત્યો માટે રૂપું, સોનું વિગેરે તથા ગામડા અને ગાયોના વાડા મેળવનાર મુનિને ત્રણ કરણની વિશુદ્ધિ કેવી રીતે રહી શકે ? "

ઉત્તર—" અહિં બે વિકલ્પ છે–(૧) જે ઉપર જણાવેલી વસ્તુઓ પોતે માંગે, તો તેની શુદ્ધિ હોતી નથી. પરંતુ (૨) ચૈત્યની તે વસ્તુઓ કોઈ પણ લઈ જાય, તો ચારિત્ર પાત્ર ને અચારિત્ર પાત્ર એ સર્વનું કર્તવ્ય હોવાથી શ્રી સંઘે તે પાછું મેળવવા માટે સર્વ શક્તિથી પ્રયત્ન કરવો જ જોઈએ. "

તથા, " **શુદ્ધ આગમ** પ્રમાણે લાભને અનુસરીને૦ " એ જે કહ્યું છે, તે " જાતે ફૂલ ન તોડવા વિગેરેની અપેક્ષાએ નથી. પરંતુ, " પૂજા કરવાને વખતે ફૂલ આપવાને માટે માળી આવેલ હોય, તે વખતે તેની પાસેથી ફૂલ લેવામાં શાસનની પ્રભાવના એટલે કે,— મહત્તા જાળવવા માટે, તેની સાથે " વણિક કળાનો પ્રયોગ ન કરવો જોઈએ. " એ વાત બરાબર સમજાવવા માટે એ વાકય છે. "

માટે **આદિ** શબ્દનો પ્રયોગ બરાબર છે, એમ સમજવું. "

(પૂજ્ય ઉપાધ્યાય મહારાજ શ્રી **યશોવિજયજી મહારાજના** છપાએલા **પ્રતિમા-શતક**ના ૧૫૭, ૧૫૮ પૃષ્ઠમાંથી).

શ્રી દ્રવ્ય સપ્તતિકા

અવચૂરિ

(ગુજરાતી ભાષાપર્યાય)

[અવચૂરિના રચનારશ્રીનું નામ જાણવામાં આવેલું નથી.
( )માં **અવચૂરી** સંશોધકનું ટીપ્પણ હોય છે.
[ ]માં **સંપાદકનું** ટીપ્પણ હોય છે.

૪ થી ગાથા સુધી અને કયાંક કયાંક પછી પણ પૃષ્ઠ, પંક્તિ અને પ્રતીકો લીધેલા છે. શિવાય આંકડાથી અવચૂરિ આપેલી છે. પ્રતોમાં બરાબર ન હોવાથી કયાંક કયાંક સ્થળોની સંગતિ બરાબર મેળવી શકાઈ નથી. **મેસાણા, છાણી, આનંદ ભિત્કોષ, મે૦ છા૦ આ૦ ટુંકી સંજ્ઞાની** પ્રતોમાંથી અવચૂરિનો સંગ્રહ કરેલો છે. **હલેલાના ઉપાશ્રયની** આખી અવચૂરિ લીધી નથી. પરંતુ કયાંક કયાંક તેમાંથી આપેલ છે.
સંપાદક]

ગા૦ ૧ મંગળાચરણાદિક.

૧ **મર્યાદા**–(સમય)
=આજ્ઞા

૨ [ત્રીજી ગાથામાં જણાવેલા **ભેદ** આદિ દ્વારોથી સમજાવેલું સ્વરૂપ]

૩ **માર્ગાનુસારિ** તથા–ભવ્યતા ધરાવતા જીવોના

૪–૫ [**શ્રી મહાવીર પ્રભુ અને ધર્મગુરુ**–એ બન્નેય સ્થાને]
ઉત્તમ ગુરુપણું એટલે સાક્ષાત્ પરમેષ્ઠિ ગુરુપણું.
["**तद्**" આ પદનો સંબંધ–(આગળ આ વાકયમાં જ આવતાં)–**इति भावः**–ની સાથે જાણવો.

ભાવાર્થ શો થાય છે ?

આ પ્રમાણે–દેવ અને ગુરુમાં સરખાપણું પણ હોવાથી, "ફળ ઉત્પન્ન કરી શકનાર બન્નેયમાં પ્રણિધાનની વાસ્તવિક યોગ્યતા છે." એમ સમજવું.]

૬–૭ [**ગુરુમહારાજ અને શ્રી દેવ જ**–આ પદમાં નય–સાપેક્ષપણે નજીકના ઉપકારી તરીકે ગુરુપદ પહેલું મૂકયું હોય એમ જણાય છે.]

૮ **વિગેરે**–પદથી " અધિકારી " જાણવા.

ગા૦ ૨ વ્યાખ્યા

૧ [" **ઓદારણ**=ભક્તિ વગેરે વિશિષ્ટ પ્રકારના નિયમની (નિયત) બુદ્ધિથી ધન–ધાન્યાદિક જે વસ્તુ, જ્યારે ઉચિત રીતે, દેવ વિગેરેની નિશ્રાએ

કરાય–એટલે કે–તે તે ઉદ્દેશથી (નિયમપૂર્વક) સમર્પિત કરાય, ત્યારે, તે તે ધનાદિ (દ્રવ્ય) દેવાદિકના દ્રવ્ય તરીકે આ પ્રકરણમાં વિવેકીઓએ સમજવા. ”

આ પ્રમાણે (ગાથાનો) સળંગ અર્થ સમજવો.]

૨ [વિભાગ પૂર્વક]

૩ **ઉચિતત્વેન**=[તે તે ક્ષેત્રને યોગ્ય પદાર્થ તરીકે હોય, તે. પરંતુ અયોગ્ય–અનુચિત પદાર્થ રૂપે–કે અનુચિત રીતે–ન હોવું જોઈએ.]

૪ [**इदं व्यापार्यम्** એમ સંબંધ જોડવો.]

૫ [**વિગેરે**–પદથી–સિદ્ધ, સાધુ, સંઘ, દેવ અને આત્મા, એ દરેકનું સાક્ષિપણું સમજવું]

૬ **નિશ્રાએ** કરેલું [પોતાનો સંબંધ છોડાવીને બીજા સાથે સંબંધ જોડવો, તેને નિશ્રાએ કરેલું કહેવાય છે.]

(અવચૂરિમાં–પ્રાસંગિક–વિચારણા)

“ **ચૈત્ય**[1] એ (તીર્થંકર પ્રભુ માટે બનાવેલું હોવાથી) **આધાકર્મિક** છે. ” એમ કોઈ કહે, તો તેને આમ સમજાવવું, કે–“ ચૈત્યને શાસ્ત્રોમાં **આધાકર્મિક** હોવાનું જણાવ્યું નથી.” ૧

“ શા માટે **આધાકર્મિક** નથી ? તો કહેવું, કે – “ આધાકર્મિકનું લક્ષણ ઘટતું નથી, માટે. ”

“ **આધાકર્મિક**નું લક્ષણ શું છે ? ”

“ તે નીચે પ્રમાણે કહીએ છીએ, સાંભળો,— ૨

“ જીવને ઉદ્દેશીને કરેલું હોય, અને તેમાં પણ તે સાધર્મિક[2] હોય, તો આધાકર્મિક થાય.

---

૧. **ચૈત્ય**— મંગળ ચૈત્ય વિગેરે ચાર પ્રકારે હોય છે:

૨. (ભાંગા નીચે પ્રમાણે છે.)

૧. પ્રવચન સાધર્મિક – વેષ સાધર્મિક

૨. પ્રવચન સાધર્મિક – વેષ સાધર્મિક નહીં.

૩. વેષ સાધર્મિક – પ્રવચન સાધર્મિક નહીં.

૪. પ્રવચન સાધર્મિક નહીં – વેષ સાધર્મિક નહીં.

(પ્રવચનનો અર્થ અહીં જૈન શાસન તરફની પાકી વફાદારી–શ્રદ્ધા–ધરાવવી, અને વેષ એટલે સુસાધુનો (જૈન)વેષ, એવા અર્થ સમજવા.

૧. બે સુવિહિત સાધુ – સાધર્મિક છે. [પરસ્પર સાધર્મિક].

૨. સુશ્રાવક અને સુવિહિત મુનિ [વેષથી સાધર્મિક નથી, પ્રવચનથી સાધર્મિક છે.]

૩. નિહ્નવ અને સુવિહિત મુનિ [વેશથી સાધર્મિક છે, પ્રવચનથી સાધર્મિક નથી.]

૪. સુવિહિત મુનિ અને બીજો ધર્મ પાળનાર [બન્નેય રીતે સાધર્મિક નથી. પ્રવચન–શાસન–ધર્મમર્યાદા–જુદા જુદા છે. વેષ પણ જુદા જુદા છે.]

સાધર્મિક પણ ત્રીજા[૩] ભાંગાના હોવા જોઈએ. બાકીના ભાંગાના હોવા ન જોઈએ. ૩

શાસ્ત્રમાં શ્રી તીર્થંકર પ્રભુને સાધર્મિક તરીકે જણાવેલા નથી : [તેથી તેને માટે કરાયેલા ચૈત્યમાં જવું સુવિહિત મુનિને કલ્પે છે.

એ ઉપરાંત, ચૈત્યનું નિર્માણ શ્રીજિનેશ્વરદેવના પ્રતિમાને માટે હોય છે. એટલે તો પછી વાત જ શી રહે છે ? કેમકે– તે તો અજીવ પદાર્થ રૂપ હોય છે. ૪

સંવર્તમેઘ; પુષ્પો; વિગેરે શાસ્તા નિમિત્તે (તીર્થંકર પ્રભુને ઉદ્દેશીને) કરેલ હોય, તે મુનિઓને કલ્પે છે, તેનો નિષેધ (શાસ્ત્રોમાં) મળતો નથી. તો પછી, પ્રતિમાજી માટે બનાવેલું ચૈત્ય કેમ ન ખપે ? ૫

તીર્થંકર નામ ગોત્ર કર્મના ક્ષય માટે– શ્રી તીર્થંકર દેવો ધર્મ કહે છે: અને (દેવાદિકકૃત) પૂજા પણ સ્વીકારે છે. ૬

" તીર્થંકર દેવ શા આધારે દેવોની પૂજા સ્વીકારે છે ? તેમને સંતોષ પામવા જેવું તો હોતું નથી. "

" કહીએ છીએ– " કર્મોનો ક્ષય કરવા માટે તેઓ તે સ્વીકારે[૧] છે. ૭

જો કે શ્રી તીર્થંકર ભગવંતના કષાયો નાશ પામ્યા હોય છે, તથા તેઓ કૃતકૃત્ય હોય છે, છતાં પણ, (પોતાના) જીત– વ્યવહારના આચારને અનુસરીને[૨] દરેક પ્રવૃત્તિ કરે છે. ૮

માટે — સાધર્મિકપણાના અભાવથી[૩] ચૈત્ય આધાકર્મિક[૪] નથી. તેથી, મુનિની નિશ્રા માટે જે કરવામાં આવેલું હોય, તે વર્જન કરવા યોગ્ય છે, (બીજું નહીં) ૯ *

બૃહદ્–કલ્પ–ભાષ્ય

૭ [આગળ ધરવાથી,

ખાસ પ્રકારના નિર્ણય રૂપ સંકલ્પે કરીને

મનથી, વચનથી, કાયાથી અથવા બે કે ત્રણેયથી,

અર્પણ કરવાનો સ્વીકાર કરવાથી,

ચોપડાંમાં લખવા અથવા લખાવવાથી,

---

૩. [ઉપર ત્રીજો ભાંગો આધાકર્મિક તરીકે જણાવ્યો છે, તે અહીં પહેલા ભાંગા તરીકે બતાવેલ છે.]

---

૧. સાર્વત્રિક પૂજા સ્વીકારે છે.—

૨. (અમુક) કર્મોની પરતંત્રતાને લીધે પૂજાદિક ગ્રહણ કરે છે.

૩. સત્કારાદિક કરવાની બુદ્ધિથી ચૈત્ય કરાવાય છે.

૪. શરીર ટકાવવા માટે વૈયાવચ્ચની બુદ્ધિથી આહારાદિક હોય છે.

[* ગાથાઓમાં અશુદ્ધિઓ બહુ જણાય છે, તેથી તેના અર્થ લગભગ ભાવાર્થરૂપ સમજવાના છે. તે વિષેના જ્ઞાતા પૂજ્ય મુનિ મહારાજાઓ વિગેરે પાસેથી બરાબર શુદ્ધ અર્થ સમજી લેવા. જો કે ગ્રંથના મુખ્ય વિષય સાથે આને ખાસ બહુ સંબંધ નથી. **સંપાદક**]

ચડાવા વિગેરે દ્વારા શ્રી સંઘના આદેશથી મળેલ હોવાથી,
શાસ્ત્રકારોની આજ્ઞા મુજબ પ્રાપ્ત થયેલ હોવાથી,
સંબંધ પ્રકરણાદિક ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે–

આચરિત, કલ્પિત, નિર્માલ્ય વિગેરે પ્રકારે કરીને સંભવે છે. છતાં વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ ખાસ શાસ્ત્રજ્ઞ ગુરુમહારાજાઓની નિશ્રાથી આ વિષે વિશેષ સમજુતી મેળવવી.]

૮ **કરવામાં આવેલ**–અહીં **શ્રી જીર્ણ શેઠનું** દૃષ્ટાંત છે.

૯ **સંકલ્પિત કરવામાં આવેલ હોય**–વિશિષ્ટ મનોરથ રૂપે, (ખાસ વિશિષ્ટ નિર્ણયરૂપે, [સામાન્ય] સંકલ્પ રૂપે નહીં)

૧૦–૧૨ વ્યવહારથી સ્વનિશ્રિત. **મે૦**

૧૧ અન્ન, વસ્ત્ર માત્રનો જ ઉપયોગ કરવો. અલ્પ ખર્ચથી સંતોષપૂર્વક જીવનાર.

૧૩–૧૪ **આમીષ–થુઇ=નૈવેદ્ય પૂજા–સ્તુતિ (ભાવ) પૂજા**

આમીષ–શબ્દ ૧ **આકર્ષણ** અર્થમાં પુલ્લીંગે છે, પુલ્લીંગ અને નપુંસક લિંગે ભોગવવા લાયક **વસ્તુ, સંભોગ, લાંચ,** અને **માંસ** અર્થમાં પણ છે.

મેદિની કોષમાં–ષાન્ત વર્ગમાં

૧૫ **દેવ માટે–મુખ્યપણે;**

ગૌણપણે તો–પોતાની નિશ્રા પણ છે
જેમ–કન્યા પિતાની પણ ગણાય છે; અને તેના પતિની પણ ગણાય છે.
જો તેમ ન હોય, તો અદત્તાદાનનો દોષ લાગે છે. **મે૦ આ૦**
અહીં–મુખ્યપણાનો અને ગૌણપણાનો ભેદ છે. ગૌણપણે પોતાની નિશ્રા પણ છે. **મુદ્રિ૦**

[**બન્નેયને**–દેનાર અને લેનાર બન્નેયને.
બે દોષો–અદત્તાદાન અને **દેવદ્રવ્યનો ઉપભોગ,** એ બે દોષો સમજવા.]

૧૬ જેમાં નૈવેદ્ય વિ૦ મૂકીને ધરવામાં આવે, તે વાસણો વિગેરે **(નૈવેદ્યનું પાત્ર)**

[આ ઉપલક્ષણાત્મક સમજવું. તેથી, એમ બીજી પણ અનેક ચીજો સમજી લેવાની હોય છે. વસ્તુ ભક્તિથી ધરવામાં આવે, તેના સહકારમાં જે હોય, તે વસ્તુઓ દેવદ્રવ્યાદિક રૂપે ન બને. એ ભાવાર્થ છે. **સંપાદક**]

ગા૦ ૩ મુખ્ય ભેદો.

૧ ઉપદેશને અનુસારે આચરણ કરવાના કાર્યો કરવાની ટેવ પાડવી=તે **શિક્ષા.**

૨ ભેદો પૂર્વકના મૂળભૂત દ્રવ્યોમાં.

૩ જ્ઞાનાવરણીય કર્મ, અંતરાય કર્મ, પ્રમાદ.
૪ પ્રેરાયેલી.
૫ કરવા અને રોકવા વગેરેથી [વૃદ્ધિ કરવી, અને નાશ રોકવો.]
૬ ઉદ્રવેલિત એટલે–વધારેલ. છા૦ પુષ્ઠ. મે૦
૭ તેના શુદ્ધિ કરનાર [દોષો દૂર કરી] શુદ્ધિ કરનાર.
૮ પ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં દઢતા લાવવા માટે [ગુણોમાં પ્રવૃત્તિ કરવાની દઢતા લાવવા માટે, અને દોષો દૂર કરવામાં રોકાવટમાં દઢતા લાવવા માટે.]
૯ **દ્વારો** એટલે–વ્યાખ્યા કરવાના વિભાગોનું–અંગોનું–નિરૂપણ કરવાના સાધન રૂપ.
૧૦ **પ્રરૂપણા**–એટલે [સ્વરૂપની વ્યાખ્યા કરીને સમજાવટ રૂપ.]
૧૧ [સાચી સમજ એટલે–સાચી સમજાવટ અને સાચી સમજ.]

ગા૦ ૪ ૧ લું ભેદ દ્વાર.

૧ **આદિ** શબ્દ [બીજી ગાથામાં વાપરેલો છે.]
૨ મૂળ અને પેટા ભેદો [મૂળ ભેદોયુક્ત, અને પેટા ભેદો યુક્ત]
૩ [ભેદ નામનું (પહેલું) દ્વાર]
૪ [નિશ્રાના વિષયના ભેદથી]
૫ **ચૈત્ય**–

[મરણ પામેલાની સ્મૃતિમાં બંધાવેલ સ્થાન. તે **ચૈત્ય** કહેવાય છે. **ચિતા** એટલે મૃતકની ચિતિ–એટલે મૃતકને બાળવા માટે સળગાવવામાં આવેલ અગ્નિનું સ્થાન **ચૈત્ય** એટલે **જિનમંદિર, જિનપ્રાતમા,** અને **ચૈત્ય** એટલે **જિનેશ્વરદેવની સભાનું** (સમયસરણમાં જે વૃક્ષ હોય છે, કે જેની નીચેના સિંહાસન ઉપર **શ્રી** જિનેશ્વરદેવ બિરાજમાન થઈ ધર્મદેશના આપે છે, તે) વૃક્ષ.

[શ્રી હેમ અનેકાર્થ કોષ. સર્ગ ૨. શ્લો૦ ૩૫૬]

" **ચૈત્ય** શબ્દ આયતન–મંદિર અર્થમાં છે.
બુદ્ધની પ્રતિમા અર્થમાં છે; અને ઉપદેશના વૃક્ષ અર્થમાં પણ છે. "

આ પ્રમાણે **રૂદ્ર**ના કોષમાં છે. ડે૦

[ડહેલાના ઉપાશ્રયની પ્રતમાં આ પ્રમાણે વિશેષ છે. ઘણા વૈદિક વિદ્વાનો ભૂતકાળમાં જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો ભેદ સમજી ન શકવાથી, બન્નેયને એકરૂપે સમજતા હતા.
ઉદ્દેશ્ય–પાદપે–શબ્દનો અર્થ ઉપદેશ વૃક્ષ
અપેક્ષિત હોય, એમ જણાય છે.]

૬ **વાસ્તુરૂપ**–નિવાસ સ્થાન રૂપ.

૭ **મૂલ્યની**–કિંમતની અપેક્ષાએ

૮ **નૈવેદ્ય**–અન્ન (આહાર) વિગેરે.

૯ **ચૈત્ય**–જિનમંદિર અને શ્રી જિન પ્રતિમા **મે૦** પ્રતિમાજી અને મંદિર **આ૦ છા૦**

૧૦ તેમાં પણ સીદ્દાતા ક્ષેત્રમાં વાપરવામાં આવે, તો વિશેષ લાભને માટે થાય છે. **કે૦**

[**સાધારણ** શબ્દ સામાન્ય રીતે પાંચ દ્રવ્યોમાંના પૂર્વના ત્રણ દ્રવ્યોનો નિર્દેશ કરી શકે છે. **દેવ–જ્ઞાન** અને **ગુરુ.** એ ત્રણેયના ખાસ ખાસ સ્પષ્ટ નામ નિર્દેશ પૂર્વક આવેલા ધન વિગેરે. ઉપરાંત– **સાધારણ** સ્પષ્ટ નામ નિર્દેશ પૂર્વક આવેલા ધન વિગેરે ત્રણના સાધારણ ગણાય. તે શિવાય બીજા કોઈના સાધારણ ન ગણાય. એ ૪ થા સ્થાન ઉપર રહેલા **સાધારણ** શબ્દથી સમજી શકાય છે. ત્યારે સાત ક્ષેત્રોમાં સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર ગણાવ્યા છે. ખરી રીતે, **ગુરુ** ક્ષેત્રનું ગુરુ દ્રવ્ય આવવું જોઇએ ને ?

દેવદ્રવ્યના—મંદિર **અને** પ્રતિમાજી એ બે ભાગ પાડીને બે ક્ષેત્ર સૂચવ્યા છે.

જ્ઞાનદ્રવ્ય— તો એક જ બન્નેય ઠેકાણે છે.

" દેવ ક્ષેત્રના દ્રવ્યને બે ભાગમાં, તેમ ગુરુ ક્ષેત્રદ્રવ્ય ચાર ભાગમાં વહેંચી બતાવ્યું છે. " એમ સમજી શકાય છે.

સાધુપણામાં પોષક દ્રવ્ય, સાધ્વીપણામાં પોષક દ્રવ્ય, શ્રાવકપણામાં પોષક દ્રવ્ય, શ્રાવિકાપણામાં પોષક દ્રવ્ય. આ તેના તાત્પર્યાર્થ છે. કોઈ સાધુ, કે શ્રાવકનો પુત્ર, દુરાચારી જ હોય, તો તેના પોષણ માટે આ ચાર દ્રવ્યો હોઈ શકે નહીં. કેમકે–તે સુપાત્ર નથી. કોઈ વેશધારી પતિત સાધુ કે પતિત શ્રાવક દુઃખી હોય, તો અનુકંપા ક્ષેત્રમાંનું દ્રવ્ય તેને ઉગારવા ખર્ચી શકાય. અથવા અનુકંપાથી પોતાના ઘરનું દ્રવ્ય શ્રાવક આપી શકે. પરંતુ તેમાં આ સાધારણ દ્રવ્યનો ઉપયોગ ન થઈ શકે.

પરંતુ સાધુપણા વિગેરે ચારેય ગુણોના પોષણ માટે સાધારણ દ્રવ્યનો ઉપયોગ થઈ શકે. આ ઉપરથી ફલિત અર્થ એ સમજી શકાય છે; કે–ગુરુ ક્ષેત્રમાં ચારેયને સમાવવામાં આવ્યા હોય. કેમકે– સામાન્ય માનવો કરતાં – જૈન માર્ગાનુસારી સમ્યગ્દર્શની, દેશવિરતિ વિ૦ ગુણોધારક, શ્રાવક શ્રાવિકા વિશિષ્ટ પાત્રો છે, સુપાત્રો છે. માટે તેઓને પણ ગુરુક્ષેત્રમાં ગણીનો, ગુરુ ક્ષેત્રના અપેક્ષા વિશેષે ૪ વિભાગ બતાવવામાં આવ્યા છે, એમ કેમ ન હોય ?

શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રમાં અંગત વાવરવા માટે નહીં, પરંતુ તે ગુણો માટે વાવરવામાં તે તે– ગુરુક્ષેત્ર બની રહે તેમ છે. આ શિવાય–શ્રાવક શ્રાવિકાને સાધારણના ૭ ક્ષેત્રમાં શી રીતે ગણાવવામાં આવેલા હશે ? જો આ વાત શાસ્ત્રાનુકૂળ રીતે બંધ બેસતી હોય, તો ૭ સાત ક્ષેત્રના નામે અથવા સાધારણને નામે અર્પિત થયેલા દ્રવ્યનો વ્યય–વપરાશ–કેવી રીતે કરાય ? એ પ્રશ્ન થાય તેમ છે.

કેમકે– જ્યારે– સાધારણ શબ્દથી– પ્રથમના ત્રણ ક્ષેત્રો અને તેના પેટાભેદો લેવાથી, તે દ્રવ્યના સાત સરખા ભાગ પાડવામાં આવે, તો જ દરેક ક્ષેત્રને પોતપોતાનો ભાગ મળી શકે. તો દેવ દ્રવ્યમાં આવેલો ભાગ એટલે કે ઉપર ઉપરના ક્ષેત્રના ભાગ નીચે નીચેના ક્ષેત્રોમાં તો વાપરી શકાતા નથી. નીચેના ક્ષેત્રોના ભાગ ઉપરના ક્ષેત્રોમાં વાપરી શકાય છે. તો " સીદાતા ક્ષેત્રમાં વાપરવાથી વિશેષ લાભ છે." એમ જે કહ્યું છે, તે સંગત શી રીતે કરવું ? સીદાતું ક્ષેત્ર એટલે–જે ક્ષેત્ર માટે ધન ન હોય, પરંતુ તેમાં ખર્ચ કરવાની ખાસ જરૂર હોય, તો સાધારણના સાતેય ભાગનું દ્રવ્ય કોઈ પણ એક સીદાતા ક્ષેત્રમાં ? કે જેમાં ખાસ જરૂર હોય તેમાં, તેના ભાગનું જવાપરી શકાય ? આ ખાસ પ્રશ્ન થાય છે. તેથી દેવદ્રવ્યના ભાગમાં આવેલ દ્રવ્ય, જ્ઞાનાદિક બાકીના ઉતરતી કક્ષાના કોઈ પણ સીદાતાક્ષેત્રમાં વાપરી શકાય ? આ પ્રશ્ન થાય છે. તેનું સામાન્ય સમજથી સમાધાન એમ સમજાય છે, કે " નીચે નીચેના ક્ષેત્રોનું ધન ઉપર ઉપરના ખપે તે સીદાતાક્ષેત્રમાં વાપરી શકાય. એટલે કે– દેવ ક્ષેત્રમાં જ્ઞાનાદિકના ધન, જ્ઞાનમાં સાધ્વાદિક ક્ષેત્રના ધન, એમ સાધુ ક્ષેત્રમાં પછીનાના પણ. એમ દરેકમાં સમજાય.

પરંતુ, આ સમાધાન બરાબર છે ? કે કેમ ? તે જ્ઞાની પૂજ્ય પુરુષોએ વિચારીને યોગ્ય રીતે સમજાવાય, તો ઘણી ગેર સમજ દૂર થાય, અને સાચી હોય તે સમજ પ્રાપ્ત થાય.

ચાલુ રીત પ્રમાણે સાત ક્ષેત્રને નામે અપાય, તો તે સાતમાં વ્હેંચવામાં આવે છે, અને નીચે નીચેનું ઉપર લઈ જવાય, પરંતુ ઉપર ઉપરનું નીચે લઈ જવાતું નથી.

પરંતુ જો સાધારણમાં અપાય છે, તો ગમે તે સીદાતા ક્ષેત્રમાં વાપરવાનું ચાલે છે.

પરંતુ "સાતક્ષેત્ર" કહેવાય કે "સાધારણ" કહેવાય, ખરી રીતે, બન્નેય એક જ છે. શબ્દ ભેદ શિવાય બીજું શું છે ?

સાત ક્ષેત્ર શિવાય– સાધારણ– ક્ષેત્ર કેવી રીતે છે ? આ પ્રશ્નનો જવાબ સામાન્ય રીતે આપવામાં ગુંચવણ થાય તેમ છે. કેમકે–સાતમાં સાધારણનો ઉલ્લેખ નથી, તો શું તે આઠમું દ્રવ્ય આવ્યું ? આ પ્રશ્ન મનમાં ઉઠશે. પરંતુ પાંચ દ્રવ્યમાંના– ૪ થા સાધારણ દ્રવ્ય વાપરવાના ઉપર જણાવ્યા તે ૭ ક્ષેત્રો છે. તેનાથી કોઈ જુદું નથી. રૂપિયો કહો કે ૪ પાવલી કહો કે, ૧૦૦, પૈસા કહો. એક જ નાણું છે. આ બાબત શાસ્ત્રાનુકૂળ સ્પષ્ટ આદેશ થવો જોઈએ.

સાંવત્સરિક પારણા, પ્રતિક્રમણ કરનારા, પોષાતી, ચોથુંવ્રત ધારી, ઉપધાન, તથા બીજા અનેક ધાર્મિક બાબતોના પોષણ માટે ધન ખર્ચાય, તે શ્રાવકપણા–શ્રાવિકાપણાના ગુણના પોષણમાં ખર્ચાય, તેથી ગુણ વગરની બાબતમાં ન ખર્ચાય. એ મર્યાદા પણ તરી આવે છે.

કર્મસાર–પુણ્યસારની કથામાં–પોતે જ આપેલા સાધારણ દ્રવ્ય, પોતે શ્રાવક છતાં પોતાના અંગત કામમાં વાપરવાથી દોષ બતાવેલ છે. (ગા. ૬૭ મી)

આ ઉપરથી – **શ્રી સંવેગ રંગ શાળામાં** જણાવ્યા પ્રમાણે એમ સમજાય છે, કે– " જિર્ણોદ્ધારાદિકમાં પણ – જ્યાં સુધી તે ગામના ઋદ્ધિમંત શ્રાવકો તરફથી, કે આજુબાજુના કે બહારથી ધન આવે, તેનાથી જીર્ણોદ્ધાર કરવો–કરાવવો. (બનતાં સુધી તો મુખ્યપણે પોતાના ધનથી કરવો.) સાધારણમાંથી પણ ખર્ચ ન કરવો. એટલે દેવ દ્રવ્યાદિકમાંથી તો ખર્ચ કરવાની વાત જ શી ? ઋદ્ધિમંતો પાસેથી ધન આવવું શક્ય ન હોય, તો સાધારણમાંથી લઈ, કરવો,

તેથી પણ શકય ન હોય, તો દેવ દ્રવ્ય વિગેરેમાંથી ખર્ચ કરાય. પરંતુ યોગ્ય પ્રયત્ન કરીને જીર્ણોદ્ધાર કરવો–કરાવવો. પરંતુ તેની ઉપેક્ષા ન કરાય. એ સાર સમજાય છે.

આ ધોરણ – દરેક ઘટતી બાબતોમાં કેમ ન ઘટાવી શકાય ? એય વિચારવા જેવું છે.

વ્યક્તિગત – પૂજા – ભક્તિ, ઉત્સવ વિગેરે કરાય છે, તેમ શ્રી સકળ સંઘ તરફથી પણ એ કરવાના હોય છે. તેમાં એ અપેક્ષા સમજી શકાય,—

૧. શ્રી સંઘ સ્વભક્તિ નિમિત્તે આચરે, તે અપેક્ષા.

૨. બીજી – શ્રી સંઘને શ્રી જૈન શાસનના વહીવટની જવાબદારી અને જોખમદારી સંભાળવાની હોવાથી, તે અપેક્ષાએ, જે કાંઈ કરવું પડે, તે અપેક્ષા. એક, એ ઘર હોય, શક્તિ ન હોય, સાધારણાદિક દ્રવ્ય ન હોય, છતાં– શ્રી પર્યુષણા મહાપર્વ, વર્ષગાંઠ. વિગેરે દિવસોમાં જમે નહીં, પણ તે દિવસે સાચવવાના પ્રભુના આંગી, પૂજા, વિગેરે દેવદ્રવ્યમાંથી કરીને પણ તે દિવસ સાચવે, પૂજા માટેના ઉપકરણો આપી શકવાને ખરેખર અશક્ત હોય, તો દેવદ્રવ્યાદિકમાંથી વાપરીને પણ તે વિધિ સાચવી લે, તો તેવા સંજોગોમાં દોષ પાત્ર ન બને. એમ સમજાય છે. પરંતુ અંગત આત્મ લાભ લેવામાં તો શ્રી સંઘ પણ દેવદ્રવ્યાદિકમાંથી કઈ અપેક્ષાએ વાપરી શકે ? દા. ત. ગુરુ પધારતાં સંઘે કરેલા ઓચ્છવમાં દેવદ્રવ્યો વપરાય ?

અહીં, વિચારવા જેવો પ્રશ્ન એ છે, કે આજે બહારની યોજનાઓથી એક તરફથી ધન અને ધંધાનું શોષણ થતું હોય છે, અને બીજી તરફથી ક્ષણિક સમૃદ્ધિ વધારાતી હોય છે. પાછળથી જુદા જુદા વાદોને આગળ કરીને– તે પણ ઘટાડી નાંખવાની હોય છે. આ જાતની પ્રજામાં વધતી જતી વિષમ થતી આર્થિક પરિસ્થિતિના સંજોગોમાં – શો રસ્તો લેવો. ?

સરતું તથા શકય હોવાથી આગળ ગામડાવાળાને પણ પહોંચી શકવાની શકયતા હતી. આજે કેટલેક સ્થળે એ શકયતા ઘટતી જાય છે. તે સ્થિતિમાં જો વ્યક્તિઓ તરફથી જરૂરી ખર્ચ માટે ધન ન મળે, સાધારણમાં પણ ન હોય, તો પ્રભુની ભક્તિના સાધનોનો ખર્ચ દેવદ્રવ્યમાંથી, એમ જ શ્રુતજ્ઞાનની ભક્તિ–જ્ઞાન દ્રવ્યમાંથી કેમ ન થાય ? અને જો ન થાય, તો તે વિના વંચિત રહેવું પડે, એવી પરિસ્થિતિ આવી જાય.

આ પરિસ્થિતિથી ઉપસ્થિત થતા પ્રશ્નો હાલ ખાસ વિચારવા જેવા તો છે જ.

પરંતુ, પ્રરૂપણા તો શુદ્ધ જ કરવી જરૂરી ગણાય. શુદ્ધ પ્રરૂપણાને આધારે થોડું કે જ થાય, તોપણ થોડાથી સંતોષ માનીને મર્યાદાનું તો રક્ષણ થવું જ જોઈએ. મર્યાદાનો ભંગ થાય, તો તો અનવસ્થા દોષ પ્રાપ્ત થાય. અને બીજા આજ્ઞા ભંગાદિક મહા દોષો પ્રાપ્ત થવાનો માર્ગ ખુલ્લો થઈ જવાના ભયો રહે જ છે.

તેથી મર્યાદાનો એવી રીતે ભંગ ન થાય, કે જેથી બીજા ભયો ઉત્પન્ન થાય, અને અમર્યાદિત રીતે માર્ગ ખુલ્લો થઈ જાય. તેમ છતાં, અનિવાર્ય સંજોગોમાં અપવાદપદે કેમ કરવું ? તે વિગેરે જ્ઞાની ગીતાર્થ શાસન સાપેક્ષ પુરુષો યોગ્ય નિર્ણીત માર્ગ ફરમાવે, તેમ વર્તવું હિત કારક ગણાય. એમ સમજાય છે.

જેમ દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ, એ ચારેય, સુવ્યવસ્થિત અને પદ્ધતિસર છે. તેમાં કયાંય કલ્પના ચાલી શકતી નથી. તેમજ આ પાંચ દ્રવ્ય વિચાર પણ છે. જેમાં સમગ્ર જૈન શાસન એક યા બીજી રીતે સમાવેશ પામે છે, એટલી તેનીયે વિશાળતા છે.

કેમકે દેવ–ગુરુ–ધર્મ શિવાય, બીજુ શું છે ? તેમની આરાધનામાં ઉપયોગી દ્રવ્યો–ઉપકરણો–સાધનોની મુખ્યતાએ આ વ્યવસ્થા છે. માટે પાંચ દ્રવ્યની વિચારણા દ્રવ્યાનુયોગ કે ચરણાનુયોગ જેવી વિશાળ પાયા ઉપરની હોવાની સમજી શકાય તેમ છે. તેના ભેદ–પ્રભેદો–દ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવો–વિગેરે, તે દરેકના નામ સ્થાપના–દ્રવ્ય–ભાવ–નિક્ષેપા, તેમજ સાધક અને બાધક દરેકના દ્રવ્ય– ક્ષેત્ર– કાળ ભાવો, વિગેરે ઘટાવતાં ખૂબ વિશાળ પાયા ઉપરનું શાસ્ત્ર ભાસે તેમ છે.

સંવેગી ગીતાર્થ અધિકારી પુરુષોની આજ્ઞા આવી બાબતોમાં પ્રમાણભૂત છે. —**સંપાદક**]

૧૧ **ક્ષેત્ર દ્રવ્ય**–ક્ષેત્ર શબ્દ સર્વ [સાત] ક્ષેત્રમાં રૂઢ છે. **મે૦**

ક્ષેત્રપણું સાતમાં જ રૂઢ સમજવું–**ધર્મસંગ્રહ.**

૧૨ **ધર્મદ્રવ્યઃ**–" ધર્મમાં વધારો કરવાની બુદ્ધિથી જે દ્રવ્ય હોય, તે ધર્મદ્રવ્ય, " એમ વ્યાખ્યા સંભવે છે.

૧૩ **સાધારણ બુદ્ધિથી** જે દ્રવ્ય હોય તે સાધારણ દ્રવ્ય. અહીં કાર્ય વખતે–ભક્તિપાત્ર, અને અનુકંપા વિગેરે બુદ્ધિમાંની કોઈ પણ બુદ્ધિના ખાતામાં જે દ્રવ્ય વપરાય, અને નિશ્રા કરતી વખતે સાધારણ બુદ્ધિ રાખવામાં આવેલી હોય, તે **સાધારણ દ્રવ્ય** (ડે૦)

૧૪ **(બાર)**–**ભક્તપરિજ્ઞા** નામના **શ્રી પયન્ના** સૂત્રને આધારે નવ સ્થાનો છે.

શ્રી રાય–પસેણીય (રાજપ્રશ્નીય) સૂત્ર અને **શ્રી યોગશાસ્ત્રને** આધારે **અનુકંપા** સ્થાનને ઉમેરવાથી દશ સ્થાન થાય છે.

શ્રી પંચાશકને અનુસારે **પૌષધશાળા** અને **અમારી** (એ બે) સ્થાનો વધારવાથી ૧૨ સ્થાનો થાય છે. (**મુ૦**) (ડે૦)

૧૫–૧૬ ધર્મમાં વધારો થવાની બુદ્ધિથી પ્રતિજ્ઞાત કર્યું હોય (**મે૦**)

[ઠરાવ્યું હોય, નક્કી કર્યું હોય, કબુલ્યું હોય, કે જુદું કાઢયું હોય વિગેરે રીતે સમજવું.]

એટલે કે–" ધર્મમાં વધારો થાય " એ બુદ્ધિથી ઠરાવ્યું હોય.

પ્રતિજ્ઞા બે પ્રકારે થાય છે, સાક્ષાત્ પ્રતિજ્ઞા અને પરંપરાએ પ્રતિજ્ઞા. (**આ૦**)

૧૭ **દ્રવ્ય** એટલે નાણું વિગેરે (**મે૦ છા૦ ડે૦**)

૧૮ તે નિશ્રા સ્થાન પણ (**મે૦ છા૦ ડે૦**)

૧૯ **ત્રણ પ્રકારેઃ**–પરિમાણની અપેક્ષાએ. (**મે૦**)

૨૦ **ખાસ પ્રકારે–ચોક્કસ નક્કી કરનાર** કર્તા અને **નિયત વિષયની અપેક્ષાએ,** એટલે કે–તેમાં નિશ્રા કરતી વખતે અને વાપરતી વખતે, જે

જાતની બુદ્ધિ–સમજ–ખાસ સંકલ્પ–કરવામાં આવેલ હોય, તે ખાસ પ્રયોજિકા હોય છે. એટલે " આ અમુક દ્રવ્ય " એમ નક્કી કરવા, સમજવા, અને વાપરવામાં એ યોગ્ય દોરવણી આપે છે. (મે૦)

અહીં—

ભક્તિ, અનુકંપા વિગેરેમાંથી કોઈ પણ પ્રકારની બુદ્ધિ કાર્યકાલે એટલે કે વાપરતી વખતે દોરવણી આપે છે, અને—

નિશ્રા કરતી વખતે સાધારણ બુદ્ધિ **નિર્ણય** કરી આપે છે. (**આ૦**)

ખાસ સ્થાનોમાં વાપરવાની અપેક્ષાએ અને નિશ્રા–સ્થાન રૂપ નિયત ખાસ વિષયની અપેક્ષાએ. એમ બે અપેક્ષાઓ સમજી શકાય છે.

[સાધારણ દ્રવ્યમાં–સાધારણ દ્રવ્ય તરીકે કાઢતી વખતે–કે આપતી વખતે–નિશ્રા કરતી વખતે–**સાધારણ બુદ્ધિ** મુખ્ય હોય છે.

અને તે દ્રવ્ય વાપરતી વખતે–સાધારણના જુદા જુદા સાત ક્ષેત્ર જુદા જુદા સમજીને તે દ્રવ્ય વાપરવાનું હોય છે. આપતી વખતે ભલે **સાધારણ દ્રવ્ય**–એવું નામ રાખ્યું હોય પરંતુ વાપરતી વખતે સાત અલગ અલગ સમજવા જોઈએ. એમ **ભાવાર્થ** સમજાય છે. **સં૦**]

૨૧ **ત્યાર પછીનું** એટલે–**ધર્મદ્રવ્ય** સમજવું.

૨૨ બન્નેય રીતે–એટલે.

[નિશ્રા પણ પહેલેથી નક્કી ન કરાઇ હોય, અને વપરાશ કરતી વખતે પણ ચોક્કસ કરવામાં ન આવે, એમ બન્નેય રીતે અનિયત અપેક્ષા [ધર્મ-દ્રવ્યમાં] હોય.]

૨૩ અથવા–[બીજી રીતે વિચારતાં, અહીં વિચારવાનું એ છે કે—

પાંચ મૂળ દ્રવ્યો, તેમાં સાત ક્ષેત્રરૂપ ૪ થો ભેદ સાધારણ દ્રવ્ય, અને બાર ક્ષેત્રરૂપ પાંચમો ભેદ ધર્મદ્રવ્ય છે. તે ત્રણેયમાં **જ્ઞાનદ્રવ્ય** આવે છે, તો એ ત્રણેય પ્રકારના જ્ઞાનદ્રવ્યમાં ફરક શો ?

એ જ પ્રમાણે–દેવદ્રવ્ય મૂળભેદમાં ગણાવેલ છે. **જિનપ્રતિમાજી** અને **જિનમંદિર રૂપ** પહેલા દેવદ્રવ્યના **સાધારણ દ્રવ્ય**માં બે ભેદ ગણાવેલા છે. તો તેમાં ફરક શો ? આ પ્રશ્નો સહેજે ઉઠે તેમ છે. તેથી ઉપર કહેલું સમાધાન દરેક ઠેકાણે લાગુ કરી લેવું. જેમ કે—

૧ સીધી નિશ્રાથી દેવદ્રવ્ય–જ્ઞાનદ્રવ્ય –કે ગુરુદ્રવ્ય વિગેરે પહેલેથી જ નક્કી કરવામાં આવેલ હોય છે, તે મૂળ ભેદના દ્રવ્યમાં ગણાય.

સાધારણ ઠરાવ્યા પછી સાત ક્ષેત્રમાં વહેંચતી વખતે દેવદ્રવ્ય તરીકે

વપરાય, એ જ પ્રમાણે–ધર્મદ્રવ્ય તરીકેની એક સર્વ સામાન્ય નિશ્રા હોય છે, જે વાપરતી વખતે, જે ધાર્મિક કાર્યમાં વાપરવું હોય, તેમાં વાપરવામાં આવે. તે ધર્મ દ્રવ્ય તરીકેની નિશ્રાનું દ્રવ્ય ગણાય છે.

પાંચના–સાતના–બારના પેટા ભેદો ઘણા હોય છે.

આ રીતે, જુદી જુદી માનસિક અપેક્ષાએ નય–ભેદની અપેક્ષાએ જુદાપણું છે.]

[એક વિશેષ વિચાર કરવાનો એ પણ છે, કે–હાલમાં–ચેરીટેબલ–સખાવતી–ધર્માદા નામના દ્રવ્યોનો નવો પ્રકાર ચાલુ કરવામાં આવેલો છે.

એટલે કે–બ્રિટીશોના વખતથી સરકારી કાયદાઓમાં રીલીજીયસ અને ચેરીટેબલ એમ બે જાતની મિલ્કતોના ટ્રસ્ટ થાય છે. તેના ગુજરાતી ભાષામાં ભાષાન્તર "ધાર્મિક" અને "ધર્માદા" એમ ગુજરાતી શબ્દો વાપરવામાં આવેલા છે.

પરંતુ, વિચાર કરતાં આપણા શાસ્ત્રોમાં ધર્માદા દ્રવ્ય જુદું હોય, તેમ જણાતું નથી. જેને ધર્માદા દ્રવ્ય તરીકે ઓળખાવાય છે, તે પણ વાસ્તવિક રીતે ધાર્મિક દ્રવ્ય છે. તેથી તેને જુદું પાડેલ હોય, તેમ જણાતું નથી, મુખ્ય પાંચ ભેદોમાં જે ધર્મ દ્રવ્ય ગણાવ્યું છે, તે ઉપરથી ધર્માદા દ્રવ્ય ઠરાવ્યું જણાય છે.

ભારતની પ્રજાના જીવનમાંથી–સાંસ્કૃતિક જીવનધોરણ દૂર કરાવી હાલનું ભૌતિક પ્રાગતિક ગણાવાતું જીવન ધોરણ દાખલ કરાવવા માટે એક મહાપરિવર્તનનો કાર્યક્રમ દુનિયાભરમાં બહારના બળોએ ફેલાવેલો છે, તેને લગતાં નવા નવા અનેક ક્ષેત્રો (ખાતાં) નીકળતા જાય છે. તેમાંના કેટલાક સુપાત્રનો ભાસ કરાવતા હોય છે, કેટલાક અનુકંપાનો ભાસ કરાવતા હોય છે, ખરી રીતે તે સુપાત્રમાં કે અનુકંપામાં ગણી શકાય તેમ ન હોય તેવા ખાતાં પણ દિવસે દિવસે વધતાં જાય છે.

દા. ત. વસ્તી વધારો અટકાવવા ઓપરેશન કરાવનાર લોકોને પ્રોત્સાહન આપવા ફાઈ સખાવત કરે, તો તેને ચેરી ટેબલમાં લેવામાં આવે, ગર્ભપાત કરાવવામાં–સખાવત ફંડ ફાઈ કરે, તો તે પણ ચેરીટેબલ–દાન કહેવડાયાય–વિગેરે વિગેરે.

ઉપરાંત, સંસ્કૃતિમાં સુપાત્રદાન–**ઉચિત દાન–જ્ઞાન દાન–અભયદાન–કીર્તિદાન** વગેરેને દાન ધર્મમાં સ્થાન છે. તેવા જ પ્રગતિને પોષણ આપનારા પણ સુપાત્રદાન, જ્ઞાનદાન, ઉચિતદાન, અભયદાન, કીર્તિદાન ઠરાવેલા હોય છે પરંતુ તે વાસ્તવિક રીતે દાનાભાસ હોય છે.

દા. ત. સ્વયંસેવકને અંગત ખર્ચ માટે આપવું વિગેરે સુપાત્રમાં ગણે, ભૌતિકવાદની હાલની કેળવણીમાં આપવું, તેને જ્ઞાન દાન ગણે. મરઘા, બતકાને સારી રીતે ઉછેરનારને મેડલ (ચાંદ) વિગેરે આપવાને ઉચિત્ત દાન ગણાવાય.

કતલખાના ચલાવરાવી તેથી ઉત્પન્ન થતો માલ વેચી શોષણથી ગરીબ થયેલા લોકો માટે હુંડીયામણ કમાઈ, ગરીબ દેશ ભાઈઓને ધન આપવું, વિગેરેને અભય દાનમાં ગણાવાય. ક્રિકેટ વિગેરેમાં સખાવત કરનારને માટે માનપત્ર વિગેરે–કીર્તિદાન ગણાવાય.

સખાવત શબ્દથી જે વ્યવહાર કરાય છે, તેને માટે **ધર્માદા** શબ્દ પણ શી રીતે વાસ્તવિક ગણાય ? માટે, તે ભાવદાન પોષક દ્રવ્યદાન તો નથી, પરંતુ **અપ્રધાન** દ્રવ્ય દાન કહેવાય છે. જે ઉપાદેય નથી.

ઉપર જણાવેલા પાંચેય મુખ્ય દ્રવ્યોમાં અને સાધારણમાં માત્ર સુપાત્ર ખાતાંઓનો જ સમાવેશ છે. માત્ર પાંચમા ધર્મદ્રવ્યમાં **અનુકંપા, અમારી** (જીવદયા) ખાતાને પણ સ્થાન છે.

દા. ત. જ્ઞાનખાતું **અને** હાલની કેળવણીનું ખાતું તદ્દન જુદી જુદી **અપેક્ષાઓ** ધરાવે છે. બહારથી અજ્ઞેય જ્ઞાનના ખાતાં જેવા દેખાય છે. પરંતુ જ્ઞાનખાતું ધર્મ પ્રધાન સંસ્કૃતિમાં પણ ધર્મને લગતા જ્ઞાનમાં પણ વપરાતું નથી. તેમાં પણ જેને જૈન ધર્મમાં શ્રુતજ્ઞાન કે **સમ્યગ્જ્ઞાન** કહેવામાં આવે છે, તેને પોષક જે ખાતું હોય, તે ખાતું જ્ઞાનખાતું, તે **જ્ઞાનક્ષેત્ર** કહેવાય છે.

ત્યારે કેળવણી, ધર્મ પ્રધાન સંસ્કૃતિનું જ્ઞાન દૂર કરાવી, જીવનમાં ભૌતિક પ્રગતિને **અનુકૂળ** જ્ઞાન એટલે બોધ–અનુભવ-(નોલેજ) અને તે પ્રમાણે અમલીકરણના જ્ઞાન (પ્રેકટીકલ નોલેજ)ને કહેવામાં આવે છે. તે સર્વનો કેળવણીમાં **સમાવેશ** કરવામાં આવે છે. જ્ઞાન અને કેળવણી એ બે વચ્ચે કેટલું બધું **અંતર** છે ? આકાશ અને પાતાળ જેટલું, મેરુ **અને** સર્ષપ જેટલું **અંતર** છે.

ઘણી વખત, આ જાતની કેળવણીમાં સીધી રીતે ન દોરવતાં આડકતરી રીતે તેમાં દોરવવા માટે, ધાર્મિક સ્વરૂપની શિક્ષાના નામને આગળ કરીને પરિણામે–**અનુબંધ**–હાલની કેળવણી તરફ દોરવવાનું લક્ષ્ય હોય, તો તે બહારથી ધાર્મિક સ્વરૂપનું દેખાતું જ્ઞાન પણ જ્ઞાનાભાસ બની જાય છે. જેમ " એક અશક્ત ધરડો વાઘ કયાંકથી દ્રાક્ષની માળા ધારણ કરીને પાણીના ખાબોચીયામાં બેસી, આવનાર મુસાફરને–" પોતે ભક્ત " હોવાનું જણાવી, બાજુમાં પડેલા સોનાના કંકણનું દાન લેવા લલચાવી, પોતાની તરફ આકર્ષી, કાદવમાં ખુચતાં મુસાફર ઉપર તરાપ મારીને, ઘણા દિવસની ભૂખનું દુઃખ દૂર કરતો હોય." એ રીતે એવું દાન દાનાભાસ બની રહે છે.

આ ઉપરથી ધાર્મિક **અને** ધર્માદા એ બે જાતના દ્રવ્યો ભારતમાં **અને** ખાસ કરીને જૈન શાસનમાં જણાતા નથી. ગામકુંડો, જ્ઞાતિના ફંડો વિ. સમૂહધન હોય છે, પરંતુ તે ધાર્મિક કે ધર્માદા નથી હોતા.

તેથી, આધુનિક પ્રગતિની પોષક સંસ્થાઓને **ધર્માદા** શબ્દ આપવો, એ કેટલો બધો **અનુચિત** છે ? તે પણ આપણે ભારતવાસીઓએ વિચારવા જેવું છે.

જૈન ધર્મ સિવાય વૈદિક વગેરે ધર્મોમાં –વાવ, કુવા, તળાવ, પરબ, સદાવ્રત, અન્નક્ષેત્ર વિ૦ બંધાવવાની આજ્ઞા છે. ગામડાં કે શહેરમાં દરેકને માટે પાણીના કુવા, તળાવ, વાવ વિગેરે બંધાવાય છે. તેમાં ગામ કે શહેરના સદ્ગૃહસ્થ તરીકે જૈનધર્મ પાળનાર શ્રીમંત કદાચ વધારે ધન આપે, એ તો સાંસારિક જીવનના સાધનો મેળવવામાં ભાગીદાર તરીકે આપે છે. તે પણ ધાર્મિક કે ધર્માદા ન ગણાય. કેમ કે–ગામડાના કે શહેરના બીજા નાગરિકો ધાર્મિક કે ધર્માદા ધનનો ઉપયોગ ન કરે, સત્કાર બુદ્ધિથી, સહભાગીદારીની બુદ્ધિથી આપે, **તેને** માટે ગામ કે શહેરમાં સહભાગીદાર તરીકે ઓછું કે વધતું ધન આપે, તે ધાર્મિક કે ધર્માદાની કક્ષામાં ન ગણાય.

અન્ય ધર્મો જેને ધાર્મિક ખાતાં ગણે છે, તેમાં સંજોગ વિશેષમાં ઔચિત્ય બુદ્ધિથી કે કીર્તિ બુદ્ધિથી કે અનુકંપા બુદ્ધિથી દાન આપે, તે પરિસ્થિતિ વિશેષમાં અપેક્ષાએ ધર્મ-ક્ષેત્રમાં દાન કહી શકાય છે, પરંતુ તે જૈન ધાર્મિક સુપાત્ર ખાતાં ગણાય નહીં. પરંતુ પરિ-સ્થિતિ વિશેષ ન હોય તો, ધર્મક્ષેત્રમાં પણ ગણી શકાય નહિ.

કીર્તિદાન તથા **ઉચિતદાન** પણ બે પ્રકારના હોય છે,

ધર્મપોષક અને સંસારભાવ પોષક.

ધર્મપોષક ઉચિતદાન કે કીર્તિદાન અવિહિત નથી. કરવા યોગ્ય ગણાય છે. સંસાર-પોષક ઉપાદેય નથી. પરંતુ હેય છે. દા. ત. સમ્યક્ત્વ મૂળ બાર વ્રતધારી શ્રાવક પરિસ્થિતિ વિશેષમાં જૈનેતર ત્યાગી કે ગૃહસ્થનું ઉચિત ખર્ચ કરીને પણ સન્માન કરે, જેનું પરિણામ તેને ધર્મ તરફ આકર્ષવામાં કે ધર્મકાર્યમાં ઉપયોગી થવામાં.

જૈન ધર્મની ઉન્નતિના કાર્યોમાં સહાયક બનાવવામાં ઉપયોગી થાય અથવા શાસનને હરકત કરે, તેવી હરકતો દૂર કરવામાં સહાયક થાય, તો તેવું ઉચિત દાન શ્રાવકો માટે ઉપાદેય ગણાય છે.

પરંતુ માત્ર દુન્યવી લાભ મેળવવા "વાહ વાહ" કરાવવા, અપાત્ર કે ક્ષેત્રાભાસમાં અપાય, તો તે ઉચિત દાનાભાસ રૂપ બની રહે.

એજ પ્રમાણે, કીર્તિદાન ધર્મપોષણમાં ઉપયોગી થાય, તો તેવી કીર્તિ માટે શ્રાવક કીર્તિદાન આપે, તો તે ઉપાદેય હોય છે.

અન્યથા, કીર્તિદાન પણ હેય બની રહે છે. શાસનની પ્રભાવના માટે જરૂરી હોય, ધર્મની પ્રશંસા માટે ઉપયોગી થાય, તેવા ઉચિતદાન કે કીર્તિદાન પણ ઉપાદેય છે. અને તેને દાન કહેવામાં હરકત નથી.

બીજું, ધાર્મિક ક્ષેત્રોમાં ચડાવા વિગેરે હરરાજી–લીલામ–નથી. પરંતુ તે પણ ભાવો-લ્લાસની વૃદ્ધિ માટેના ધાર્મિક અનુષ્ઠાન રૂપ છે. તે વેચાણ કે ખરીદી પણ નથી. ભલે તેમાં ધનના ચડાવા એટલે ઉત્સર્પણા રૂપ–ક્રમશઃ વધારા રૂપ હોય છે. હમેશાં, દાન–શીયલ, તપ, અને ભાવના, એ ચારમાં ગૃહસ્થને, દાન એટલે કે ધનનો ઉપયોગ કરીને ધર્મ કરવાનું વધારે સુલભ અને શકય હોય છે. બીજા કેટલેક અંશે અશકય અને દુર્લભ હોય છે. તેથી ધર્મકાર્યમાં ગૃહસ્થો ધનનો ઉપયોગ કરે, કે જે તેને માટે દાન ધર્મરૂપ બની રહે છે. તેથી ધનનો ઉપયોગ થવા છતાં, તે ખરીદી કે વેચાણ નથી; હરરાજી કે લીલામ રૂપ પણ નથી હોતું.

કેટલાક–સામાયિક, બ્રહ્મચર્યવ્રત, વિગેરે ધાર્મિક અનુષ્ઠાનના પણ ચડાવા બોલતા હોય છે. એટલે શીયળ, તપ, ભાવનાના પણ ચડાવા બોલાય. જેમ તે ચડાવા હરરાજી કે લીલામ નથી, ધન સાથે સંબંધ ધરાવતા નથી. ભાવોલ્લાસના વ્યવહારુ ઉપાય તરીકે હોય છે. જેમ દશાર્ણભદ્ર–રાજાએ ચડાવામાં દીક્ષા લીધી હતી. જેમ તરતના નવપરિણીત એક શ્રીમંત ગૃહસ્થ પતિ–પત્નીએ ગિરિરાજ શ્રી શત્રુંજય ઉપર જાન ઘેર–પહોંચ્યા પહેલાં જ બન્ને યે ચડાવામાં ચતુર્થવ્રત યાવજ્જીવ. બ્રહ્મચર્યવ્રત–ધારણ કરીને પહેલી આરતી ઉતાર્યાની ઘટનાનો ઇતિહાસ સાંભળવામાં આવે છે. વિગેરે

બીજું, પબ્લીક ટ્રસ્ટ એક્ટોમાં ધાર્મિક તથા સાંસ્કૃતિક દૃષ્ટિથી ઘણી ઘણી વિરુદ્ધ બાબતો છે. ધર્મ ઉપર બિન ધાર્મિક તંત્રની સત્તા અને અધિકાર સ્થાપિત થાય છે. તથા એક નવી બાબત એ છે, કે-"**ધાર્મિક**" અને "**ધર્માદા**" એટલે કે "**રીલીજીયસ**" અને "**ચેરીટેબલ**" બન્નેયને માટે એક જ કાયદો ઘડી, અમલમાં મૂકાવવામાં આવેલ છે. તે તદ્દન અયોગ્ય છે.

કેમ કે—ધાર્મિક મિલ્કતોને બંધારણની ખાસ કલમોથી પણ સ્પષ્ટ અને મજબુત રીતે ધાર્મિક માન્યતા અનુસાર રક્ષણ અપાયેલું છે. તેવું રક્ષણ, ધર્માદા માટે નથી. કેમ કે-તે ધાર્મિક નથી. તેથી તેને નવા બંધારણની-૨૫ મી ૨૬ મી ૨૭ મી વિ૦ કલમ લાગુ શી રીતે પડે ?

એટલા માટે, બિહાર રાજ્યમાં સ્વતંત્ર ધાર્મિક કાયદો છે. તેની સાથે સખાવતી-ધર્માદાને-પહેલેથી જ જોડેલ નથી. એ પ્રમાણે કેન્દ્રે પણ બે જાતની-જુદા જુદા બિલની જુદી જુદી પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી છે; એકમાં ધાર્મિક અને બીજીમાં ધર્માદા બાબતો લીધી છે.

બન્નેય ભેગા રાખવામાં તો ખામી છે જ. પણ ભેગા રાખવાની પાછળ જે આશય હોવાનું સમજાય છે, તે પણ દૂષિત છે.

તેમાં આશય એમ સમજાય છે, કે-"ધાર્મિક દ્રવ્યો ન વપરાય કે પડ્યા રહેલા હોય (**સર પ્લસ** રકમ હોય) તો તેને હાલના સખાવતી-ધર્માદા ખાતામાં લઈ જઈ શકાય. "**સિપ્રે**" લાગુ કરીને કે બીજી રીતે કોર્ટની સહાયથી ભવિષ્યમાં તેમ કરી શકાય. એટલે કે-ધાર્મિક રકમો આજના દેળવણી, દવાખાના, લોકોને પાણી પૂરું પાડવું, તથા તેવા બીજા સખાવતી કે જેને ધર્માદા શબ્દથી કાયદામાં કહેવામાં આવેલ છે, તેમાં લઈ જઈ શકાય. એ આશયથી બન્નેયનો એક કાયદો રાખ્યો છે.

આ કેટલી ઉલટી ગંગા ?

ત્યારે, ખરી રીત એ છે, કે ધાર્મિક સિવાયની-ધર્માદા સખાવતી કે એવી સામુદાયિક કામની મિલ્કતો ધાર્મિકમાં ઉચિત રીતે ખર્ચી શકાય. પરંતુ ધાર્મિક મિલ્કતો દુન્યવી ધર્માદામાં લઈ જ કેમ શકાય ? તેવી કોઈ ગામ કે શહેરમાંના-ધાર્મિક ખાતાંઓની વધારાની રકમ હોય, તો તે ધર્મના બીજા સ્થળોમાં જ્યાં જરૂર હોય, ત્યાં તે જાતના ખપતા અને ઘટતા યોગ્ય ખાતામાં વાપરી શકાય. તેને બદલે તેમ કરવા ઉપર કાયદાથી પ્રતિબંધ આવે, અને ધર્માદામાં વાપરવાનો માર્ગ ખુલ્લો કરાય, તે શી રીતે ન્યાયસર કે યોગ્ય ગણાય ?

ધાર્મિકમાં સુપાત્રો હોય છે. સુપાત્રોની એટલે કે ધાર્મિક-મિલ્કતો ધર્માદા વિગેરેમાં કયાંય ન જ લઈ શકાય. ઉચ્ચ ક્ષેત્રનું નીચેના ક્ષેત્રોમાં લઈ જવા માટેનો કોઈ નેય અધિકાર નથી. તેમ છતાં ઉપરના ખાતાંની મિલ્કતો નીચેના ખાતામાં અને તે પણ દુન્યવી-ધર્માદા ગણાયેલા ખાતામાં લઈ જવાનો માર્ગ ગોઠવી રાખવો, એ શી રીતે યોગ્ય ગણાય ?

અલબત્ત, દયાના કામમાં વિપરીત વ્યવસ્થા છે. તેમાં ઉપરના દયાપાત્રને અપાયેલા દાનની વસ્તુ નીચેના દયાપાત્રને અપાય, અને ઉપરના દયાપાત્રની પણ તેમાં પરંપરાએ સમ્મતિ હોય છે.

દા. ત. દયાપાત્ર માનવ માટેના અનુકંપા દાનના રોટલામાંથી કુતરાને કે બીજા પ્રાણીને આપવામાં આવે, તો તે અનુચિત કે દોષપાત્ર નથી. પરંતુ, કુતરાના રોટલામાંથી માનવીને

આપવામાં આવે, તો તે આપનાર અને લેનાર બન્નેયનું આપેક્ષિક પતન–ન સમજાય તે રીતે–થતું હોય છે. યાંત્રિક ઉદ્યોગોથી બહારથી સમૃદ્ધિ વધતી દેખાવા છતાં આંતરિક રીતે આર્થિક વિષમતાની સારડી કેટલી બધી ઉંડે ઉતરતી જાય છે? જેથી માનવેતરનું પણ માનવને વાપરવા વખત આવતો જાય.

એટલે, કુતરા, માછલાં, કબુતર, કીડી, પશુ, વિગેરે માટેના ફંડો મનુષ્યના ઉપયોગમાં લેવા, એ સીધી રીતે જ માનવોને પતન તરફ ધકેલવા બરાબર છે. ભલે, ક્ષણિક ઉન્નતિ દેખાતી હોય. પરંતુ તે અનુબંધે ભયરૂપ બની રહેતું હોય છે. માનવ બીજાને આપે, તેને બદલે માનવ બીજાનું લે, એ પ્રજાની આર્થિક સ્થિતિની કેટલી બધી આંતરિક વિષમતા થઈ ગણાય? એ પણ ખુલ્લું જ પતન દેખાય છે ને? તેમાંયે શહેરી–નાગરીક–સદ્‌ગૃહસ્થ કક્ષાના માનવો માટે તો તેવા ધન વિગેરેનો ઉપયોગ યોગ્ય જ કેમ હોઈ શકે? કેમ યોગ્ય ગણી શકાય?

હા! એવા પણ માનવ હોય, કે જે તેવા ધનથી પણ પોતાનું પોષણ કરવામાં દોષ ન માનતા હોય, તેવા પામર જીવોની દયા ખાવી, કેમ કે–તેમાં તેમનું પણ અજ્ઞાનતા વિગેરેથી માનસિક પતન થયેલું હોય છે. તેથી તેના દાખલા ન લેવાય. તેના અભિપ્રાયને સ્થાન ન અપાય.

અને આવા અનેક પ્રશ્નો ચર્ચાય છે. ને નવા નવા ઉપસ્થિત થતા જાય છે. કેમ કે–એક તરફ બહારથી ધન ખૂબ આવે છે. દેશમાં ઉત્પન્ન થતું ધન અમુક જ તરફ ખેંચાઈ જાય છે. તેથી પ્રજાના મોટા ભાગના ધનનું શોષણ થતું રહેવાથી એક તરફ ગરીબી અને બેકારી વધવાનો સકંજો વિદેશીયો ગોઠવતા ગયા છે. તેથી ઘણા અજાણ ભાઈઓ, તેવા ભાઈઓ માટે ધાર્મિક ધન વપરાવવા તરફ ઢળતા જાય છે. તેમ તેમ શોષણ વધતું જાય છે. આ પ્રત્યક્ષ પતન માટે અહિં અતિસંક્ષેપમાં કેટલાંક સામાન્ય નિર્દેશો કરેલા છે. છતાં, આ બાબતમાં વિશિષ્ટ જ્ઞાની મહાત્મા સંત પૂજ્ય ગુરુ મહારાજાઓ જે યોગ્યાયોગ્ય ફરમાવે, તેની સામે અમારે કાંઈ કહેવાનું નથી. પરંતુ કેટલાક બાળજીવો વગર વિચાર્યે એકાએક પોતાની મતિથી આડાઅવળા ન દોરવાઈ જાય, માટે "આ વિચારણીય બાબત છે, મનમાં ફાવે તેમ કરવાની બાબત નથી." આ મહત્ત્વનો મુદ્દો ખ્યાલમાં રહે, માટે આટલું વિચારવામાં આવેલું છે.

સંપાદક.]

૨૪ નિશ્રા કરતી વખતે—

[નિશ્રા કરનારની જુદી જુદી સંકલ્પ–સમજ–ને લીધે, અથવા નિશ્રા કરવાના જુદા જુદા વિષયો–વાપરવાના ક્ષેત્રો–દરેકને જુદા જુદા (ભેદથી)–પોતાની બુદ્ધિથી સમજવા, અને કાર્યકાળે એટલે વાપરતી વખતે–પ્રાયઃ વાપરવાની જુદી જુદી સમજને લીધે, અથવા વાપરવાના જુદા જુદા વિષયો હોવાથી, દરેકને પોતાની બુદ્ધિથી જુદા જુદા સમજવા. આ ભાવાર્થ છે.]

[તેથી, ભાવાર્થ એ સમજાય છે, કે–"એક ભાઈ પાસે દશ રૂપિયા છે. તે પોતાના આત્મકલ્યાણ માટે સુપાત્રક્ષેત્રમાં ધનનો ખર્ચ કરીને લાભ લેવા ઇચ્છે છે. તે ૫ રૂપિયા દેવદ્રવ્યની ભક્તિમાં ખર્ચવા ઇચ્છે છે. ૨ રૂપિયા જ્ઞાનની ભક્તિમાં, ૨ રૂપિયા ગુરુની ભક્તિમાં અને ૧ રૂપિયો અનુકંપામાં ખર્ચવા ઇચ્છે છે.

તેના ગજવાની રકમ તો એક જ છે. ત્યારે એકને દેવદ્રવ્ય કહેવું, બીજાને જ્ઞાનદ્રવ્ય કહેવું, ત્રીજાને ગુરુદ્રવ્ય કહેવું, ચોથા ભાગને અનુકંપાદ્રવ્ય કહેવું. એ શા આધારે?

તેનો જવાબ એ છે કે–ખર્ચનારની તે તે પ્રકારની જુદી જુદી પહેલેથી-સંકલ્પ પૂર્વકની ઇચ્છા છે. માટે તે ૧૦ રૂપિયા તે તે ક્ષેત્રના ઠરે છે. જુદા જુદા ક્ષેત્રની નિશ્રાના બની રહે છે. તેથી શ્રી જૈન શાસનની પેઢીને ચોપડે તે રકમ જુદા જુદા ક્ષેત્રોમાં જમા થાય છે. જુદી જુદી નિશ્રાની આ એક રીત.

એ જ પ્રમાણે વાપરતી વખતે પણ તે જુદા જુદા ખાતામાં વાપરે છે, માટે તે જુદા જુદા ખાતાની રકમો ગણાય છે. દા. ત. નીચેના સુપાત્રક્ષેત્રની રકમ ઉપરના સુપાત્રક્ષેત્રમાં વાપરી શકાતી હોવાથી, શ્રી સંઘની આજ્ઞાથી જ્ઞાનદ્રવ્ય દેવદ્રવ્યમાં વાપરી શકાય. એ જ પ્રમાણે ગુરુદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, (અનુકંપા અમારી કે જીવ દયા ક્ષેત્રના ધન સિવાયનું ધર્મદ્રવ્ય પણ) ઉચ્ચ સુપાત્રોમાં વાપરી શકાય. એટલે નિશ્રાકાળે તે દ્રવ્ય, જ્ઞાન દ્રવ્યાદિ હતું, તે કાર્ય કાળે એટલે વાપરતી વખતે દેવદ્રવ્ય પણ બની રહે છે. તેથી એક જ રકમ જુદા જુદા ખાતાની ઠરી રહે છે, અને જુદી જુદી રીતે આજ્ઞાનુસાર તે વાપરી શકાય છે. તેથી નિશ્રાભેદ અને વિષય ભેદ-એટલે વાપરવાના ભેદ-એમ બે ભેદ પડે છે.

એટલું સમજવાનું છે કે–**નિશ્રા અને વપરાશ** બન્નેય ઉચિત રીતના હોવા જોઇએ. **અને** ઔચિત્યનો આધાર આજ્ઞા–શાસ્ત્રાજ્ઞા–ઉપર રહે છે. અનુચિત નિશ્રા કે અનુચિત વપરાશ ન કરી શકાય. તેમ કરવાનો આ વિશ્વમાં કોઈ નેય અધિકાર નથી, ન હોઈ શકે.

આ રીતે, એક જ વ્યક્તિની એક જ જાતની રકમ છતાં, જુદા જુદા ક્ષેત્ર વાર નિશ્રા અને વપરાશ શા આધારે ? તેનો સિદ્ધાંત આ રીતે સમજાવ્યો હોવાનું સમજવામાં આવે છે. અને આ જ ગ્રંથમાંથી આગળ જતાં આ રહસ્ય સમજાશે. **સંપાદક.**]

૨૫ [વિષય વાર જુદું જુદું દ્રવ્ય સમજવું.]

૨૬ **સર્વત્ર** એટલે પાંચેય દ્રવ્યોમાં—

[સાતક્ષેત્ર રૂપ સાધારણ દ્રવ્યમાં અને ૧૨ ભેદ રૂપ ધર્મદ્રવ્યમાં પણ વિષય-ભેદથી સમજવું.]

[૧૨, ધર્મદ્રવ્ય ૭ ક્ષેત્રો કે જે સાધારણ દ્રવ્યના ભેદમાં ગણાવ્યા છે, તે સાત, ૮ નિશ્રાકૃત, ૯ (કાર્ય)કાળ–(વાપરતી વખતે) કૃત, કે અમુક વખતે જ વાપરવું (?) ૧૦ પૌષધશાળા, ૧૧, અમારી, અને ૧૨ અનુકંપા]

૨૭ **સમજાવીશું—**

[૧ **વૃદ્ધિદ્વારમાં**–૧૨મી ગાથામાં
૨ **નાશદ્વારમાં** ૧૩ થી ૨૦ ગાથા સુધીમાં
૩ **પ્રાયશ્ચિત્ત દ્વારમાં** ૫૮–૫૯મી ગાથામાં]

[સમજુતી—

આ ૪થી ગાથામાં જૈન ધાર્મિક દ્રવ્યના મૂળ પાંચ ભેદ અને તેના જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ, એમ ત્રણ ત્રણ પેટા ભેદો ગણાવીને, પહેલું ભેદદ્વાર સમજાવવામાં આવ્યું છે.

આ ભેદ દ્વારમાં એ પણ સમજવાનું છે, કે દરેક મૂળભેદના પણ જુદા જુદા અનેક પેટાખાતા (ક્ષેત્રો) હોય છે.

દા. ત. દેવભક્તિના દેવદ્રવ્યમાં આંગીખાતું, ધૂપખાતું, ફૂલખાતું, પ્રક્ષાલખાતું, ઉત્સવખાતું, દીપકખાતું, વરઘોડાખાતું, એવા નાના મોટા અનેક ખાતાં હોય છે. અને ભક્તિ કરનાર યથાશક્તિ જુદી જુદી રીતે ભક્તિ કરવા ઇચ્છા ધરાવતા હોય, તેથી જુદાજુદા ખાતાં હોઈ શકે છે. એમ દરેક મૂળભૂત વિષયમાં સમજવું.

તેની શાસ્ત્રીય સૂચના–આ ૧૫ ભેદો બતાવવામાં આવી જાય છે.

કયા પેટા ભેદો કયા મૂળભેદમાં સમાવેશ પામી શકે છે? તે નિર્ણય સૂક્ષ્મ સમજથી કરવાનો રહે છે. અથવા આ વિષયના જાણકાર ગુરુમહારાજશ્રી પાસેથી નિર્ણય લેવાનો રહે છે. જેથી ભૂલ ન થાય. અને દોષપાત્ર ન થવાય. **સંપાદક.**]

બીજું વૃદ્ધિદ્વાર

૧. અધિકારી પ્રકરણ (ગા૦ ૫ થી ૧૧ સુધી, સાથે વૃદ્ધિનું પણ)

ગા૦ ૫–૬

(૧) [વધારો કરવાના અધિકારીનું]

(૨) [**ધણિયં**=અત્યંત]

(૩) અહીં–કેટલાક ગુણો, કાર્ય–કારણનો સંબંધ બતાવવા **વૃત્તિકારશ્રીએ** પાછળના અનુક્રમથી પણ બતાવેલા છે.

ગા૦ ૭

૧. **શમ** વિગેરે ગુણો માર્ગાનુસારી જીવને (આધ્યાત્મિક વિકાસના) બીજ રૂપે હોય છે.

૨. તીવ્ર મિથ્યાત્વ વિગેરે કર્મોનો ક્ષયોપશમ થવાથી જે જીવ માર્ગને તત્ત્વમાર્ગને અનુસરવાનું કરે, તે માર્ગાનુસારીપણું (?) એ વ્યાખ્યા **શ્રી ઉપદેશપદ** અને **શ્રી લલિતવિસ્તરાના ટીખ્પણુમાં** કરેલી છે. (મે૦)

૩. બીજા ગ્રંથોમાંથી એમ જાણવા મળે છે, કે માર્ગાનુસારીપણું ઉત્કૃષ્ટપણે અર્ધપુદ્ગલ પરાવર્તનમાં પ્રવર્તે છે, પરંતુ તે પ્રાયિક છે, જેમ કે–પાંચસો ધનુષ્યની અવગાહના ધરાવનારા મોક્ષ પામે છે. તેમાં, જે ૫૨૫ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા (**શ્રી મરુદેવામાતા** વિગેરે) પણ કોઇક જ મોક્ષ પામતા હોય છે. માટે તે પણ પ્રાયિક વચન છે.

૪. ઉપદેશ આપવા વિગેરેથી જે વ્યક્તિ દોષો દૂર કરાવી શકાય તેવી નથી હોતી.

૫. [**૧૯મી અને ૨૦મી** એ બે ગાથાઓમાં]

ગા૦ ૮મી

૧. "[વિધિ પૂર્વક દેવાદિ દ્રવ્યોમાં વધારો કરે, તે વધારો કરનાર અધિકારી કહેવાય." એમ સમજાવવાની સાથે સાથે, વિધિના વિરોધી હોય. તેવા અવિધિ પૂર્વકના–દેવાદિ દ્રવ્યોમાં વધારો કરનારે કરેલા **વિનાશરૂપ વધારા ને પણ** આ પ્રસંગે **અર્થથી** સમજાવે છે." એ **ભાવાર્થ** સમજવો.]

૨. શાસ્ત્રમાં જે એક વાર (પદ્ધતિ–સિદ્ધાંત) વિગેરે બતાવેલું હોય, તે ઘણે ઠેકાણે સહાયક થાય, તે **તન્ત્ર** કહેવાય.

૩. [અવિધિ પક્ષના અર્થમાં ગાથાની છાયા છે.]

૪. **ઉત્સર્ગ** અને **અપવાદ** રૂપ આજ્ઞા.

૫ **ઉત્સર્ગથી**—

આજ્ઞા રહિતપણે ધનનો વધારો નીચે પ્રકારે થાય છે—

(૧) જેમ, કોઈ શ્રાવક દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કસાઇ, મચ્છીમાર, વેશ્યા, ચમાર વિગેરેને વ્યાજે ધીરે.

(૨) તથા, ભાડા વિગેરેથી દેવદ્રવ્ય વધારવા માટે દેવદ્રવ્યના ધનથી દેવને નિમિત્તે–સ્થાવર મિલ્કતો વિગેરે બનાવરાવે.

(૩) "મોંઘું થશે, ત્યારે વેચવાથી દેવદ્રવ્યમાં સારી રીતનો વધારો કરી શકાશે." એમ વિચારીને દેવદ્રવ્યના દ્રવ્યથી સોંઘા ધાન્ય વિગેરેનો સંગ્રહ કરાવે.

(૪) તથા, દેવ માટે કુવા, વાડી, ખેતર વિગેરે કરાવરાવે.

(૫) તથા, જકાત વિગેરેના (અમુક ઠરેલી રકમથી રાજ્ય પાસેથી ઇજારો રાખેલો હોય, તેની) રાજ્યને આપવાની રકમ કરતાં વધારે ઉત્પન્ન કરવા માટે, જકાતની મંડી વિગેરેમાં, તે તે માલની અપેક્ષાએ વધારે વધારે જકાત લઇ, (દેવદ્રવ્યાદિકમાં) ધનનો વધારો કરવો.

ઇત્યાદિ મહા સાવદ્ય પ્રવૃત્તિઓ તે વિના વધારો કરવો, તે (વિધિ પૂર્વકનો) વધારો."

એમ **ષષ્ટિશતક ગ્રંથની વૃત્તિમાં** કહ્યું છે.

* **અપવાદે** (અનિવાર્ય સંજોગોમાં) **તો**—

૬. સદ્ વ્યવહાર એટલે–વર્ણ–વસ્તુના યોગ્ય રંગ–રૂપ તથા મૂલ્ય–કિંમત, તે યોગ્ય વ્યવહાર. (?)

---

* ખાસ કારણે–પુષ્ટાલંબનથી (આ૦ છા૦)

૭. [1]"એટલા માટે—

(૧) દેવ વિગેરે સંબંધિ–ઘર, કુંડ, ખેતર, વાડી, ગામ [2]વિગેરેથી મળતા ભાડા વિગેરે લઈ જે ધનમાં વધારો કરવામાં આવે.

(૨) તથા–પોતાના ઘર, ખેતર, વાડી વિગેરે જે વિદ્યમાન હોય, તેને શ્રી જિનમંદિરની નિશ્રામાં સોંપવા–મૂકવા, તે પણ યુક્તિપૂર્વક [વધારો] છે.

(૩) **તથા અપવાદે—**

દેવાદિકના દ્રવ્યોમાં વધારો કરવા માટે—

તે (દેવાદિક)ની નિશ્રાએ નવાં ખેતર વિગેરે પેદા કરવા વિગેરે પણ યોગ્ય છે."

એમ **સેનપ્રશ્ન**માં છે.

---

૧. (૧) અંત સમયે=પોતે મેળવેલા ધનનો ઉપભોગ કરવા ઉપરાંત જે વધ્યું હોય, તેનાથી,

(૨) પોતે મેળવેલા ધનમાંથી અમુક ભાગ આપવાનો સંકલ્પ કરીને, તેનાથી, તથા—

(૩) દર વર્ષે ઐન્દ્રી માળા કે બીજી કોઇ (ઉપધાન વિગેરેની) માળા પહેરવા વિગેરેના ચડાવા વિગેરેથી,

(૪) દરરોજ—
ભંડારમાં અથવા
પહેલી પૂજા વિગેરેમાં યથાશક્તિ ધન આપવાથી
વધારો કરી શકાય છે.

૨. **વિગેરે** શબ્દથી—

"(૧) અન્ત સમયે—

(અ) પોતે કમાયેલું ધન ભોગવ્યા પછી તેનો વધારો રહે, તેનાથી,

(આ) પોતે કમાયેલા ધનમાંથી અમુક ભાગનો સંકલ્પ કરી, તે આપવાથી,

(૨) દરેક વર્ષે ઐન્દ્રી માળા કે બીજી માળા પહેરવા નિમિત્તે ધન આપવાથી,

(૩) દરરોજ–ભંડારમાં કે પહેલી પૂજા વિગેરેમાં શક્તિ પ્રમાણે ધન આપવાનું ઠરાવવાથી,

(૪) પ્રતિષ્ઠા, મહોત્સવ વિગેરે પ્રસંગે–સોના કે રૂપાના નાણાંથી પ્રભુની નવ અંગે પૂજા કરવા દ્વારા,

ઉત્સર્ગથી ઉપર જણાવેલા વિધિથી ધનમાં વધારો કરવો. એ નિર્દોષ વધારો છે." એમ **શ્રી શ્રાદ્ધ વિધિ અને પ્રતિષ્ઠા કલ્પમાં** કહ્યું છે." (છા૦)

૮. [1]વ્યાજાદિક વિધિથી ધન વધારવાનો વિધિ બતાવે છે.

